કુમાર
સત્યાર્થ પ્રકાશ

મહર્ષિ દયાનંદના સત્યાર્થ પ્રકાશના નવી પેઢીને સત્ય સનાતન વૈદિક ધર્મનો પરિચય કરાવતા કેટલાક મહત્ત્વપૂર્ણ અંશોનું સંકલન

પ્રયોજક
વલ્લભદાસ મહેતા



ओ३म्

कृण्वन्तो विश्वमार्यम्

કુમાર

સત્યાર્થ પ્રકાશ

મહર્ષિ દયાનંદના સત્યાર્થ પ્રકાશના નવી પેઢીને સત્ય
સનાતન વૈદિક ધર્મનો પરિચય કરાવતા કેટલાક
મહત્ત્વપૂર્ણ અંશોનું સંકલન

પ્રયોજક

વલ્લભદાસ મહેતા

સંપાદક

ભાવેશ મેરજા

પ્રકાશક

આર્યસમાજ, નવાડેરા, ભરૂચ - ૩૯૨૦01

કુમાર સત્યાર્થ પ્રકાશ (Kumar Satyarth Prakash - Gujarati Book)

પ્રયોજક

વલ્લભદાસ મહેતા

સંપાદક

ભાવેશ મેરજા (મો. ૯૮૭૯૫૨૮૨૪૭)

પ્રકાશક

આર્યસમાજ, નવાડેરા, ભરૂચ - ૩૯૨૦૦૧ (મો. ૯૬૮૭૨૪૪૩૩૬)

સંસ્કરણ

ચોથું, પ્રત ૨૬૦૦, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૨

(સ્વામી દયાનંદ સરસ્વતીનો ૧૯૭મો જન્મદિન)

કિંમત

૫૦ રૂપિયા

મુદ્રક

રાજ ઓફસેટ, ધોબીઘાટ, દૂધેશ્વર, અમદાવાદ.

આદિ વચન

મહાગુજરાતને ચરણે આજે કુમાર સત્યાર્થ પ્રકાશ ધરું છું.

કુમારોમાં પ્રારંભથી જ નીતિ, સદાચાર, તર્ક અને સત્ય ધર્મના સંસ્કારો પડે એ ઉદ્દેશે આ પુસ્તક તૈયાર કર્યું છે. એમાં જે સારું છે એ મહર્ષિ દયાનંદજીના અનુપમ ગ્રંથરત્ન સત્યાર્થ પ્રકાશને આભારી છે, અને તેનો સર્વ યશ સ્વામી દયાનંદજીને છે. ક્ષતિઓ હોય તો તે મારી છે અને તે માટે ઉત્તરદાયી હું જ હોઈ શકું.

સદાચાર, નીતિ, બુદ્ધિમત્તા અને ધર્મ વિષયક સાહિત્ય પ્રકાશિત કરવાના અભિલાષનું આ પુસ્તક પ્રથમ ફળ છે.

મહાગુજરાતનાં કન્યા-કુમારોને આ પુસ્તક ઉપયોગી નીવડશે અને જો તેઓ એમાંથી કંઈ ને કંઈ સદ્‌બોધ ગ્રહણ કરશે તો હું મારો પ્રયાસ સફળ માનીશ. ઇત્યોમ્.

- વલ્લભદાસ રત્નસિંહ મહેતા

૧૧૮, ન્યુ ચીંચ બંદર રોડ, મુંબઈ ૯.

તા. ૨૯-૯-૩૫

ઉપોદ્‌ઘાત

મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્યસમાજ સ્થાપી માત્ર મૂર્તિપૂજાના રિવાજ સામે જ મોરચો માંડ્યો હતો એમ ન હતું. સ્વામીજી યુગદ્રષ્ટા તેમ જ દૂરદ્રષ્ટા હતા. પોતાના સમયમાં જે કેટલાક માઠા રિવાજો, કેટલીક કુચાલો અને જૂના વિચારોમાં રૂઢ થઈ ગયેલા હિંદુઓની ધર્મ પ્રત્યે ગેરસમજ તથા શિથિલતાને લીધે હિંદુ ધર્મનો - હિંદી સમાજનો - ધ્વંસ થવો શરૂ થઈ ગયો હતો તે ધ્વંસને કેમ વિદારવો, તે વિનાશને કેમ અટકાવવો, તેને માટે દૂરદૃષ્ટિ વાપરી તેમણે કેટલાક એવા સિદ્ધાંતો પ્રચલિત કર્યા છે કે જેને લીધે એ વિપરીત સ્થિતિ સામે સામનો કરી શકાય છે અને પરિણામે હિંદુ ધર્મનું રક્ષણ થાય છે. સુભાગ્યે આર્યસમાજની વૃદ્ધિ ભરતખંડના લડાયક પ્રદેશ એટલે પંજાબમાંથી થઈ અને તેથી આર્યસમાજના સિદ્ધાંતોને અમલમાં મૂકવા જે વીરતા, આગ્રહ અને નિડરતા જોઈએ તે ત્યાંથી કુદરતી મળી આવ્યાં અને તેથી આજે આર્યસમાજનો ઝંડો ઉત્તરે પંજાબ અને દક્ષિણે મદ્રાસ, પૂર્વમાં બંગાળ અને પશ્ચિમમાં ગુજરાત, કાઠિયાવાડ અને મુંબઈ ઇલાકામાં ફરકે છે.

સ્વામીજીના સમયમાં હિંદુ ધર્મ પર પરધર્મીઓનાં આક્રમણનાં મોજાનું જે જોર હતું તે જોર વિશેષ પ્રમાણમાં વર્તમાન કાળમાં થઈ ગયું છે, અને તેથી તે આપત્તિ વિદારવા માટે એમના પ્રવર્તાવેલા સિદ્ધાંતોમાંનો એક સિદ્ધાંત બહુ મજબૂત હથિયાર થઈ પડ્યો છે. આગળના જમાનામાં આપણા મન પર એવું ઠસાવવામાં આવેલું કે, જે માણસ વટલાયો એટલે કે હિંદુધર્મ ગમે તે કારણને લીધે છોડી પરધર્મમાં ગયો તે સદાનો ગયો, ફરી પાછો કદી હિંદુધર્મમાં તે આવી શકે નહિ. આ માન્યતા સ્વામીજીએ તોડી અને પરધર્મમાં વટલી ગયેલા હિંદુને શુદ્ધ બનાવી પાછો પોતાના બાપીકા ધર્મમાં લઈ શકાય એવું દલીલપૂર્વક સાબિત કર્યું. એટલું જ નહિ, પણ પરધર્મ પાળતી, પરધર્મમાં જન્મેલી વ્યક્તિને શુદ્ધ કરી હિંદુ બનાવી શકાય એવું આગળ પડતું પગલું લઈ સંકુચિત થતા જતા હિંદુધર્મના ક્ષેત્રને વિસ્તારવાનો દૂરદર્શી માર્ગ બતાવી, એ ધર્મની ગાઢ સેવા કરી.

ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મના દાઇઓ (Missionaries) આગળ જે પ્રમાણમાં પોતાના ધર્મમાં બીજાઓને વટલાવી શકતા હતા તે પ્રમાણ ઘણું વધી ગયું છે. ગુજરાતમાં આણંદ આસપાસ યા દક્ષિણ હિંદુસ્તાનમાં મદ્રાસ ઇલાકા અને ત્રાવણકોર સ્ટેટમાં ખ્રિસ્તી ધર્મમાં વટલી ગયેલા હિંદુઓની સંખ્યા અને તેમનાં સંસ્થાનો વધતાં જાય છે. એ સંખ્યા ઘટાડવાનો આપણી પાસે કાંઈ પણ યથાર્થ ઉપાય હોય તો તે શુદ્ધિનો જ છે. એવી વિપથગામી વ્યક્તિઓને પોતાની ભૂલનું ભાન થતાં, પાછા હિંદુધર્મમાં આવવાના દરવાજા જે બિલકુલ બંધ હતા તે શુદ્ધિ દ્વારા સ્વામીજીએ ખોલી નાખ્યાં છે. તેનો પ્રત્યક્ષ પુરાવો મલબારના મોપલાઓના હુલડ વખતે મળ્યો. કેટલાક હિંદુઓ જે કોઈક મનસ્વી સબબને લીધે પોતાને મોપલાઓને હાથે વટલાયેલા માનતા હતા તેમને આર્યસમાજે શુદ્ધ કરી પાછા હતા તેવા હિંદુ બનાવી દીધા. શુદ્ધિના આયુધથી સજ્જ થયેલો આર્યસમાજ હજુ પણ વધારે ને વધારે સંખ્યામાં વટલાયેલા તેમ જ મૂળથી પરધર્મ પાળતા પરધર્મીઓને શુદ્ધ કરી હિંદુસમાજને વધારતો-વિસ્તરતો રહેશે. એ પ્રતાપ સ્વામીજીના શિક્ષણના સિદ્ધાંતનો છે.

સ્વામી દયાનંદ સરસ્વતીનો રચેલો સત્યાર્થ પ્રકાશ ગ્રંથ એટલી ઉચ્ચ કોટીનો છે કે તે બાળકોને સમજતાં, તેમાં રહેલાં સત્યને ગ્રહણ કરતાં, મુશ્કેલ પડે; તેથી તેમાં રહેલાં સત્ય, તેમાંથી મળી આવતાં રહસ્ય, કુમારોના મન પર નાનપણથી સહેલી અને સરળ રીતે ઠસાવવામાં આવે, તો ભવિષ્યમાં તેની અસર તેમને તથા તેમના વડે આખા દેશને બહુ ઉપયોગી થઈ પડે; કારણ કે નાનપણમાં મન પર પડેલી છાપ એકાએક ભૂંસાતી નથી; ઠેઠ સુધી રહે છે. કુમાર સત્યાર્થ પ્રકાશ એ નેમથી લખાયું છે. ભાષા, શૈલી વગેરે જોતાં નાનાં બાળકોનાં મગજ પૂરતી રીતે તેમાં દર્શાવેલા સિદ્ધાંતો પકડી શકશે કે કેમ તે તો બાળકોનું શિક્ષણ જેનો વિષય હોય તે કહી શકે. આમ જોતાં લેખ કઠણ લાગે છે.

મુંબઈ - કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

તા. ૮મી સપ્ટેમ્બર સને ૧૯૩૫

અનુક્રમણિકા

પહેલો સમુલ્લાસ

ઈશ્વરનાં વિવિધ નામોની વ્યાખ્યા

મંગલાચરણ

કર્મ કરવા સમયે દરેક શુભ કર્મના આરંભમાં 'ઓમ્'નું સ્મરણ કરવું અત્યંત આવશ્યક છે. ઓમ્ નામ પરમાત્માનું છે. પ્રત્યેક ગ્રંથના પ્રારંભમાં કે કોઈપણ શુભ કર્મ કરવા સમયે આપણા ઋષિ મુનિઓની પ્રણાલિ અનુસાર પ્રથમ 'ઓમ્' કે 'અથ'નું સ્મરણ કરવું જોઈએ.

પરંતુ આજે આપણે શું જોઈ રહ્યા છીએ ? 'ઓમ્' સમાન એક વિરાટ અર્થના શબ્દના સ્થાને લોકો ભળતા જ શબ્દનો ઉપયોગ કરી રહ્યા છે. શ્રી ગણેશાય નમઃ, હનુમતે નમઃ, ભૈરવાય નમઃ, બટુકાય નમઃ, સીતારામાભ્યાં નમઃ, રાધાકૃષ્ણાભ્યાં નમઃ, ગુરુચરણાભ્યાં નમઃ ઇત્યાદિ શબ્દોનો ઉપયોગ કરીને લોકો આજકાલ પોતાના પાઠનો કે અન્ય કાર્યનો આરંભ કરે છે. પરંતુ આ પ્રથા ઠીક નથી. આપણા પ્રાચીન ઋષિમુનિઓના ગ્રંથોમાં શ્રી ગણેશાય નમઃ આદિ મિથ્યા મંગળાચરણોનો ક્યાંય ઉપયોગ કરવામાં આવેલ નથી. આવાં મિથ્યા મંગળાચરણો વેદ અને શાસ્ત્રો વિરુદ્ધ છે.

બંધુઓ, તમે તમારું કોઈ પણ શુભ કાર્ય ઉપરોક્ત મિથ્યા મંગળાચરણોથી શરૂ નહિ કરતાં 'ઓમ્' કે 'અથ' શબ્દથી જ તેનો આરંભ કરજો. પરમાત્માનું સાચું સ્મરણ એની અંદર જ રહેલું છે.

પરમાત્માનું નિજ નામ

'ઓમ્' એ પરમાત્માનું મુખ્ય અને સર્વોત્તમ નામ છે. કારણ કે એ એક જ નામની અંદર પરમાત્માનાં અનેકાનેક નામોનો સમાવેશ થઈ જાય છે.

કઠોપનિષદ્‌નું કથન છે કે - સર્વ વેદો જે પ્રભુનું વર્ણન કરે છે તથા જેની પ્રાપ્તિ અર્થે તપસ્વીઓ બ્રહ્મચર્યાદિ નિયમોનું પરિપાલન કરે છે, એ પ્રભુનું નામ 'ઓમ્' છે.[1] આ પ્રમાણે વેદાદિ સકળ શાસ્ત્રોમાં પરમાત્માનું પ્રધાન અને નિજ નામ 'ઓમ્' છે.

'ઓમ્' શબ્દ ત્રણ અક્ષરો મળીને બનેલો છે - (૧) અ (૨) ઉ અને (૩) મ્. આ ત્રણ અક્ષરોમાંના દરેકમાંથી પણ પરમાત્માનાં અનેક નામો નીકળે છે. જેમ કે 'અ'થી વિરાટ, અગ્નિ અને વિશ્વાદિ; 'ઉ'થી હિરણ્યગર્ભ, વાયુ અને તૈજસાદિક તથા 'મ્'થી ઈશ્વર, આદિત્ય અને પ્રાજ્ઞાદિ. પરમાત્મા અનેક ગુણ-કર્મ-સ્વભાવ યુક્ત હોવાથી તેનાં નામો પણ અનેક છે.

પ્રશ્ન : 'ઓમ્' નામ તો જાણે પરમાત્માનું છે તે તો ઠીક, પરંતુ અગ્નિ આદિ નામો તો બીજી વસ્તુઓનાં પણ છે, તેનું કેમ ?

ઉત્તર : જ્યાં જ્યાં ઉપાસનાનો પ્રસંગ હોય ત્યાં ત્યાં એ નામ પરમાત્માનું સમજવું અને જ્યાં જ્યાં અન્ય વ્યવહારિક વિષયોનો ઉલ્લેખ હોય ત્યાં ત્યાં તે વસ્તુઓને સંસારની પ્રસંગાનુસાર વસ્તુઓ ગણવી. આ વાતને ખાસ લક્ષમાં રાખવી.

પ્રશ્ન : પ્રસંગાનુસાર એટલે ?

ઉત્તર : પ્રસંગાનુસાર એટલે આજુબાજુના સંજોગોને લક્ષમાં રાખીને એક શબ્દનો જે અર્થ બંધબેસતો થતો હોય તે જ અર્થ ગ્રહણ કરવો. ઉદાહરણ તરીકે 'સ્વામી' શબ્દ લઈએ. જ્યારે ઈશ્વર પ્રાર્થનામાં આપણે કહીએ કે - 'હે સ્વામી ! તું મુક્તિદાતા છે અને અમે તારા શરણમાં છીએ.' ત્યારે 'સ્વામી' શબ્દનો અર્થ પરમેશ્વર સિવાય અન્ય ન હોઈ શકે. પરંતુ જ્યારે આપણે આપણા શેઠને કહીએ કે - 'સ્વામી ! મારું બે માસનું ચડેલું વેતન (પગાર) મને આપો', ત્યારે એ શબ્દ મનુષ્યને લાગુ પડે છે, ઈશ્વરને નહિ. આનું નામ તે પ્રસંગાનુસાર. દરેક શબ્દનો અર્થ કરતી

---

[1] सर्वे वेदा यत्पदमामनन्ति...ब्रवीम्योमित्येतत्। - કઠોપનિષદ્ ૨.૧૫ - સંપાદક

વખતે સંજોગ, સમય અને પ્રસંગ આદિનો ખૂબ વિચાર કરવો જોઈએ.

દાખલા તરીકે એક શેઠ જ્યારે પોતાના નોકરને કહે કે, 'અલ્યા ! સૈન્ધવ લાવ.' ત્યારે નોકરે સમય અને સંજોગોનો અવશ્ય વિચાર કરવો જોઈએ. કારણ કે 'સિન્ધવ' શબ્દ દ્વિઅર્થી છે. એનો એક અર્થ ઘોડો અને બીજો અર્થ મીઠું થાય છે. જો શેઠને ક્યાંય પણ બહાર જવાનો સમય હોય તો ઘોડો લાવવો જોઈએ અને ભોજનનો સમય હોય તો મીઠું લાવવું જોઈએ. જો શેઠના ગમન સમયે મીઠું અને ભોજન સમયે અશ્વ હાજર કરવામાં આવે, તો શેઠ ગુસ્સે જ થાય અને તરત નોકરને કહે કે, 'તેં પ્રસંગનો વિચાર ન કર્યો. ભોજન સમયે ઘોડાની અને ગમન સમયે મીઠાની શી આવશ્યકતા હોય ?'

આ ઉપરથી એટલું તો ચોક્કસ થાય છે કે જ્યાં જેવો અર્થ ગ્રહણ કરવો યોગ્ય હોય ત્યાં તેવો જ અર્થ ગ્રહણ કરવો. પ્રસંગાનુસાર અર્થ તે આનું નામ.

આ પ્રમાણે જયાં જ્યાં સ્તુતિ, પ્રાર્થના કે ઉપાસનાનો પ્રસંગ હોય તથા જ્યાં સર્વજ્ઞ, સર્વવ્યાપક, શુદ્ધ, સનાતન અને સૃષ્ટિકર્તા આદિ વિશેષણો વાપરવામાં આવેલાં હોય ત્યાં ત્યાં અગ્નિ આદિ નામોને પણ પરમાત્માનાં નામો તરીકે ગણવાં જોઈએ; અને જ્યાં જ્યાં ઉત્પત્તિ, સ્થિતિ કે પ્રલયનો સંબંધ બતાવેલો હોય અથવા જ્યાં જડ વસ્તુનો આવિર્ભાવ હોય ત્યાં ત્યાં અગ્નિ આદિ નામોને પરમાત્મા તરીકે ગણી શકાય નહિ, કારણ કે પરમાત્મા તો ઉત્પત્તિ આદિ વ્યવહારોથી સર્વથા પૃથક્ છે.

એવી જ રીતે જ્યાં જ્યાં સર્વજ્ઞાદિ વિશેષણો હોય ત્યાં ત્યાં પરમાત્માનો અર્થ અને જ્યાં ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ, દુ:ખ અને અલ્પજ્ઞ આદિ વિશેષણો હોય, ત્યાં જીવનો અર્થ ગ્રહણ કરવો જોઈએ. આમ દરેક સમયે સંજોગોનો અવશ્ય વિચાર કરવો જોઈએ.

પરમાત્માનાં નામ સાર્થક છે

પરમાત્માનાં સઘળાં નામ સાર્થક અર્થાત્ અર્થવાળાં છે. કોઈપણ

નામ નિરર્થક નથી. જેમ કે આપણામાં કોઈ ગરીબનું નામ લક્ષ્મીપ્રસાદ કે ધનજી હોય છે, તેમ પરમાત્માનાં નામોમાં હોતું નથી. પરમાત્માનાં નામ તેનાં ગુણ, કર્મ કે સ્વભાવ રૂપી અર્થવાચક હોય છે. આ કારણથી 'ઓમ્' આદિ નામો સાર્થક છે. જેમ કે પરમાત્મા સ્વયં પ્રકાશિત હોવાથી 'અગ્નિ', વિજ્ઞાન સ્વરૂપ હોવાથી 'મનુ', સૌનું પાલન કરનાર હોવાથી 'પ્રજાપતિ' અને પરમ ઐશ્વર્યવાન હોવાથી 'ઇન્દ્ર' અને સદૈવ સર્વવ્યાપક હોવાથી 'બ્રહ્મ' કહેવાય છે. તે સઘળું બ્રહ્માંડ બનાવનાર હોવાથી 'બ્રહ્મા', સર્વત્ર વ્યાપક અને સર્વનો પાલક હોવાથી 'વિષ્ણુ', દુષ્ટોને દંડ દેનાર હોવાથી 'રુદ્ર' અને સૌ કોઈનું કલ્યાણ કરનાર હોવાથી 'શિવ' કહેવાય છે.

એ ઉપરાંત 'વાયુ', 'અર્યમા', 'મિત્ર' આદિ નામ પણ પ્રસંગાનુકૂળ પરમાત્માનાં જ છે. નવ ગ્રહમાં જે સોમ, મંગળ, બુધ આદિ નામો છે, તે પણ ઉપાસના વિષયમાં પરમાત્માનાં જ નામો છે, અને જ્યોતિષના વિષયમાં તારાઓનાં નામો છે.

પરમાત્મા નિર્ગુણ તથા સગુણ

સત્ત્વ-રજસ્-તમસ્, રૂપ, રસ, સ્પર્શ, ગંધ આદિ જેટલા જડના ગુણો છે તેમનાથી તથા અવિદ્યા, અલ્પજ્ઞતા, રાગ, દ્વેષ, ક્લેશ આદિ જે જીવના ગુણો છે તેથી પરમાત્મા સદા પૃથક્ છે. ઉપનિષદ્ કહે છે કે, '**अशब्दमस्पर्शमरूपमव्ययम्**' - અર્થાત્ જે શબ્દ, સ્પર્શ, રૂપ આદિ ગુણોથી રહિત છે તે પરમાત્મા જડ અને જીવના ગુણોથી પણ રહિત છે, અને તેથી જ પરમાત્માને નિર્ગુણ કહે છે.

ઉપરાંત તે સર્વજ્ઞતા, પવિત્રતા, અનંત બળ, આનંદ આદિ ગુણો યુક્ત હોવાથી સગુણ પણ કહેવાય છે. જેવી રીતે પૃથ્વી ગંધ આદિ ગુણોયુક્ત હોવાથી સગુણ અને ઇચ્છા આદિ ગુણોથી રહિત હોવાથી નિર્ગુણ છે, તેવી જ રીતે તે જડ જગત અને જીવના કેટલાક ગુણોથી રહિત હોવાના કારણે પરમાત્મા નિર્ગુણ તથા સર્વજ્ઞાદિ પોતાના ગુણોથી યુક્ત હોવાથી સગુણ પણ છે.

આ જગતમાં એવો એકે પદાર્થ નથી, જે સગુણ અને નિર્ગુણ ન હોય, જડ જગત પણ ચેતન આદિ ગુણોથી રહિત હોવાથી નિર્ગુણ, અને પોતાના ગુણોથી યુક્ત હોવાથી સગુણ પણ છે. એવી જ રીતે જીવ પણ જડ ગુણોથી રહિત હોવાથી નિર્ગુણ અને પોતાના ગુણોથી યુક્ત હોવાથી સગુણ છે.

પરમાત્માની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના શ્રેષ્ઠની જ કરવી જોઈએ. શ્રેષ્ઠ તેને કહે છે, જે ગુણ-કર્મ-સ્વભાવ અને સત્ય વ્યવહારોમાં સૌથી અધિક શ્રેષ્ઠ હોય. સર્વશ્રેષ્ઠોમાં જે સૌથી શ્રેષ્ઠ હોય તેનું જ નામ પરમાત્મા પરમાત્માની તુલ્ય કોઈ છે નહિ, હતું નહિ, અને થશે નહિ. જ્યારે તેના તુલ્ય પણ કોઈ નથી, ત્યારે અધિક તો ક્યાંથી જ હોય ?

જે વસ્તુ પોતે સત્ય છે તેનાં ગુણ-કર્મ-સ્વભાવ પણ સત્ય જ હોય છે. માટે આપણું સૌનું કર્તવ્ય છે કે આપણે એક પરમાત્માની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના કરવી, અન્ય કોઈની પણ નહિ. માત્ર એક પરમાત્મા સિવાય અન્ય કોઈપણ સ્તુતિ, પ્રાર્થના કે ઉપાસનાને માટે યોગ્ય નથી.

શાંતિપાઠ

ત્રણ વાર શાંતિપાઠનું પ્રયોજન એ છે કે સંસારમાં ત્રિવિધ તાપ અર્થાત્ ત્રણ પ્રકારનાં દુઃખ છે. તેની શાંતિ અર્થાત્ નિવૃત્તિની ભાવના ત્રણ વાર કરવામાં આવે છે. આ ત્રણ પ્રકારનાં દુઃખો પૈકી પહેલું આધ્યાત્મિક દુઃખ છે. એ આત્મા અને શરીરમાં અવિદ્યા, રાગ, દ્વેષ, મૂર્ખતા અને જ્વરપીડાદિથી થાય છે. બીજુ આધિભૌતિક દુઃખ. એ શત્રુ, વાઘ, સર્પાદિથી પ્રાપ્ત થાય છે. અને ત્રીજું આધિદૈવિક દુઃખ. એ અતિ-વૃષ્ટિ, અતિ-શીત, અતિ-ઉષ્ણતા, મન અને ઇન્દ્રિયોની અશાંતિથી થાય છે.

ઉપરોકત ત્રિવિધ તાપના નિવારણ અર્થે જ ત્રણ વાર શાંતિપાઠ કરવામાં આવે છે.

000

બીજો સમુલ્લાસ

બાળ શિક્ષા

ત્રણ ગુરુ

मातृमान् पितृमान् आचार्यवान् पुरुषो वेद। - આ વચન શતપથ બ્રાહ્મણનું છે.[2] તેનું તાત્પર્ય એ છે કે માતા, પિતા અને આચાર્ય આ ત્રણ શિક્ષકો જે મનુષ્યને ઉત્તમ પ્રાપ્ત થાય છે, તે મનુષ્ય ઉત્તમ જ્ઞાનવાન બને છે. જે બાળકનાં માતા-પિતા ધાર્મિક અને વિદ્વાન હોય, તે બાળકનું અહોભાગ્ય સમજવું.

માતા બાળકને જે ઉપદેશ આપી શકે છે અને તેના પર જે ઉપકાર કરી શકે છે, તેવો ઉપદેશ કે ઉપકાર અન્ય કોઈથી પણ થઈ શકે તેમ નથી. બાળક પર જેવો પ્રેમ માતા રાખે છે અને તેનું હિત સાધવાની જેટલી ભાવના માતા ધરાવે છે, તેટલું અન્ય કોઈ પણ કરી શકતું નથી. એટલા માટે જ ગર્ભાધાનથી લઈને સંપૂર્ણ વિદ્યા પ્રાપ્ત થતાં સુધી જે માતા પોતાનાં સંતાનોને સુશીલતાનું શિક્ષણ આપે છે, તે માતાને અનેકવાર ધન્ય છે.

બાળકના જન્મથી પાંચમા વર્ષ સુધી માતાએ અને છઠ્ઠાથી આઠમા વર્ષ સુધી પિતાએ તેને શિક્ષણ આપવું જોઈએ. નવમા વર્ષના આરંભથી પોતાનાં સંતાનોને ઉપનયન સંસ્કાર કરાવીને તેમને આચાર્યકુળમાં અર્થાત્ જ્યાં પૂર્ણ વિદ્વાન પુરુષ તેમ જ પૂર્ણ વિદુષી સ્ત્રીઓ વિદ્યાદાન આપવાવાળાં હોય એવાં બન્નેનાં જુદાં જુદાં ગુરુકુળમાં માતા-પિતાએ પોતાનાં પુત્રો તથા પુત્રીઓને વિદ્યાભ્યાસ અર્થે મોકલવાં જોઈએ.

---

[2] દ્રષ્ટવ્ય - શતપથ બ્રાહ્મણ ૧૪.૬.૧૦.૨ તથા છાંદોગ્ય ઉપનિષદ્ ૬.૧૪.૨ - સંપાદક

બાળક પ્રત્યે માતા-પિતાનું કર્તવ્ય

માતાઓને બાળકને સદા એવું શિક્ષણ આપવું કે જેથી તેમનાં સંતાન સભ્ય બને અને કોઈ પણ પ્રકારની કુચેષ્ટા કરતાં શીખે નહિ.

બાળક જ્યારે બોલવા લાગે અને તેનામાં જ્યારે સમજશક્તિ આવવા માંડે, ત્યારે માતાપિતાએ તેને સુંદર વાણી બોલવાનું અને નાના, મોટા, વડીલ, વિદ્વાન, રાજા, માતા, પિતા આદિ જોડે કેવી રીતે બોલવું તથા તેમની સાથે કેવા પ્રકારનું વર્તન રાખવું તે સંબંધી શિક્ષણ આપવું જોઈએ. આવી રીતના ઉત્તમ શિક્ષણથી બાળક કોઈપણ પ્રકારનો અયોગ્ય વ્યવહાર કરતાં અટકશે અને સર્વત્ર તેની પ્રતિષ્ઠા જામવા માંડશે. બાળકમાં સત્યભાષીપણું, શૌર્ય, ધૈર્ય, પ્રસન્ન પ્રકૃતિ આદિ સદ્‌ગુણોનો આવિર્ભાવ થાય, એવા પ્રકારનું શિક્ષણ બાળકોને આપવાનું તેમનાં માબાપોએ ચૂકવું નહિ.

તત્પશ્ચાત્ માતા-પિતાએ બાળકોને એવા મંત્રો, શ્લોકો, સૂત્રો, ગદ્ય-પદ્યાદિ યાદ કરાવવાં કે જેના વડે સદ્‌વિદ્યા, ધર્મ અને પરમેશ્વરના સંબંધમાં તથા માતા, પિતા, આચાર્ય, વિદ્વાન, અતિથિ, રાજા, પ્રજા, કુટુંબ, બંધુ, ભગિની (બહેન), નોકર-ચાકર વગેરે સાથે કેવા પ્રકારનું વર્તન રાખવું, તે સંબંધમાં શિક્ષણ મળી શકે.

બાળકોએ પણ માતા-પિતાની આજ્ઞા માનવી. ચોરી, આળસ, પ્રમાદ, આદિ કોઈપણ પ્રકારનું વ્યસન કદીપણ કરવું નહિ. જૂઠું બોલવું નહિ. દ્વેષ, હિંસા આદિથી દૂર રહેવું. પ્રતિજ્ઞા-પાલન કરવાનું કદીપણ ભૂલવું નહિ. જેટલું બોલવું ઉચિત હોય તેટલું જ બોલવું, તેથી ઓછું કે અધિક પણ ન બોલવું. કોઈપણ મિત્ર, વડીલ કે વિદ્વાન મળે તો તેમને 'નમસ્તે' કહીને માન આપવું. કોઈ વડીલ, ગુરુ કે વિદ્વાન ઘરે આવે તો તેમને પણ 'નમસ્તે' કહીને ઉચ્ચ આસન આપવું. દરેક સ્થાને પોતાની યોગ્યતાનો વિચાર કરીને જ બેસવું. ગુરૂ, વડીલ આદિનાં ઉત્તમ ગુણોને ગ્રહણ કરવાં અને તેમનાં દુર્ગુણો (જો હોય તો) છોડી દેવાં. કોઈને પણ મળતી વખતે કે છૂટા પડતી વખતે 'નમસ્તે' કહેવાનું કદી ભૂલવું નહિ.

વીર્યરક્ષા તથા અન્ય ઉપદેશ

માતા-પિતાએ બાળકોને કહી દેવું જોઈએ કે વીર્યની રક્ષામાં આનંદ છે અને તેના નાશમાં દુઃખ છે. વીર્ય-રક્ષા એ જીવન છે અને વીર્યનાશ એ મૃત્યુ છે. આ વસ્તુ બાળકોના મગજમાં ઠસાવવાનું ખાસ લક્ષમાં રાખવું. જેના શરીરમાં વીર્ય સુરક્ષિત રહે છે, તેનાં આરોગ્ય, બુદ્ધિ, બળ તથા પરાક્રમ વધે છે અને તેને સુખની પ્રાપ્તિ થાય છે.

વીર્યનું સંરક્ષણ કરવાની રીત એ છે કે બ્રહ્મચારીએ વિષયી વાતો, વિષયી લોકોનો સંગ, વિષયોનું ધ્યાન, સ્ત્રી દર્શન, એકાંત સેવન, સંભાષણ અને સ્પર્શ આદિ વ્યવહારોથી પૃથક્ અર્થાત્ અલગ રહેવું, અને એ વ્રતનું પાલન કરીને ઉત્તમ શિક્ષા તથા સંપૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરવી.

જેના શરીરમાં વીર્યનો અભાવ હોય છે તે નપુંસક અને મહા કુલક્ષણી હોય છે. એટલું જ નહિ, પરંતુ તે પ્રમેહ આદિ મહા ભયંકર રોગોનો ભોગ બને છે અને નિર્બળ, નિસ્તેજ તેમ જ નિર્બુદ્ધિ થઈ જાય છે. વળી ઉત્સાહ, સાહસ, ધૈર્ય, બળ, પરાક્રમ આદિ ઉચ્ચ ગુણોથી રહિત થઈને તે તરત પોતાના વિનાશને વહોરી લે છે. માટે બ્રહ્મચર્યાશ્રમમાં બ્રહ્મચર્યના નિયમોનું ઝીણવટથી પાલન કરીને વીર્યની સંપૂર્ણ રક્ષા કરવાનું કદી ચૂકવું નહિ. પ્રતિજ્ઞાનો કદીપણ ભંગ થવા દેવો નહિ. છળ, કપટ અને કૃતઘ્નતાથી સદા દૂર રહેવું. ક્રોધ, દ્વેષ અને કટુ વચનનો સર્વથા ત્યાગ કરીને હંમેશાં શાંતિપૂર્વક મધુર વચનનો ઉચ્ચાર કરવો. નકામો બકવાટ કદી કરવો નહિ. કોઈનો ખોટો વિરોધ ન કરવો. સદ્‌ગુણોને ગ્રહણ કરી દુર્ગુણોનો સદા પરિત્યાગ કરવો. માતા-પિતા અને આચાર્યની તન-મન-ધનથી પ્રેમપૂર્વક તેમ જ ભક્તિભાવથી સેવા કરવી. ભોજન હંમેશાં ભૂખના પ્રમાણમાં લેવું. મદ્ય-માંસના સેવનથી સદા દૂર રહેવું. આટલી વસ્તુઓ દરેક વિદ્યાર્થીએ પોતાના જીવનની સાથે વણી લેવી. વળી બ્રહ્મચારીએ -

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत।

सत्यपूतां वदेद्वाचं मनःपूतं समाचरेत् ॥ મનુસ્મૃતિ ૬.૪૬

નીચી દૃષ્ટિ કરી, ઊંચું-નીચું સ્થાન જોઈને ચાલવું. વસ્ત્રથી ગાળીને પાણી પીવું, સત્યથી પવિત્ર કરીને વચન બોલવું, અને મનથી વિચાર કરીને આચરણ કરવું.

ઉપરાંત કેટલીક વાતો વિદ્યા અને ધર્મ વિરુદ્ધ ભ્રાંતિ ઉત્પન્ન કરનાર અને ભ્રમમાં નાખનાર હોવાથી બ્રહ્મચારીએ તેવી વાતોથી પણ અલગ રહેવું.

ભૂત-પ્રેતનો વહેમ

ઉદાહરણ તરીકે ભૂત-પ્રેત આદિની વાતો. આ સઘળી વાતો મિથ્યા છે. એવી વાતોમાં કદી પણ વિશ્વાસને સ્થાન આપવું નહિ. એ માટે ભૂત અને પ્રેતના ખરેખરા અર્થ જાણવાની પ્રથમ આવશ્યકતા છે. 'પ્રેત' નામ મૃતક શરીરનું છે, અને મૃતક શરીરને દાહ આપવા પછી તેને 'ભૂત' કહેવામાં આવે છે. કોઈ મનુષ્યના મરણ બાદ આપણે કહીએ છીએ કે અમુક નામનો માણસ હતો, હવે નથી. આનું નામ તે ભૂત. ઉદાહરણ તરીકે આપણે એમ કહી શકીએ કે આપણા પ્રથમના મહેતાજી અર્થાત્ ભૂતપૂર્વ મહેતાજી બહુ સારા હતા. આ ઉપરથી આપણે શું એમ સમજવું કે મહેતાજી ભૂત થઈ ગયા ? સંક્ષેપમાં ભૂત-પ્રેત જેવી કશી વસ્તુ આ જગતના પટ પર અસ્તિત્વ ધરાવતી નથી. જે વર્તમાનમાં ન હોય અને પૂર્વકાળમાં થઈ ગયો હોય તેનું જ નામ 'ભૂત'. એ સિવાય ભૂત, પિશાચ, ડાકણ, ચૂડેલ આદિ કશું પણ નથી. એ માત્ર એક મનનો જ ભ્રમ છે. જે કુસંગી અને કુસંસ્કારી હોય છે, તેને ભય અને શંકા રૂપી ભૂતો દુઃખ આપ્યાં કરે છે. તે સિવાય બીજું કશું જ નથી.

જ્યારે કોઈ પ્રાણી મરી જાય છે ત્યારે તેનો જીવ તેનાં પાપ-પુણ્ય પ્રમાણે પરમાત્માની વ્યવસ્થા અનુસાર પોતાનાં કર્મનાં ફળ ભોગવવા માટે બીજો જન્મ ધારણ કરે છે. શું પરમાત્માની આ અખંડિત અને અબાધિત ચાલતી વ્યવસ્થામાં કોઈ કાંઈ પણ પરિવર્તન લાવી શકે ખરો ?

અજ્ઞાની લોકોમાં વૈદ્યક શાસ્ત્ર અને પદાર્થ વિજ્ઞાનનું જ્ઞાન ન હોવાને લીધે સન્નિપાત કે જ્વરાદિ શારીરિક રોગોને અથવા ઉન્માદાદિ માનસિક

રોગોને તેઓ ભૂતપ્રેતાદિનું કારણ માની લે છે, પરંતુ વસ્તુતઃ તેમ નથી.

જ્યોતિષ-શાસ્ત્ર અને જન્મપત્ર

આ સ્થાને એક પ્રશ્ન થઈ શકે છે કે ભૂત-પ્રેતાદિક ન હોય તે તો જાણે ઠીક, પણ શું જ્યોતિષ-શાસ્ત્ર અને જન્મપત્રાદિ પણ ખોટાં ?

ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર એ છે કે જ્યોતિષ-શાસ્ત્ર બે પ્રકારનાં છે - ફલિત જ્યોતિષ અને ગણિત જ્યોતિષ. આ પૈકી ગણિત જ્યોતિષ સત્ય છે અને ફલિત જ્યોતિષ મિથ્યા છે - તદ્દન અસત્ય છે. જ્યોતિષ-શાસ્ત્રમાં જે અંક-ગણિત, રેખા-ગણિત આદિ વિદ્યા છે તે સત્ય છે, પરંતુ અમુકનું ફળ અમુક અને તમુકનું ફળ તમુક એ વાત તદ્દન જૂઠી છે.

જેવી રીતે પૃથ્વી જડ છે, તે જ પ્રમાણે સૂર્યાદિ લોક પણ જડ છે. તે તાપ અને પ્રકાશાદિને ફેલાવવા ઉપરાંત કશું કરી શકવાને અસમર્થ છે. શું તે ક્રોધિત થઈને દુઃખ અને શાંત થઈને સુખ આપી શકે ખરા ? કદી નહિ. સંસારમાં જે સુખ-દુ:ખ ભોગવવાં પડે છે તે સૌ આપણાં પાપ-પુણ્યનાં જ પરિણામ છે.[3] તારા કે ગ્રહોની સાથે આપણાં સુખ-દુઃખનો કશો જ સંબંધ નથી, એ વાત ખાસ લક્ષમાં રાખવી.[4]

સંક્ષેપમાં ગ્રહફળ ઉપર ભરોસો બાંધીને બેસવું એ સામાન્ય અક્કલનું

---

[3] કેટલાંક સુખ-દુઃખ એવાં પણ હોય છે, જે આપણાં પોતાનાં પાપ-પુણ્યનાં પરિણામ કે ફળ નથી હોતાં, પરંતુ અન્ય લોકોનાં કર્મોથી આપણને પ્રાપ્ત થતાં હોય છે; કારણ કે પ્રત્યેક વ્યક્તિ કર્મ કરવામાં સ્વતંત્ર છે. તે આપણને અનુકૂળ કે પ્રતિકૂળ હોય એવું કર્મ કરી શકે છે કે જેનાથી આપણે સુખી-દુઃખી થઈ શકીએ છીએ. - સંપાદક

[4] ગ્રહની નિષ્ફળતા બતાવતાં કવિ અખો ભગત પણ કહે છે કે -

શુક્ર કાણો ને લૂલો શનિ, બ્રહસ્પતિએ ખોઈ ભામની;
મંગળ તો કહાવે ત્રિકોણ, ને બુધને ગણે છે કોણ;
ગ્રહો બિચારા પરવશ ફરે; અખા ! એ અવળું શું કરે? - પ્રયોજક

પણ દેવાળું ફૂંકવા સમાન છે.

હવે જન્મપત્ર વિશે વિચાર કરીએ - ખરી રીતે તો જેને જન્મપત્ર કહેવાય છે, તેને શોકપત્રનું નામ આપ્યું હોય તો તે વધારે વાસ્તવિક ગણાય. કારણ કે બાળકનો જન્મ થવા વખતે તેનાં માતા-પિતાને જે આનંદ થાય છે તે આનંદ જ્યાં સુધી તે બાળકનું જન્મપત્ર તૈયાર નથી થયું ત્યાં સુધી જ રહે છે. જન્મપત્ર બની ગયા પછી, અને ગ્રહોનું ફળ સાંભળી લીધા પછી, કોણ જાણે એ આનંદ ક્યાંએ ઉડી જાય છે ! બાળકનાં માબાપ બ્રાહ્મણ કે પુરોહિતને પૂરતી ભલામણ કરે છે કે, મહારાજ ! જન્મપત્ર ઘણું જ સરસ તૈયાર કરજો. જો યજમાન ધનાઢ્ય હોય તો પુરોહિતજી લાલ પીળી રેખાઓથી ચિત્ર-વિચિત્ર જન્મપત્ર તૈયાર કરે છે, અને નિર્ધન હોય તો તે સાધારણ બનાવે છે. પછી જોષી મહારાજ જ્યારે જન્મપત્ર વાંચવા આવે છે ત્યારે પેલા બાળકનાં માબાપ તેને પૂછે છે કે, મહારાજ ! જન્મપત્ર તો સારું છે ને ? ત્યારે મહારાજ તેમને પ્રત્યુત્તરમાં જણાવે છે કે, 'જે છે તે વાંચી સંભળાવું છું. જન્મગ્રહ બહુ સારા તેમ જ મિત્રગ્રહ પણ ઉત્તમ છે. આ બાળક ધનવાન તથા પ્રતિષ્ઠાવાન નીવડશે, અને રાજસભામાં પ્રવેશ કરશે. વળી શરીરે આરોગ્ય રહેશે અને રાજ્યમાં પણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરશે.' મહારાજનાં આવાં વચનો સાંભળીને તે સંતાનનાં માબાપ આનંદના પોકાર કરે છે કે, 'વાહ ! વાહ ! જોષી મહારાજ ! તમે તો જન્મપત્ર ઘણું જ સરસ બનાવેલું છે.'

આ સમયે પેલા જોષી મહારાજ મનમાં વિચાર કરે છે કે, આ સરસ જન્મપત્રમાં તો આપણો કંઈપણ દહાડો વળે એવું દેખાતું નથી. એમ ધારીને તે બીજો પાસો ફેંકે છે કે, ગ્રહો તો ઘણા જ ઉત્તમ છે, પરંતુ એક ગ્રહ ક્રૂર છે અને તેના કારણે આ બાળકનું આઠ વર્ષે મૃત્યુ થાય એવો યોગ જોવામાં આવે છે.

આ શબ્દો શ્રવણ કરતાં જ પૂત્ર-જન્મના શુભ પ્રસંગથી અત્યંત આનંદમાં આવી ગએલાં માતા-પિતા તત્કાળ શોક-સાગરમાં ડૂબી જાય છે, અને બ્રહ્મદેવને કરગરીને કહે છે, 'મહારાજ ! ત્યારે હવે અમારે શું

કરવું ? આપ જ કંઈક ઇલાજ બતાવો તો ઘણી જ કૃપા થાય.' ત્યારે જોષી મહારાજ પોતાના ફળદ્રુપ ભેજામાંથી સલાહ આપે છે, 'આમ દાન કરો, તેમ દાન કરો, ગ્રહની શાંતિના મંત્રોનો જાપ જપાવો, અને બ્રાહ્મણોને નિત્ય ભોજન કરાવો. એમ કરવાથી કદાચ એ ભયંકર વિઘ્ન ટળી શકે એવું અનુમાન છે.' આ 'અનુમાન' શબ્દ જોષી મહારાજ ખાસ ઇરાદાપૂર્વક વાપરે છે. અને તેનું કારણ એ છે કે, જો પેલો મરી જાય તો કહી શકાય કે, 'અમે એમાં શું કરીએ ? પરમેશ્વર આગળ કોનો ઉપાય ચાલે ? અમે તો ઘણાએ યત્ન કર્યા અને તમે પણ બનતું કર્યું, પણ એનાં કર્મ જ એવાં હશે એટલે લાચાર.' આમ કહીને તે પોતાના બચાવની બારી શોધી લે છે, અને જો પેલો બચી જાય તો કહે છે કે, 'જુઓ અમારા મંત્ર, દેવતા તથા બ્રાહ્મણોની શક્તિ કેવી છે કે, જેણે તમારા બાળકને મૃત્યુના મુખમાંથી બચાવી લીધો !'

મંત્ર-તંત્ર

ઉપરોક્ત કથાનુસાર જન્મપત્રો કે જપ-તપ, પાઠાદિથી કશુંય વળે તેમ નથી. આ બધું માત્ર પેટભરાઓના ગોરખધંધા સિવાય કશું નથી. માટે તેમાં લેશ પણ વિશ્વાસ બાંધવો નહિ. મંત્ર-તંત્ર, દોરા-ધાગા આદિ પણ નર્યો ઢોંગ જ છે. જ્યારે કોઈ આંખના આંધળા અને ગાંઠના પૂરા એવા કોઈ ધૂર્ત પાસે જાય છે અને કહે છે કે, 'મહારાજ ! જુઓ તો ખરા, ફલાણાને તો કોણ જાણે શું એ થઈ ગયું છે ?' ત્યારે પેલો ખૂબ ડોળ બતાવીને તેને પ્રત્યુત્તરમાં જણાવે છે કે, 'એના શરીરમાં તો ભૂત, પ્રેત, ભૈરવ કે શીતળા પેસી ગએલ છે. જો તમે તેનાં ચાંપતા ઉપાય નહિ કરો, તો તે એનો જીવ લીધા વિના રહેશે નહિ. પરંતુ અમે તમને તે મંત્ર-તંત્રથી અને ધૂણીને કાઢી દેશું અને આટલું આટલું તેમાં ખર્ચ થશે.' આ સાંભળીને પેલા અક્કલના ઓથમીરો જણાવે છે કે, 'મહારાજ ! ગમે તેટલું ખર્ચ થાય પણ એને બચાવો.'

આવો તાલ જમાવીને પેલા ધૂર્ત લોકો ઢોલ, ડાક આદિ વગાડીને નાચે છે અને કહે છે કે, 'હું અમુક છું - તમુક છું, અને એનો જીવ લીધા

વિના કદી પણ જંપીશ નહિ.' આથી પેલા અજ્ઞાનીઓ એ ધૂર્ત લોકોને પગે પડીને કહે છે કે, 'આપને જે જોઈએ તે લો, પણ આને તો હવે બચાવો.' આ વખત પેલો પાખંડી કહે છે કે, 'હું હનુમાન છું; પાકી મિઠાઈ, તેલ, સિંદૂર, સવામણના રોટલા, લાલ લંગોટ ઇત્યાદિ લાવો.' વળી કહેશે કે, 'હું દેવી છું, ભેરવ છું, પાંચ બાટલી દારૂની, વીસ મરઘી, પાંચ બકરાં, મિઠાઈ અને વસ્ત્રો લાવો.' ત્યારે તે અજ્ઞાની લોકો કહે છે કે, 'મહારાજ ! બધું લો, પણ આને ઉગારો.'

એ સમયે જો કોઈ બુદ્ધિમાન પુરુષ પેલા પાખંડીને પાંચ જોડા, ડંડા, તમાચા કે લાત ખેંચી કાઢે, તો એ હનુમાન, દેવી અને ભૈરવ તત્ક્ષણે નાશી જાય છે. માટે મંત્ર-તંત્ર, દોરા-ધાગા, ભૈરવ, ભૂવો વગેરે સઘળા ઢોંગ જ છે. માટે તેમાં કદી પણ વિશ્વાસ રાખવો નહિ.

આ પાખંડી લોકોને એમ પૂછવું જોઈએ કે, 'શું તમે મૃત્યુ, પરમેશ્વરના નિયમો અને કર્મફળથી કોઈને બચાવી શકશો ખરા ? તમારા એ દોરા-ધાગા બાંધનારા પણ ઘણાએ મરી જાય છે, અને તમારા ઘરમાં પણ મરે છે. તેમ જ તમે પોતે પણ મરવાના છો, તો તેનો તમારી પાસે શો ઉપાય છે ?' આવી આવી જાતના પ્રશ્નો એ પાખંડીઓને પૂછવાથી તેમનું જડબું પણ ઉઘડી શકશે નહિ, અને તેઓ ગુપચુપ ત્યાંથી પલાયન થઈ જશે; કારણ કે સત્યના સર્વ વિજયી પ્રકાશ પાસે અસત્ય એક ક્ષણભર પણ કદી ટકી શકતું નથી.

000

ત્રીજો સમુલ્લાસ

અધ્યયન અને અધ્યાપન

સાચાં આભૂષણો

સંતાનોને ઉત્તમ વિદ્યા, શિક્ષા, ગુણ-કર્મ-સ્વભાવ રૂપી સાચાં અલંકારો ધારણ કરાવવાં, એ માતા-પિતા, આચાર્ય અને કુટુંબીઓનું પ્રથમ કર્તવ્ય છે. સુવર્ણ, ચાંદી, માણેક, મોતી અને પરવાળાં આદિ રત્નોથી જડિત અલંકારો ધારણ કરવાથી મનુષ્યનો આત્મા ખરેખરો સુશોભિત કદીપણ થઈ શકતો નથી. અલંકારો ધારણ કરવાથી ઘણે ભાગે દેહાભિમાન અને વિષયાસક્તિની વૃદ્ધિ થાય છે. વળી તેનાથી ચોર આદિનો ભય તથા ક્વચિત્ મૃત્યુ પણ નીપજે છે. ઘરેણાંના લોભથી દુષ્ટ લોકોએ બાળકોને મારી નાખ્યાની વાતો આપણે ઘણીવાર સાંભળીએ છીએ. સંક્ષેપમાં અલંકારો ધારણ કરવાથી લાભને બદલે હાનિ જ વિશેષ થાય છે.

ગુરુકુળ શિક્ષા

પુત્ર તથા પુત્રી જ્યારે આઠ વર્ષની ઉમરનાં થાય ત્યારે, છોકરાઓને કુમાર-ગુરુકુળમાં અને છોકરીઓને કન્યા વિદ્યાલયમાં અભ્યાસ અર્થે મોકલી આપવાં. જે અધ્યાપક અથવા અધ્યાપિકા દુષ્ટ આચરણવાળાં હોય, તેમની પાસે કદીપણ બાળકોને શિક્ષણ અપાવવું નહિ; કારણ કે જે પૂર્ણ વિદ્વાન અને ધાર્મિક હોય તે જ શિક્ષણ આપવાને યોગ્ય છે. આ રીતે માતા-પિતાએ પોતાનાં પુત્ર-પુત્રીઓને તેમનાં ભિન્ન-ભિન્ન ગુરુકુળોમાં યોગ્ય સંસ્કાર કરાવીને મોકલી આપવાં.

વિદ્યા ભણવાનું સ્થાન શાંતિમય અને સારી આબોહવાવાળા પ્રદેશમાં હોવું જોઈએ. વળી કુમારો અને કન્યાઓની પાઠશાળાઓ એક બીજાથી એક-બે ગાઉને અંતરે આવેલી હોવી જોઈએ. ત્યાં અધ્યાપક, અધ્યાપિકા,

નોકર, ચાકર આદિ રાખવાં, તે કુમાર-વિદ્યાલયમાં સર્વે પુરુષો અને કન્યા-વિદ્યાલયમાં સર્વે સ્ત્રીઓ જ હોવી જોઈએ. કુમાર-વિદ્યાલયમાં પાંચ વર્ષની બાલિકા, તથા કન્યા વિદ્યાલયમાં પાંચ વર્ષનો બાળક પણ જવાં ન જોઈએ. સૌને સમાન વસ્ત્ર, ખાનપાન અને આસન આપવાં. ભલે રાજકુમાર હોય કે રાજકુમારી, અથવા દરિદ્ર-કુમાર હોય કે દરિદ્ર-કુમારી, પરંતુ સર્વેએ તપસ્વીપણાનું પાલન કરવું જોઈએ. ભ્રમણ સમયે પણ કોઈ પ્રકારની કોઈ કુચેષ્ટા અથવા આળસ-પ્રમાદ ન કરી શકે તે માટે અધ્યાપકોએ તેમની સંગાથે જ રહેવું. ગુરુકુળમાં રહેવા લગી બ્રહ્મચારી અધ્યાપકને જ પોતાનાં માતા-પિતા સમાન સમજે, અને અધ્યાપક પણ તેમને પોતાનાં સંતાન સમાન જાણે.

રાજ્ય-નિયમ અથવા સમાજ-નિયમ એવો હોવો જોઈએ કે, પાંચ કે આઠ વર્ષ પછી માતા-પિતા પોતાના પુત્ર કે પુત્રીને ઘરે રાખી શકે નહિ. અર્થાત્ તેમને ગુરુકુળમાં અવશ્ય મોકલે, અને જો તે ન મોકલે તો દંડની સજાને પાત્ર બને. શિક્ષણ સર્વને આપવું જોઈએ.

રાજા અથવા રાજસભાએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ સૌને શિક્ષણ આપવું. કારણ કે કેવળ બ્રાહ્મણ જ વિદ્યાભ્યાસ કરે અને ક્ષત્રિયાદિ ન કરે, તો વિદ્યા, ધર્મ, રાજ્ય, ધનાદિની વૃદ્ધિ કદીપણ થઈ શકે નહિ. કેમ કે સમાજને તો સૌની આવશ્યક્તા છે. માટે જો ચારે વર્ણોને યોગ્ય શિક્ષા આપવામાં આવે તો જ સમાજ-રચના તથા સમાજ-વ્યવસ્થા બરાબર જળવાઈ રહે અને સર્વ વર્ણોનાં સ્ત્રી-પુરુષોમાં વિદ્યા તથા ધર્મનો પ્રચાર થઈ શકે.

રાજા કે રાજ-સભાનું પ્રથમ કર્તવ્ય એ છે કે, સર્વે કન્યાઓ તથા કુમારોને બ્રહ્મચર્યનું પાલન કરાવીને તેમને વિદ્વાન બનાવવાં. સંક્ષેપમાં રાજા કે રાજ-સભાની આજ્ઞાથી આઠ વર્ષની વય પછી કોઈ પણ કન્યા કે કુમાર ઘરે ન રહી શકે, પરંતુ ગુરુકુળમાં રહીને ત્યાં જ વિદ્યા ગ્રહણ કરે, અને જ્યાં સુધી સમાવર્તનનો સમય ન આવે ત્યાં સુધી કોઈનાં પણ લગ્ન થઈ ન શકે, એવો પ્રબંધ પણ રાજા કે રાજ-સભાએ અવશ્ય કરવો જોઈએ.

શું સ્ત્રીઓ અને શૂદ્રો પણ વેદ વાંચે ?

સર્વે સ્ત્રી-પુરુષોને વેદનો અભ્યાસ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. એટલું જ નહિ, પરંતુ મનુષ્ય માત્રને વેદાદિ શાસ્ત્ર વાંચવા-સાંભળવાના અધિકારનું પ્રમાણ યજુર્વેદના ૨૬મા અધ્યાયના બીજા મંત્રમાં મળે છે. આ રહ્યું તે પ્રમાણ -

यथेमां वाचं कल्याणीमावदानि जनेभ्यः।

ब्रह्मराजन्याभ्यां शूद्राय चार्याय च स्वाय चारणाय च ॥

આ મંત્રમાં ઈશ્વર એમ કહે છે કે, (યથા) જેમ હું (જનેભ્યઃ) સર્વે મનુષ્યો માટે (ઇમામ્) આ (કલ્યાણીમ્) સંસાર અને મુક્તિના સુખને આપનારી (વાચમ્) ઋગ્વેદાદિ ચાર વેદોની વાણીનો (આવદાનિ) ઉપદેશ કરું છું, તેમ તમે પણ કર્યા કરો. ઈશ્વર કહે છે કે, મેં (બ્રહ્મરાજન્યાભ્યામ્) બ્રાહ્મણ, ક્ષત્રિય (આર્યાય) વૈશ્ય (શૂદ્રાય) શૂદ્ર અને (સ્વાય) ભૃત્ય - નોકર-ચાકર - કે સ્ત્રી આદિ અને (અરણાય) અતિ શૂદ્ર આદિ માટે વેદોનો પ્રકાશ કર્યો છે.

ઉપરોક્ત મંત્રથી પ્રતીત થાય છે કે, પરમાત્માની દૃષ્ટિમાં વેદનો અભ્યાસ કરવાનો સૌને એક સરખો અધિકાર છે. શું ઈશ્વર સ્ત્રી તથા શૂદ્રોનું કલ્યાણ કરવા નથી માગતો ? અથવા શું ઈશ્વર પક્ષપાતી છે કે તે વેદ વાંચવા-સાંભળવાનો સ્ત્રી અને શૂદ્રો માટે નિષેધ કરે અને શેષ માટે વિધિ કરે ?

જેવી રીતે પરમાત્માએ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, ચંદ્ર, સૂરજ અને અન્નાદિ પદાર્થ સૌને માટે બનાવ્યા છે, તેવી જ રીતે તેણે વેદો પણ સોને માટે પ્રકાશિત કર્યા છે. સ્ત્રીઓના અધિકાર સંબંધમાં વેદમાં પ્રમાણ મળે છે - **ब्रह्मचर्येण कन्या३ युवानं विन्दते पतिम्।** (અથર્વવેદ ૧૧.૫.૧૮)

અર્થાત્ જેમ કુમાર બ્રહ્મચર્યના સેવનથી પૂર્ણ વિદ્યા અને સુશિક્ષા પ્રાપ્ત કરીને, યુવતી, વિદુષી અને પોતાને અનુકૂળ પ્રિય સ્ત્રી સાથે લગ્ન કરે છે, તેમ **(કન્યા)** કુમારિકા પણ (બ્રહ્મચર્યેણ) બ્રહ્મચર્યના સેવનથી

વેદાદિ શાસ્ત્રને ભણી, પૂર્ણ વિદ્યા અને ઉત્તમ શિક્ષા પ્રાપ્ત કરી, યુવતી થઈ, પોતાના જેવા વિદ્વાન (યુવાનમ્, પતિમ્) પૂર્ણ યુવાન પુરુષને (વિન્દતે) પ્રાપ્ત કરે.

આ કારણથી સ્ત્રીઓને પણ વિદ્યા આપવાની અને બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાની અત્યંત આવશ્યક્તા છે.

પ્રશ્ન : શું સ્ત્રી પણ વેદ ભણે ?

ઉત્તર : અવશ્ય. જુઓ, શ્રૌત સૂત્રમાં લખ્યું છે કે - **इमं मंत्रं पत्नी पठेत्।**[5] અર્થાત્ સ્ત્રી યજ્ઞમાં આ (અમુક મંત્ર બોલવા કહેલો) મંત્ર બોલે. જો સ્ત્રી વેદાદિ શાસ્ત્ર ન ભણી હોય, તો યજ્ઞમાં સ્વર સહિત મંત્રનું ઉચ્ચારણ અને સંસ્કૃત ભાષણ તે શી રીતે થઈ શકે ?

ભારતવર્ષની સ્ત્રીઓમાં ભૂષણરૂપ ગાર્ગી આદિ વેદાદિ શાસ્ત્રો ભણી વિદુષી થઈ હતી. એમ શતપથ-બ્રાહ્મણમાં સ્પષ્ટ લખ્યું છે.[6]

સ્ત્રી અને પુરુષ એ બંને જીવન-રથનાં ચક્રો છે. આ બેમાંથી એક ચક્ર ન હોય અથવા તો તે ભાંગેલું-તૂટેલું હોય, તો રથ ચાલી શકે ખરો ?

આથી ગૃહસ્થાશ્રમને સંપૂર્ણ સુખી બનાવવા માટે સ્ત્રી-શિક્ષણની અનિવાર્ય આવશ્યક્તા છે.

આર્યાવર્તના રાજપુરુષોની સ્ત્રીઓ ધનુર્વેદ અર્થાત્ યુદ્ધ-વિદ્યામાં નિપુણ હતી. જો એમ ન હોત, તો કેકેયી મહારાજ દશરથ સાથે યુદ્ધમાં જઈને યુદ્ધ કરી શકત ખરી ?

સ્ત્રીઓને પણ સર્વ વિદ્યા ભણાવવી જોઈએ. વ્યાકરણ, ધર્મ, ગણિત, શિલ્પ વિદ્યા એમ જુદી જુદી વિદ્યાઓથી સ્ત્રીને વિભૂષિત કરવી જોઈએ. શિક્ષણમાં ઘણા વિઘ્નો નડે છે. અર્થાત્ દુષ્ટ વિષયી જનોનો સંગ, દુષ્ટ

---

[5] તુલના - શાંખાયન શ્રૌતસૂત્ર ૧.૧૫.૧૩ વગેરે - સંપાદક

[6] દ્રષ્ટવ્ય - શતપથ બ્રાહ્મણ ૧૪.૬.૬, ગાર્ગી-યાજ્ઞવલ્ક્ય સંવાદ; બૃહદારણ્યક ઉપનિષદ્ ૩.૬.૧, ૩.૮.૧ - સંપાદક

વ્યસનો જેમ કે મદિરા આદિનું સેવન, બાળલગ્ન, બ્રહ્મચર્યનો અભાવ, અતિ ભોજન, અતિ જાગરણ, પરીક્ષા આપવા-લેવામાં ઢીલ, આળસ, વિદ્યાથી થતા લાભોની અજ્ઞાનતા, એ બધા શિક્ષણનાં સંકટો અથવા વિઘ્નો છે.

બ્રહ્મચર્યના ત્રણ પ્રકાર

બ્રહ્મચર્યના ત્રણ પ્રકાર છે - (૧) કનિષ્ટ (૨) મધ્યમ અને (૩) ઉત્તમ.

કનિષ્ટ બ્રહ્મચર્ય : દેહનું દમન કરી, જીતેન્દ્રિય રહી, વેદાદિ સત્ય વિદ્યા અને સુશિક્ષા ગ્રહણ કરી, ચોવીસ વર્ષ લગી બ્રહ્મચર્યનું પાલન કરી, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો, અને ગૃહસ્થાશ્રમમાં પણ વિષય-ઇચ્છા વધુ ન રાખવી તેને કનિષ્ઠ બ્રહ્મચર્ય કહે છે. એનું પાલન કરનાર વસુ બ્રહ્મચારી કહેવાય છે. વસુ બ્રહ્મચારી શરીરે બળવાન રહે છે, અને તેનું આયુષ્ય ૭૦થી ૮૦વર્ષનું થાય છે.

મધ્યમ બ્રહ્મચર્ય : ચુંમાળીસ વર્ષ બ્રહ્મચર્ય પાળી, વેદાભ્યાસ કરવો, અને પ્રાણ, ઇન્દ્રિયો, અંતઃકરણ તથા આત્માને બળવાન બનાવી, સર્વ દુષ્ટોને દમન કરવું, તેમ જ શ્રેષ્ઠનું પાલન કરવું, તેને મધ્યમ બ્રહ્મચર્ય કહે છે. એનું પાલન કરનાર રુદ્ર બ્રહ્મચારી કહેવાય છે.

ઉત્તમ બ્રહ્મચર્ય : અડતાળીસ વર્ષ લગી બ્રહ્મચર્ય પાળનારના પ્રાણ તેને અનુકૂળ થઈ જાય છે, અને તે સફળ વિદ્યાઓને ગ્રહણ કરી શકે છે, આ ઉત્તમ બ્રહ્મચર્ય છે. એનું પાલન કરનાર આદિત્ય બ્રહ્મચારીનું આયુષ્ય ૪૦૦ વર્ષ લગી વધી શકે છે અને તે સર્વ પ્રકારના રોગોથી મુક્ત થઈ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરે છે.

બ્રહ્મચર્ય અને લગ્નકાળ

પચ્ચીસ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાળેલા પુરુષે સોળ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળેલી કન્યા સાથે, છત્રીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળેલા પુરુષે અઢાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળેલી સ્ત્રી સાથે, ચુંમાળીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય-

યુક્ત પુરુષે બાવીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય-યુક્ત સ્ત્રી સાથે, અને અડતાળીસ વર્ષના આદિત્ય બ્રહ્મચારીએ ચોવીસ વર્ષની આદિત્ય બ્રહ્મચારિણી સાથે લગ્ન કરવું યોગ્ય છે

આ નિયમ લગ્નની ઇચ્છાવાળાં સ્ત્રી-પુરુષોને જ લાગુ પડે છે, પરંતુ જેમને લગ્નની ઇચ્છા ન હોય, અને જેઓ આજીવન બ્રહ્મચારી રહેવા માગતાં હોય, તેઓ ખુશીથી તેમ કરે. છતાં એટલું અવશ્ય લક્ષમાં રાખવું કે આ કાર્ય મહા કઠિન છે, કામનો વેગ રોકી ઇન્દ્રિયોને પોતાનાં વશમાં રાખવાનું કાર્ય અતિ દુષ્કર છે.

બ્રહ્મચારી માટેના વિશેષ નિયમો

બ્રહ્મચારીએ (અહિંસા) વેર-ત્યાગ, (સત્ય) સત્યનો સ્વીકાર, સત્ય વચન અને સત્ય કર્મ, (અસ્તેય) મન, વચન અને કર્મથી ચોરીનો ત્યાગ, (બ્રહ્મચર્ય) ઉપસ્થ ઇન્દ્રિયનો સંયમ તથા (અપરિગ્રહ) અતિ લોલુપતાથી મુક્ત રહેવું - આ પાંચે યમોનું સેવન કરવું.[7]

તેમ જ (શૌચ) સ્નાનાદિથી પવિત્રતા, (સંતોષ) બની શકે તેટલો પુરુષાર્થ કરવો અને લાભ-હાનિથી હર્ષ-શોક ન કરવો, (તપ) કષ્ટો આવે તોપણ ધર્મયુક્ત કાર્યોનું અનુષ્ઠાન કરવું, (સ્વાધ્યાય) ભણવું-ભણાવવું અને (ઈશ્વર-પ્રણિધાન) આત્મામાં સદા ઈશ્વર-ભક્તિ રાખવી - આ પાંચ નિયમોનું પાલન કરવું.[8]

પ્રથમ જણાવેલા યમોના પાલન વિના નિયમોનું પાલન નિરર્થક છે. માટે યમો અને નિયમો બંનેનું એકી સાથે પાલન કરવું.

જેવી રીતે સારથિ ઘોડાઓને નિયમમાં રાખે છે, તે જ પ્રમાણે મન અને આત્માને ખોટાં કામો પ્રત્યે ખેંચી જનારી ઇન્દ્રિયોને નિગ્રહમાં રાખવા સર્વ પ્રકારના પ્રયત્નો કરવા જોઈએ. જે અજીતેન્દ્રિય છે, તેને વેદ,

---

[7] अहिंसासत्याऽस्तेय ब्रह्मचर्याऽपरिग्रहा यमाः। (યોગદર્શન ૨.૩૦) - સંપાદક

[8] शौचसन्तोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः। (યોગદર્શન ૨.૩૨) - સંપાદક

ત્યાગ, યજ્ઞ, નિયમ, તપ તથા અન્ય શુભ કર્મોમાં સિદ્ધિની પ્રાપ્તિ થતી નથી. વેદ ભણવા-ભણાવવામાં, સંધ્યા-ઉપાસનામાં તથા હોમના મંત્રો સંબંધમાં અનધ્યાય ન કરવો, રજા ન પાળવી; કારણ કે અનધ્યાયમાં પણ અગ્નિહોત્ર આદિ ઉત્તમ કાર્ય કરવાથી અધિક પુણ્ય પ્રાપ્ત થાય છે.

જેવી રીતે અસત્ય વચનમાં સદા પાપ અને સત્ય વચનમાં સદા પુણ્ય રહેલ છે, તે જ પ્રમાણે દુષ્ટ કર્મો કરવાથી સદા અનધ્યાય અને શુભ કર્મો કરવાથી સદા સ્વાધ્યાય થાય છે.

બ્રહ્મચારીએ નમ્રતા તથા સુશીલતા પ્રાપ્ત કરવી જોઈએ, અને વૃદ્ધો તેમ જ વડીલોની સેવા કરવી જોઈએ. વળી મન તથા વાણીને પણ સદા શુદ્ધ અને સુરક્ષિત રાખવાં.

ઉપરોક્ત નિયમોમાં રહીને બ્રહ્મચારી કુમાર તથા કન્યાએ ધીરે ધીરે વેદાર્થના જ્ઞાનરૂપ ઉત્તમ તપને વધારતાં જવું.

બ્રહ્મચારી તથા બ્રહ્મચારિણીએ મદ્ય, માંસ, ગંધ, સ્ત્રી-પુરુષોનો સંગ, સઘળી ખાટી વસ્તુઓ, જીવ-હિંસા, અંગ-મર્દન, અકારણ ઉપસ્થ ઇન્દ્રિયનો સ્પર્શ, કામ, ક્રોધ, લોભ, મોહ, શોક, ઈર્ષા, વ્યર્થ વાર્તાલાપ, નિંદા, મિથ્યા ભાષણ આદિ દુર્ગણોનો સદા સર્વદા ત્યાગ કરવો. સર્વત્ર એકલા જ શયન કરવું, અને કદી પણ વીર્યનો નાશ થવા દેવો નહિ.

અવસ્થા-કાળ

સુશ્રુત સૂત્રસ્થાનનું કથન છે કે આ શરીરની ચાર અવસ્થાઓ છે - (૧) વૃદ્ધિ (૨) યૌવન (૩) સંપૂર્ણતા (૪) કિંચિત્પરિહારિણી.

સોળથી પચ્ચીસ વર્ષ લગી વૃદ્ધિ. અર્થાત્ એ સમય સુધી શરીરની સર્વ ધાતુઓ વધવા માંડે છે. પચીસમા વર્ષથી યૌવનનો આરંભ થાય છે અને ચાળીસ વર્ષ પર્યંત તેની સંપૂર્ણતા રહે છે. ત્યાર પછી કિંચિત્પરિહારિણી અથવા નિર્બળતા આવવા માંડે છે.

સંધ્યોપાસના અથવા બ્રહ્મયજ્ઞ

માતા, પિતા અને અધ્યાપકોએ પોતાનાં પુત્ર-પુત્રીઓને અર્થસહિત ગાયત્રી મંત્રનો ઉપદેશ કરવો. આ રહ્યો એ ઉત્તમ ગાયત્રી મંત્ર -

ओ३म् भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं।

भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ॥ (યજુર્વેદ ૩૬.૩)

અર્થ - જે સર્વ જગતના જીવનનો આધાર, પ્રાણથી પ્રિય અને સ્વયંભૂ છે, તેનું નામ ભૂઃ છે. જે સર્વ દુઃખોથી રહિત અને સર્વ દુઃખોને દૂર કરનાર છે તે પરમેશ્વરનું નામ ભુવઃ છે. જે અનેક પ્રકારવાળા જગતમાં વ્યાપક થઈને સર્વને ધારણ કરનાર છે, તે પરમાત્માનું નામ સ્વ છે. આ ત્રણે વચનો તૈત્તિરીય શાખામાં છે.

મંત્રાર્થ - (સવિતુ) જે સર્વ જગતનો ઉત્પાદક અને ઐશ્વર્યનો દાતા છે, (દેવસ્ય) જે સર્વ સુખોનો આપનાર છે અને જેને પ્રાપ્ત કરવા સઘળા લોકો ઇચ્છે છે; એ પરમાત્માનું જે (વરેણ્ય) સ્વીકાર કરવાને યોગ્ય, અતિ શ્રેષ્ઠ (ભર્ગઃ) શુદ્ધ સ્વરૂપ અને પવિત્ર કરનાર ચેતન બ્રહ્મ રૂપ છે, (તત્) તે જ પરમાત્માના સ્વરૂપને અમે (ધીમહિ) ધારણ કરીએ, કારણ કે (યઃ) જે પરમાત્મા (નઃ) અમારી (ધિયઃ) બુદ્ધિઓને (પ્રચોદયાત્) પ્રેરિત કરે, અર્થાત્ ખરાબ કાર્યોમાંથી સારાં કાર્યોમાં પ્રવૃત્ત કરે.

આ પ્રમાણે માબાપોએ તેમનાં સંતાનોને ગાયત્રી મંત્રનો ઉપદેશ કરીને તેમને સંધ્યોપાસનાની, સ્નાન, આચમન, પ્રાણાયામ આદિ ક્રિયાઓ શીખવવી. સ્નાનથી શરીરના બાહ્ય અવયવોની શુદ્ધિ થાય છે અને આરોગ્ય જળવાય છે.

આચમનને માટે કંઠ અને હૃદય સુધી પહોંચે એટલું જ જળ લેવું. એથી ઓછું કે અધિક ન લેવું. હથેળીના મૂળ અને મધ્ય સ્થાનમાં હોઠ લગાડીને આચમન કરવું. આચમનથી કંઠના કફની અને પિત્તની નિવૃત્તિ થાય છે.

એ ઉપરાંત માર્જન, સમંત્રક પ્રાણાયામ, મનસા-પરિક્રમણ, ઉપસ્થાન,

પ્રાર્થના અને ઉપાસનાની રીતી પણ શીખવવી.

સંધ્યોપાસના એકાંત સ્થળે અને એકાગ્ર ચિત્તે કરવી. સાયં સંધ્યા અને પ્રાતઃ સંધ્યા, એમ બંને વખત કરવી. ઓછામાં ઓછું એક કલાક ધ્યાન ધરવું. જેવી રીતે સમાધિસ્થ યોગી લોકો પરમાત્માનું ધ્યાન ધરે છે, તેવી જ રીતે સંધ્યોપાસના કરવી. સંધ્યોપાસનાને બ્રહ્મયજ્ઞ પણ કહે છે.

સંધ્યોપાસનામાં પ્રાણાયામ વિધિ

પ્રાણાયામથી માનસિક અશુદ્ધિનો નાશ થાય છે અને જ્ઞાનનો પ્રકાશ થાય છે. જેવી રીતે વેગવાન વમન (ઉલટી)થી ખાધેલું અન્ન અને પીધેલું પાણી બહાર નીકળી આવે છે, તેવી જ રીતે પ્રાણને બળપૂર્વક બહાર ફેંકવો અને યથાશક્તિ તેને બહાર રોકવો.

પ્રાણવાયુને બહાર કાઢવા સમયે મૂલેન્દ્રિયને ઉપર ખેંચી રાખવી. આમ થવાથી પ્રાણવાયુ અધિક સમય સુધી બહાર રહી શકે છે. પછી જ્યારે ગભરાટ થવા લાગે ત્યારે બહારના વાયુને ધીમે ધીમે અંદર દાખલ થવા દેવો. આ પ્રમાણે ઇચ્છા અને શક્તિ અનુસાર જેટલી વખત બની શકે તેટલી વખત કરવું અને મનની અંદર 'ઓમ્'નો જપ કરતાં રહેવું. એ પ્રમાણે પ્રાણાયામ કરવાથી આત્મા તેમ જ મનની પવિત્રતા તેમ જ સ્થિરતા રહે છે.

પ્રાણાયામના ચાર પ્રકાર નીચે મુજબ છે -

૧. બાહ્ય વિષય - પ્રાણવાયુને બહાર વધારે રોકવો તે.

૨. આભ્યાંતર - પ્રાણવાયુને અંદરવધારે રોકવો તે.

૩. સ્તંભવૃત્તિ - પ્રાણ જ્યાં હોય, ત્યાં એકદમ રોકી લેવો તે.

૪. બાહ્યાભ્યંતરાક્ષેપી - પ્રાણ જ્યારે અંદરથી બહાર નીકળવા માંડે, ત્યારે તે બહાર ન નીકળી શકે માટે બહારનો પ્રાણ પણ અંદર લેવો, અને જ્યારે બહારનો પ્રાણ અંદર આવવા લાગે ત્યારે અંદરથી ધક્કા મારીને તેને બહાર રોકવાનો પ્રયત્ન કરવો. આ

રીતે એક બીજાથી ઊલટી ક્રિયા ચલાવવાથી પ્રાણ વશ થઈ જાય છે અને પ્રાણ વશ થવાથી મન અને ઇન્દ્રિયોને પણ કબજામાં લાવી શકાય છે.

પ્રાણાયામથી થતા લાભ

જ્યારે મનુષ્ય પ્રાણાયામ કરે છે ત્યારે પ્રતિક્ષણ અશુદ્ધિનો નાશ અને શુદ્ધિનો પ્રકાશ થાય છે, અને જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી તેના આત્માનું જ્ઞાન બરાબર વધતું જ જાય છે.

જેવી રીતે અગ્નિમાં તપાવવાથી સુવર્ણાદિ ધાતુઓનો મેલ નષ્ટ થઈને તે શુદ્ધ બને છે તેવી જ રીતે પ્રાણાયામ દ્વારા મન આદિ ઇન્દ્રિયોના દોષ ક્ષીણ થઈને તે નિર્મળ બની જાય છે. બળ અને પુરુષાર્થ વૃદ્ધિગત બને છે, અને બુદ્ધિ તીવ્ર તેમ જ સૂક્ષ્મરૂપ બની જતાં તે ઘણા કઠિન અને સૂક્ષ્મ વિષયને પણ શીઘ્ર ગ્રહણ કરી શકે છે. પ્રાણાયામ કરનારને થોડા સમયમાં શાસ્ત્રો સમજાય છે. પ્રાણાયામને લીધે મનુષ્યના શરીરમાં વીર્યની વૃદ્ધિ થઈને સ્થિર બળ, પરાક્રમ તથા જીતેન્દ્રિયતા ઉત્પન્ન થાય છે.

ઉપરોક્ત સઘળાં કારણોને લીધે પુરુષો તેમ જ સ્ત્રીઓને પ્રાણાયામ કરવાની અત્યંત આવશ્યકતા છે.

અગ્નિહોત્ર અથવા દેવયજ્ઞ

સંધ્યા-વિધિ પશ્ચાત્ હવનની ક્રિયા કરવી જોઈએ. બ્રહ્મચારીએ પણ દેવયજ્ઞ કરવો જોઈએ. દેવયજ્ઞનું બીજું નામ અગ્નિહોત્ર (હવન) છે. અગ્નિહોત્ર સાયં અને પ્રાતઃ એમ બંને સમયે કરવો. અગ્નિહોત્રનો સમય સૂર્યોદય પછીનો અને સૂર્યાસ્ત પૂર્વેનો છે. દરેક મનુષ્યે સોળ સોળ આહુતિઓ આપવી જોઈએ અને ઘૃત આદિની પ્રત્યેક આહુતિનું પ્રમાણ છ માસાથી (અરધા તોલાથી) ઓછું ન હોવું જોઈએ. એનાથી અધિક હોય તો સારું. બ્રહ્મચારીઓ માટે માત્ર બ્રહ્મયજ્ઞ અને અગ્નિહોત્ર છે. શેષ ત્રણ મહાયજ્ઞોનું વિધાન બ્રહ્મચારીઓ માટે નથી. સંક્ષેપમાં હવનથી ઉપર કહેલા

અનેક લાભો પ્રાપ્ત કરી શકાતા હોવાથી દરેક જણને હવન કરવાની ખાસ આવશ્યકતા છે.

અગ્નિહોત્રથી થતા લાભ

આ વાત નિર્વિવાદ છે કે દુર્ગંધયુક્ત વાયુને લઈને રોગને લીધે પ્રાણીઓને દુઃખની પ્રાપ્તિ થાય છે. જ્યારે સુગંધિત વાયુ વડે આરોગ્યની ઉત્પત્તિ થાય છે અને આરોગ્યને લીધે પ્રાણીઓને સુખની પ્રાપ્તિ થાય છે. અગ્નિની અંદર હોમેલો પદાર્થ સૂક્ષ્મરૂપ ધારણ કરીને પ્રસરી જઈને, વાતાવરણના વાયુ સાથે દૂર દૂરના સ્થળે પહોંચી દુર્ગંધની નિવૃત્તિ કરે છે.

આ સામર્થ્ય ઘરમાં પડેલાં કસ્તુરી આદિ સુગંધી દ્રવ્યોમાં નથી; કારણ કે તે ઘરમાંના વાયુને બહાર કાઢીને શુદ્ધ વાયુને અંદર લાવી શકતાં નથી. એ શક્તિ તો અગ્નિમાં જ છે. અગ્નિ ઘરમાંના વાયુને તથા દુર્ગંધયુક્ત પદાર્થોને છિન્ન ભિન્ન કરી તેમને સૂક્ષ્મ બનાવીને ઘરમાંથી બહાર કાઢી શકે છે અને પવિત્ર વાયુનો ઘરમાં પ્રવેશ કરાવી શકે છે.

જે મનુષ્યના શરીરમાંથી જેટલી દુર્ગંધ ઉત્પન્ન થાય છે અને જેટલા પ્રમાણમાં તે વાયુ તથા જળને બગાડીને રોગોત્પત્તિનું નિમિત્ત બની અન્ય મનુષ્યોને દુઃખ આપે છે, તેટલા પ્રમાણમાં તે મનુષ્ય પાપ-ભાગી બને છે અને એ પાપના નિવારણ અર્થે એટલી જ સુગંધી, વાયુ તથા જળમાં ફેલાવવાની દરેક મનુષ્યની ફરજ છે. ઘૃતાદિ જેટલા સુગંધિ પદાર્થો એક મનુષ્ય પોતાના આહારમાં લે છે, તેટલા દ્રવ્યના હોમથી લાખો માણસોનું ભલું થઈ જાય છે. આ જ કારણને લીધે આર્યવર મહાશયો, ઋષિઓ, મહર્ષિઓ અને રાજા-મહારાજાઓ પણ હવન કરતા અને કરાવતા. જ્યાં સુધી આ હોમ-વિધિનો પ્રચાર ચાલુ રહ્યો, ત્યાં સુધી આર્યાવર્ત રોગ-રહિત અને સુખી રહ્યો. હજુ પણ જો એનો પ્રચાર થાય તો આર્યાવર્ત પુનઃ પોતાની પ્રાચીન સ્થિતિ પ્રાપ્ત કરવાને સમર્થ બને એમાં શંકા નથી.

પઠન-પાઠન વિધિ

હવે આપણે પઠન-પાઠન વિધિ અર્થાત્ ભણવા અને ભણાવવાના વિધિ તરફ વળીએ. બાળકોને પ્રથમ પાણિનિમુનિ કૃત શિક્ષા ભણાવવી જોઈએ, જેથી અક્ષરોનાં સ્થાન અને પ્રયત્ન શુદ્ધ શુદ્ધ વિદિત થઈ જાય. ત્યાર પછી અષ્ટાધ્યાયીનાં સૂત્રો, પદચ્છેદ તથા સમાસ શીખવવાં અને યાદ કરાવવાં.

અષ્ટાધ્યાયી પછી અર્થ સહિત ધાતુપાઠ તથા ઉણાદિ કોષનું શિક્ષણ આપવું. વ્યાકરણ શીખવ્યા પછી યાસ્ક મુનિકૃત નિઘંટુ અને નિરુક્ત છ અથવા આઠ માસ ભણાવવાં. લઘુ કૌમુદી, સારસ્વતાદિ તથા અમરકોષાદિ શીખવવામાં વ્યર્થ સમય ના ગુમાવવો. ત્યાર પછી ચાર માસ પિંગલાચાર્ય કૃત છંદોગ્રંથ પણ શીખવવાં. એથી શ્લોકોની સમજણ આવી શકે તથા લૌકિક અને વૈદિક છંદોની રચના પણ જાણી શકાય. એક વર્ષમાં મનુસ્મૃતિ, રામાયણ-મહાભારત વગેરેનાં સારાં સારાં પ્રકરણો વંચાવવાં. પછી છ શાસ્ત્ર અર્થાત્ પૂર્વમીમાંસા, વૈશેષિક, ન્યાય, યોગ, સાંખ્ય અને વેદાંત બની શકે ત્યાં સુધી ઋષિકૃત ભાષ્યસહિત અથવા ઉત્તમ વિદ્વાનોની વ્યાખ્યા સહિત બે વર્ષ ભણાવવાં. વેદાંત શીખવવા પૂર્વે ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂક્ય, ઐતરેય, તૈત્તિરીય, છાંદોગ્ય અને બૃહદારણ્યક એ દશ ઉપનિષદોનું શિક્ષણ આપવું. તત્પશ્ચાત્ છ વર્ષ સુધી ચાર બ્રાહ્મણ ગ્રંથો અર્થાત્ ઐતરેય, શતપથ, સામ અને ગોપથ સહિત ચારે વેદોના સ્વર, શબ્દ, અર્થ, સંબંધ તથા ક્રિયા સહિત શિક્ષણ આપવું. આવી રીતે સર્વ વેદોનું શિક્ષણ આપી, આયુર્વેદ અર્થાત્ જે ચરક, સુશ્રુતાદિ ઋષિમુનિ પ્રણીત વૈદ્યક શાસ્ત્ર તેનાં અર્થ અને ક્રિયા સહિત શીખવવાં. ત્યાર બાદ ધનુર્વેદ શીખવવો. રાજપુરુષોને વ્યૂહ રચનાનું કાર્ય શીખવવું કે જેથી તેઓ પ્રજાનું પાલન યથાવત્ કરી શકે. આ વિદ્યા ત્રણ વર્ષમાં શીખવવી. તે પછી ગાંધર્વવેદ જેમાં નારદ સંહિતા છે (એમાં મુખ્યત્વે સામવેદ ગાન છે) તે શીખવવી. પછી અર્થવેદ કે જેમાં શિલ્પ વિદ્યા ભરી છે, તેમાંથી પદાર્થનાં ગુણ, વિજ્ઞાન, ક્રિયા, કૌશલ, નાના પ્રકારના આવિષ્કારો આદિનું શિક્ષણ

આપવું. ત્યાર પછી બે વર્ષમાં જ્યોતિર્વિદ્યા કે જેમાં સૂર્યસિદ્ધાંત આદિ ગ્રંથો તથા બીજગણિત, અંકગણિત, ભૂગોળ, ખગોળ અને ભૂગર્ભ વિદ્યા છે, તે શીખવવી. અર્થાત્ ભણવા-ભણાવનારાઓએ એવો પ્રયત્ન કરવો કે એ સર્વ વિદ્યાઓ ૩૦-૩૧ વર્ષમાં સમગ્ર વિદ્યા અને ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થઈ શકે.

ધર્મ-અધર્મનાં લક્ષણ

(૧) વેદ (૨) સ્મૃતિ અર્થાત્ વેદાનુકૂળ આપ્તોક્ત મનુસ્મૃતિ આદિ શાસ્ત્રો (૩) સત્પુરુષનો આચાર, અર્થાત્ સનાતન વેદ દ્વારા પરમેશ્વર પ્રતિપાદિત કર્મ (૪) અને આત્માને પ્રિય અર્થાત્ જેને આત્મા ચાહે છે જેમ કે સત્ય બોલવું - એ ચાર ધર્મનાં લક્ષણો છે. એટલે એના વડે ધર્મ અને અધર્મનો નિર્ણય અથવા નિશ્ચય થાય છે. જે પક્ષપાતરહિત ન્યાય, સત્યના ગ્રહણ રૂપ તથા અસત્યના સર્વથા પરિત્યાગ રૂપ આચાર છે, એનું જ નામ ધર્મ છે; અને જે અસત્યના ગ્રહણ રૂપ આચાર છે તે અધર્મ છે.

આ વિશે મનુ મહારાજનો નીચેનો શ્લોક યાદ રાખવો -

वेद स्मृति सदाचारः स्वस्य च प्रियमात्मनः।

एतं चतुर्विधं प्राहुः साक्षाद् धर्मस्य लक्षणम् ॥ મનુસ્મૃતિ ૨.૧૨

ધર્મનાં અભ્રાંત લક્ષણ

જે પુરુષ સુવર્ણાદિ રત્ન (અર્થ) અને સ્ત્રી-સેવા (કામ) આદિમાં ફસાઈ નથી જતો તેને ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જો તે ધર્મના જ્ઞાનની ઇચ્છા કરે, તો વેદ દ્વારા તેનો નિશ્ચય કરે; કેમ કે ધર્માધર્મનો નિશ્ચય વેદ વિના બરાબર થઈ શકતો નથી. મનુ મહારાજનું કથન છે -

अर्थ कामेष्वसक्तानां धर्म ज्ञानं विधीयते ।

धर्मजिज्ञासमानानां प्रमाणं परमं श्रुतिः॥ મનુસ્મૃતિ ૨.૧૩

જે જે ભણવું ભણાવવું હોય, તે તે પરીક્ષા કર્યા પછી કરવું. પરીક્ષા પાંચ પ્રકારની થાય છે -

૧. જે જે ઈશ્વરનાં ગુણ-કર્મ-સ્વભાવ અને વેદાનુકૂલ છે, તે તે સત્ય અને તેનાથી વિરુદ્ધ હોય તે અસત્ય છે.

૨. જે જે સૃષ્ટિક્રમને અનુકૂળ હોય, તે તે સત્ય, અને જે જે પ્રતિકૂળ હોય તે અસત્ય. દાખલા તરીકે માતા-પિતાના યોગ વિના સંતાન ઉત્પન્ન થવાનું કોઈ કહે તો તે સૃષ્ટિક્રમથી વિરુદ્ધ હોવાથી અસત્ય છે.

૩. આપ્ત અથવા જે જે ધાર્મિક, વિદ્વાન, સત્યવાદી અને નિષ્કપટી લોક છે, એમના આચાર અને ઉપદેશ અનુકૂળ હોય તે ગ્રાહ્ય અને પ્રતિકૂળ હોય તે અગ્રાહ્ય છે.

૪. જે પોતાના આત્માની પવિત્રતા અને વિદ્યાને અનુકૂળ હોય તે ગ્રાહ્ય અને પ્રતિકૂળ હોય તે અગ્રાહ્ય છે. અર્થાત્ જેવી રીતે આપણને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય લાગે છે તેવી જ રીતે સર્વત્ર સર્વને માટે સમજવું કે જો હું કોઈને દુઃખ કે સુખ આપીશ તો તે પણ અપ્રસન્ન કે પ્રસન્ન થશે.

૫. આઠ પ્રમાણ જેવાં કે - (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન (૪) શબ્દ (૫) ઐતિહ્ય (૬) અર્થાપત્તિ (૭) સંભવ અને (૮) અભાવ.[9] આ આઠ પ્રમાણોને અનુકૂળ હોય તે ગ્રાહ્ય અને પ્રતિકૂળ હોય તે અગ્રાહ્ય છે.

આ પ્રમાણે પ્રમાણો દ્વારા પરીક્ષા કરીને ભણવું અને ભણાવવું. એમ ન કરવાથી વિદ્યાર્થીને સત્ય બોધ થઈ શકતો નથી. જે જે ગ્રંથ ગુરુ શીખવે, તે ગ્રંથની પ્રથમ તેણે પૂર્વોક્ત પ્રકારે પરીક્ષા કરી લેવી. એ પરીક્ષામાં જે ગ્રંથ સત્ય ઠરે તે શીખવવો અને અસત્ય ઠરે તે ન શીખવવો.

મહર્ષિઓએ સરળતાથી જે મહાન વિષયોને પોતાના ગ્રંથોમાં પ્રકાશિત કર્યા છે, તે અન્ય અલ્પ-બુદ્ધિ મનુષ્યોના કલ્પિત ગ્રંથોમાં શી

---

[9] આ આઠ પ્રમાણોનાં વિસ્તૃત વર્ણન, વ્યાખ્યાદિ મૂળ (મોટા) સત્યાર્થ પ્રકાશમાં જોઈ લેવાં. - પ્રયોજક

રીતે આવી શકે ? મહર્ષિઓનો આશય અત્યંત સુગમ અર્થાત્ જેને ગ્રહણ કરવામાં થોડો સમય લાગે એવો હોય છે. અલ્પબુદ્ધિવાળા લોકોની ઇચ્છા એવી હોય છે કે પોતાના ગ્રંથોની રચના બની શકે તેટલી કઠણ કરવી. આવા ગ્રંથોનો લાભ મેળવવા માટે અત્યંત પરિશ્રમની આવશ્યકતા હોવાથી તે ગ્રંથોનું વાંચન પહાડ ખોદીને કોડી મેળવવા સમાન છે. જ્યારે આર્ષ ગ્રંથોનું વાંચન એક જ ડૂબકીમાં બહુમૂલ્ય મોતીઓ પ્રાપ્ત કરવા સમાન છે.

શું છ દર્શનોમાં પરસ્પર વિરોધ છે ?

ઘણા લોકો શંકા કરે છે કે, શું છ દર્શનોમાં પરસ્પર વિરોધ નથી ? આ પ્રશ્ન તેઓની અજ્ઞાનતા જ સૂચવે છે. છ દર્શનોમાં પરસ્પર વિરોધ નથી જ. એક વિષયમાં અનેકનું પરસ્પર વિરોધી કથન હોય, તો તેને વિરોધ કહે છે. દર્શનોમાં સૃષ્ટિની ઉત્પત્તિ એ મુખ્ય વિષય છે. સૃષ્ટિ-વિદ્યાના ભિન્ન ભિન્ન છ અવયવો છ શાસ્ત્રોમાં પ્રતિપાદન કરવાથી તેમાં વિરોધ આવતો નથી. સૃષ્ટિનું જે કર્મ કારણ છે, તેની વ્યાખ્યા મીમાંસામાં છે, સમયની વ્યાખ્યા વૈશેષિકમાં છે, ઉપાદાન કારણની વ્યાખ્યા ન્યાયમાં છે, પુરુષાર્થની વ્યાખ્યા યોગમાં છે, તત્ત્વોના અનુક્રમથી પરિગણનની વ્યાખ્યા સાંખ્યમાં છે, અને નિમિત્ત કારણ જે પરમેશ્વર છે તેની વ્યાખ્યા વેદાંતમાં છે. એમાં કંઈ પણ વિરોધ આવતો નથી. જેવી રીતે વૈદકશાસ્ત્રમાં નિદાન, ચિકિત્સા, ઔષધિ-દાન અને પથ્યનું પ્રકરણ ભિન્ન ભિન્ન હોય છે, છતાં સર્વનો સિદ્ધાંત રોગ-નિવૃત્તિ છે, તેવી જ રીતે સૃષ્ટિનાં છ કારણ હોવાથી તેમાંના એક એક કારણની વ્યાખ્યા એક એક શાસ્ત્રાકારે કરી છે. તેથી એમ સિદ્ધ નથી થઈ શકતું કે તેમાં વિરોધ છે.

000

ચોથો સમુલ્લાસ

સમાવર્તન, વિવાહ અને ગૃહસ્થાશ્રમ

સમાવર્તન

ગુરુકુળમાં રહી, બ્રહ્મચર્યવ્રત સહિત ચાર, ત્રણ, બે અથવા એક વેદનો અંગ-ઉપાંગ-સહિત સંપૂર્ણ અભ્યાસ કરીને અખંડિત બ્રહ્મચારી અથવા બ્રહ્મચારિણીએ સમાવર્તન સંસ્કાર પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો.

વિવાહમાં ગુરુની આજ્ઞા

ગુરુની આજ્ઞા લઈ વિધિપૂર્વક સમાવર્તન કરી પોતાને અનુકૂળ સારા લક્ષણવાળી કન્યા સાથે વિવાહ કરવો.

લગ્ન સંબંધ દૂર અને નિકટના બાંધવાના ગુણ-દોષ

દૂર અને નિકટ વિવાહ કરવામાં ગુણદોષ -

૧. જે બાળકો બાલ્યાવસ્થામાં એકબીજાથી નિકટ રહે છે અને પરસ્પર રમે છે, લડે છે તથા પ્રેમ કરે છે, તેઓ એકબીજાના ગુણદોષ જાણે છે, તેમ જ બાલ્યાવસ્થાનાં વિપરીત આચરણો પણ જાણે છે. આ સઘળાં કારણોને લઈ તેમનો વિવાહ પ્રેમજનક નીવડી શકતો નથી.

૨. પાણીમાં પાણી મળવાથી જેમ વિલક્ષણ (ઉત્તમ) ગુણ ઉત્પન્ન થતો નથી, તેમ સમાન ગોત્ર, પિતૃ-કુળ અથવા માતૃ-કુળમાં વિવાહ કરવાથી ધાતુઓની અદલ-બદલ ન થવાનાં કારણે એ લગ્ન ઉત્તમ ગણી શકાતાં નથી અને તેથી ઉન્નતિ સાધી શકાતી નથી.

૩. જેવી રીતે દૂધમાં સાકર અથવા સૂંઠ આદિ ઔષધિ મેળવવાથી તે

ઉત્તમતાને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે ભિન્ન ભિન્ન ગોત્ર અથવા માતૃ-કુળ તથા પિતૃ-કુળ પૃથક્ સ્ત્રી-પુરુષોનાં લગ્ન ઉત્તમ નિવડે છે.

૪. દૂર દેશમાં લગ્ન કરવાથી પ્રેમની દોરી લંબાય છે.

૫. કન્યાનું ઘર સમીપ હોય તો તે પિતાને ઘેર વારંવાર જાય અને તેથી પિતાએ તેને કંઈ ને કંઈ આપવું જ પડે. આથી પિતાના ઘરમાં દરિદ્રતા આવવાનો પણ સંભવ રહે છે.

૬. એક બીજાનાં ઘર સમીપ હોય તો સૌ સૌને પોતાનાં પિતૃ-કુળનું ઘમંડ રહે અને સ્ત્રી-પુરુષ વચ્ચે સહેજ પણ કલહ થતાં સ્ત્રી પોતાના પિતાને ઘરે ચાલી જાય. આથી એકબીજાની નિંદા થાય અને વિરોધમાં વૃદ્ધિ થાય.

આ અને આવાં બીજાં અનેક કારણોને લઈને કન્યા માતાના કુળની પેઢીની ન હોય અને પિતાના ગોત્રની પણ ન હોય તેની જ સાથે લગ્ન સંબંધ બાંધવો ઉચિત છે.

વિવાહનો સમય

૧૬ વર્ષથી ૨૪ વર્ષ સુધી કન્યાને માટે તથા ૨૫ વર્ષથી ૪૦ વર્ષ લગી પુરુષને માટે વિવાહનો ઉત્તમ સમય છે. સ્ત્રી અને પુરુષ જો અનુક્રમે ૧૬ અને ૨૫ વર્ષની વયે વિવાહ કરે તો તે નિકૃષ્ટ ગણાય છે. ૧૮થી ૨૦ વર્ષની સ્ત્રી, ૩૦, ૩૫ અથવા ૪૦ વર્ષના પુરુષ સાથે લગ્નબંધને જોડાય, તો તે મધ્યમ કહેવાય છે; અને ૨૪ વર્ષની સ્ત્રી તથા ૪૮ વર્ષનો પુરુષ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળીને લગ્નસંબંધ બાંધે છે, તે ઉત્તમ ગણાય છે

જે દેશમાં આવા પ્રકારની શ્રેષ્ઠ લગ્ન-વ્યવસ્થા હોય અને બ્રહ્મચર્ય તથા વિદ્યાભ્યાસ અધિક હોય, તે દેશ અત્યંત સુખી હોય છે; અને જે દેશમાં બ્રહ્મચર્ય અને વિદ્યાભ્યાસનો અભાવ કે અરુચિ હોય, તેમ જ બાળલગ્ન તથા અયોગ્ય લગ્ન ચાલી રહેલાં હોય, તે દેશ અત્યંત દુઃખી હોય છે.

સમાન પતિની શોધ

કન્યાએ પોતાને અનુકૂળ સમાન પતિની શોધ કરીને તેની સાથે લગ્ન કરવાં. પરસ્પર વિરુદ્ધ ગુણ-કર્મ-સ્વભાવવાળા સાથે કદી પણ લગ્ન કરવાં નહિ. અર્થાત્ કજોડાં લગ્ન ન થાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ.

લગ્ન અને માતા-પિતાનું કર્તવ્ય

લગ્ન કુમાર અને કન્યાને આધીન હોવાં જોઈએ. માતા-પિતાએ પોતાનાં સંતાનોનાં લગ્નનો વિચાર તેમની સંમતિ તથા પ્રસન્નતા સિવાય ન જ કરવો જોઈએ. કારણ કે એક બીજાની સંમતિ કે પ્રસન્નતાથી થયેલ લગ્નમાં વિરોધનો સંભવ અત્યંત અલ્પ પ્રમાણમાં રહે છે. વિવાહ કુમાર અને કન્યાને માટે હોય છે. એટલે એ બંનેની પ્રસન્નતા અવશ્ય જોવી જોઈએ. આ વસ્તુ પ્રત્યે દુર્લક્ષ કરવાથી તે બંને વચ્ચે વિરોધ ઉત્પન્ન થશે અને પરિણામે દુઃખની પ્રાપ્તિ થશે. સ્વયંવરની આપણી પ્રાચીન પદ્ધતિ આ કારણને લીધે જ ઉત્તમ હતી.

લગ્ન સમયે કન્યા તથા કુમારનાં વિનય, વિદ્યા, શીલ, રૂપ, બળ, આયુ, કુળ આદિ યથાયોગ્ય પરિમાણમાં છે કે કેમ, તેનો વિચાર પણ અવશ્ય કરવો જોઈએ. જ્યાં સુધી તેમની વચ્ચે ખરેખરો મેળ ન થાય, ત્યાં સુધી વિવાહ સુખકારક નીવડી શકે નહિ.

સ્વયંવર

કન્યા અને કુમારે લગ્ન પૂર્વે એકાંતમાં કદી પણ ન મળવું જોઈએ. કારણ કે યુવાવસ્થામાં સ્ત્રી-પુરુષનો એકાંતવાસ ઇચ્છનીય નથી. પરંતુ જ્યારે કન્યા તથા કુમારનો વિવાહનો સમય આવે અર્થાત્ જ્યારે બ્રહ્મચર્યાશ્રમ અને વિદ્યાભ્યાસ સંપૂર્ણ થવાને એક વર્ષ કે છ માસનો સમય બાકી રહે ત્યારે કન્યાની પ્રતિકૃતિ (ફોટોગ્રાફ) પડાવીને બ્રહ્મચારીઓના અધ્યાપકને મોકલાવી આપવી અને એ જ રીતે બ્રહ્મચારીની પ્રતિકૃતિ કન્યાઓની અધ્યાપિકાને મોકલી આપવી. પછી બારીક તપાસ કરતાં અધ્યાપિકાને જે બ્રહ્મચારીને જે બ્રહ્મચારિણી સાથે

ગુણ-કર્મ-સ્વભાવ મળતાં આવે, તે બંનેની જન્મથી લઈને વિવાહના દિવસ સુધીના જીવન-ચરિત્રની નોંધ મંગાવી વાંચવી. જો બંનેનાં ગુણ-કર્મ-સ્વભાવ મળતાં આવતાં હોય તો અધ્યાપકે બ્રહ્મચારીનાં હાથમાં કન્યાની પ્રતિકૃતિ અને જીવનચરિત્ર આપવાં, તથા અધ્યાપિકાએ કન્યાના હાથમાં બ્રહ્મચારીની પ્રતિકૃતિ અને જીવનચરિત્ર આપવાં. પછી તેમાં તેમનો અભિપ્રાય માંગી જોવો. જો બંનેનો એકબીજા પ્રત્યે પ્રેમસૂચક અભિપ્રાય મળે, તો એક જ સમયમાં એ બંનેનો સમાવર્તન સંસ્કાર કરવો. જો તેઓ અધ્યાપક અને અધ્યાપિકા સમક્ષ લગ્ન કરવા માગતાં હોય તો તેમ; નહિ તો કન્યાનાં માતા-પિતાને ત્યાં ઉત્તમ વિદ્વાનો અને સદ્‌ગૃહસ્થોની સન્મુખ વિવાહ કરવો. પછી માતા-પિતા અને ભદ્ર પુરુષોની સમક્ષ વર-કન્યાએ પરસ્પર વ્યવહારિક અને પારમાર્થિક શાસ્ત્રીય વિષયોના પ્રશ્નોત્તર કરવા હોય તો સભા સમક્ષ પત્રમાં લખીને કરવા. વિવાહ કરતી વખતે જ બંનેનો દૃઢ પ્રેમ થઈ ગયા પછી વર-કન્યાએ ખાવાપીવાનો ઉત્તમ પ્રબંધ રાખવો, જેથી વિદ્યાધ્યયન રૂપ તપશ્ચર્યાથી ક્ષીણ થએલું શરીર પ્રતિદિન ચંદ્રમાની કળાની માફક વધતું જાય.

જ્યાં સુધી આવી રીતે આપણા આર્ય-પૂર્વજોએ બ્રહ્મચર્યપૂર્વક વિદ્યાભ્યાસ કરીને લગ્ન કરવાની પદ્ધતિ રાખી હતી, ત્યાં સુધી આ દેશની ઉન્નતિ રહી; પરંતુ જ્યારથી બ્રહ્મચર્યપૂર્વક વિદ્યાભ્યાસ કરવાનું બંધ થયું, અને બાળલગ્ન તથા કજોડાં થવાં લાગ્યાં, ત્યારથી જ આ આર્યાવર્તની અવનતિનો આરંભ થયો.

શું અન્ય વર્ણસ્થ માતા-પિતાનાં સંતાનો બ્રાહ્મણ થઈ શકે ?

જેમાં માતા-પિતા અન્ય વર્ણસ્થ હોય તેમનાં સંતાન બ્રાહ્મણ થઈ શકે ખરાં ? હા. ઘણાંય એવી રીતે થઈ ગયાં છે, થાય છે અને થશે. કેમ કે છાંદોગ્ય ઉપનિષદ્‌માં જાબાલ ઋષિ અજ્ઞાત કુળના હોવા છતાં બ્રાહ્મણ થઈ ગયા. વળી વિશ્વામિત્ર ક્ષત્રિય કુળમાંથી અને માતંગ ઋષિ તથાકથિત નિમ્ન કુળમાંથી બ્રાહ્મણ બન્યા હતા. આજે પણ જે ઉત્તમ વિદ્યા અને સ્વભાવવાળા છે, તે બ્રાહ્મણને યોગ્ય છે. રજ-વીર્યના યોગે

બ્રાહ્મણ શરીર બંધાતું નથી. બ્રાહ્મણ તે જ કહેવાય, જે ભણે-ભણાવે અને વેદોના યથાર્થ અર્થ જાણે, તેમ જ બીજાઓને શીખવે. વળી મનુ મહારાજ કહે છે તેમ -

स्वाध्यायेन जपैर्होमै स्त्रैविद्येनेज्यया सुतैः।

महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः॥ - મનુસ્મૃતિ ૨.૨૮

અર્થાત્ - શૂદ્ર કુળમાં ઉત્પન્ન થયા છતાં જે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય સમાન ગુણ-કર્મ-સ્વભાવવાળો હોય તે શૂદ્ર પણ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય બની જાય છે. તેવી જ રીતે જે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય કુળમાં ઉત્પન્ન થયેલો હોય છતાં તેનાં ગુણ-કર્મ-સ્વભાવ શૂદ્ર જેવો હોય તો તે પણ શૂદ્ર બની જાય છે. તેમ જ જે ક્ષત્રિય અથવા વૈશ્ય કુળમાં ઉત્પન્ન થયેલો હોય છતાં તેનાં ગુણ-કર્મ-સ્વભાવ બ્રાહ્મણ અથવા શૂદ્ર સમાન હોય તો તે બ્રાહ્મણ અથવા શૂદ્ર થઈ જાય છે. અર્થાત્ ચારે વર્ણની ગણના ગુણ-કર્મ-સ્વભાવ અનુસાર છે. આનું નામ તે ગુણ-કર્મ-સ્વભાવ અનુસાર વર્ણ-વ્યવસ્થા.

આ સંબંધમાં આપસ્તંબ ધર્મસૂત્રનાં બે સૂત્રો છે -

धर्मचर्यया जघन्यो वर्णः पूर्वं पूर्वं वर्णमापद्यते जातिपरिवृत्तौ ।

अधर्मचर्यया पूर्वोवर्णो जघन्यं जघन्यं वर्णमाद्यपते जातिपरिवृत्तौ॥

અર્થાત્ - ધર્માચરણથી નિકૃષ્ટ વર્ણ પોતાથી ઉત્તમ વર્ણને પ્રાપ્ત કરે છે અને એની ગણના એ જ વર્ણમાં થાય છે કે જે વર્ણને માટે તે યોગ્ય હોય. તેમ અધર્માચરણથી ઉચ્ચ વર્ણનો મનુષ્ય પણ પોતાથી નીચા વર્ણને પ્રાપ્ત કરે છે, અને તે જ નીચા વર્ણમાં તેની ગણના થાય છે કે જેને યોગ્ય તેનાં ગુણ-કર્મ-સ્વભાવ હોય. આવી વ્યવસ્થા રાખવાથી જ મનુષ્ય અને સમાજ ઉન્નતિશીલ બને છે, કારણ કે આથી ઉત્તમ વર્ણોને એવો ભય રહેશે કે જો તેમનાં સંતાનો મૂર્ખ અને અજ્ઞાની થશે તો તેઓ શૂદ્રમાં ગણાશે. વળી તેમનાં સંતાનો પણ આ વ્યવસ્થાને લઈને સંભાળીને ચાલશે. આ ઉપરાંત નીચ વર્ણો પણ પોતે પ્રયત્ન કરશે તો ઉચ્ચ થઈ શકશે એ આશાએ વિદ્યા આદિ પ્રાપ્ત કરશે. આવા પ્રકારની વ્યવસ્થાથી જ મનુષ્ય અને સમાજની ઉન્નતિ તેમ જ પ્રગતિ સાધી શકાશે.

વર્ણ-વ્યવસ્થા

ઉપરોક્ત કથન અનુસાર વર્ણ-વ્યવસ્થા ગુણ-કર્મ-સ્વભાવથી જ થાય છે, નહિ કે રજ-વીર્યના યોગથી અર્થાત્ જન્મથી. જન્મથી વર્ણ-વ્યવસ્થા માનનારને પૂછવું જોઈએ કે, જો કોઈ બ્રાહ્મણ વટલી જાય અથવા મુસલમાન કે ખ્રિસ્તી થઈ જાય, તો તેને તમે બ્રાહ્મણ કેમ નથી કહેતા ? કારણ કે જન્મથી તો તે બ્રાહ્મણ જ છે. આ વખતે જન્મથી વર્ણ-વ્યવસ્થામાં માનનાર કહેશે કે, તેણે બ્રાહ્મણનાં ગુણ-કર્મ છોડી દીધાં માટે બ્રાહ્મણ મટી ગયો. તો પછી તેની જ વાત પરથી સિદ્ધ થાય છે કે, જે બ્રાહ્મણનાં ઉત્તમ કર્મ કરે તે જ બ્રાહ્મણ. જન્મથી કોઈ બ્રાહ્મણ નથી. અર્થાત્ બ્રાહ્મણ નીચ કર્મ કરે તો તે શૂદ્ર છે, અને શૂદ્ર ઉચ્ચ કર્મ કરે તો તે બ્રાહ્મણ છે.

યજુર્વેદના ૩૧મા અધ્યાયના ૧૧મા મંત્રમાં લખ્યું છે -

ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्यः कृतः ।

ऊरु तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ।।

અર્થાત્ - પૂર્ણ વ્યાપક પરમાત્માની સૃષ્ટિમાં જે મુખ જેવા સૌથી મુખ્ય અર્થાત્ ઉત્તમ છે, તે બ્રાહ્મણ. બાહુ અર્થાત્ બળ - વીર્ય એ જેનામાં અધિક છે, તે ક્ષત્રિય. જે પેટની માફક વ્યાપાર આદિ વડે પોતાનું તેમ જ સમાજનું પાલન કરી રહ્યા હોય, તે વૈશ્ય; અને જેઓ સેવા આદિ કરતાં હોય, તે શૂદ્ર છે.

ઉપરોક્ત મંત્રનો ધ્યેય-અલંકાર આ છે. પરમાત્મા તો નિરાકાર હોવાથી તેનાં મુખ આદિ અંગો હોય જ નહિ, છે જ નહિ.

પરંતુ એ પ્રમાણે ગુણ-કર્મ-સ્વભાવ-અનુસાર જાતિ-નિર્ણય અથવા વર્ણ-વ્યવસ્થા થવી જોઈએ, અને તે સ્ત્રી-પુરુષો બંનેને માટે સમજવી જોઈએ.

ગુણ-કર્મ-સ્વભાવ અનુસાર વર્ણ-વ્યવસ્થા નિશ્ચય થતાં સમાજ વ્યવસ્થા પણ બરાબર જળવાઈ રહેશે, અને સમાજ પ્રગતિના પંથે પ્રયાણ કરશે.

આમાં કોઈ પણ વર્ણને માટે વધુ માન કે વધુ નિંદા ન જ હોવાં જોઈએ.

ગુણ-કર્મના આધાર પર વર્ણ-વ્યવસ્થા કન્યાના સોળમા વર્ષમાં અને

કુમારના પચ્ચીસમા વર્ષમાં થવી જોઈએ.

પ્રત્યેક વર્ણે પોતપોતાનાં કર્મો બરાબર કરવાં જોઈએ અને એક બીજા પ્રત્યે સહાનુભૂતિ તેમ જ સમભાવ દર્શાવવાં જોઈએ.

આ ચારે વર્ણોએ પરસ્પરનાં સુખ-દુઃખ, હાનિ-લાભમાં તથા રાજા-પ્રજાની ઉન્નતિમાં એકમત થઈને એકબીજાને તન-મન-ધનથી મદદ કરવી જોઈએ.

પંચમહાયજ્ઞ

પ્રત્યેક ગૃહસ્થાશ્રમીએ પાંચ મહાયજ્ઞો કરવાનું કદી ચૂકવું નહિ - (૧) સંધ્યા અથવા બ્રહ્મયજ્ઞ. (૨) દેવયજ્ઞ અથવા અગ્નિહોત્ર. (૩) ભૂતયજ્ઞ અથવા બલિવૈશ્વદેવ. (૪) નૃયજ્ઞ અર્થાત્ અતિથિ યજ્ઞ, અને (૫) પિતૃયજ્ઞ - એમ આ પાંચ મહાયજ્ઞો છે. મનુ મહારાજનું કથન છે -

ऋषियज्ञं देवयज्ञं भूतयज्ञं च सर्वदा ।
नृयज्ञं पितृयज्ञं च यथाशक्ति न हापयेत् ।। - મનુસ્મૃતિ ૪.૨૧

બ્રહ્મયજ્ઞ અને દેવયજ્ઞ

પ્રથમ બ્રહ્મયજ્ઞ છે. એમાં વેદાદિ શાસ્ત્રોનું ભણવું-ભણાવવું, સંધ્યોપાસના તથા યોગાભ્યાસ કરવાનાં છે.

બીજો દેવયજ્ઞ છે. એમાં વિદ્વાનોનો સંગ, સેવા, પવિત્રતા, દિવ્ય ગુણોનું ધારણ કરવું તથા દાન અને વિદ્યાની ઉન્નતિ કરવાનું છે.

આ બંને યજ્ઞો પ્રાતઃ સાયં કરવાના છે. જે હોમ સંધ્યાકાળે થાય છે તેનું હુત દ્રવ્ય પ્રાતઃકાળ લગી વાયુની શુદ્ધિ કરે છે અને એ રીતે સુખાકારી બને છે; અને જે હોમ પ્રાતઃકાળે થાય છે તેનું હુત દ્રવ્ય સાયંકાળ પર્યંત વાયુની શુદ્ધિ કરે છે અને બળ, બુદ્ધિ તથા આરોગ્યની વૃદ્ધિ કરે છે. આ કારણથી દિવસ-રાત્રિના સંધિ સમયે પરમાત્માનું ધ્યાન અને અગ્નિહોત્ર અવશ્ય કરવાં જોઈએ.

પિતૃયજ્ઞ

દેવ અર્થાત્ વિદ્વાન, ઋષિ અર્થાત્ પઠન-પાઠન કરાવનાર અને પિતર અર્થાત્ માતા-પિતા આદિ વૃદ્ધ, જ્ઞાની તથા પરમયોગી - એમની સેવા કરવી આનું નામ તે પિતૃયજ્ઞ. પિતૃયજ્ઞના બે પ્રકાર છે - એક શ્રાદ્ધ અને બીજું તર્પણ. શ્રત્‌નો અર્થ સત્ય છે. જે વસ્તુનો આધાર શ્રત્ અર્થાત્ સત્ય પર હોય, અથવા જે ક્રિયાથી શ્રત્ અથવા સત્યનું ગ્રહણ થાય, તેનું નામ શ્રાદ્ધ છે; અને જે કાર્યથી વિદ્યમાન માતા-પિતા આદિ પિતર તૃપ્ત અર્થાત્ પ્રસન્નરહે, તેનું નામ તર્પણ છે.

આ વાત ખાસ યાદ રાખવાની છે કે, પિતૃયજ્ઞના બે વિભાગો શ્રાદ્ધ અને તર્પણ એ વિદ્યમાન (જીવિત) માતા-પિતા આદિ માટે જ છે, મરેલાં માટે નહિ.

એક વાત સદા સ્મરણમાં રાખવી કે, આજકાલ જે વૈરાગી, ખાખી, પાખંડી, ધૂર્ત આદિ જે હઠી, દુરાગ્રહી અને વેદ-વિરોધી છે, તેમનો સત્કાર માત્ર વાણીથી પણ કરવો નહિ. કારણ કે આવા ભામટા અને પાખંડીઓને ઉત્તેજન આપવાથી તેમની વૃદ્ધિ થાય છે, અને તેઓ સંસારને અધર્મયુક્ત કરે છે. તેઓ પોતે તો અધર્મયુક્ત કાર્યો કરે જ છે, પરંતુ સાથે સાથે તેમના સાથીઓ અને સેવકોને પણ અવિદ્યા રૂપી મહાસાગરમાં ડુબાવી દે છે. માટે આવા લોકોથી સદા ચેતીને ચાલવું.

બલિવૈશ્વદેવ અર્થાત્ ભૂતયજ્ઞ

જ્યારે ભોજન-સામગ્રી સપૂર્ણ તૈયાર થઈ જાય ત્યારે તેમાંથી ખટાશવાળા તથા લવણ આદિ ક્ષારવાળા પદાર્થોનો ત્યાગ કરીને ઘૃત તથા મિષ્ટાનયુક્ત પદાર્થો લઈને, રસોડામાંનો અગ્નિ અલગ કાઢીને તે પર ગૃહસ્થે તેની વિધિપૂર્વક આહુતિ આપવી. થોડુંક અન્ન કીડી, કુતરા, કાગડા આદિને માટે પણ રાખવું. કોઈ ગરીબ કે ક્ષુધાતુર હોય, તો તેને અન્નદાન દેવાનું ચૂકવું નહિ. હવન કરવાનું પ્રયોજન એ જ છે કે તેથી વાયુની શુદ્ધિ થાય, અને અદૃષ્ટ જીવોની જે હત્યા થાય છે, તેનો પ્રત્યુપકાર થાય.

અતિથિ સેવા અથવા નૃયજ્ઞ

અતિથિ તે કહેવાય કે જેના આગમનથી કોઈ તિથિ નિશ્ચિત ન હોય. અર્થાત્ જે ગૃહસ્થના ઘરમાં અકસ્માત આવી ચડે તે અતિથિ. ધાર્મિક, સત્યોપદેશક, સૃષ્ટિના સકળ જીવોના કલ્યાણાર્થે સર્વત્ર દેશાટન કરનાર, પૂર્ણ વિદ્વાન, પરમયોગી તથા સંન્યાસી અતિથિ જો ગૃહસ્થના ઘરમાં આવી ચડે, તો તેની યથાશક્તિ સેવા-સુશ્રુષા તે ગૃહસ્થ કરવી. તેમને ભોજન કરાવ્યા બાદ તેમની પાસેથી જ્ઞાન-વિજ્ઞાન આદિ ઉપદેશ શ્રવણ કરવો કે જેનાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય.

પંચમહાયજ્ઞોનું ફળ

આમ વિધિપૂર્વક પંચમહાયજ્ઞો કરવાથી ઘણા લાભો થાય છે -

બ્રહ્મયજ્ઞ કરવાથી વિદ્યા, શિક્ષા, ધર્મ અને સભ્યતા આદિ શુભ ગુણોથી વૃદ્ધિ થાય છે.

અગ્નિહોત્ર કરવાથી વાયુની શુદ્ધિ થઈને વૃષ્ટિ દ્વારા સંસારમાં સુખ થાય છે. અર્થાત્ શુદ્ધ વાયુના શ્વાસ, સ્પર્શ અને શુદ્ધ અન્ન-જળના ખાનપાનથી આરોગ્ય, બુદ્ધિ, બળ અને પરાક્રમની વૃદ્ધિ થાય છે અને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષનું અનુષ્ઠાન પૂરું થાય છે. અગ્નિહોત્રને દેવયજ્ઞ કહે છે, કારણ કે તે દેવો અર્થાત્ વાયુ આદિ પદાર્થોની શુદ્ધિ કરે છે.

પિતૃયજ્ઞનું ફળ એ છે કે, જે ગૃહસ્થ માતા-પિતા અને જ્ઞાની મહાત્માઓની સેવા કરે છે, તેનાં જ્ઞાન અને બુદ્ધિમાં સત્સંગને લઈને વૃદ્ધિ થાય છે. વળી તે સત્યાસત્યનો નિર્ણય કરીને સત્યને ગ્રહણ કરી શકે છે અને અસત્યનો ત્યાગ કરી શકે છે.

પિતૃયજ્ઞમાં બીજું ફળ છે કૃતજ્ઞતા, અર્થાત્ માતા-પિતાએ અને આચાર્યે સંતાનો અને શિષ્યો માટે ઉઠાવેલા પરિશ્રમનો પિતૃયજ્ઞ દ્વારા અમુક અંશે બદલો વાળી શકાય છે.

બલિવૈશ્વદેવ યજ્ઞથી પાકશાળા (રસોડા)નો વાયુ શુદ્ધ થાય છે, અને અજાણે થઈ ગયેલ અદૃષ્ટ જીવોની હત્યાનો પ્રતિકાર થાય છે; વળી

તેનાથી ગરીબ, ભૂખ્યા, કાગડા, કુતરા અને કીડીઓને અન્ન મળે છે.

અતિથિ યજ્ઞથી પણ અનેક લાભ થાય છે. જ્યાં અતિથિનું આગમન થતું નથી ત્યાં ઉન્નતિ થઈ શકતી નથી. અતિથિના સાર્વત્રિક દેશાટનને લઈને, અને સત્યોપદેશને લઈને પાખંડની વૃદ્ધિ થતી અટકે છે. એટલું જ નહિ, પરંતુ સહજમાં જ્ઞાન-વિજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. આ પ્રકારે મનુષ્ય માત્રમાં એક જ ધર્મ સ્થિર થઈ શકે છે. અતિથિઓના આગમનથી ગૃહસ્થાશ્રમીઓના સંદેહની નિવૃત્તિ થઈ જાય છે. સંદેહની નિવૃત્તિ થવાથી દૃઢ નિશ્ચય બંધાય છે, અને દૃઢ નિશ્ચય થવાથી સાચા સુખની પ્રાપ્તિ થઈ શકે છે.

ગૃહસ્થાશ્રમીઓનાં અન્ય કર્તવ્યો

ગૃહસ્થે રાત્રિના ચોથા પ્રહરે અથવા ચાર ઘડી રાત રહે ત્યારે નિદ્રાનો ત્યાગ કરવો જોઈએ. નિત્યનાં આવશ્યક શૌચાદિ કાર્યોથી પરવારી ધર્મ, અર્થ, શરીરનાં કષ્ટો, તેમનાં કારણો આદિનો વિચાર કરવો અને પરમાત્માનું ચિંતન કરવું. અધર્મનું આચરણ કદી પણ કરવું નહિ.

ઋત્વિક, પુરોહિત, આચાર્ય, અતિથિ, આશ્રિત, બાલ, વૃદ્ધ, આતુર, વૈદ્ય, સંબંધીઓ, શ્વસુર, મિત્ર, માતા, પિતા, ભાઈ, બહેન, પુત્રી કે સેવક આદિ સાથે કલહ-કંકાસ કદાપિ કરવો નહિ.

સંસારના સઘળા વ્યવહારો વાણીથી શુદ્ધ થાય છે. આથી જે અસત્ય ભાષણ કરે છે, તે ચોરી આદિ સઘળા પાપાચારનો આચરનાર થાય છે. માટે મિથ્યા ભાષણ આદિ અધર્મોનો સર્વથા ત્યાગ કરવો.

જે જે પરાધીન કર્મો છે, તેનો પ્રયત્નથી પરિત્યાગ કરવો; અને જે જે સ્વાધીન કાર્યો છે, તેનું પ્રયત્નપૂર્વક સેવન કરવું. પરંતુ જે કર્મો પરસ્પરના આશ્રયથી જ થઈ શકે તેવાં હોય, તેમને પરસ્પરના આશ્રયથી જ કરવાં જોઈએ.

સ્ત્રી-પુરુષોએ સમજવું જોઈએ કે, લગ્ન થતાં તેઓ તન-મનથી એક બીજાનાં થઈ ચૂકેલાં છે. સ્ત્રી-પુરુષે પરસ્પરની પ્રસન્નતાથી જ પ્રત્યેક

વ્યવહાર આચરવો જોઈએ. પતિ એ સ્ત્રીનો પૂજનીય દેવ અને સ્ત્રી એ પતિની પૂજનીય તેમ જ સત્કાર કરવા યોગ્ય દેવી છે.

ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતા

ઘણા લોકો પ્રશ્ન કરે છે કે, ગૃહસ્થાશ્રમ અન્ય આશ્રમો કરતાં શ્રેષ્ઠ શી રીતે ? એક રીતે તો પોતપોતાનાં કર્તવ્ય-કર્મોથી પ્રત્યેક આશ્રમ શ્રેષ્ઠ છે, પરંતુ જેમ નાની-મોટી નદીઓ જ્યાં સુધી સમુદ્રને ન મળે ત્યાં સુધી આમતેમ ભટક્યા કરે છે, તેવી જ રીતે ગૃહસ્થાશ્રમ વડે જ અન્ય આશ્રમો સ્થિર રહી શકે છે. ગૃહસ્થાશ્રમ વિના બીજા કોઈ પણ આશ્રમનો વ્યવહાર ચાલી શકતો નથી, સિદ્ધ થઈ શકતો નથી. કારણ કે બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસી એ ત્રણેને નિભાવનાર ગૃહસ્થાશ્રમ જ છે. આથી ગૃહસ્થાશ્રમ જ્યેષ્ઠાશ્રમ અર્થાત્ મોટો આશ્રમ કહેવાય છે.

મોક્ષ અને સાંસારિક સુખ બંને ઇચ્છનારે પ્રયત્નથી ગૃહસ્થાશ્રમ ધારણ કરવો. ગૃહસ્થાશ્રમ ધારણ કરવાને માટે દુર્બળ અને ભીરૂ અયોગ્ય છે. માટે દરેક બળવાન પુરુષે ગૃહસ્થાશ્રમના નિયમોના પાલનની સાથે તેને ધારણ કરવો. સંસારમાં જેટલા વ્યવહારો છે, તેમાંથી અડધા તો ગૃહસ્થાશ્રમમાં જ આવી જાય છે. જો ગૃહસ્થાશ્રમ ન હોત, તો સંતાનોત્પત્તિના અભાવે બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યાસાશ્રમ પણ ક્યાંથી થાત ? આથી જે ગૃહસ્થાશ્રમની નિંદા કરે છે, તે પોતે જ નિંદનીય છે. એટલું ખરું કે, ગૃહસ્થાશ્રમમાં સાચું સુખ ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે સ્ત્રી-પુરુષ બંને વિદ્વાન, પુરુષાર્થી અને સર્વ પ્રકારના વ્યવહારનાં જાણકાર હોય. આ કારણથી ગૃહસ્થાશ્રમના સુખનો મુખ્ય આધાર બ્રહ્મચર્ય અને સ્વયંવર વિવાહ ઉપર રહેલો છે.

000

પાંચમો સમુલ્લાસ

વાનપ્રસ્થ તથા સંન્યાસ

વાનપ્રસ્થ વિધિ

બ્રહ્મચર્યાશ્રમ સંપૂર્ણ કરીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો અને ગૃહસ્થાશ્રમનું નિયમાનુસાર પાલન કરીને વાનપ્રસ્થ બનવું. ગૃહસ્થાશ્રમ પૂર્ણ કર્યા પછી પચાસ વર્ષનું આયુષ્ય થાય ત્યારે વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. જ્યારે ચામડી પર કરચલીઓ પડે, વાળ સફેદ થઈ જાય અને પુત્રને ત્યાં પણ પુત્ર-જન્મ થાય, ત્યારે વાનપ્રસ્થાશ્રમનું વિધાન છે. આ સમયે ગૃહસ્થ પોતાની પત્નીને પુત્રો પાસે રાખવી અથવા તો સાથે લેવી. પરંતુ પતિ-પત્ની તરીકેનો સંબંધ એ આશ્રમથી ત્યાગી દેવાનો છે.

વાનપ્રસ્થનાં કર્તવ્યો

સ્વાદિષ્ટ પદાર્થો, દેખાવવાળાં વસ્ત્રો અને મોહક વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો. જુદાં જુદાં જંગલનાં ધાન્યો તથા શુદ્ધ તાજાં શાક, ફળફૂલ, કંદાદિ દ્વારા પંચમહાયજ્ઞો કરવા અને અતિથિનો સત્કાર તથા પોતાનો નિર્વાહ પણ તેના વડે જ ચલાવવો.

સદા સ્વાધ્યાય કરવો, ઇન્દ્રિયોનું દમન કરવું, સૌની સાથે મૈત્રીભાવ રાખવો, વિદ્યાદાન કરવું, જગતના સર્વ જીવો પર દયાભાવ રાખવો, બ્રહ્મચારી રહેવું, પદાર્થોમાં મમતા ન રાખવી. તપશ્ચર્યા, સત્સંગ, યોગાભ્યાસ તથા સુવિચારથી જ્ઞાન અને પવિત્રતા પ્રાપ્ત કરવાં..

સંન્યાસ વિધિ

વાનપ્રસ્થીને જ્યારે સંન્યાસ ગ્રહણ કરવાની ઇચ્છા થાય ત્યારે તેણે સ્ત્રીને પુત્ર પાસે મુકી દેવી. આયુષ્યનો ત્રીજો ભાગ અર્થાત્ ૫૦ વર્ષથી

૭૫ વર્ષ સુધીનો સમય વાનપ્રસ્થાશ્રમમાં ગાળી, ચોથા ભાગમાં સંન્યાસી થવું. જ્યારે પૂર્ણ વૈરાગ્ય પ્રાપ્ત થાય ત્યારે સંન્યાસ ગ્રહણ કરવો. સંન્યાસીએ પુત્ર, ધન, યશ આદિની ઇચ્છાનો ત્યાગ કરીને બ્રહ્મ-પ્રાપ્તિ માટે તથા સંસારની અવિદ્યા દૂર કરવા માટે પ્રયત્ન કરવા અને વેદવિદ્યા દ્વારા સંસારનાં દુઃખો દૂર કરવા પ્રયત્ન કરતાં રહેવું.

સંન્યાસીનાં કર્તવ્યો

સંન્યાસીએ પ્રાણી માત્રનું ભલું કરવા પ્રયત્ન કરવો. સદા સાચું બોલવું. સત્ય ગ્રહણ કરી અસત્યનો ત્યાગ કરવો. સંન્યાસી પર કોઈ ક્રોધ કરે કે તેની નિંદા કરે તોપણ તેના પર સામે ક્રોધ કે નિંદા ન કરતાં તેના કલ્યાણને માટે તેને ઉપદેશ કરવો. એ જ સંન્યાસીને માટે ઉચિત છે.

ઇન્દ્રિયોને અધર્મ આચરણથી અલગ રાખી, રાગદ્વેષનો ત્યાગ કરી, જગતના સર્વ જીવો સાથે નિર્વેર વ્યવહાર રાખીને મોક્ષની પ્રાપ્તિ માટેનું સામર્થ્ય સંન્યાસીએ વધારતાં રહેવું. પ્રાણાયામનો અભ્યાસ કરવો. પ્રાણાયામથી આત્મા, અંતઃકરણ અને ઇન્દ્રિયોના દોષોને; ધારણાથી પાપને; પ્રત્યાહારથી સંગદોષને અને ધ્યાનથી હર્ષ, શોક તથા અવિદ્યા આદિ દોષોને ભસ્મીભૂત કરવા અર્થાત્ તેમનો નાશ કરવો. ધ્યાનયોગથી પોતાના આત્માનું તથા અંતર્યામી પરમાત્માની શક્તિનું નિરીક્ષણ કરવું. સૌ પદાર્થોમાં નિસ્પૃહા અને નિરાકાંક્ષા હોવી જોઈએ. સંન્યાસીનું મુખ્ય કર્તવ્ય એ છે કે તેણે સૌ ગૃહસ્થાશ્રમાદિ આશ્રમવાળાઓને તેમના સર્વ પ્રકારના વ્યવહારોનો સત્ય નિશ્ચય કરાવી, અધર્મયુક્ત વ્યવહારોથી છોડાવી, તેમનાં સર્વ સંશયોને દૂર કરીને, તેમને ધર્મયુક્ત વ્યવહારોમાં પ્રવૃત્ત કરવા.

સંન્યાસ ગ્રહણની આવશ્યકતા

જેમ શરીરમાં મસ્તકની આવશ્યક્તા છે, તેમ આશ્રમોમાં સંન્યાસાશ્રમની આવશ્યક્તા છે. કારણ કે એ આશ્રમ વિના વિદ્યા અને ધર્મની વૃદ્ધિ થતી નથી. અન્ય આશ્રમીઓને વિદ્યા-ગ્રહણ, ગૃહકર્મ અને તપશ્ચર્યાદિ કર્મો

કરવાનાં હોવાથી તેમને ઉપદેશ આપવાનો અલ્પ સમય મળી શકે છે. તેથી તેઓ ધર્મ તથા પરોપકારના કાર્યમાં વધુ ભાગ લઈ શકતા નથી. જ્યારે સંન્યાસીઓ આ કાર્ય ઉત્તમ રીતે પાર પાડી શકે છે.

પક્ષપાતનો ત્યાગ કરવો, એ બીજા આશ્રમોને માટે દુષ્કર છે, જ્યારે સંન્યાસીને માટે તે સુલભ છે.

જેમ સંન્યાસીઓ સર્વતોમુક્ત થઈને જગતનું કલ્યાણ કરી શકે છે, તેમ અન્ય આશ્રમીઓ કરી શકતા નથી. કારણ કે સંન્યાસીને સત્યવિદ્યાથી પદાર્થોના વિજ્ઞાનની ઉન્નતિ માટે જેટલો અવકાશ મળે છે, તેટલો અન્ય આશ્રમીઓને મળતો નથી. પરંતુ બ્રહ્મચર્યાશ્રમથી સંન્યસ્ત ધારણ કરીને, સત્ય શિક્ષાના ઉપદેશથી જગતની જે ઉન્નતિ સાધી શકાય છે, તેવી ઉન્નતિ ગૃહસ્થાશ્રમથી કે વાનપ્રસ્થાશ્રમથી સંન્યાસ્ત લઈને કદી પણ સાધી શકાતી નથી.

સંન્યાસીને દેશાટન માટે પણ અધિક સમય મળી શકે છે, જ્યારે અન્ય આશ્રમીઓને તેટલો સમય મળી શકતો નથી.

ભિન્ન ભિન્ન આશ્રમોનાં કર્તવ્યો

વિદ્યા-પ્રાપ્તિ માટે તથા બળનો સંચય કરવા માટે બ્રહ્મચર્યાશ્રમ, સર્વ પ્રકારના ઉત્તમ વ્યવહાર સિદ્ધ કરવા માટે ગૃહસ્થાશ્રમ, વિચાર, ધ્યાન અને જ્ઞાનની વૃદ્ધિ કરવા માટે વાનપ્રસ્થાશ્રમ તથા વેદાદિ સત્ય શાસ્ત્રોનો પ્રચાર, ધર્મપૂર્ણ વ્યવહારોનો પ્રચાર ઇત્યાદિ કાર્યો માટે, સત્યોપદેશ કરવા માટે તેમ જ સર્વને નિઃસંદિગ્ધ કરવા માટે સંન્યાસાશ્રમ છે.

જે સંન્યાસી થઈને સંન્યાસના મુખ્ય ધર્મ - સત્યોપદેશ, પરોપકાર આદિનું પાલન નથી કરતો તે સાચો સંન્યાસી નથી. સંન્યાસીનું કર્તવ્ય એ છે કે તેણે સત્યોપદેશ, શંકા સમાધાન, વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન અને વેદોક્ત ધર્મની વૃદ્ધિ કરી સમસ્ત જગતની ઉન્નતિ સાધવાના પ્રયત્ન કરવા.

000

છઠ્ઠો સમુલ્લાસ

રાજધર્મ

રાજ્ય-વ્યવસ્થા ઉત્તમ રીતે ચલાવવા માટે રાજા, રાજસભાઓ, મંત્રીઓ, ન્યાયાલયો, રાજદૂતો, ગુપ્તચરો, રાજ્ય-કર્મચારીઓ, સંગ્રામ આદિની વ્યવસ્થા તથા સેના અને સેનાપતિઓ આદિની આવશ્યકતા છે.

આ સૌમાં રાજા મુખ્ય છે. વેદમંત્રો અનુસાર પ્રજા રાજાને ચૂંટીને પસંદ કરે છે, તેમ જ ધારે તો તેને હટાવી પણ શકે છે. જે પ્રજામાં સર્વશ્રેષ્ઠ હોય, શત્રુઓને જીતી શકે તેવો હોય, પ્રશંસનીય ગુણ-કર્મ-સ્વભાવવાળો હોય, સત્કારણીય હોય, શરણ્ય હોય અને પરમ સુશિક્ષિત હોય તેને રાજા તરીકે ચૂંટવો.

જે વિદ્યુત સમાન શીઘ્રતાથી ઐશ્વર્યને ઉત્પન્ન કરવાવાળો હોય, વાયુ સમાન સર્વને પ્રાણ સમાન પ્રિય હોય, પક્ષપાત રહિત ન્યાયાધીશ સમાન સર્વ પ્રત્યે જેનું વર્તન હોય, સૂર્ય સમાન ન્યાય, ધર્મ અને વિદ્યાનો પ્રકાશક તથા અંધકાર અર્થાત્ અવિદ્યા અને અન્યાયનો વિરોધક હોય, અગ્નિ સમાન દુષ્ટોને ભસ્મ કરનાર હોય, વરુણ સમાન દુષ્ટોને અનેક પ્રકારથી બાંધવાવાળો હોય, ચંદ્ર સમાન શ્રેષ્ઠ પુરુષોને આનંદ આપવાવાળો હોય અને ધનાધ્યક્ષ સમાન કોષને પૂર્ણ કરવાવાળો હોય, એવા પુરુષને રાજા તરીકે ચૂંટવો જોઈએ. રાજા રાજ્ય-વ્યવસ્થા અનુસાર રાજસભાને આધીન હોવો જોઈએ. આવા રાજાએ રાજ્ય-કાર્યો સ્વતંત્ર રીતે નહિ, પરંતુ રાજસભાની સંમતિથી કરવાં.

ઋગ્વેદ (૩.૩૮.૬)ના મંત્રમાં રાજ્યસભા વિશે કહ્યું છે -

त्रीणि राजाना विदथे पुरूणि परि विश्वानि भूषथः सदांसि।

અર્થાત્ રાજા અને પ્રજાના પ્રતિનિધિઓએ એકત્ર થઈને, સુખની

પ્રાપ્તિ માટે, જ્ઞાનની વૃદ્ધિ માટે તથા રાજા અને પ્રજા વચ્ચેના પવિત્ર ચિરસ્થાયી સંબંધના સંરક્ષણ માટે ત્રણ સભાઓ જેવી કે વિદ્યા આર્યસભા, ધર્મ આર્યસભા અને રાજ્ય આર્યસભા નિયત કરીને સર્વ પ્રકારના સર્વ પ્રજાકીય મનુષ્યોને સઘળી વિદ્યા, ધર્મ, સ્વાતંત્ર્ય, સુશિક્ષા અને ધન આદિથી અલંકૃત કરવા.

ત્રણે સભાના સભાસદો તથા સભાપતિના ગુણ

મહાવિદ્વાનોને વિદ્યા આર્યસભાના સભાસદ, ધાર્મિક વિદ્વાનોને ધર્મ આર્યસભા તથા પ્રશંસનીય ધાર્મિક અને રાજકાર્ય કુશળ પુરુષોને રાજ આર્યસભાના સભાસદ બનાવવા જોઈએ અને એ સર્વમાં જે ઉત્તમ ગુણ-કર્મ-સ્વભાવયુક્ત મહાન પુરુષ હોય, તેને રાજસભાના સભાપતિ તરીકે સ્થાપિત કરવો જોઈએ.

સભાસદ અને સભાપતિ ત્યારે જ થઈ શકે, જ્યારે તેને વેદોનું જ્ઞાન, દંડનીતિ, ન્યાય-વિદ્યા, આત્મવિદ્યા આદિનું સંપૂર્ણ જ્ઞાન હોય. સભાસદ તથા સભાપતિએ જીતેન્દ્રિય બની સદા ધર્મમાં પ્રવૃત્ત રહેવું, અધર્મથી દૂર રહેવું, તથા દઢ ઉત્સાહી બનીને કામ-ક્રોધથી ઉત્પન્ન થતાં દુષ્ટ વ્યસનોનો ત્યાગ કરવો.

સભ્યોની સંખ્યા

ઓછામાં ઓછા દશ વિદ્વાનો અથવા તેથી પણ ઓછા હોય તો ત્રણ વિદ્વાનોની સભા જે વ્યવસ્થા કરે તેનું ઉલ્લંઘન ન કરવું. સભાના સભાસદો, વેદના જાણકાર, ન્યાયશાસ્ત્રમાં પારંગત, તેમ જ મીમાંસા, નિરુક્ત, ધર્મશાસ્ત્ર, આદિના જ્ઞાતા હોવા જોઈએ. સંક્ષેપમાં આ ત્રણે સભામાં સદા વિદ્વાન, ધાર્મિક અને સજ્જનોને સ્થાન આપવું જોઈએ.

રાજસભાઓ તથા પ્રજાનો પરસ્પર સંબંધ

કોઈ એક વ્યક્તિ રાજ્યનો સ્વતંત્ર અધિકાર સોંપવો ન જોઈએ. પરંતુ રાજા જે સભાપતિ છે, તેને આધીન સભા તથા પ્રજાને આધીન રાજા રહે

એવી વ્યવસ્થા રાખવી જોઈએ. જો રાજા અથવા રાજવર્ગ પ્રજાથી સ્વતંત્ર હોય, તો પ્રજાનો નાશ થઈ જાય છે. એકલો રાજા પણ કોઈ વાર ઉન્મત્ત થઈને પ્રજાનો નાશ કરે છે. આ કારણથી રાજ્ય-શકટની ધુરા કોઈ એક વ્યક્તિના હાથમાં સ્વતંત્ર ન હોવી જોઈએ.

નિયમો અર્થાત્ કાયદા

ઉપરોક્ત પ્રત્યેક સભા-મંડળમાં સંમતિથી રાજનીતિના ઉત્તમ નિયમો ઘડવા અને સર્વેએ આ નિયમોનું પાલન થાય એવું વર્તન રાખવું. સર્વ હિતકારક કાર્યોમાં સભાસદોએ પોતપોતાની સંમતિ આપવી.

ઉપરોક્ત પ્રત્યેક સભા-મંડળમાં એક મુખ્ય સભાસદ હોવો જોઈએ અને તેણે રાજ્યસભાનાં કાર્યોનું નિર્વાહન કરવું જોઈએ. આ મુખ્ય સભાસદને તથા અન્ય સભાસદોને રાજાએ આજ્ઞા આપવી કે - 'હે સભાના યોગ્ય અને મુખ્ય સભાસદ ! તું મારી સભાની ધર્મયુક્ત વ્યવસ્થાનું પાલન કર; અને અન્ય યોગ્ય સભાસદો ! તમે પણ સભાની વ્યવસ્થાનું પાલન કરો.' આવા પ્રકારની રાજ-આજ્ઞા સંબંધમાં અથર્વવેદ (૧૯.૫૫.૩)નો નીચેનો મંત્ર અવશ્ય યાદ રાખવો -

सभ्य सभां मे पाहि ये च सभ्याः सभासदः।

અર્થાત્ રાજાએ દરેક સભાસદને આજ્ઞા કરવી કે - હે સભાને યોગ્ય મુખ્ય સભાસદ ! તું મારી સભાનું ધાર્મિક અને નૈતિક વ્યવસ્થા વડે રક્ષણ કર; અને જે સભાને યોગ્ય બીજા સભાસદો છે, તેઓ પણ વ્યવસ્થા વડે સભાનુ પાલન કરે.

મંત્રી મંડળ

પોતાના રાજ્ય અર્થાત્ સ્વદેશના વેદાદિ શાસ્ત્રોને જાણનાર હોય, શૂરવીર હોય, જેઓનું લક્ષ્ય કદી નિષ્ફળ થતું ન હોય, કુલિન હોય, સુપરિક્ષિત હોય તથા ઉત્તમ, ધાર્મિક અને ચતુર હોય એવા સાત કે આઠ મંત્રી નિયત કરવા; કારણ કે સહકાર અને સહાય (શ્રમ વિભાગ) વિના

સુગમ કાર્ય પણ એકને માટે કઠિન થઈ પડે છે, તો મહાન રાજ્યકર્મ એકથી તો કેમ જ થાય ? આ કારણથી કોઈ એકને જ રાજ્ય-સત્તા આપી દેવી અને એકની બુદ્ધિ પર રાજ્ય-કાર્યનો આધાર રાખવો એ યોગ્ય નથી. માટે મંત્રીમંડળ નીમવાની અતિ આવશ્યકતા છે.

રાજાએ પોતે આ મંડળના સભાપતિ થઈને રાજ-કર્મોમાં કુશળ વિદ્વાન મંત્રીઓ સાથે નિમ્નલિખિત છ વિષયોનો નિત્યપ્રતિ વિચાર કરવો -

૧. સન્ધિ અર્થાત્ કોઈ રાષ્ટ્રની મિત્રતા કરવી તે.

૨. વિગ્રહ અર્થાત્ કોઈ રાષ્ટ્રથી વિરોધ કરવો તે.

૩. સ્થિતિ અર્થાત્ સમયને જોઈને ચુપચાપ રહેવું તે.

૪. સમુદય અર્થાત્ પોતાના રાષ્ટ્રનો જ્યારે ઉદય દેખાય ત્યારે શત્રુ પર ચડાઈ કરવી તે.

૫. ગુપ્તિ અર્થાત્ રાજ્ય, સેના તથા કોષ આદિની રક્ષા

૬. લબ્ધ-પ્રશમન અર્થાત્ જે જે દેશ જીતાયાં હોય તેમાં શાંતિ સ્થાપીને ઉપદ્રવ-રહિત કરવા તે.

સભાપતિ રાજાએ મંત્રીઓના પૃથક્ પૃથક્ વિચારો તથા અભિપ્રાયો સાંભળવા, જાણવા અને બહુમતિ દ્વારા જે કાર્ય પોતાનું તથા અન્યોનું હિત કરવાવાળું હોય તે કરવું.

નગર સભા

મોટાં મોટાં નગરોમાં વિચારોની આપલે કરવાવાળી એક એક સભા હોવી જોઈએ. સભાગૃહ સુંદર, ઉચ્ચ અને વિશાળ બનાવવું જોઈએ. આ સભામાં મોટા મોટા વિદ્યાવૃદ્ધ કે જેમણે અનુભવપૂર્વક સર્વ પ્રકારનું જ્ઞાન મેળવ્યું હોય તેમણે સાથે બેસીને વિચારોની આપલે કરવી. જે નિયમોથી રાજા અને પ્રજા બંનેનું કલ્યાણ સાધી શકાય એવા નિયમો ઘડવા અને નગરમાં વિદ્યાના પ્રકાશનો ફેલાવો કરવો.

ન્યાયાલય

મુખ્ય ન્યાયાધિશ સર્વ વિદ્યાઓમાં પૂર્ણ વિદ્વાન હોવો જોઈએ. ન્યાય સભામાં ન્યાય વિચારપૂર્વક થવો જોઈએ. ન્યાય વ્યવસ્થા માટે ન્યાયાલયમાં ધાર્મિક, વિદ્વાન, નિષ્કપટી, નિર્લોભી અને સત્યવાદીઓને જ સાક્ષી તરીકે સ્વીકારવા જોઈએ. બંને પક્ષના સાક્ષીઓને સાંભળીને સત્ય પક્ષ અનુસાર ન્યાય કરવો જોઈએ. વિશુદ્ધ ન્યાય તોળવાની જરૂર પડે તો જૂઠા સાક્ષી પ્રત્યે કડક પગલાં લેતાં પણ અચકાવું નહિ.

જેનાં જેટલાં જ્ઞાન અને પ્રતિષ્ઠા તેનો અપરાધ માટે તેટલા જ પ્રમાણમાં વિચારપૂર્વક દંડ (શિક્ષા) આપવો.

શસ્ત્રાસ્ત્ર, સેના અને દુર્ગ

રાષ્ટ્રમાં આગ્નેયાદિ અસ્ત્ર, શતઘ્ની અર્થાત્ તોપ, ભુશુંડી અર્થાત્ બંદૂક, ધનુષ્યબાણ તથા તલવાર આદિ શસ્ત્ર શત્રુઓને રોકવા માટે તથા શત્રુઓને પરાજિત કરવા માટે રાખવાં જોઈએ. રાષ્ટ્રની સેના પ્રશંસનીય હોવી જોઈએ કે જેથી સદા વિજય થાય. સર્વે સેના અને સેનાપતિઓ ઉપર મુખ્ય સેનાપતિને સ્થાપિત કરવો જોઈએ.

સ્થળ-યુદ્ધ માટે રથ, અશ્વ, હાથી, પદાતિ, (પાયદળ) તથા શસ્ત્રાસ્ત્રોનો, જળ-યુદ્ધ માટે નૌકાઓ અને વહાણોનો તથા આકાશ-યુદ્ધ માટે વિમાન આદિનો રાજાએ પ્રબંધ કરવો. સર્વ રાજ-પુરુષોને યુદ્ધ-વિદ્યા શીખવવી. પ્રતિદિન પ્રાતઃકાલે રાજાએ સેનાધ્યક્ષની મુલાકાત લેવી અને તેને હર્ષિત તથા ઉત્તેજિત કરતાં રહેવું. આમ સેના આદિ પર પોતાની ખાસ દેખરેખ રાખવી.

રાજાએ રાષ્ટ્રમાં દુર્ગ (કિલ્લા અથવા ગઢ) પણ બનાવવા. કારણ કે દુર્ગથી અધિક લાભ થાય છે. દુર્ગમાંનો એક પણ વીર ધનુર્ધારી કે શસ્ત્રયુક્ત વીર પુરુષ બહારના અનેક સાથે યુદ્ધ કરી શકે છે.

દુર્ગ શસ્ત્રાસ્ત્ર, ધનધાન્ય, વાહન, કારીગર, ઘાસચારો તથા પાણી આદિથી પરિપૂર્ણ હોવો જોઈએ.

રાજાનો સૈનિકો સાથેનો વ્યવહાર

રાજાએ લશ્કરી યોદ્ધાઓને સૌએ મેળવેલા ધનમાંથી ભાગ આપવો જોઈએ. જો કોઈ યુદ્ધમાં મરી ગયું હોય તો તેનાં સ્ત્રી તથા સંતાનોને તે ભાગ આપવો. એટલું જ નહિ, પરંતુ તેનાં સ્ત્રી તથા અસમર્થ સંતાનોનું યથાવત્ પાલન કરવું. જ્યારે તેનાં સંતાનો સમર્થ થાય ત્યારે તેમને યથાયોગ્ય અધિકાર પણ આપવો.

જે પોતાના રાજ્યનાં વૃદ્ધિ, પ્રતિષ્ઠા અને વિજય ઇચ્છે, તેણે આ મર્યાદાનું ઉલ્લંઘન કદી પણ કરવું નહિ.

યુદ્ધ સમયે સૈનિકોને ઉત્તેજન આપીને તેમને હર્ષિત કરતાં રહેવું અને યુદ્ધ ન હોય ત્યારે તેમને યોગ્ય પુરસ્કાર આપીને ઉત્સાહિત કરતાં રહેવું.

રાજદૂત

જે પ્રશંસિત કુળમાં ઉત્પન્ન થયો હોય, ચતુર હોય, પવિત્ર હોય, હાવભાવ અને ચેષ્ટાથી જે અંતરની વાતને જાણી લેવાવાળો હોય, દૂરદર્શી હોય, તેમ જ સર્વ શાસ્ત્રોમાં વિશારદ હોય એવા પુરુષને રાજદૂતના સ્થાન પર નિયત કરવો જોઈએ. જે રાજ્ય-કાર્યમાં અત્યંત ઉત્સાહી હોય, દેશકાળને જાણવાવાળો હોય, તેમ જ નિર્ભય અને ઉત્તમ વક્તા હોય તેવો પુરુષ રાજદૂતને માટે યોગ્ય છે. રાજદૂતમાં ફૂટ અથવા કુસંપમાં સંપ કરાવવાનું તેમ જ મળી ગયેલા શત્રુઓને અને દુષ્ટોને તોડી-ફોડી નાખવાનું સામર્થ્ય હોવું જોઈએ.

સભાપતિ રાજાએ સર્વ સભાસદ તથા રાજદૂત આદિથી અન્ય રાજાઓ તથા વિરોધી રાજ્યોની હકીકતો, અભિપ્રાયો આદિ બાબતોથી વાકેફ રહીને એવું વર્તન રાખવું જોઈએ કે જેથી પોતા પર કદી કષ્ટનો સમય ન આવે.

ગુપ્તચર

રાષ્ટ્રમાં સભાપતિ બે હોવા જોઈએ. જેમાંનો એક રાજ્ય-સભામાં રાજ્ય-કાર્ય કરે અને બીજો એક સ્થળેથી બીજે સ્થળે ફરતો ફરતો સર્વ

ન્યાયાધીશો આદિ રાજપુરુષોના કાર્યનું નિરીક્ષણ કરે. આ પ્રવાસી સભાપતિએ સર્વ વિભાગ પોતાને હસ્તક રાખવો અને તેમના દ્વારા રાજપુરુષો તથા પ્રજા-પુરુષોનાં ગુણ-દોષથી ગુપ્ત રીતે માહિતગાર થતા રહેવું. આ રીતે તેણે અપરાધીને દંડ તથા ઉત્તમ કાર્ય કરનારને યોગ્ય પુરસ્કાર આપવાનું ચૂકવું નહિ.

રાજ્ય-કર્મચારી વર્ગ

જેટલા મનુષ્યોથી કાર્ય સિદ્ધ થઈ શકે તેટલા આળસ રહિત, બળવાન અને ચતુર પુરુષોને અધિકારી પદે નિયત કરવા. રાજા જેને પ્રજાની રક્ષાનો અધિકાર આપે તે ધાર્મિક, સુપરિક્ષિત, કુલિન તેમ જ વિદ્વાન હોવા જોઈએ. આ અધિકારીઓની સત્તા હેઠળ મોટાં કાર્યો માટે શૂરવીર, બળવાન, કુલિન તેમ જ પવિત્ર માણસો નિયુક્ત કરવા અને તેમનાથી ઉતરતી પંક્તિના માણસો હોય તેમને નાનાં કાર્યો માટે નિયત કરવા. તેની સાથે રાજ્યમાંના લુચ્ચા તેમ જ ડાકુઓને પણ ડાકુઓના એ જ અધિકારીઓના તાબામાં પગારદાર નોકરો તરીકે રાખી લેવા અને તેમને પ્રજાની રક્ષાના કાર્યમાં ગોઠવી દેવા.

અધ્યક્ષનું કામ એ છે કે અન્ય રાજ-પુરુષો નિયમસર કાર્ય કરે છે કે નહિ, તેનું નિરીક્ષણ કરવું. નિયમસર કાર્ય કરનારનો સત્કાર અને તેથી વિરુદ્ધ વર્તનારને યથાવત્ દંડ કરવાનું પણ તેણે લક્ષમાં રાખવું.

યુદ્ધમાં શસ્ત્રપાત કોના પર ન કરવો ?

યુદ્ધમાં અહીં-તહીં ઊભેલા, નપુંસક, હાથ જોડી ઊભેલા, બેઠેલા, શરણાગત, સૂતેલા, મૂર્છિત, નગ્ન, આયુધ રહિત, યુદ્ધને જોવાવાળા, દુ:ખી, અત્યંત ઘાયલ, યુદ્ધના પ્રહારથી પીડિત, ડરી ગયેલા તથા ભાગતા ઉપર કદી પણ શસ્ત્ર-પ્રહાર કરવો નહિ.

યુદ્ધમાં પકડાયેલા શત્રુ સાથે વ્યવહાર

યુદ્ધમાં પરાજિત થયેલા શત્રુને પકડી લેવા. જેઓ સ્વસ્થ તેમ જ સારા

હોય તેમને કારાગૃહમાં રાખીને ભોજન, આચ્છાદન આદિની યથાવત્ વ્યવસ્થા કરી આપવી. ઘાયલ થયેલાઓને માટે ઔષધોપચાર કરાવવા. તેમને દુઃખ ન દેવું, પરંતુ યોગ્ય કાર્ય કરાવવું. આ બાબત પર ખાસ લક્ષ રાખવું કે સ્ત્રી, બાળક, વૃદ્ધ, આહત તથા શોકયુક્ત પુરુષો પર શસ્ત્ર કદી પણ ચલાવવાં નહિ. તેમનાં સંતાનોને પોતાનાં સંતાનવત્ પાળવાં, તેમની સ્ત્રીઓને પોતાની માતા કે બહેન સમાન સમજવી. જ્યારે રાજ્ય વ્યવસ્થિત થઈ જાય ત્યારે જેમની સાથે પુનઃ યુદ્ધ થવાની આશંકા ન રહે તેમને સત્કારપૂર્વક છોડીને, તેમને દેશ અથવા ઘેર મોકલી આપવાં; અને જેમનાથી ભવિષ્યમાં વિઘ્ન આવવાનો સંભવ હોય તેમને સદા કારાગારમાં રાખવા.

પરાજિત રાજા અને તેનું કાર્ય

જે ધાર્મિક રાજા હોય તેનાથી રાજાએ કદી પણ વિરોધ ન કરવો; પરંતુ તેનાથી હળીમળીને અને સલાહ-સંપથી ચાલવું. દુષ્ટ રાજા ગમે તેટલો પ્રબળ હોય તોપણ તેને પરાજિત કરવા માટે સર્વ પ્રકારના પ્રયત્નો કરવા અને તેનું રાજ્ય લઈ લેવું. પછી જ્યારે ઉચિત સમય આવે ત્યારે તેના વંશના કોઈ ધાર્મિક પુરુષને વિજિત દેશનો રાજા બનાવવો અને તેની પાસેથી લિખિત કબુલાતપત્ર કરાવવું કે, તમારે અમારી આજ્ઞા અનુસાર ચાલવું અને ન્યાયથી પ્રજાનું પાલન કરવું. ઉપરાંત તેની પાસે એવા માણસો રાખવા કે જેથી તે પુનઃ ઉપદ્રવ ન કરી શકે. પરાજિત રાજાને કદી દુઃખ ન દેવું.

જે રાજપુરુષો કે રાજ-કર્મચારીઓ લાંચ લઈને અન્યાય કરે તેમનું સર્વસ્વ હરણ કરી લેવું અને તેમને યોગ્ય દંડ આપવો. આમ કરવાથી અન્ય રાજ્ય-કર્મચારીઓને શિક્ષા આપી શકાશે અને તેઓ દુષ્ટ કાર્ય કરતા અટકશે.

રાજ્ય-કર્મચારીઓનું વેતન

રાજ્ય-કર્મચારીઓનું જેથી સુખપૂર્વક ગુજરાન ચાલી શકે તેટલું

વેતન તેમને આપવું. જે વૃદ્ધ થઈ જાય તેમને અડધું વેતન આપીને નિવૃત્તિ આપવી. તેના મૃત્યુ પછી પણ તેનાં સ્ત્રી, સંતાન આદિનું પાલન કરવું.

સંતાન સમર્થ થાય ત્યારે તેને યોગ્ય અધિકાર આપવો; પરંતુ જો સ્ત્રી અને સંતાન કુકર્મી હોય તો તેમને કશું પણ આપવું નહિ.

રાજ્ય-કર

પ્રજાએ આપ્ત પુરુષો દ્વારા વાર્ષિક કર વસુલ કરવો. જે પ્રકારથી રાજા, રાજપુરુષો તથા પ્રજાજનો સુખપૂર્વક રહી શકે એવા પ્રકારથી યોગ્ય વિચાર કરીને રાજા તથા રાજ્યસભાએ રાજ્યમાં કરનું પ્રમાણ રાખવું.

રાજા પોતે કરના તેટલા જ અંશનો ભોગ કરે, જેટલો તેના માટે નિયત થએલો હોય. રાજા પ્રજા પાસેથી કર એવી રીતે લે કે જેથી ખેડૂત આદિ ખાવાપીવા વગરના ગરીબ થઈ જઈને દુઃખી ન થાય; કારણ કે પ્રજાનાં સુખ અને ઉન્નતિમાં જ રાજાની ઉન્નતિ અને સુખ સમાયેલાં છે. રાજાએ પ્રજાને સંતાનવત્ સમજવી. પ્રજાની સાધારણ સંમતિ વિરુદ્ધ રાજા કે રાજપુરુષની નિમણૂંક ન થવી જોઈએ.

000

સાતમો સમુલ્લાસ

ઈશ્વર, જીવ અને વેદ

ઈશ્વરનું સ્વરૂપ

ઈશ્વર દિવ્ય ગુણ-કર્મ-સ્વભાવવાળો અને વિદ્યાયુક્ત છે. એમાં પૃથ્વી અને સૂર્યાદિ લોક સ્થિત છે. એ આકાશ સમાન વ્યાપક છે, અને દેવોનો દેવ અર્થાત્ મહાદેવ છે. સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનો કર્તા, ન્યાયાધીશ તથા સૌનો અધિષ્ઠાતા છે. સર્વ જગતમાં વ્યાપ્ત તથા તેનો નિયંતા છે. સૌથી પૂર્વ વિદ્યમાન, સર્વ જગતનો પતિ, તથા સનાતન જગત્કારણ છે. તે સૂર્ય સમાન સર્વ જગનો પ્રકાશક છે. તે નથી લેતો જન્મ કે નથી પામતો મૃત્યુ, વેદોનો પ્રકાશક, કર્મફળદાતા, સુખ-સ્વરૂપ, નિરાકાર, ન્યાયકારી, દયાળુ, સર્વશક્તિમાન, સર્વાન્તર્યામી તથા જગત્સ્વામી છે.

ઈશ્વરનું હોવું

ઈશ્વરના અસ્તિત્વ વિશે નીચે લખ્યા પ્રમાણ છે -

૧. ઈશ્વર, પ્રત્યક્ષ દ્વારા પણ જાણી શકાય છે. પ્રત્યક્ષ તેને કહે છે કે, જેનું જ્ઞાન તેના યોગ્ય સાધન દ્વારા થાય છે. એ યાદ રાખવું જોઈએ કે ઇન્દ્રિયો તથા મનથી ગુણોનું પ્રત્યક્ષ થાય છે, ગુણીનું નહિ. જેવી રીતે ત્વચા આદિ ઇન્દ્રિયોથી સ્પર્શ, રૂપ, રસ, ગંધનું પ્રત્યક્ષ થાય છે, તેમ પૃથ્વી જે ગુણી અર્થાત્ ગુણોનો આધાર છે, તેનું પ્રત્યક્ષ તો આત્મા યુક્ત મનાદિથી થાય છે. એવી રીતે આ પ્રત્યક્ષ સૃષ્ટિમાં રચના આદિ તથા જ્ઞાન આદિ ગુણોનું પ્રત્યક્ષ થવાથી પરમેશ્વરનું પણ પ્રત્યક્ષ થાયછે.

૨. જ્યારે જીવાત્મા મનને અને મન ઇન્દ્રિયોને કોઈ કામમાં લગાડે છે, અથવા જે ક્ષણે ચોરી આદિ ખરાબ કર્મોનો અથવા પરોપકાર આદિ શુભ કર્મોનો આરંભ કરે છે, તે ક્ષણે આત્માની અંદર ખરાબ કર્મો કરવા સમયે ભય, શંકા અને લજ્જા, તથા શુભ કર્મો કરવા સમયે અભય, નિશંકતા અને આનંદોત્સાહ ઉત્પન્ન થાય છે. આ લાગણીઓ જીવાત્મા દ્વારા નહિ, પરંતુ પરમાત્મા દ્વારા ઉત્પન્ન થાય છે, અને એથી પણ પરમાત્માની સત્તા પ્રતીત થાય છે.

૩. આવી રીતે કોઈપણ જીવાત્મા શુદ્ધ થઈને, પરમાત્માના વિચાર કરવા તત્પર થાય છે, ત્યારે તેને તે જ સમયે બંનેનું પ્રત્યક્ષ થાય છે.[10] પરમાત્માની સત્તાનું આ ત્રીજું પ્રમાણ છે.

૪. એ જ પ્રમાણે પરમાત્માનું જ્ઞાન, અનુમાન-પ્રમાણ તથા વેદાદિ શાસ્ત્રો દ્વારા પણ થાય છે.

કોઈ એક પદાર્થને જોઈને બે પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન થાય છે - જેવો તે પદાર્થ છે, તે વિશેનું અને બીજું તેની રચના આદિ જોઈને તેના બનાવનારનું, એને અનુમાન-પ્રમાણ કહે છે. જ્યારે આપણે કોઈ આભૂષણને જોઈએ છીએ ત્યારે આપણે જાણીએ છીએ, કે તે સુવર્ણનું છે,

---

[10] સત્યાર્થપ્રકાશના મૂળ હસ્તલેખ (રફ કૉપી)માં આ સ્થાને લખવામાં આવ્યું છે : "અને જ્યારે શુદ્ધ આત્મા - શુદ્ધ અંતઃકરણ ધરાવતો યોગી સમાધિસ્થ થઈને આત્મા અને પરમાત્માનો વિચાર કરવામાં તત્પર થાય છે, ત્યારે તેને એ જ સમયે બંને પ્રત્યક્ષ થાય છે. જયારે પરમેશ્વરનું પ્રત્યક્ષ થાય છે, તો પછી અનુમાન વગેરે પ્રમાણોથી પરમેશ્વરનું જ્ઞાન થવામાં શો સંદેહ છે ? કારણ કે કાર્યને જોઈને કારણનું, નિયમોને જોઈને નિયંતાનું અને સૃષ્ટિને જોઈને સ્રષ્ટાનું અનુમાન થાય છે."

કેટલાક વિદ્વાનો આ વાક્યમાં આવતા 'બંને' શબ્દનો અર્થ ૧. ઈશ્વરના ઉપર કહેલ ગુણ અને ૨. એ ગુણોનો ગુણી ઈશ્વર, એવો કરે છે. પરંતુ અહીં 'બંને' શબ્દનો અર્થ ૧. આત્મા અને ૨. ઈશ્વર ગ્રહણ કરવો વધારે યોગ્ય લાગે છે. - સંપાદક

અને તેને કોઈ બુદ્ધિમાન કારીગરે બનાવ્યું છે. આ પ્રમાણે જ નાનાવિધ પ્રકારની રચનાવાળી સૃષ્ટિ પણ તેને બનાવનાર પરમાત્માને સિદ્ધ કરે છે.

ઈશ્વરની વ્યાપકતા

ઈશ્વર વ્યાપક છે, તે કોઈ દેશમાં વિશેષરૂપે નથી. જો આપણે તેને એક જ દેશમાં રહેનારો માની લઈએ, તો તે સર્વાન્તયામી, સર્વજ્ઞ, સર્વનિયંતા, સર્વનો સ્રષ્ટા, સર્વનો ધર્તા અને પ્રલયકર્તા ન થઈ શકે; કારણ કે જે દેશમાં કર્તા નથી તે દેશમાં ક્રિયા થવી અસંભવિત છે.

ઈશ્વર દયાળુ અને ન્યાયકારી છે

કોઈવાર પ્રશ્ન કરવામાં આવે છે કે, ઈશ્વર દયાળુ પણ હોય અને ન્યાયકારી પણ હોય, તો તે બંને ગુણો સાથે સાથે શી રીતે સંભવી શકે ? કારણ કે આ ગુણો પરસ્પર વિરોધી છે. જો તે ન્યાય કરે, તો દયા ન રહે, અને દયા કરે, તો ન્યાય ન રહે. કારણ કે ન્યાય તેને કહે છે કે જેથી કર્માનુસાર ન્યૂનાધિકતા રહિત ફળ અપાય; અને દયા તેને કહે છે કે જેથી અપરાધીને દંડ મળ્યા વિના મુક્તિની પ્રાપ્તિ થઈ શકે.

આ ગૂંચવણ ભરેલા જણાતા પ્રશ્નનો ઉત્તર એ છે કે, ન્યાય અને દયામાં નામ માત્રનો જ ભેદ છે. કારણ કે જે પ્રયોજન ન્યાયથી સિદ્ધ થાય છે, તે જ દયાથી પણ સિદ્ધ થાય છે. દંડ દેવાનું પ્રયોજન એ છે કે મનુષ્ય અપરાધ યુક્ત કર્મોથી દૂર રહીને દુઃખી ન થાય, અને દયાનું પ્રયોજન એ છે કે પારકાનાં દુઃખો દૂર થાય. ન્યાય અને દયામાં ભેદ બતાવીને તેનો જે અર્થ કરવામાં આવે છે, તે બરાબર નથી. કારણ કે જેણે જેવો અપરાધ કર્યો હોય, તેને તેવા અપરાધ અનુસાર દંડ આપવો, તેનું નામ ન્યાય છે. દંડ જો અપરાધીને ન આપવામાં આવે, તો દયાનો નાશ થઈ જાય. એક અપરાધી લુટારાને છોડી દેવો, એ હજારો ધર્માત્માઓને દુઃખ દેવા જેવું છે. તો પછી એવી દયાનો અર્થ શો ? અને તે શા કામની ? લુટારા પર દયા એ જ થાય કે તેને જેલમાં નાખીને પાપ કરતો બચાવવો - અટકાવવો. ઉપરાંત તે લુટારાને દંડ આપવામાં પણ હજારો મનુષ્યો પરની દયાની જ પ્રતીતિ થાય છે.

જુઓ ! ઈશ્વરની પૂર્ણ દયા તો એ છે કે તેણે પ્રાણીઓનાં પ્રયોજન સિદ્ધ થવા માટે આ જગતમાં સર્વ પ્રકારના પદાર્થો ઉત્પન્ન કર્યા છે. એનાથી મોટી દયા બીજી શી રીતે હોઈ શકે ? કોઈને અધિક સુખ અને કોઈને અધિક દુઃખ એવા પ્રકારની જે વ્યવસ્થા જોવામાં આવે છે, તે જ ન્યાયનું પ્રત્યક્ષ પ્રમાણ છે. દયા અને ન્યાયમાં ભેદ એટલો જ છે કે જે સર્વને સુખી કરવાની અને દુઃખથી મુક્ત કરવાની ઇચ્છા અને ક્રિયા છે, તેનું નામ દયા; અને જે બાહ્ય ક્રિયા અર્થાત્ બંધન-છેદન આદિ યથાવત્ દંડ અપાય છે, તેનું નામ તે ન્યાય. આ બંનેનું પ્રયોજન એ જ છે કે સર્વને પાપ અને દુઃખથી દૂર અર્થાત્ વિમુક્ત કરવા.

ઈશ્વર સાકાર છે કે નિરાકાર ?

હવે બીજો પ્રશ્ન લઈએ - ઈશ્વર સાકાર છે કે નિરાકાર ? ઈશ્વર નિરાકાર છે. કેમ કે જો તે સાકાર હોય તો વ્યાપક ન હોઈ શકે, અને જો વ્યાપક ન હોય, તો સર્વજ્ઞત્વ આદિ ગુણો પણ તેનામાં ઘટાવી શકાય નહિ. કારણ કે પરિમિત વસ્તુમાં ગુણ-કર્મ-સ્વભાવ પણ પરિમિત હોય છે. વળી ઈશ્વર સાકાર હોય તો તેનાં કાન, નાક, આંખ આદિ અવયવોનો બનાવનાર કોઈ ભિન્ન ચેતન હોવો જોઈએ. કારણ કે જે સંયોગથી ઉત્પન્ન થાય છે તેને સંયુક્ત કરનાર કોઈ નિરાકાર ચેતન અવશ્ય હોવો જોઈએ. આવી સઘળી બાબતોથી સિદ્ધ થાય છે કે ઈશ્વર નિરાકાર છે.

ઈશ્વર સર્વશક્તિમાન છે

ઈશ્વર સર્વશક્તિમાન છે. કારણ કે તે પોતાનાં કાર્યો અર્થાત્ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ તેમ જ પ્રલય કરવામાં અને જીવાત્માનાં પાપ-પુણ્યની યથાયોગ્ય વ્યવસ્થા કરવામાં તે કોઈ પણ અન્ય પુરુષની જરાય સહાય લેતો નથી. તે પોતાના સામર્થ્યથી જ પોતાનું સર્વ કાર્ય પૂર્ણ કરી શકે છે.

શું ઈશ્વર અવતાર લે છે ?

ત્યારે શું ઈશ્વર અવતાર લે છે કે નહિ ? ઈશ્વર કદી અવતાર નથી

લેતો. વેદોમાં પરમાત્માનો 'અજ', 'અકાય' અને 'અસ્નાવિર' કહ્યો છે. 'અજ'નો અર્થ જન્મ લેતો નથી તે, 'અકાય'નો અર્થ જેને દેહ નથી તે, અને 'અસ્નાવિર'નો અર્થ એ છે કે, જેને સ્નાવ અર્થાત્ નસ-નાડી નથી તે. આ ત્રણે શબ્દોથી પ્રતીત થાય છે કે, વૈદિક સિદ્ધાંત અનુસાર પરમાત્માનો જન્મ અર્થાત્ તેના શરીરનું હોવું સંભવિત નથી. જેનો જન્મ ન હોય અને જેનું શરીર ન હોય, તેનો આકાર શી રીતે સંભવી શકે ? પરમાત્મા અનંત અને સર્વવ્યાપક હોવાથી તેનું ગર્ભમાં આવવું કદીપણ સિદ્ધ થઈ શકતું નથી.

એક વસ્તુનું આવવું-જવું ત્યાં જ હોઈ શકે કે જ્યાં તેનું અસ્તિત્વ ન હોય. શું પરમેશ્વર ગર્ભમાં વ્યાપક ન હતો કે ત્યાં આવ્યો ? અને શું તે બહાર ન હતો કે જેથી તે અંદરથી બહાર આવ્યો ? આ કારણથી પરમાત્માનું ગમનાગમન અર્થાત્ જન્મ-અવતાર આદિ હોઈ શકતાં નથી. એથી જ રામ-કૃષ્ણ આદિ ઈશ્વરાવતાર ન હતા, કિન્તુ રાગ, દ્વેષ, ક્ષુધા, તૃષા, ભય, શોક, દુઃખ, સુખ, જન્મ, મરણ આદિ ગુણોથી યુક્ત હોવાના કારણે તે મનુષ્યો જ હતા.

શું ઈશ્વર પાપની ક્ષમા કરે છે ?

ત્યારે શું ઈશ્વર પાપની ક્ષમા કરે છે ખરો ? ના. ઈશ્વર પાપની ક્ષમા નથી કરતો. ખ્રિસ્તી અને મુસલમાન લોકોની માન્યતા છે કે ઈસુ પર અને મહમદ પર વિશ્વાસ કરવાથી અને તોબા કરવાથી પરમાત્મા તેમનાં પાપોની ક્ષમા કરે છે, પરંતુ એ વાત સત્ય નથી. કારણ કે જો પરમાત્મા પાપની ક્ષમા કરે, તો તેનો ન્યાય નષ્ટ થઈ જાય, અને સર્વ મનુષ્યો મહાપાપી થઈ જાય. કારણ કે ક્ષમાની આશાથી પાપી મનુષ્ય પણ પાપ કરવામાં નિર્ભયતા અને ઉત્સાહ અનુભવશે. ઈશ્વરનું કાર્ય સર્વ કર્મોનું યથાવત્ ફળ આપવાનું છે.

ઈશ્વરમાં ઇચ્છા છે ?

જેવી ઇચ્છા જીવમાં છે તેવી ઈશ્વરમાં નથી. ઇચ્છા તેવી વસ્તુની થાય,

જે અપ્રાપ્ય હોય, ઉત્તમ હોય અને જેની પ્રાપ્તિથી સુખ ઉત્પન્ન થાય. ઈશ્વરને કોઈપણ વસ્તુ અપ્રાપ્ત નથી અને ન તો કોઈ વસ્તુ તેનાથી ઉત્તમ છે. વળી ઈશ્વર પૂર્ણ સુખરૂપ હોવાથી તેને સુખની અભિલાષા પણ નથી. આ કારણોથી ઈશ્વરમાં જીવના જેવી ઇચ્છાની સંભાવના નથી.

જીવ સ્વતંત્ર છે કે પરતંત્ર ?

પોતાનાં કર્તવ્યોમાં જીવ સ્વતંત્ર છે, અને ઈશ્વરની વ્યવસ્થામાં તે પરતંત્ર છે. જેને આધીન શરીર, પ્રાણ, ઇન્દ્રિયો અને અંતઃકરણ આદિ હોય તેને સ્વતંત્ર કહે છે. જો જીવ સ્વતંત્ર ન હોય, તો તેને પાપ-પુણ્યનું ફળ પ્રાપ્ત થઈ શકતું નથી. જેવી રીતે લશ્કરી સિપાઈ સેનાધ્યક્ષની આજ્ઞા અથવા પ્રેરણાથી યુદ્ધમાં અનેક પુરુષોને હતપ્રાણ કરીને પણ અપરાધી નથી ઠરતો, તેવી જ રીતે જો પરમાત્માની પ્રેરણાથી જ સર્વ કાર્યો થતાં હોય, તો જીવને પાપ કે પુણ્યની પ્રાપ્તિ થવી ન જોઈએ. કારણ કે અમુક માણસ જ્યારે કોઈને શસ્ત્ર વતી ઠાર કરી નાખે છે, ત્યારે મારનાર જ અપરાધી ગણાય છે અને દંડ ભોગવવાને અપરાધી બને છે, નહિ કે શસ્ત્ર. આ દાખલાઓ ઉપરથી તત્ત્વ એ ખેંચવાનું છે કે સામર્થ્યાનુકૂલ કર્મ કરવામાં જીવ સ્વતંત્ર છે, પરંતુ કર્મફળ ભોગવવામાં તે પરતંત્ર છે.

જીવ અને ઈશ્વરનું સ્વરૂપ

જીવ અને ઈશ્વર બંને ચૈતન્ય રૂપ છે. બંનેનો સ્વભાવ પવિત્ર બંને અવિનાશી છે, તેમ જ બંને ધાર્મિકતા આદિ ગુણોથી યુક્ત છે. હવે જીવ અને ઈશ્વરમાં પરસ્પર રહેલા ભેદ વિશે વિચાર કરીએ -

૧. સૃષ્ટિનાં ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય કરવાં, સમસ્ત બ્રહ્માંડને નિયમમાં રાખવું, જીવોને પાપ-પુણ્યનું ફળ આપવું આદિ ધર્મયુક્ત કર્મો ઈશ્વરનાં છે. સંતાનોની ઉત્પત્તિ કરવી અને તેમનું પાલન-પોષણ આદિ જગતના વ્યવહારો ચલાવવાનાં કર્મો જીવનાં છે.

૨. ઈશ્વરના ગુણો નિત્ય જ્ઞાન, આનંદ અને અનંત બળ આદિ છે. ત્યારે જીવના ગુણો ઇચ્છા, દ્વેષ અને સુખ-દુઃખ આદિ છે.

૩. બ્રહ્મ સર્વવ્યાપક અને સર્વજ્ઞ છે, જ્યારે જીવ અલ્પ પરિમાણી (એકદેશી) અને અલ્પજ્ઞ છે.

૪. બ્રહ્મ નિત્ય શુદ્ધ, નિત્ય બુદ્ધ અને નિત્ય મુક્ત છે, જ્યારે જીવ કોઈવાર બદ્ધ અને કોઈ વાર મુક્ત હોય છે.

૫. બ્રહ્મ સર્વજ્ઞ અને સર્વવ્યાપી હોવાથી ભ્રમ અને અવિદ્યા તેનાથી સદા દૂર રહે છે; પરંતુ જીવ કોઈવાર વિદ્યાવાન અને કોઈવાર વિદ્યાહીન હોય છે.

૬. બ્રહ્મને જન્મ-મરણનાં દુઃખોની પ્રાપ્તિ કદી થતી નથી, જ્યારે જીવને તે અવશ્ય થાય છે

ઈશ્વર અને જીવનો પરસ્પર સંબંધ

જ્યાં એક વસ્તુ સમાયેલી હોય છે તે સ્થાનમાં અન્ય વસ્તુનો સમાવેશ થઈ શકતો નથી, માટે જ્યાં જીવ છે ત્યાં પરમેશ્વરની સત્તા શી રીતે હોઈ શકે ? એવો પ્રશ્ન ઘણીવાર પૂછાય છે. એનો ઉત્તર એ છે કે આ નિયમ સમાન આકારવાળા પદાર્થોને વિશે જ ઘટાવી શકાય તેમ છે, અસમાન આકારવાળા પદાર્થોને વિશે નહિ. જેમ લોઢું સ્થૂળ અને અગ્નિ સૂક્ષ્મ હોવાથી તેમાં વિદ્યુત રૂપી અગ્નિ વ્યાપક થઈને રહે છે, તે જ પ્રમાણે જીવ સૂક્ષ્મ-સ્વરૂપ અને ઈશ્વર વધારે સૂક્ષ્મ-સ્વરૂપ હોવાથી ઈશ્વર વ્યાપક છે અને જીવ વ્યાપ્ય છે.

ઈશ્વરની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના

ઈશ્વરની સ્તુતિ આદિ કરવાથી ઈશ્વર પોતાના વ્યવસ્થિત નિયમોને છોડી દઈને તેની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના કરનારનાં પાપ દૂર નથી કરતો, પરંતુ સ્તુતિ કરવાથી લાભ એ છે કે તેથી ઈશ્વરમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે અને સ્તુતિ કરનાર ઈશ્વરના આદર્શ ગુણ-કર્મ-સ્વભાવથી પોતાનાં ગુણ-કર્મ-સ્વભાવને સુધારી શકે છે.

પ્રાર્થનાને લીધે નિરભિમાનતા અને ઉત્સાહ આવે છે અને પરમાત્માની સહાય પ્રાપ્ત કરી શકાય છે.

ઉપાસનાથી પરબ્રહ્મનો મેળાપ અને તેનો સાક્ષાત્કાર થઈ શકે છે. સ્તુતિ બે પ્રકારની છે - એક સગુણ અને બીજી નિર્ગુણ.

(૧) સગુણ સ્તુતિ - 'હે ઈશ્વર ! તું શુદ્ધ છે, સર્વજ્ઞ છે, અન્તર્યામી છે, સનાતન છે, સ્વયંસિદ્ધ છે' એવા પ્રકારની સ્તુતિ સગુણ સ્તુતિ કહેવાય છે, કારણ કે એવી સ્તુતિમાં પરમાત્માના તે તે ગુણોનું વર્ણન કરવામાં આવેલું છે કે જે જે ગુણોની સાથે તે વિદ્યમાન છે.

(૨) નિર્ગુણ સ્તુતિ - 'હે ઈશ્વર ! તું શરીર-રહિત છે, મૃત્યુ-રહિત છે, પાપ-રહિત છે, આકાર-રહિત છે.' આવા પ્રકારની સ્તુતિ તે નિર્ગુણ સ્તુતિ કહેવાય છે કે એવી સ્તુતિમાં શરીર, મૃત્યુ, પાપ અને આકાર આદિ ગુણોથી ઈશ્વરને પૃથક્ માનીને તેની સ્તુતિ કરવામાં આવે છે. સ્તુતિ કરનારે પોતાનાં ગુણ-કર્મ-સ્વભાવને ઈશ્વરનાં ગુણ-કર્મ-સ્વભાવરૂપ બનાવવા પ્રયત્ન કરવો.

પ્રાર્થના પણ એ જ પ્રમાણે નિર્ગુણ અને સગુણરૂપ થઈ શકે છે. જે દોષો કે દુર્ગુણોથી ઈશ્વરનો ભક્ત ઈશ્વરને પૃથક્ માને છે, તે દોષો અને દુર્ગુણોથી પોતાને પૃથક્ રાખવાની પ્રાર્થનાને નિર્ગુણ પ્રાર્થના કહે છે; અને પરમાત્મા જે જે ગુણોથી યુક્ત છે, તે તે ગુણોથી પોતે યુક્ત થાય, તે માટેની પ્રાર્થનાને સગુણ પ્રાર્થના કહે છે.

જે મનુષ્ય જે માટે પ્રાર્થના કરે છે, તેણે તેવો વ્યવહાર પણ કરવો જોઈએ. દષ્ટાંત તરીકે જે સર્વોત્તમ બુદ્ધિ માટે પરમાત્માની પ્રાર્થના કરતો હોય, તેને માટે એટલું આવશ્યક છે કે તેણે પોતાની બુદ્ધિને બની શકે તેટલી સર્વોત્તમ બનાવવા યત્ન કરતાં રહેવું. અર્થાત્ પુરુષાર્થની સાથે પ્રાર્થના કરવી એ જ ઉચિત છે. જેવી રીતે પુરુષાર્થી મનુષ્યની સહાય બીજાઓ કરે છે, તેવી જ રીતે પુરુષાર્થી મનુષ્યની સહાય ઈશ્વર પણ કરે છે.

ઉદાહરણ તરીકે 'સાકર મીઠી છે' એમ કહેનાર સાકરને કે તેના સ્વાદને પ્રાપ્ત કરી શકતો નથી, પરંતુ તે જો તેને માટે યત્ન કરે, તો જ તેને તે પ્રાપ્ત થઈ શકે છે.

ઉપરાંત પરમાત્મા પાસે સ્વાર્થી માગણીઓ પણ ન કરવી જોઈએ.

જેમ કે - 'હે ઈશ્વર ! તું મારા શત્રુઓનો નાશ કરી નાખ, મને સૌથી મોટો બનાવી દે, મારી એકલાની જ પ્રતિષ્ઠા થાય અને બીજા સો મને આધીન રહે.' પરમાત્મા આવી સ્વાર્થી પ્રાર્થનાનો સ્વીકાર કરતો નથી. પરમાત્મા ઉપકાર કરવાની પ્રાર્થનામાં સહાયભૂત થાય છે, નહિ કે હાનિકારક કર્મોમાં.

ઉપાસના પણ બે પ્રકારની છે - સગુણ અને નિર્ગુણ. સર્વજ્ઞત્વ આદિ ગુણો સાથે પરમેશ્વરની ઉપાસના કરવી, તે સગુણ ઉપાસના છે; અને દ્વેષ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ ગુણોથી પરમાત્માને પૃથક્ માની તેમાં દૃઢ સ્થિત થઈ જવું, તે નિર્ગુણ ઉપાસના છે. ઉપાસના એટલે 'સમીપ સ્થિત થવું.' અષ્ટાંગ યોગ દ્વારા જીવ પરમાત્માને સમીપસ્થ થઈ જાય છે. જ્યારે ઉપાસના કરવી હોય ત્યારે એકાંત શુદ્ધ દેશ (સ્થાન)માં જઈને, આસન લગાવી, પ્રાણાયામ કરી, બાહ્ય વિષયોથી ઇન્દ્રિયોને રોકી, મનને સ્થિર કરી, આત્મા તથા પરમાત્માનું વિવેચન કરી, પરમાત્મામાં મગ્ન થઈ જવું. આ રીતે આત્મા અને અંતઃકરણ પવિત્ર બની જઈને સત્યથી પૂર્ણ થાય છે, અને નિત્ય પ્રતિ જ્ઞાન-વિજ્ઞાનની વૃદ્ધિ થઈ મુક્તિ સુધી પહોંચી જાય છે. જે આઠ પ્રહરમાં એક ઘડી પણ આવી રીતે ધ્યાન કરે છે, તે સદા ઉન્નતિ પ્રાપ્ત કરે છે.

શરીરને લાગતી ઠંડી જેવી રીતે અગ્નિ સમીપ જઈને નિવૃત્ત કરી શકાય છે, તે જ પ્રમાણે ઈશ્વર સમીપ સ્થિત થવાથી જીવનાં દુઃખ-દોષ દૂર થાય છે, અને જીવ પરમાત્માનાં ગુણ-કર્મ-સ્વભાવ અનુસાર પવિત્ર ગુણ-કર્મ-સ્વભાવવાળો થાય છે. સાથે સાથે આત્માનું બળ પણ એટલું વધી જાય છે કે દુ:ખના પહાડો તૂટી પડવાના સમયે પણ તે કદી ગભરાતો નથી. જે પરમાત્માની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના નથી કરતો, તે કૃતઘ્ની અને મહામૂર્ખ છે; કારણ કે જે પરમાત્માએ આ જગતના સર્વ પદાર્થો આપણા સુખને માટે સરજ્યા છે, તેનાં ગુણ અને ઉપકાર ભૂલી જવાં, તે પરમાત્માને ન માનવા બરાબર છે. એનું જ નામ કૃતઘ્નતા અને એનું જ નામ મૂર્ખતા છે.

ઉપાસનાનો પ્રારંભ

ઉપાસનાનો પ્રારંભ યમો અને નિયમોથી થાય છે. યમોના સંબંધમાં

યોગદર્શનનું નીચેનું સૂત્ર લક્ષમાં રાખવા જેવું છે -

अहिंसासत्याऽस्तेय ब्रह्मचर्याऽपरिग्रहा यमाः। (યોગદર્શન ૨.૩૦)

અર્થાત્ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - એ પાંચ યમ છે, અને તે નીચે મુજબ છે -

૧. અહિંસા = કોઈથી વેર ન રાખવું, સૌની સાથે પ્રીતિ રાખવી.

૨. સત્ય = સાચું બોલવું. કદીપણ મિથ્યાભાષણ કરવું નહિ.

૩. અસ્તેય = ચોરી ન કરવી, સત્ય વ્યવહાર કરવો.

૪. બ્રહ્મચર્ય = જીતેન્દ્રિય થવું, વિષયી ન થવું.

૫. અપરિગ્રહ = નિરાભિમાની રહેવું, અભિમાન ન કરવું.

નિયમોમાં સંબંધમાં યોગદર્શનનું સૂત્ર નીચે મુજબ છે -

शौचसन्तोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः। (યોગદર્શન ૨.૩૨)

અર્થાત્ શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર-પ્રણિધાન - એ પાંચ નિયમો છે.

૧. શૌચ = રાગ-દ્વેષ દૂર કરી અંદર મન અને આત્માની તથા બહાર જળ આદિથી શરીરની પવિત્રતા રાખવી.

૨. સંતોષ = ધર્માનુસાર પુરુષાર્થ કરવો. લાભથી ન પ્રસન્ન થવું અને હાનિથી ન અપ્રસન્ન થવું.

૩. તપ = આળસનો ત્યાગ કરી સદા પ્રસન્નતાથી પુરુષાર્થ કરવો. સુખ-દુઃખને સદા સહન કરવાં તથા ધર્મનું જ અનુષ્ઠાન કરવું, અધર્મનું નહિ.

૪. સ્વાધ્યાય = સર્વદા સત્ય શાસ્ત્રોને ભણવાં તથા ભણાવવાં.

૫. ઈશ્વર-પ્રણિધાન = પોતાની જાતને ઈશ્વરી આજ્ઞા અનુસાર સમર્પિત કરવી તે.

આ યમો અને નિયમોની સાથે સાથે અભ્યાસ કરવો. એના જ અભ્યાસથી ઉપાસનાનો આરંભ થાય છે.

વેદ વિષય

ચાર વેદોના કર્તા

ઋગ્વદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચારે વેદોનો કર્તા ઈશ્વર છે. અથર્વવેદના દશમા કાંડમાં નીચેનો મંત્ર ઉપરોક્ત કથનની સાક્ષી આપે છે -

यस्मादृचो अपातक्षन् यजुर्यस्मादपाकषन्।

सामानि यस्य लोमान्यथर्वाङ्गिरसो मुखम् स्कम्भं तं ब्रूहि कतमः स्विदेव सः॥ (અથર્વવેદ ૧૦.૭.૨૦)

અર્થાત્ જેમાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ પ્રગટ થયા તે 'સ્કમ્ભ' છે, અર્થાત્ સર્વ સંસારનો આધાર છે. કેટલાંક લોકોનું કથન એમ છે કે વેદોના પ્રત્યેક સૂક્તના પ્રારંભમાં જે ઋષિનું નામ આવેલું હોય છે, તેણે જ તે સૂક્ત બનાવેલું છે, પરંતુ આ વાત બરાબર નથી. કારણ કે ઋષિઓ મંત્રના બનાવનાર નથી, કિન્તુ એ સૂક્તો તેમ જ મંત્રોના અર્થના દ્રષ્ટા છે.

વેદોપદેશનો પ્રકાર

પરમાત્મા નિરાકાર છે, અને તેથી પ્રશ્ન એ થાય છે કે પરમાત્માને મુખ ન હોવા છતાં તેણે વેદોનું ઉચ્ચારણ શી રીતે કર્યું ? વર્ણોચ્ચારમાં તાલુ આદિ સ્થાનો, તેમ જ જીહ્વાના પ્રયત્નો તો અવશ્ય હોવા જોઈએ. એનો ઉત્તર આ છે કે પરમાત્મા સર્વશક્તિમાન અને સર્વવ્યાપી છે, અને તેથી જીવોને વેદ-વિદ્યાનો ઉપદેશ આપવા માટે તેને મુખ આદિ અવયવોની કશી આવશ્યકતા નથી. તે સર્વવ્યાપક હોવાથી જીવોની અંદર પણ અંતર્યામી રૂપથી સ્થિત છે. આથી તે અખિલ વેદ-વિદ્યાનો ઉપદેશ મુખથી એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યા વગર જીવાત્મામાં પ્રકાશિત કરી શકે છે.

પરમાત્માએ સૃષ્ટિના પ્રારંભમાં ચાર ઋષિઓ દ્વારા ચાર વેદ પ્રગટ કર્યા. તેણે અગ્નિ દ્વારા ઋગ્વેદ, વાયુ દ્વારા યજુર્વેદ, સૂર્ય (આદિત્ય) દ્વારા સામવેદ તથા અંગિરા દ્વારા અથર્વવેદ પ્રકટ કર્યા. આ ચાર ઋષિઓ તે સમયના અન્ય મનુષ્યો કરતાં અધિક પવિત્રાત્મા હોવાથી એ પવિત્ર વિદ્યાનો પ્રકાશ પણ એ ચારે દ્વારા થયો.

વેદોની આવશ્યક્તા

એક પ્રશ્ન - આ સ્થળે હજુ એક પ્રશ્ન થઈ શકે છે કે વેદોને ઈશ્વર દ્વારા ઉત્પન્ન થવાની આવશ્યક્તા શી હતી ? જ્ઞાન બે પ્રકારનું હોય છે - સ્વાભાવિક અને નૈમિત્તિક. સ્વાભાવિક જ્ઞાન પશુ, પક્ષીઓ અને મનુષ્યોમાં સમાન છે - જે ખાવું, પીવું, સુવું, ઊઠવું, સુખી થવું, દુઃખી થવું ઇત્યાદિ. આ સ્વાભાવિક જ્ઞાન કોઈના પણ શીખવ્યા વગર સૌને પ્રાપ્ત હોય જ છે. આ જ્ઞાન માટે ગુરુની આવશ્યક્તા હોતી નથી, પરંતુ નૈમિત્તિક જ્ઞાન નિમિત્ત વિના પ્રાપ્ત થઈ શકતું નથી.

પ્રશ્ન એ થાય છે કે શું મનુષ્ય ક્રમશઃ (ધીમે ધીમે) જ્ઞાનની વૃદ્ધિ કરી પુસ્તક-રચના નથી કરી શકતો ? એનો ઉત્તર આ છે કે ઈશ્વરી જ્ઞાનની સહાયતા વિના મનુષ્ય કદી પણ એક જ્ઞાન-પરિપૂર્ણ પુસ્તકની રચના કરી શકતો નથી. કારણ કે જંગલી મનુષ્ય સૃષ્ટિને જોઈને સ્વયં વિદ્વાન થઈ શકતો નથી, પરંતુ તેને શિક્ષકની સહાય મળતાં તે વિદ્વાન થઈ શકે છે. આપણે જાણીએ છીએ કે વર્તમાનકાળમાં પણ શિક્ષકની સહાય વિના વિદ્વત્તા પ્રાપ્ત કરી શકાતી નથી. આ કારણથી જો પરમાત્મા આદિ સૃષ્ટિના ઋષિઓને વેદ-વિદ્યાનું જ્ઞાન ન આપત, તો ઋષિઓ એ અન્યોને આપી શકત નહિ, અને તેમ થતાં સઘળાં લોકો અવિદ્વાન જ રહી જાત. કોઈ બાળકને જો જન્મથી જ એકાંત દેશમાં અથવા અવિદ્વાનો કે પશુઓના સંગમાં રાખવામાં આવે, તો તે જેવા સંગમાં રહેશે તેવો જ થશે. આ અને આવાં અનેક ઉદાહરણોથી સમજવાનું કે સૃષ્ટિના આદિ કાળમાં પરમાત્મા પાસેથી જ વિદ્યા અને સુશિક્ષા પ્રાપ્ત કરીને મનુષ્ય વિદ્વાન બન્યો છે.

વેદોમાં એકેશ્વરવાદ

વેદોમાં એકેશ્વરવાદનો ઉપદેશ કરવામાં આવેલો હોવાથી એક જ ઈશ્વરની ઉપાસના કરવી એ જ યોગ્ય છે. કહે છે કે વેદોમાં અનેક દેવતાઓ છે. આ વાત સત્ય છે, પરંતુ એ દેવતાઓનો અર્થ ઈશ્વર નથી. દિવ્ય ગુણોથી યુક્ત તેનું નામ દેવતા. પરંતુ એ દેવતાઓને વેદોમાં ક્યાંય ઉપાસનીય કે પૂજનીય બતાવવામાં આવ્યા નથી. જે લોકો દેવતા

શબ્દનો અર્થ ઈશ્વર કરે છે તે લોકો મોટી ભૂલ કરે છે. કારણ કે ઈશ્વર દેવોનો પણ દેવ 'મહાદેવ' છે. વેદોમાં ૩૩ દેવતાઓનું વિધાન છે - ૮ વસુ, ૧૧ રુદ્ર, ૧૨ આદિત્ય, ૧ વિદ્યુત અને ૧ પ્રજાપતિ (યજ્ઞ) છે.

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, ચંદ્રમા, સૂર્ય અને નક્ષત્ર એ આઠ વસુ એ કારણથી કહેવામાં આવે છે કે તેઓ સૌ સૃષ્ટિના નિવાસસ્થાન છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય અને જીવાત્મા એ અગિયાર રુદ્ર એટલા માટે કહેવામાં આવે છે કે તેમના નીકળવા વખતે સમસ્ત પરિવાર રડે છે. વર્ષભરના બાર માસ આદિત્ય એ માટે કહેવાય છે કે તેઓ સૌ આયુને લઈ જાય છે. વિદ્યુતનું નામ ઇન્દ્ર એ માટે છે કે તે પરમ ઐશ્વર્યનો હેતુ છે. યજ્ઞને પ્રજાપતિ એટલા માટે કહેવામાં આવે છે કે તેનાથી જળ-વાયુની શુદ્ધિ અને વિદ્વાનોનો સત્કાર થાય છે. પરમેશ્વરને હિરણ્યગર્ભ પણ કહે છે, કારણ કે જેટલા તેજોમય પદાર્થ છે તે સૌ તેનામાં રહે છે અને ભ્રમણ કરે છે. સંક્ષેપમાં વેદોમાં એકેશ્વરવાદનો ઉપદેશ છે અને તેથી એક જ ઈશ્વરની ઉપાસના કરવી ઇષ્ટ છે.

વેદ વિષયમાં એક બીજો પ્રશ્ન પણ પૂછાય છે કે સમય સમય પર બાઇબલ, કુરાન આદિ ઈશ્વરી જ્ઞાનનાં પુસ્તકો ઉત્પન્ન થયાં છે, તો પછી એકલા વેદો જ ઈશ્વરી પુસ્તક તરીકે કેમ કહેવાય ?

ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર એ છે કે સૃષ્ટિના આરંભમાં આપણા માટે સૂર્ય, ચંદ્ર આદિ ઉત્પન્ન થયાં છે તે હવે ફરી ફરીને નવા નવા બનતા નથી. તેવી જ રીતે સૃષ્ટિના આરંભમાં વેદ ઉત્પન્ન થયા છે પણ હવે નવા નવા ઉત્પન્ન થતા નથી.

શું વેદોમાં ઇતિહાસ છે ?

વેદ સૃષ્ટિના આદિ કાળથી છે અને તેથી તેમાં કોઈનું વિશેષ નામ અથવા ઇતિહાસ નથી. જે જે શબ્દોનો તેમાં વિશેષ બોધ થાય છે, તે તે શબ્દોનો તેમાં પ્રયોગ કરવામાં આવેલ છે, પરંતુ તેમાં કોઈ મનુષ્યની સંજ્ઞા કે કથાનો પ્રસંગ (સંબંધ) નથી.

000

આઠમો સમુલ્લાસ

સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય

જગતની પૂર્વાવસ્થા

આ સમસ્ત જગત ઉત્પત્તિ પહેલાં અથવા પ્રલયાવસ્થામાં અંધકારથી આવૃત્ત હતું. એ સમયે ન હતાં પૃથ્વી, આકાશ કે દ્યુલોક. સૂર્યાદિ કોઈ પણ પદાર્થ તે સમયે અસ્તિત્વમાં ન હતા, કે જેથી પ્રકાશનો ઉદ્ભવ થાય. મનુષ્ય, પશુ, પક્ષી, કીટ, પતંગ તથા વૃક્ષાદિ સર્વ પ્રાણી-જગત એ સમયે અસ્તિત્વમાં ન હતું. તે સમયે માત્ર ત્રણ જ પદાર્થ હતા - પ્રકૃતિ, જીવ અને બ્રહ્મ. પ્રલયમાં એ ત્રણે પદાર્થો વિદ્યમાન હતા. કારણ કે તે અનાદિ અને અનંત છે, અર્થાત્ તે નથી ઉત્પન્ન થતા કે નથી નષ્ટ થતા. એ માટે નીચે મુજબ પ્રમાણ છે -

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परि षस्वजाते।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभि चाकशीति॥

- ઋગ્વેદ ૧.૧૬૪.૨૦

આ મંત્રમાં 'સુપર્ણો' દ્વારા જીવ અને બ્રહ્મનું અને વૃક્ષ દ્વારા પ્રકૃતિનું [ત્રણ અનાદિ તત્ત્વોનું] વર્ણન કરવામાં આવેલું છે.

જગતની ઉત્પત્તિનાં કારણો

જગત ઉત્પત્તિનાં ત્રણ કારણ છે - એક નિમિત્ત કારણ, બીજું ઉપાદાન કારણ અને ત્રીજું સાધારણ કારણ. ઉદાહરણ તરીકે એક માટીનો ઘડો લો. ઘડાની ઉત્પત્તિનાં પણ ત્રણ કારણ છે. કુંભાર એ નિમિત્ત કારણ છે, માટી એ ઉપાદાન કારણ છે અને દંડ, ચક્ર, દિશા, કાળ, આકાશ, પ્રકાશ આદિ સાધારણ કારણ છે.

પોતે રૂપાંતરમાં ન આવતાં બીજાને પ્રકારાંતર રૂપમાં - જુદી રીતનું - બનાવી દે તેનું નામ નિમિત્ત કારણ. આ નિમિત્ત કારણના બે પ્રકાર છે - એક મુખ્ય અને બીજું ગૌણ.

સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયને કરનાર તથા તેને નિયમમાં રાખનાર મુખ્ય નિમિત્ત કારણ પરમાત્મા છે; તથા સૃષ્ટિમાંથી પદાર્થો લઈને તેનું રૂપાંતર કરનાર ગૌણ નિમિત્ત કારણ જીવ છે.

બીજુ ઉપાદાન કારણ છે. જેના વિના કંઈપણ ન બને અને જે પોતે અવસ્થાંતર થઈને બગડે અથવા બને, તેનું નામ ઉપાદાન કારણે - પ્રકૃતિ છે. એને સર્વ સંસાર રચવાની સામગ્રી કહે છે. તે પોતે જડ હોવાથી સંસાર રૂપમાં પરિણત પણ થઈ શકતી નથી, પરંતુ તે પરમાત્માના પ્રયત્નો દ્વારા કાર્ય કરે છે. જડ પદાર્થોનું પણ પરસ્પરના સંયોગથી બનવું-બગડવું થઈ શકે છે. દાખલા તરીકે એક બીજ પૃથ્વી અને જળના સંયોગથી વૃક્ષાકાર બની જાય છે, અને અગ્નિ આદિના સંયોગથી નષ્ટ પણ થઈ જાય છે; પરંતુ તેનું નિયમપૂર્વક બનવું અને નષ્ટ થવું, એ ઈશ્વર અને જીવને આધીન છે.

જગતની ઉત્પત્તિનું ત્રીજું કારણ તે સાધારણ કારણ છે. સર્જનમાં જે સાધન અને સાધારણ નિમિત્ત છે, તેનું નામ સાધારણ કારણ. જગતની રચનામાં પરમાત્માનું જ્ઞાન, દર્શન, બળ, દિશા, કાળ અને આકાશાદિ એ સર્વ સાધન અને સાધારણ નિમિત્ત છે એ સાધારણ કારણ છે.

પરમાત્મા અને જગતમાં ભેદ

કેટલાક લોક કહે છે કે, 'આ જગત જેમ માટીમાંથી ઘડો બને તેમ પરમાત્મામાંથી બન્યું છે'. પરંતુ આ વાત બરાબર નથી. કારણ કે માટીમાંથી બનેલ ઘડામાં માટીનાં ગુણ-કર્મ-સ્વભાવ આવી જાય છે, એ જ રીતે જો જગત, એ પરમાત્માનો જ વિકાર હોય, તો જગતમાં પણ પરમાત્માનાં ગુણ-કર્મ-સ્વભાવ આવી જવાં જોઈએ; પરંતુ જગતમાં પરમાત્માનાં ગુણ-કર્મ-સ્વભાવ નથી, તેની સાબિતીરૂપ જગત અને

પરમાત્માના ગુણોની અહીં તુલના કરવામાં આવે છે -

૧. પરમાત્મા સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે અને જગત્ અસત્ અર્થાત્ સદા ન રહેવાવાળું, જડ અને આનંદરહિત છે.

૨. પરમાત્મા 'અજ' છે, અર્થાત્ ઉત્પન્ન નથી થતો; જ્યારે જગત ઉત્પન્ન થાય છે.

૩. પરમાત્મા અદૃશ્ય છે, જગત દૃશ્ય છે.

૪. પરમાત્મા અખંડ છે. જગતના ખંડ થઈ શકે છે.

૫. પરમાત્મા વિભુ [સર્વવ્યાપક, અનંત] છે; જ્યારે જગત પરિચ્છિન્ન છે.

જગતની રચનામાં પરમાત્માનું પ્રયોજન

જગતની રચનામાં પરમાત્માનાં નિમ્નલિખિત પ્રયોજન છે -

૧. પરમાત્મા જો જગતની રચના ન કરત, તો જીવ પ્રલયમાં નિચેષ્ટ પડી રહેત, અને જગતનાં સુખોથી વંચિત રહેત.

૨. જગતના હોવાથી ઘણાએ પવિત્રાત્મા જીવ મુક્તિનાં સાધનો માટે અનુષ્ઠાન કરી મોક્ષના આનંદને પ્રાપ્ત કરી શકે છે. જગતની રચના ન હોત તો તેઓ પણ સુષુપ્તિની અવસ્થામાં પ્રલયમાં નકામા પડી રહેત.

૩. પૂર્વે સૃષ્ટિમાં કરેલ પાપ-પુણ્યોનું ફળ જીવોને પરમાત્મા, જગત રચ્યા સિવાય શી રીતે આપી શકે ?

૪. કોઈ પૂછે કે આંખ હોવાનું શું પ્રયોજન ? તો તેનો ઉત્તર એ છે કે - 'જોવાનું'. એ જ પ્રમાણે ઈશ્વરમાં જે જગત રચવાનું સામર્થ્ય અને જ્ઞાન છે, તેનું પ્રયોજન પણ જગત રચવા સિવાય શું હોઈ શકે ? જગતની રચનાથી જ ઈશ્વરના ન્યાય, દયા, આદિગુણો સાર્થક અને સફળ થઈ શકે છે. જગતમાં ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય કરવાથી જ ઈશ્વરનું અનંત સામર્થ્ય સફળ થાય છે. આ કારણથી જેમ આંખનો સ્વાભાવિક ગુણ જોવાનો છે, તેમ જ ઈશ્વરનો સ્વાભાવિક ગુણ જગતની ઉત્પત્તિ કરી, જીવોને અસંખ્ય પદાર્થો આપી,

પરોપકાર કરવાનો છે.

૫. આમ પરમાત્માના સ્વભાવિક ગુણો - ન્યાય, દયા, વાત્સલ્ય, પરોપકાર આદિ - પણ જગતની રચના થકી જ સફળ થાય છે, અન્યથા નહિ.

જગતના ઉત્પાદન અર્થે ઈશ્વરને સાકાર માનવાની કશી પણ આવશ્યકતા નથી.

નિરાકાર ઈશ્વરથી જગતની ઉત્પત્તિ

જો ઈશ્વર સાકાર હોત તો તે જગત નિર્માણ કરી શકત નહિ. આપણે જેમ સાકાર હોવાથી અણુ, પરમાણુ અને પૃથ્વીને આપણા વશમાં નથી લાવી શકતા, તેમ જ સ્થૂળ દેહધારી પરમાત્મા પણ એ સૂક્ષ્મ પદાર્થોથી સ્થૂળ જગત બનાવી શકે નહિ. પરમાત્મા પોતાની અનંત શક્તિ, બળ અને પરાક્રમ દ્વારા સર્વ કંઈ કરી શકે છે, પરંતુ જીવ અને પ્રકૃતિથી તેમ બની શકતું નથી. કારણ કે પરમાત્મા દેહધારી ન હોવાથી અને પ્રકૃતિથી પણ સૂક્ષ્મ અને વ્યાપક હોવાથી તે પ્રકૃતિને પકડી જગદાકાર કરી શકે છે. જો તે સાકાર અર્થાત્ શરીરયુક્ત હોત તો ઈશ્વર જ ન હોત. કારણ કે શરીરધારી તો પરિમિત શક્તિવાળો, દેશ-કાળથી પરિચ્છિન્ન, સુધા-તૃષ્ણા, જ્વર-પીડા આદિથી પણ સદા યુક્ત હોય, અને જે એ વસ્તુઓથી યુક્ત હોય, તે ઈશ્વર શાનો ? ઈશ્વર સાકાર અર્થાત્ શરીરધારી નથી. તે નિરાકારપણે જ જગત-નિર્માણનું સામર્થ્ય ધરાવે છે.

ઈશ્વરની આવશ્યક્તા

અત્રે એક પ્રશ્ન થઈ શકે છે કે - “જગતકર્તા ઈશ્વરને માનવાની આવશ્યક્તા શી છે ? કારણ આ જગત તો અનાદિકાળથી જેવું ને તેવું જ છે. નથી તેની કદી ઉત્પત્તિ થઈ, અને નથી તેનો વિનાશ થવાનો. જો જગતની ઉત્પત્તિ અને વિનાશ જ નથી, તો પછી તેના ઉત્પાદકને અને પ્રલયકર્તાને માનવાની આવશ્યક્તા પણ શી છે ?” આનો ઉત્તર એ છે કે, પૃથ્વી આદિ પદાર્થોમાં સંયોગ વિશેષ રચના દેખાતી હોવાથી તે પદાર્થો

અનાદિ હોઈ શકતા નથી. કારણ કે જે પદાર્થો સંયોગથી ઉત્પન્ન થાય છે, તે સંયોગ પૂર્વે હોતા પણ નથી. પૃથ્વી આદિ સંયોગથી બન્યા છે. એના પ્રમાણ માટે કઠિનમાં કઠિન પથ્થર, હીરો કે લોઢાનો એક ટુકડો લો, અને તેને તોડી, ભસ્મ કરી, યા ગાળી જુઓ, કે તેમાં પૃથક્ પૃથક્ અવયવો ભળેલા છે કે નહિ ? જો તેમાં પૃથક્ પૃથક્ અવયવો ભળેલા હોય, તો એમ માનવું જ પડશે કે, એ પદાર્થ સંયોગથી ઉત્પન્ન થયેલા છે. હવે જો પૃથ્વી આદિ પદાર્થો અનાદિ અને અનંત સિદ્ધ નથી થતા, તો પછી તેની ઉત્પત્તિ તથા પ્રલય માટે કોઈ ચેતન કર્તાને માનવો આવશ્યક થઈ પડે છે. આ ચેતન કર્તાતે ઈશ્વર જ છે.

કલ્પાન્તરમાં સૃષ્ટિ એક સરખી ઉત્પન્ન થાય છે

આ સૃષ્ટિ જેવી હમણાં છે, તેવી જ પહેલાં હતી અને ભવિષ્યમાં પણ તેવી જ થશે, એમાં ભેદ થતો નથી. એ માટે નીચેનું પ્રમાણ છે -

सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत्।

दिवं च पृथिवीं चान्तरीक्षमथो स्वः॥ - ઋગ્વેદ ૧૦.૧૯૦.૩

આનો અર્થ એ છે કે - પરમેશ્વરે જેવી રીતે પૂર્વકલ્પમાં સૂર્ય, ચંદ્ર, વિદ્યુત, પૃથ્વી તથા અંતરિક્ષ આદિ બનાવ્યાં, તેવાં જ તેણે હમણાં પણ બનાવ્યાં છે, અને આગળ ઉપર પણ એવાં જ બનાવશે. કારણ કે પરમાત્મા સર્વજ્ઞ હોવાથી તેનાં કાર્યો ભૂલ-ચૂક વિનાનાં અને સદા એક જ પ્રકારનાં હોય છે. જે અલ્પજ્ઞ છે અર્થાત્ જેના જ્ઞાનમાં વૃદ્ધિ અને ક્ષય થયાં કરે છે, તેનાં જ કાર્યમાં ભૂલ-ચૂકનો સંભવ હોઈ શકે છે, ઈશ્વરનાં કાર્યોમાં નહિ. આ કારણથી સૃષ્ટિ પ્રવાહથી અનાદિ છે, અર્થાત્ તે સદા એક સરખી જ રહે છે.

સૃષ્ટિ-પ્રવાહ અનાદિ છે

આ સૃષ્ટિનો ન તો કદી આરંભ થયો છે, અને નથી તેનો કદી અંત પણ આવવાનો. જેવી રીતે દિવસ પૂર્વે રાત, અને રાત પૂર્વે દિવસ, અથવા તો દિવસ પછી રાત, અને રાત પછી દિવસ બરાબર ચાલ્યાં જ

આવે છે, તેવી જ રીતે સૃષ્ટિ પૂર્વે પ્રલય અને પ્રલય પૂર્વે સૃષ્ટિ અથવા સૃષ્ટિ પછી પ્રલય અને પ્રલય પછી સૃષ્ટિ, એ ચક્ર પણ અનાદિ કાળથી ચાલ્યું આવે છે. તેનો આદિ કે અંત નથી, પરંતુ જેમ વ્યક્તિ રૂપથી પ્રત્યેક દિવસ અને રાતના આદિ અને અંત દેખાય છે, પરંતુ પ્રવાહ રૂપથી નથી દેખાતા, તેવી જ રીતે પ્રત્યેક સૃષ્ટિ અને પ્રત્યેક પ્રલયના પણ આદિ અને અંત હોવા છતાં તે પ્રવાહ રૂપથી જણાતા નથી. 'પ્રવાહ'ની સમજ માટે નદીનું દ્રષ્ટાંત ઉપર્યુક્ત થઈ શકે તેમ છે. જેમ નદીનો પ્રવાહ ઉષ્ણ કાળમાં નથી દેખાતો, પરંતુ વૃષ્ટિ થતાં પુનઃ દેખાય છે, આવા વ્યવહારને પ્રવાહરૂપ જાણવા જોઈએ. જેવી રીતે પરમાત્માનાં ગુણ-કર્મ-સ્વભાવ અનાદિ છે, તેવી જ રીતે તેના જગતનાં ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય પણ અનાદિ છે. જેમ ઈશ્વરનાં ગુણ-કર્મ-સ્વભાવનો આરંભ કે અંત નથી, તેમ તેનાં કર્તવ્ય-કર્મોનો પણ કદી આરંભ કે અંત નથી.

મનુષ્ય-સૃષ્ટિ

પ્રથમ પૃથ્વી આદિની સૃષ્ટિ થઈ, અને તે પછી મનુષ્યોની. કારણ કે પૃથ્વી આદિની સૃષ્ટિ સિવાય મનુષ્યનું પાલન પોષણ જ થઈ શકતું નથી. સૃષ્ટિના આદિ કાળમાં એક જ મનુષ્ય ઉત્પન્ન થયો ન હતો, પરંતુ અનેક મનુષ્યો [સ્ત્રી-પુરુષો] ઉત્પન્ન થયાં હતાં. જે જે જીવોનાં કર્મ આદ્ય ઈશ્વરી સૃષ્ટિમાં ઉત્પન્ન થવા યોગ્ય હતાં, તે તે જીવોને ઈશ્વરે આદ્ય સૃષ્ટિમાં જન્મ આપ્યો. યજુર્વેદમાં લખ્યું છે કે - **मनुष्या ऋषयश्चये। ततो मनुष्याः अजायन्त।** - (દ્રષ્ટવ્ય) યજુર્વેદ ૩૧.૧

એ મંત્રમાં પણ ઋષિઓ અને મનુષ્યોની આદિ ઉત્પત્તિને દર્શાવતાં બહુવચનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આથી પ્રતીત થાય છે, કે આદિમાં અનેક અર્થાત્ સેંકડો અને હજારો મનુષ્યો ઉત્પન્ન થયાં હશે. સૃષ્ટિ જોવાથી પણ એ જ પ્રતીત થાય છે કે, મનુષ્યો અનેક માતા-પિતાનાં સંતાન છે, એક માબાપનાં નહિ.

સાથે સાથે એટલું પણ જાણી લેવું જોઈએ કે આરંભમાં જે મનુષ્યો ઉત્પન્ન થયાં, તે યુવાવસ્થામાં જ ઉત્પન્ન થએલાં હોવા જોઈએ. કારણ કે

જો તે બાલ્યાવસ્થામાં ઉત્પન્ન થયાં હોત, તો તેમનાં સંરક્ષણ માટે બીજાં મનુષ્યોની જરૂર પડત. વળી જો મનુષ્યો વૃદ્ધાવસ્થામાં ઉત્પન્ન થયાં હોત, તો મૈથુનિ સૃષ્ટિ ઉત્પન્ન થઈ શકત નહિ. માટે સૃષ્ટિના આદિકાળમાં મનુષ્યો યુવાવસ્થામાં જ ઉત્પન્ન થએલાં, એ વાતનો સ્વીકાર કરવો જ પડશે.

મનુષ્ય-સૃષ્ટિનું આદિસ્થાન તથા આર્યાવર્ત

મનુષ્યોની આદિ સૃષ્ટિ ત્રિવિષ્ટપ અર્થાત્ તિબેટમાં થઈ. કાળાંતરે તેમાં આર્ય અને દસ્યુ એવા બે ભેદ પડી ગયા. શ્રેષ્ઠ, વિદ્વાન તથા ધર્માત્મા લોકો દેવ અથવા આર્ય કહેવાવા લાગ્યા. એ આર્ય અને દસ્યુમાં અર્થાત્ વિદ્વાનો અને અવિદ્વાનોમાં હંમેશાં ઝઘડા ચાલ્યા કરતા હતા. અંતે આર્ય લોકોએ આ દેશને ભૂગોળમાં સર્વશ્રેષ્ઠ ભૂખંડ સમજી અહીં આવીને પદાર્પણ કર્યું, અર્થાત્ નિવાસ કર્યો. આ કારણને લીધે આ દેશનું નામ 'આર્યાવર્ત' પડ્યું.

ચંદ્ર, તારા આદિમાં મનુષ્ય-સૃષ્ટિ અને વૈદિક જ્ઞાન

જે રીતે આ પૃથ્વી ઉપર મનુષ્ય-સૃષ્ટિ છે, તેવી જ રીતે ચંદ્ર અને તારા આદિમાં પણ મનુષ્ય-સૃષ્ટિ છે. આ કારણથી વેદોમાં ચંદ્ર, તારા આદિને 'વસુ' કહ્યા છે. જેમાં મનુષ્યનો વાસ હોય તેનું નામ 'વસુ' કહેવાય છે.[11]

---

[11] સત્યાર્થ પ્રકાશના આઠમા સમુલ્લાસમાં આ સ્થાને સ્વામી દયાનંદે શતપથ-બ્રાહ્મણ નામના એક પુરાતન વૈદિક ગ્રંથનું પ્રમાણ આપીને તેમાં આવતા 'વસુ' શબ્દની વ્યાખ્યા કરી છે અને પોતાનું આ મંતવ્ય યુક્તિપૂર્વક વ્યક્ત કર્યું છે. આ વૈજ્ઞાનિક સંશોધનનો વિષય છે અને જે રીતે વર્તમાન વૈજ્ઞાનિક જગત પૃથ્વી ઉપરાંત અન્યત્ર જીવન અથવા જીવસૃષ્ટિના અસ્તિત્વ કે તેની સંભાવનાઓ વિશે ગહન સંશોધનો કરી રહ્યું છે, એ જોતાં સ્વામીજીએ પ્રગટ કરેલ આ મંતવ્યનું મૂલ્ય પણ સમજી શકાય છે. - સંપાદક

જ્યારે પરમાત્માની આ આટલી નાની પૃથ્વી મનુષ્યાદિ સૃષ્ટિથી ભરી પડી છે, ત્યારે તારા આદિ બધા લોક શૂન્ય કેમ હોઈ શકે ? ઈશ્વરનું કોઈપણ કામ નિપ્રયોજન હોતું નથી. તો પછી આટલા અસંખ્ય તારા આદિ લોક મનુષ્યાદિ સૃષ્ટિ વિના અપ્રયોજન શી રીતે હોઈ શકે ? આ કારણથી સર્વત્ર મનુષ્યાદિ સૃષ્ટિ છે, એમ સમજાય છે. સંભવ છે કે અન્ય લોકોમાં મનુષ્યાદિ સૃષ્ટિના આકાર તથા રૂપ-રંગમાં થોડો ઘણો ભેદ હોય, પરંતુ જે જાતિ જેવી સૃષ્ટિ આ લોકમાં છે, તે જ જાતિની અને તેવી જ સૃષ્ટિ અન્ય લોકમાં પણ છે. અર્થાત્ આ લોકમાં જે જાતિના જે જે પ્રદેશમાં જે જે નેત્રાદિ અંગ છે, તેવાં જ અન્ય લોકમાં પણ તે તે જાતિના શરીરના તે તે પ્રદેશમાં તે તે અંગો છે. એ જ રીતે જે વેદોનો પ્રકાશ આ લોકમાં છે, તે જ વેદોનો પ્રકાશ અન્ય લોકમાં પણ છે. જેમ એક રાજ્યની રાજ-વ્યવસ્થાની નીતિ તેના રાજ્યના સર્વ દેશોમાં સમાન રૂપથી હોય છે, તેવી જ રીતે રાજરાજેશ્વર પરમાત્માની વેદોક્ત નીતિ તેના સૃષ્ટિરૂપ સર્વે રાજ્યોમાં એકસરખી જ છે.

પૃથ્વી ફરે છે

વેદોનો એ સિદ્ધાંત છે કે પૃથ્વી સૂર્યની ચારે બાજુ ફરે છે, પરંતુ સૂર્ય પૃથ્વીની ચારે તરફ ફરતો નથી. જેમ કે -

आयं गौः पृश्निरक्रमीदसदन्मातरं पुरः। - યજુર્વેદ ૩.૬

અર્થાત્ આ પૃથ્વી (ભૂગોળ) જળ સહિત સૂર્યની ચારે તરફ ફરે છે.

આ મંત્રમાં પૃથ્વીનું નામ 'ગૌ' છે, અને 'ગૌ'નો અર્થ ફરનાર એવો થાય છે. પૃથ્વીનું આ ફરવું સૂર્યની આકર્ષણ શક્તિના કારણે છે. વેદોના સિદ્ધાંત અનુસાર સૂર્ય સ્થિર પણ છે અને ગતિમાન પણ છે. સૂર્ય પૃથ્વીની ચારે બાજુ નથી ફરતો, તેથી તે સ્થિર છે; અને તે પોતાના કેન્દ્રની આસપાસ ફરે છે તેથી તે ગતિમાન પણ છે. કોઈપણ ભારી પદાર્થ આકાશમાં ફર્યા વિના એક નિયત સ્થાન પર સ્થિર રહી શકતો નથી.

પૃથ્વીને ધારણ કોણ કરે છે ?

કોઈ કહે છે કે શેષ અર્થાત્ હજારો ફેણવાળા નાગના મસ્તક પર પૃથ્વી ઊભી છે, અને કોઈ કહે છે કે બળદનાં શીંગડાં પર રહેલી છે. આમ જુદા જુદા મતવાદીઓ જુદી જુદી વસ્તુઓને પૃથ્વીના આધારરૂપ માને છે. પરંતુ એ સઘળી વાતો અને વિચાર ભ્રમાત્મક છે. જો સાપ કે બળદ પર પૃથ્વી સ્થિર છે, તો સાપ અને બળદના જન્મ પૂર્વે પૃથ્વી કોના પર સ્થિર હતી ? વળી એ સાપ અને બળદ પોતે કોના પર સ્થિર છે ? જે લોકો શેષની ફેણો પર પૃથ્વીને સ્થિર માને છે, તે 'શેષ'નો વાસ્તવિક અર્થ સમજતા નથી, અને તેથી જ તેઓ ભ્રમમાં પડી ગયા છે. 'શેષ'નો વાસ્તવિક અર્થ પરમાત્મા છે. પરમાત્મા જગતના પ્રલય પછી પણ શેષ (બાકી) રહે છે. માટે જ તેનું નામ 'શેષ' છે. એ જ પ્રમાણે - **उक्षा दाधार पृथिवीमुत द्याम्।** (ઋગ્વેદ)

એ વચનમાં 'ઉક્ષાએ પૃથ્વી અને દ્યુલોક ધારણ કર્યાં છે' એમ છે. કોઈએ શબ્દાર્થમાં 'ઉક્ષા' શબ્દનો અર્થ બળદ જોઈને તેનો તેવો અર્થ કર્યો હશે. કારણ કે 'ઉક્ષા'નો અર્થ બળદ પણ થાય છે. પરંતુ એ મંત્રમાં 'ઉક્ષા'નો અર્થ બળદ નથી, પણ સૂર્ય છે. સૂર્ય વર્ષા દ્વારા ભૂગોળને ધારણ કરે છે, આ કારણથી તે 'ઉક્ષા' છે. આ સ્થળે વિચાર શક્તિનો જરાપણ ઉપયોગ કરતાં સમજી શકાય તેમ છે કે, બાપડા બળદમાં પૃથ્વીલોક અને દ્યુલોકને ધારણ કરવા જેટલું સામર્થ્ય ક્યાંથી હોઈ શકે ? સૂર્યે પોતાના આકર્ષણથી પૃથ્વીને ધારણ કરી છે. પરંતુ સૂર્યાદિને પણ ધારણ કરનાર પરમાત્મા સિવાય બીજો કોઈપણ નથી. સંક્ષેપમાં પરમાત્મા જ પૃથ્વી અને સૂર્ય આદિ લોકને ધારણ કરી શકે છે. આનું પ્રમાણ વેદોમાં પણ મળી શકે છે -

स दाधार पृथिवीं द्यामुतेमाम्। (ઋગ્વેદ ૧૦.૧૨૧.૧, યજુર્વેદ ૧૩.૪) અર્થાત્ એ પરમાત્માએ જ પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોકને ધારણ કર્યાં છે.

000

નવમો સમુલ્લાસ

વિદ્યા, અવિદ્યા, બંધન અને મોક્ષ

વિદ્યા અને અવિદ્યા

વિદ્યા એટલે સમ્યક્ અર્થાત્ યથાર્થ જ્ઞાન અને અવિદ્યા એટલે મિથ્યા જ્ઞાન. યોગદર્શનમાં અવિદ્યા અર્થાત્ મિથ્યા જ્ઞાનના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે -

૧. અનિત્યને નિત્ય માનવું. અર્થાત્ સંસારની વસ્તુઓ અને તેનો ઉપભોગ કરનાર શરીરને નિત્ય માનવું છે. એ વસ્તુઓ સદા છે અને સદા રહેશે એવી માન્યતા તે અવિદ્યાનો પ્રથમ પ્રકાર છે.

૨. અશુચિ અર્થાત્ અપવિત્ર વસ્તુઓને શુચિ અર્થાત્ પવિત્ર માનવી. વ્યભિચાર, મિથ્યા ભાષણ, ચોરી આદિ અપવિત્ર કામોને પવિત્ર માનવાં એ અવિદ્યાનું બીજું લક્ષણ છે.

૩. દુઃખ અને દુઃખનાં કારણોને સુખ અને સુખનાં કારણો સમજવાં. જેમ કે, વિષય ભોગનાં કારણો - જે દુઃખ અને દુઃખનાં કારણરૂપ છે - તેને સુખરૂપ તથા સુખનાં કારણરૂપ માનવાં. અવિદ્યાનું આ ત્રીજું લક્ષણ છે.

૪. અનાત્મ પદાર્થને આત્મા માનવો. જેમ કે, દેહને આત્મા માની એનાં સુખોને જ અંતિમ ધ્યેય માનવું તે. અવિદ્યાનું આ ચોથું લક્ષણ છે.

અનિત્ય પદાર્થોમાં અનિત્ય જ્ઞાન, અને નિત્ય પદાર્થોમાં નિત્ય જ્ઞાન, અપવિત્ર પદાર્થોમાં અપવિત્ર જ્ઞાન, અને પવિત્ર પદાર્થોમાં પવિત્ર જ્ઞાન, દુઃખ અને દુઃખનાં કારણોમાં દુઃખ અને દુઃખના કારણનું જ્ઞાન, સુખ અને સુખનાં કારણોમાં સુખ અને અને સુખના કારણનું જ્ઞાન, તથા અનાત્મ પદાર્થમાં અનાત્માનું જ્ઞાન અને વાસ્તવિક આત્મામાં આત્મજ્ઞાન - એ જ

વિદ્યા અથવા સત્ય જ્ઞાન છે. એને યથાર્થ જ્ઞાન, તત્ત્વજ્ઞાન તથા સત્યજ્ઞાન પણ કહે છે. સંક્ષેપમાં પદાર્થોના યથાર્થ સ્વરૂપના જ્ઞાનને વિદ્યા અને અજ્ઞાનને અવિદ્યા કહે છે.

કોઈ કોઈવાર કર્મ અને ઉપાસનાને પણ 'અવિદ્યા' કહેવામાં આવે છે. આ સંબંધમાં અવિદ્યાનો અર્થ મિથ્યા જ્ઞાન નહિ, પણ વિદ્યાથી ભિન્ન જ્ઞાન એવો છે. કર્મ અને ઉપાસનાને અવિદ્યા એટલા માટે કહેવામાં આવે છે કે, તે બાહ્ય અને આંતર ક્રિયા વિશેષ રૂપ છે, નહિ કે જ્ઞાન-વિશેષ સ્વરૂપ. માટે જ યજુર્વેદ (૪૦.૧૪) મંત્રમાં કહેવામાં આવ્યું છે કે, શુદ્ધ કર્મ અને ઈશ્વરોપાસના વિના મૃત્યરૂપ દુ:ખથી પાર ઉતરી શકાતું નથી. અર્થાત્ પવિત્ર કર્મ, પવિત્ર ઉપાસના અને પવિત્ર જ્ઞાનથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. અને એ જ રીતે અપવિત્ર મિથ્યા ભાષણ આદિ કર્મ, પાષાણ આદિ મૂર્તિની ઉપાસના અને મિથ્યા જ્ઞાનથી બંધની પ્રાપ્તિ થાય છે. કોઈપણ મનુષ્ય એક ક્ષણ માત્ર પણ કર્મ, ઉપાસના અને જ્ઞાન રહિત થઈ શકતો નથી. માટે સત્ય-ભાષણ આદિ કર્મ કરવાં અને મિથ્યા-ભાષણ આદિ અજ્ઞાનનો ત્યાગ કરવો, એ જ મુક્તિ-સાધક છે.

મુક્તિ અને બંધન

મુક્તિનો અર્થ છે - મુક્ત થવું - છુટી જવું. અહીં પ્રશ્ન થાય છે કે, શામાંથી મુક્ત થવું ? એનો ઉત્તર એ છે કે, દુઃખમાંથી. આ રીતે મુક્તિનો વાસ્તવિક અર્થ દુઃખમાંથી મુક્ત થવું એવો થાય છે. અધર્મ અને અજ્ઞાન, અર્થાત્ અવિદ્યામાં ફસેલો જીવ મુક્તિનો અધિકારી નથી થઈ શકતો. દુઃખ અને દુઃખનાં કારણ અર્થાત્ શરીર આદિથી છૂટીને જીવ વાસ્તવિક સુખ પ્રાપ્ત કરે છે અને એ સુખાવસ્થામાં તે બ્રહ્મમાં વિચર્યા કરે છે.

મુક્તિ અને બંધનનાં કારણો

ઈશ્વરની આજ્ઞા પાળવાથી, અધર્મ-અવિદ્યા-કુસંગ-કુસંસ્કાર તથા દુર્વ્યસનોથી દૂર રહેવાથી સત્યભાષણ-પરોપકાર-વિદ્યા-પક્ષપાતરહિત ન્યાય તથા ધર્મની વૃદ્ધિ કરવાથી, પરમાત્માની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના

અર્થાત્ યોગાભ્યાસ કરવાથી, વિદ્યા ભણવા-ભણાવવાથી તથા ધર્માનુસાર પુરુષાર્થ કરી જ્ઞાનોન્નતિ કરવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે અને એનાથી વિપરીત વર્તન રાખવાથી અર્થાત્ ઈશ્વરની આજ્ઞાઓનો ભંગ કરવાથી બંધન થાય છે.

મુક્ત જીવની અવસ્થા તથા સ્વર્ગ-નરક

જ્યારે જીવ મુક્ત થઈ જાય છે, ત્યારે તેનું સ્થૂળ શરીર નથી રહેતું, ત્મ પણ તે સુખ અને આનંદનો અનુભવ કરી શકે છે; કારણ કે મુક્તાવસ્થામાં પણ તેમાં સત્ય સંકલ્પ આદિ સ્વાભાવિક સામર્થ્ય અને ગુણ રહે છે. તે સમયે કેવળ ભૌતિક સંગ નથી રહેતો. આ તેના સ્વાભાવિક ગુણોને લઈને ઇન્દ્રિયો ન હોવા છતાં તે પોતાની ઇચ્છાનુસાર સાંભળી શકે છે, સ્પર્શી શકે છે, દેખી શકે છે, નિશ્ચય કરી શકે છે તથા સ્મરણ કરી શકે છે, અને એવી રીતે આનંદનો અનુભવ કરી શકે છે.

મુક્તાવસ્થામાં જીવ અનંત વ્યાપક બ્રહ્મમાં સ્વેચ્છાનુસાર વિચરે છે. શુદ્ધ જ્ઞાનથી સર્વ સૃષ્ટિને જોતો, અન્ય મુક્ત જીવોની સાથે સહવાસ સેવતા તથા સૃષ્ટિ વિદ્યાનું ક્રમપૂર્વક નિરીક્ષણ કરતો તે, સર્વ લોક લોકાંતરમાં અર્થાત્ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ લોકમાં ભ્રમણ કરે છે. જે જીવાત્માને જેટલું જ્ઞાન અધિક થાય છે, તેટલો તેને આનંદ પણ અધિક થાય છે. સુખ-વિશેષનો ભોગ તે સ્વર્ગ.

મુક્તિમાંથી પાછા ફરવાનું વૈદિક પ્રમાણ

વેદોનો એ સિદ્ધાંત છે કે જીવ મુક્તિના સુખને ભોગવીને પુનઃ સંસારમાં આવે છે અર્થાત્ માતા-પિતાથી જન્મ ધારણ કરે છે. આ વિષયમાં નીચેનો મંત્ર લક્ષમાં લેવા જેવો છે -

अग्नेर्वयं प्रथमस्यामृतानां मनामहे चारु देवस्य नाम।
स नो मह्या अदितये पुनर्दात् पितरं च दृशेयं मातरं च ॥

- ઋગ્વેદ ૧.૨૪.૨

અર્થાત્ આપણે તે સ્વયં પ્રકાશરૂપ, અનાદિ, સદા સર્વદા મુક્ત એવા પરમાત્માનું નામ પવિત્ર સમજીએ કે જે આપણને મુક્તિમાં આનંદનો ઉપભોગ કરાવી, પૃથ્વીમાં પુનઃ માતા-પિતા દ્વારા જન્મ આપીને માતા-પિતાનાં દર્શન કરાવે છે.

આથી પ્રતીત થાય છે કે જીવાત્મા પરમાત્માની વ્યવસ્થા દ્વારા મુક્તિમાંથી અવશ્ય પાછો ફરે છે.

કોઈ કોઈ સ્થળે લખ્યું છે કે, જીવને અત્યંત મુક્તિ પ્રાપ્ત થાય છે, પરંતુ તે 'અત્યંત મુક્તિ' નો અર્થ 'અનંત મુક્તિ' એવો નથી થતો, પરંતુ તેનો અર્થ 'બહુ કાળને માટે મુક્તિ' એવો થાય છે, નહિ કે જેનો અંત ન હોય એવી મુક્તિ.

અત્યારે એક પ્રશ્ન થશે કે મુક્તિ મેળવીને વળી પાછા ફરવાનું જ હોય, તો મુક્તિ માટે યત્ન શા માટે કરવો ? એનો ઉત્તર એ છે કે, મુક્તિનું સુખ પરાંતકાળ લગી નિરંતર મળતું રહે છે, અને પરાંતકાળ ૩૧,૧૦,૪0,000,000,000, (૩૧ શંકુ, ૧૦ ખર્વ, અને ૪૦ અબજ) વર્ષોનો હોય છે.

આ સમય કંઈ અલ્પ ન કહેવાય કે જેના માટે યત્ન કરવાનો ન હોય. સંસારમાં ક્ષણિક સુખને માટે પણ આપણે આઠે પહોર અર્થાત્ રાત્રિ દિવસ શ્રમ કરીએ છીએ, તો પછી આટલા લાંબા સમયના સુખોપભોગ માટે શા માટે યત્ન ન કરવો જોઈએ ? 'મુક્તિ મેળવી વળી પાછા આવવાનું જ છે' - એમ કહી બેદરકાર રહેવું કેવળ મૂર્ખતા જ છે.

મુક્તિમાંથી પાછા ફરવાનાં કારણો

મુક્તિ સાન્ત છે, અને તેનાં કારણો નીચે મુજબ છે -

૧. જીવાત્માના સામર્થ્ય - શરીરાદિ પદાર્થ અને સાધન પરિમિત છે. આ પરિમિત સાધનો દ્વારા પ્રાપ્ત થએલ ફળ અર્થાત્ મુક્તિ, તે અનંત શી રીતે હોઈ શકે ? અંતવાળાં કર્મોનું અનંત ફળ મળે એમ માનીએ, તો પરમાત્માના ન્યાય-નિયમો નષ્ટ થઈ જાય છે.

અલ્પ, અને અલ્પ સામર્થ્યવાળા જીવને અનંત સુખ શી રીતે પ્રાપ્ત થઈ શકે ?

૨. જીવાત્મા જો મુક્તિ મેળવીને પાછો સંસારમાં ન ફરે, તો ધીમે ધીમે સંસારનો ઉચ્છેદ થઈ જાય છે. કારણ કે જો જીવો મુક્ત થતા જશે, અને પાછા ફરશે નહિ; તો આગળ જતાં જીવો જ સમાપ્ત થઈ જશે, પછી સંસાર કોના માટે રહેશે ?

આ સમયે કોઈ એમ કહે કે જેટલા જીવો મુક્ત થઈ જશે, તેટલા જીવો પરમાત્મા બીજા બનાવી લેશે, અને તેથી સંસારના ઉચ્છેદના ભયનો કશો સંભવ રહેશે નહિ; પરંતુ એ વાત બરાબર નથી. એથી તો જીવ અનિત્ય થઈ જાય છે, કારણ કે જેની ઉત્પત્તિ થાય છે તેનો નાશ પણ અવશ્ય થાય છે. આવી રીતે બનેલા જીવોને જો મુક્તિ મળશે તો મુક્તિની પ્રાપ્તિ કરી લેતાં પણ તે જીવોનો નાશ જ થઈ જશે, કારણ કે જેની ઉત્પત્તિ તેનો નાશ તો છે જ. આ માન્યતા અનુસાર પણ મુક્તિ તો અનિત્ય જ રહી, નિત્ય નહિ. કેમ કે જીવ નષ્ટ થઈ ગયા પછી મુક્તિ ક્યાં રહી ?

3. ઉપરાંત એક બીજી વાત પણ લક્ષમાં લેવી જોઈએ કે પરમાત્મા જો નવા નવા જીવોને બનાવતો જાય, તો જે [ઉપાદાન] કારણથી એ જીવોને ઉત્પન્ન કરશે, તે કારણ કોઈ ને કોઈ વખત સમાપ્ત થઈ જશે. કારણ કે જીવોનો ખજાનો ગમે તેટલો મોટો હોય, પરંતુ જેમાં માત્ર નિકાસ જ છે અને આયાત નથી તે ખજાનો ક્યારે ને ક્યારે અવશ્ય નષ્ટ થઈ જશે. આથી કારણરૂપ ખજાનાની સમાપ્તિ થતાં પરમાત્મા નવા જીવો ઉત્પન્ન કરી શકશે નહિ, અને મુક્ત જીવો પાછા ન ફરી શકવાથી સંસારનો વિચ્છેદ પુનઃ અવશ્ય થશે.

૪. સુખનો અનુભવ એ સાપેક્ષ અનુભવ છે. દુઃખના અનુભવ વિના સુખનો અનુભવ લાંબા સમય લગી ટકતો નથી. દાખલા તરીકે કટુ પદાર્થ વિના મધુરનો અને મધુર પદાર્થ વિના કટુનો સ્વાદ

જાણી શકાતો નથી. એક મનુષ્ય જો ગળ્યું જ ખાય અને ગળ્યું જ પીતો રહે, તો થોડા જ સમયમાં તેને ગળ્યા પદાર્થોમાં સુખનો અનુભવ પ્રાપ્ત નહિ થાય. જો તે વચ્ચે વચ્ચે અન્ય રસોનો ઉપયોગ પણ કરતો રહેશે, તો તેને પુનઃ ગળ્યા પદાર્થોમાં સ્વાદનો અનુભવ થશે. એ જ રીતે મુક્તિમાં પણ જો આનંદનો કદી વિચ્છેદ ન હોય, તો તે આનંદ આનંદરૂપથી અનુભૂત થશે નહિ, અને જ્યાં આનંદ ન હોય એવી મુક્તિનો અર્થ પણ શો ?

જન્મ વ્યવસ્થા

જગતનાં પ્રાણીઓમાં નાનાવિધ પ્રકારની વિષમતા દષ્ટિગોચર થતી હોવાથી જાણી શકાય છે કે, જીવના અનેક જન્મ થાય છે. જો તેનો પૂર્વજન્મ ન હોય તો આટલા ભારે વૈષમ્યનું કારણ સમજી શકાય નહિ. કોઈ સુખી, કોઈ દુઃખી, કોઈ જન્મથી જ રાજસુખનો અધિકારી, કોઈ જન્મથી જ મહા દરિદ્ર, કોઈ બુદ્ધિમાન, કોઈ મૂર્ખ, કોઈ બળવાન, કોઈ નિર્બળ ઇત્યાદિ અનેકવિધ વિષમતાઓનું પૂર્વજન્મના સ્વીકાર વિના સમાધાન થઈ શકતું નથી. આ કારણથી માનવું પડે છે કે, પૂર્વજન્મના પાપ-પુણ્ય અનુસાર વર્તમાનમાં જન્મ થાય છે, અને વર્તમાન તથા પૂર્વજન્મનાં કર્મો અનુસાર ભવિષ્યમાં જન્મ થાય છે. આ રીતે જીવાત્માના અનેક જન્મ સિદ્ધ થાય છે.

અનેક જન્મો હોવા છતાં પણ જીવાત્માને પૂર્વજન્મનું સ્મરણ નથી રહેતું, તેનું કારણ એ કે તે અલ્પજ્ઞ છે, ત્રિકાળદર્શી નથી. પૂર્વજન્મની વાત તો દૂર રહી, પરંતુ આ જન્મની વાતો પણ આપણને પૂરેપૂરી ક્યાં સાંભરે છે ? આ જન્મમાં પણ ઘણાં વર્ષની વાત જ્યારે આપણા સ્મરણમાં નથી રહેતી, ત્યારે પૂર્વજન્મની વાતો શી રીતે સ્મરણમાં રહી શકે ? પૂર્વજન્મનું સ્મરણ ન રહેતું હોવાથી જ જીવ સુખી છે. નહિ તો સર્વે જન્મોનાં દુઃખોનું સ્મરણ કરી કરીને તે અત્યંત દુઃખી થઈ જાત. જીવ પોતાનાં કર્મો અનુસાર પરમાત્માની વ્યવસ્થા મુજબ સૃષ્ટિમાં કદી પુરુષના શરીરમાં જાય છે, અને કદી કીટ, પતંગ કે પશુ-પક્ષી આદિના

શરીરમાં જાય છે. જ્યારે પાપોનું પ્રમાણ વધી જાય છે અને પુણ્ય ઓછાં થાય છે, ત્યારે મનુષ્યનો જીવ પશુ આદિ નીચ શરીરોમાં જાય છે. જ્યારે ધર્મ અધિક અને અધર્મ ઓછો થાય છે, ત્યારે તે દેવ અર્થાત્ વિદ્વાનનું શરીર ધારણ કરે છે. જ્યારે પાપ-પુણ્ય બરાબર થાય છે, ત્યારે તે સાધારણ મનુષ્યનો જન્મ પ્રાપ્ત કરે છે. એ સાધારણ મનુષ્યમાં પણ જે સુખ-દુઃખના પ્રમાણમાં અંતર જોવામાં આવે છે, તે તેનાં કર્મોની ઉત્તમતા, મધ્યમતા અને નિકૃષ્ટતા અનુસાર જ છે. જ્યારે અધિક પાપનું ફળ પશુ આદિના શરીરમાં ભોગવાઈ જાય છે, ત્યારે પાપ અને પુણ્ય તુલ્ય થઈ જવાથી જીવ પુનઃ મનુષ્યના શરીરમાં આવે છે.

એ રીતે અધિક પુણ્યના કારણે જીવ પુણ્યાત્મા મનુષ્યના શરીરને ધારણ કરે છે, અને પુણ્યના ફળ ભોગવી લીધા પછી તે પોતાનાં બચેલાં કર્મો અનુસાર મધ્યમ અથવા સાધારણ કોટિના મનુષ્ય તરીકે જન્મ ધારણ કરે છે.

એ જ પ્રમાણે પરમાત્માની વ્યવસ્થામાં પોતાનાં કર્મો અનુસાર જીવ જ્યાં સુધી વિદ્યાના પ્રકાશમાં પ્રકાશિત થઈને મુક્ત ન થાય ત્યાં સુધી તે નાના (વિવિધ) પ્રકારની યોનિઓમાં ચક્કર લગાવતો રહે છે. મુક્તિ થતાં તે લાંબો સમય સુધી મુક્તિનો આનંદ ભોગવીને પુનઃ સંસારના ચક્રમાં આવી જાય છે, અને પુનઃ યત્નપૂર્વક મુક્તિને પ્રાપ્ત કરે છે.

000

દશમો સમુલ્લાસ

સદાચાર-અનાચાર અને ભક્ષ્ય-અભક્ષ્ય

ધર્મ અથવા સદાચાર

આચાર અને ધર્મ બંને એક જ છે. ધર્મયુક્ત કાર્યોનું આચરણ, સુશીલતા, સત્પુરુષોનો સંગ અને સત્ય ગ્રહણ કરવાની રુચિ, ઇત્યાદિ ઉત્તમ કર્મોને સદાચાર કહે છે, અને તેનાથી વિપરીત કર્મોને અનાચાર કહે છે. વિદ્વાન લોકો રાગ-દ્વેષ રહિત જે કર્મોનું નિત્ય સેવન કરે છે, તથા જેને માટે આત્મા સાક્ષી આપે, કે આ સત્ય છે તે ધર્મ છે અને માનનીય છે. વેદ, વેદના જ્ઞાતાઓ દ્વારા રચાયેલાં ધર્મશાસ્ત્રો તથા તેમના આચાર-વ્યવહાર અને આત્માનો સંતોષ એ ધર્મ અથવા સદાચારમાં પ્રમાણરૂપ છે; અર્થાત્ એમના વડે સદાચારનો નિર્ણય કરવો જોઈએ. આત્માના સંતોષનો અર્થ એ છે કે જે કાર્ય કરવામાં ભય, શોક, લજ્જા ઉત્પન્ન ન થાય, તેવાં કાર્યો પણ ધર્મ કે સદાચાર રૂપ ગણાય છે. દાખલા તરીકે જે સમયે કોઈ વ્યક્તિ મિથ્યા ભાષણ અથવા તો ચોરી આદિ દુષ્ટ કર્મોની ઇચ્છા કરે છે, તે સમયે તે વ્યક્તિના આત્મામાં ભય, શોક અને લજ્જા અવશ્ય ઉત્પન્ન થાય છે. આ કારણથી તેવાં કર્મો ધર્મ અથવા સદાચાર નથી. ધર્મના જ્ઞાનનો ખરો અધિકારી તે જ છે, જે લોભ અને કામ અર્થાત્ વિષયમાં ફસેલો ન હોય. ચિત્તનું હરણ કરનારી અને તેને વિષયવાસનામાં પ્રવૃત્ત કરનારી ઇન્દ્રિયોને રોકવાનો - વશ કરવાનો પ્રયત્ન મનુષ્યે અવશ્ય કરવો જોઈએ. જેવી રીતે એક સારથિ ઘોડાઓને રોકી - વશ રાખીને તેને શુદ્ધ માર્ગે ચલાવે છે, તેવી જ રીતે ઇન્દ્રિયોને વશ રાખી, તેને અધર્મ માર્ગેથી હઠાવીને સદા ધર્મ માર્ગમાં પ્રવૃત્ત કરવી.

સ્નાન નિત્ય કરવું, વસ્ત્રો સદા શુદ્ધ રાખવાં, ખાન-પાન શુદ્ધ અને

સાત્વિક રાખવું; એથી ચિત્તની શુદ્ધિ અને આરોગ્ય પ્રાપ્ત થાય છે.

માતા, પિતા, આચાર્ય અને અતિથિની સેવા કરવી.

શું વિદેશ-ગમનથી સદાચાર નષ્ટ થાય છે ?

વિદેશ-ગમનથી સદાચાર નષ્ટ થાય છે, એ ભાવના મિથ્યા છે. કારણ કે મનુષ્ય કોઈપણ ઠેકાણે સદાચાર આદિ કર્મોને કરશે તો તે આચારભ્રષ્ટ નહિ થાય, અને જે આર્યાવર્તમાં રહીને પણ દુષ્ટાચાર કરશે તો તે ધર્મભ્રષ્ટ અને આચારભ્રષ્ટ કહેવાશે. આર્યાવર્તમાં આપણા પ્રાચીન પુરુષો પણ જ્ઞાનચર્ચા, વિવાહ, ભ્રમણ, વ્યાપાર, વિજય આદિને માટે વિદેશયાત્રા કરતા હતા, અને તેનાં પ્રમાણો નીચે પ્રમાણે છે :

૧. મહાભારતના શાંતિપર્વમાં લખ્યું છે કે એક સમયે વ્યાસજી પોતાના પુત્ર શુક અને શિષ્યો સહિત પાતાળ અર્થાત્ અમેરિકામાં નિવાસ કરતા હતા. શુકજીએ પિતાને એક પ્રશ્ન પૂછ્યો કે, આત્મવિદ્યા આટલી જ છે કે વધારે ? વ્યાસજીએ જાણી જોઈને આ પ્રશ્નનો ઉત્તર ન આપ્યો; કારણ કે એ વાતનો ઉપદેશ એકવાર તેઓ તેને કરી ગયા હતા. આથી એ સંબંધમાં બીજાઓની સાક્ષી મેળવવા માટે તેમણે શુકજીને કહ્યું કે, હે પુત્ર ! તું અહીંથી મિથિલાપુરી જા, અને ત્યાંના જનક રાજાને એ પ્રશ્ન પૂછ; તે તને તેનો યથાયોગ્ય ઉત્તર આપશે. પિતાનું આ વચન સાંભળીને શુકદેવજીએ ત્યાંથી મિથિલાપુરી પ્રતિ પ્રયાણ કર્યું. પ્રથમ મેરૂ એટલે હિમાલયના ઈશાન ખૂણામાં અને વાયવ્ય ખૂણામાં જે દેશ છે તેનું નામ હરિવર્ષ હતું. (હરિ એટલે વાનર, એ દેશના લોકો હાલમાં પણ લાલ મુખવાળા અને વાનરના જેવા ભૂરા નેત્રવાળા છે) જે આજકાલ યુરોપના નામથી પ્રસિદ્ધ છે; એ દેશને જોઈને તેઓ હૂણ યહૂદીઓના દેશને જોતાં ચીનમાં થઈને હિમાલયમાં આવ્યા અને હિમાલયથી મિથિલાપુરી આવ્યા.

૨. શ્રીકૃષ્ણ અને અર્જુન અશ્વતરી (અગ્નિનૌકા)માં બેસીને પાતાળ ગયા હતા, અને ત્યાંથી મહારાજ યુધિષ્ઠિરના યજ્ઞમાં ઉદ્દાલક

ઋષિને તેડી લાવ્યા હતા.

૩. ધૃતરાષ્ટ્રના વિવાહ ગાંધાર અર્થાત્ કંદહારના રાજાની પુત્રી સાથે થયા હતા.

૪. પાંડુની સ્ત્રી માદ્રી ઈરાનના રાજાની પુત્રી હતી. પાતાળ અર્થાત્ અમેરિકાના રાજાની પુત્રી ઉલૂપી સાથે અર્જુનનાં લગ્ન થયાં હતાં.

૫. મનુસ્મૃતિમાં લખ્યું છે કે, સમુદ્રમાં આવવા જવાવાળી નૌકાઓ પર કર લગાવવો જોઈએ. વિદેશીઓ અને તેમના માલનું આર્યાવર્તમાં તેમ જ આર્યાવર્ત નિવાસીઓ તથા તેમના માલનું વિદેશમાં આવવું જવું સંભવિત થાય તો જ આ વાત સંભવી શકે, અન્યથા નહિ.

૬. મહારાજ યુધિષ્ઠિરે જ્યારે રાજસૂય યજ્ઞ આરંભ્યો હતો, ત્યારે તેમણે તે યજ્ઞમાં આવવા માટે નિમંત્રણો ભૂગોળના સર્વ રાજાઓને મોકલ્યા હતા, અને એ કાર્યને માટે ભીમ, અર્જુન, સહદેવ અને નકુળને મોકલવામાં આવ્યા હતા.

આ સર્વ બાબત પરથી પ્રતીત થાય છે કે, પૂર્વે આર્યાવર્તના લોકો દેશ-દેશાંતર અને દીપ-દ્વીપાંતરમાં જતાં આવતાં હતાં. જો તેમને આજકાલની માફક સ્પર્શાસ્પર્શ કે ધર્મભ્રષ્ટતાનો ભય હોત, તો તેઓ વિદેશમાં શી રીતે ભ્રમણ કરી શકત ? મૂર્ખ લોકોના બહેકાવવાથી અને અજ્ઞાન વધવાથી આ ભય ઉત્પન્ન થયો છે. દેશ-દેશાંતરમાં તથા દ્વીપદ્વીપાંતરમાં જવાથી ત્યાંના અનેકવિધ મનુષ્યોનો સંગ થાય છે, તથા તેમની રીતભાત જોવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. પોતાના દેશના રાજ્ય અને વ્યાપારમાં વૃદ્ધિ થાય છે. તેમ જ વિદેશના જ્ઞાનથી લોકો નિર્ભય અને શૂરવીર બને છે. વળી તેઓ સારા સારા વ્યવહારોને ગ્રહણ કરી, નઠારી બાબતોનો ત્યાગ કરવામાં તત્પર થાય છે, અને ઐશ્વર્યની પ્રાપ્તિ કરે છે. દેશ-દેશાંતરના ઉત્તમ પુરુષોનો સંગ કરવામાં સ્પર્શાસ્પર્શ અને અન્ય દોષ શી રીતે હોઈ શકે ? એ વાત સત્ય છે કે, વિદેશમાં જઈને માંસ-ભક્ષણ અને મદ્યપાન આદિ તેમના દોષોને ગ્રહણ કરવા ન જોઈએ;

પરંતુ તેમનાં સારા ગુણો ગ્રહણ કરવામાં શો દોષ છે ? જો આપણે તેમના સ્પર્શમાં પણ પાપ ગણીએ, તો વખત આવે તેમની સાથે યુદ્ધ શી રીતે કરી શકીએ ? કારણ કે યુદ્ધ સમયે તો તેમનો સ્પર્શ અનિવાર્ય છે. સાથે સાથે એ પણ લક્ષમાં રાખવું જોઈએ કે ધર્મ આપણા આત્મા અને કર્તવ્ય સાથે સંબંધ ધરાવે છે. આપણે જો સદા સત્ કર્મોના કરનારા હોઈએ, તો દેશ-દેશાંતરમાં ક્યાંય પણ જવામાં દોષ લાગતો નથી - લાગી શકતો નથી. એક વસ્તુ આવશ્યક છે, અને તે એ કે આપણને વેદોક્ત ધર્મનું જ્ઞાન અને પાખંડમતનું ખંડન બરાબર લક્ષમાં હોવું જોઈએ, કે જેથી આપણે ક્યાંય ફસાઈ ન પડીએ, અને આપણને કોઈ અસત્યના માર્ગે દોરી ન શકે.

કાચી અને પાકી રસોઈ

પાખંડી લોકો પાણીથી બનાવેલી-પકાવેલી વસ્તુઓને ‘કાચી રસોઈ’ અથવા ‘સખડી’ અને ઘી-દૂધ આદિમાં પકાવેલી વસ્તુઓને ‘પાકી રસોઈ’ અથવા ‘નિખડી’ કહે છે. ભોજનમાં આવા પ્રકારના ભેદ એ કેવળ પાખંડ છે. ઘી અને દૂધમાં પકાવેલી વસ્તુઓ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોવાથી પાતલચટ્ટા પુરોહિતો, પેટભરા પંડિતો અને ભોજન ભટ્ટોએ આવા પ્રકારનો કાચી-પાકીનો પ્રપંચ રચ્યો છે.

પોતાના હાથની રસોઈ

ભારતવર્ષમાં પોતાના હાથનું જ પકાવેલું ખાવું એવો એક ભ્રમ ફેલાયેલો છે. અમુકનું ગ્રાહ્ય અને તમુકનું અગ્રાહ્ય એ વસ્તુનો અતિરેક થઈ રહ્યો છે. નાતજાતના વાડા એવી તો કઢંગી રીતથી બંધાઈ ગયા છે કે, સ્વજ્ઞાતિનો ગમે તેવો ગંદો કે અસ્વચ્છ રસોઈયો રસોઈ પકાવે તે ગ્રાહ્ય ગણાય છે, અને પરજ્ઞાતિનો ચાહે તેવા શુદ્ધ અને સ્વચ્છ મનુષ્યની રસોઈ આપણને અગ્રાહ્ય જણાય છે. તરત જ આપણે અભડાઈ જઈએ છીએ. આ છૂઆછૂતને લઈને આપણે દિનપ્રતિદિન નિર્બળ બનતા જઈએ છીએ. એવો ભયંકર ખ્યાલ આપણામાં પેસી ગયો છે, અને તેથી આપણી

શક્તિ રોજ રોજ હરાતી જાય છે. રે જાતપાત ![12]

મહાભારતના યુદ્ધમાં લોકો પોતાની સવારી પર જ ખાઈ લેતા. મહારાજ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભૂગોળના રાજાઓ, ઋષિઓ અને મહર્ષિઓ આવ્યા હતા, અને તે સઘળા એક જ પાકશાળામાં ભોજન કરતા હતા. આપણા ચૂલા, ચોકા અને રસોઈના પ્રશ્ને ભારતવર્ષમાં સ્વાતંત્ર્ય, સમૃદ્ધિ, રાજ્ય, વિદ્યા આદિ પર જ ચોકો વાળી દીધો છે.

હા, એક વાત અવશ્ય લક્ષમાં રાખવી કે, મદ્ય-માંસનું સેવન કરનારા, કે જેનાં શરીરો મદ્ય-માંસના પરમાણુથી પૂરિત છે, તેમના હાથનું ભોજન ન લેવું જોઈએ. તેમ જ અસ્વચ્છ કે ગંદા માણસની રસોઈથી પણ દૂર રહેવું જોઈએ.

---

[12] હિંદમાં જ્યારે મરાઠા રાજ્ય તેની ચઢતી કળામાં હતું ત્યારે પણ આ નાત-જાતના દુષ્ટ દૈત્યે કંઈ ઓછો દાટ વાળ્યો નથી. દાખલા તરીકે પાણીપતની ત્રીજી લડાઈમાં જ્યારે મરાઠાઓ પોતાના વિશાળ સૈન્ય સાથે એક બાજુ એકત્ર થઈને પડેલા હતા, ત્યારે બીજી બાજુ અહમદશાહ અબ્દાલી પ્રમાણમાં એક નાના લશ્કર સાથે છાવણી નાખીને પડેલો હતો. મરાઠાઓની જબ્બર સંખ્યાથી તે હિંમત હારી ગયો. એક વખત જ્યારે તે પોતાના લશ્કરના સરદારો સાથે ચર્ચા ચલાવતો મરાઠા છાવણીનું નિરીક્ષણ કરી રહ્યો હતો, ત્યારે ત્યાં અનેક સ્થળે બળી રહેલાં જુદાં જુદાં તાપણાં જોઈને તેણે તે વિશે પોતાના સરદારોને પૂછી જોયું. તેમણે જણાવ્યું કે એ તો મરાઠાઓ પોતાનો ખોરાક રાંધે છે. અમહદશાહે કહ્યું - ‘પણ આટલા બધા ચૂલા શા માટે ?’ જવાબ મળ્યો કે, મરાઠાઓમાં એટલી બધી જાતિઓ અને પેટાજાતિઓ છે, અને ઊંચ-નીચનો એટલો બધો ભેદભાવ છે કે લગભગ દરેક સિપાઈ પોતાનો ખોરાક જુદો પકવે છે. આ સાંભળીને તે હિંમતથી બોલ્યો, ‘એમ છે ? ત્યારે તો મરાઠાઓની મને લેશમાત્ર પણ દરકાર નથી.’ તેનું તૂટેલું હૃદય પાછું બળમાં આવી ગયું, અને એ લડાઈના આખરી પરિણામથી આજે જગત અજાણ નથી. રે ! ભેદભાવ ! - પ્રયોજક

ભક્ષ્ય અને અભક્ષ્ય

ભક્ષ્ય અને અભક્ષ્ય પદાર્થો બે પ્રકારનાં હોય છે. એક ધર્મશાસ્ત્રોક્ત અને બીજા વૈદકશાસ્ત્રોક્ત.

ધર્મશાસ્ત્રોમાં લખ્યું છે કે, આપણે શુદ્ધ અને સાત્ત્વિક ખોરાક ખાવો જોઈએ. માંસ, મદિરા, અફીણ, ગાંજો, ભાંગ આદિ પદાર્થોનું સેવન કદાપી ન કરવું જોઈએ. માંસભક્ષણથી મનુષ્યનો સ્વભાવ માંસાહારી થઈ જાય છે અને તેથી તેમાં હિંસક તત્ત્વો આવી જાય છે. ભક્ષ્ય-અભક્ષ્યના સંબંધમાં અત્રે કેટલુંક વિવેચન કરવામાં આવે છે, તે સદા સ્મરણમાં રાખવું.

૧. હિંસા, ચોરી, વિશ્વાસઘાત, છળ-કપટ આદિથી પ્રાપ્ત કરેલા પદાર્થો અભક્ષ્ય કોટિના છે અને અહિંસા તથા ધર્મ અનુસાર પ્રાપ્ત કરેલા પદાર્થો ભક્ષ્ય કોટિના છે.

૨. જે પદાર્થોથી સ્વાસ્થ્ય સારું રહે, રોગનો નાશ થાય, બળ, બુદ્ધિ, પરાક્રમ અને આયુષ્યની વૃદ્ધિ થાય, એવા પદાર્થોનું સેવન ભક્ષ્ય કોટિનું છે.

૩. જે પદાર્થો પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ હોય અને વિકારને ઉત્પન્ન કરવાવાળા હોય, તેમનું સેવન પણ અભક્ષ્ય કોટિનું છે. જે પદાર્થો પોતાની પ્રકૃતિને અનુકૂળ છે, તેનું સેવન ભક્ષ્ય કોટિનું છે.

નિરામિષ (વેજિટેરિયન) ભોજન

મદ્ય-માંસના સેવનથી બુદ્ધિ પણ ભ્રષ્ટ થઈ જાય છે, એવું મનુ મહારાજનું કથન છે. માંસ ભક્ષણ એ મહાપાપ છે; કારણ કે હિંસા કર્યા વિના માંસની પ્રાપ્તિ થઈ શકતી નથી, અને હિંસા એ મહાન પાપ છે. એક પશુના દૂધથી લાખો મનુષ્ય તૃપ્ત થાય છે - પોષાય છે. વળી પશુઓના પરિવારથી હજારો માઈલની ખેતી પણ થાય છે. આ કારણથી એક પશુના પ્રાણ લેવાથી લાખો મનુષ્યોના ઘાતનું પાપ લાગે છે. આથી

ગાય, ભેંસ, બળદ, બકરાં આદિ પરોપકારી પશુઓને મારી નાંખવાં એ મહા પાપ છે.

ભોજનની સ્વચ્છતા

ભોજન તૈયાર કરવાવાળાએ નખ અને કેશ કપાવી નાખવાં જોઈએ.

ઉપરાંત એકી સાથે એક જ પાત્રમાં એકથી વધારે માણસોએ ભોજન કરવું હાનિકારક છે. ઘણા માણસોને અનેક પ્રકારના સંક્રામક રોગો થાય છે. તેમની સાથે જમવાથી એક બીજાને તે રોગોનો ચેપ લાગી જવાનો ભય રહે છે. તેથી ન તો કોઈનું અજીઠું ખાવું કે ન તો કોઈને આપવું. આ રીતે ભોજનની સ્વચ્છતા જાળવવી પણ અત્યંત આવશ્યક છે.

000

અગિયારમો સમુલ્લાસ

આર્યાવર્તના મતોનું ખંડન

આર્યાવર્તની શ્રેષ્ઠતા

આ આર્યાવર્ત દેશ જગતના સર્વ દેશોમાં ઉત્તમ છે, અને એ જ કારણથી સૃષ્ટિના આદિ કાળમાં આર્ય લોકો અહીં આવીને વસ્યા. આર્ય એટલે શ્રેષ્ઠ અને તેનાથી ઊલટો તે દસ્યુ.

મનુ મહારાજનું કથન છે કે, જેટલી વિદ્યાઓ ભૂગોળમાં પ્રસાર પામેલી છે, તે સર્વ આર્યાવર્તમાંથી ગઈ છે. આર્યાવર્તમાંથી વિદ્યા પ્રથમ મિશ્રમાં ગઈ. મિશ્રથી યુનાનમાં, યુનાનથી રોમમાં અને રોમથી યુરોપ, અમેરિકા આદિમાં પ્રસરી. ફ્રાન્સ દેશ નિવાસી મહાશય લુઈ જેકોલીયટ **(Louis Jacolliot)** પોતાના પુસ્તક **(La Bible Dans L'Inde) – The Bible in India** અર્થાત્ 'ભારતમાં બાઇબલ' નામક પુસ્તકમાં કહે છે કે, 'આર્યાવર્ત દેશ સર્વ વિદ્યાઓ અને ભલાઈઓનો ભંડાર છે.'

દારા શિકોહ બાદશાહે[13] પણ એ જ નિશ્ચય કર્યો હતો કે, 'મેં બધી ભાષાઓ - ફારસી-અરબી આદિનો અભ્યાસ કર્યો, પરંતુ મને શાંતિની પ્રાપ્તિ તો સંસ્કૃત ભાષામાં જ થઈ.'

આર્યાવર્તની શ્રેષ્ઠતા પર લખવા બેસીએ તો એક દળદાર ગ્રંથ તૈયાર થાય, પરંતુ એ કાર્યને હાલ તો ભવિષ્યના કોઈ અન્ય પ્રસંગને

---

[13] દારા શિકોહ (૧૬૧૫-૧૬૫૯) મુઘલ સમ્રાટ શાહજહાં અને બેગમ મુમતાજ મહલનો મોટો પુત્ર તથા ગાદીવારસ હતો. તે અભ્યાસી હતો. તેના ભાઈ ઔરંગઝેબે તેને મોતની સજા કરી હતી. – સંપાદક

માટે મુલતવી રાખીને આપણે મૂળ વિષય પર વળીએ.

પતનનો પ્રારંભ

આવા સર્વોત્કૃષ્ટ દેશ આર્યાવર્તના પતનનો પ્રારંભ મહાભારતના યુદ્ધ પછી થયો. સર્વ દેશ શિરોમણિ આર્યાવર્ત દેશને મહાભારતના યુદ્ધે એટલો તો ધક્કો પહોંચાડ્યો કે તે ઉત્તરોત્તર પતનાવસ્થાની ગર્તામાં ગરક થતો ચાલ્યો. અફસોસ ! જ્યારે ભાઈ ભાઈને મારવા ઊઠે, ત્યારે નાશ થવામાં શી શંકા રહે ? જ્યારે નાશ થવાનો સમય ઉપસ્થિત થાય છે, ત્યારે જ અવળી બુદ્ધિ ઉપજે છે. કહ્યું છે કે 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ'.

મહાભારતના ઘોર યુદ્ધમાં મોટા મોટા વિદ્વાનો, રાજા-મહારાજાઓ અને ઋષિ-મુનિઓ માર્યા ગયા, અને ત્યારથી ઉત્તરોત્તર વિદ્યા તથા વેદોક્ત ધર્મના પ્રચારનો નાશ થતો ચાલ્યો. પંથો અને મતમતાંતરો ઉત્પન્ન થવા લાગ્યા. બ્રાહ્મણ મૂર્ખ, ક્ષત્રિય વિષયી, વૈશ્ય લોભી અને શૂદ્ર ભ્રષ્ટાચારી થઈ ગયા. બાલ-વિવાહ, વૃદ્ધ-વિવાહ અને બહુવિવાહે ઘર કર્યું. મૂર્ખ, સ્વાર્થી અને પાખંડીઓ સ્વર્ગના ઇજારદાર બની બેઠા.

અનેક ઈશ્વરની પૂજા

એક સત્-ચિત્-આનંદ પરમાત્માના સ્થાને અનેક દેવ-દેવીઓ પૂજાવા લાગ્યાં, બ્રહ્મચર્યનું સ્થાન વ્યભિચારે લીધું, લોકો વિષયાસક્ત બન્યા, અને મદ્ય-માંસનું સેવન કરવા લાગ્યા. આમાંથી એક નવો જ માર્ગ એટલે વામમાર્ગ ઉત્પન્ન થયો; તેમણે 'શિવ ઉવાચ', 'પાર્વતી ઉવાચ' અને 'ભૈરવ ઉવાચ' ઇત્યાદિ વાતો પુસ્તકાકારે પ્રકટ કરીને તેનું નામ 'તંત્ર' રાખ્યું.

વામમાર્ગમાં અતિ નિંદિત અને શાસ્ત્ર વિરુદ્ધની મહા અપવિત્ર વસ્તુઓ - મદ્યપાન, માંસ ભક્ષણ, વ્યભિચાર આદિ શુભ ગણાવા લાગી.

વામમાર્ગીઓ લોકોને અવળે માર્ગે દોરવા લાગ્યા. આ લોકોએ જ અશ્વમેધ યજ્ઞ, ગોમેધ યજ્ઞ અને નરમેધ યજ્ઞના અર્થ વિકૃત કરીને તેના

અનર્થ કરી નાખ્યા છે. એ લોકો યજ્ઞમાં પશુઓની કતલ કરીને માંસ ભક્ષણ કરવા લાગ્યા, અને બહાનું એ બતાવ્યું કે એથી પશુઓ સ્વર્ગમાં જાય છે.

અશ્વમેધ, ગોમેધ અને નરમેધના શતપથ બ્રાહ્મણમાં અર્થ આ મુજબ છે -

राष्ट्रं वा अश्वमेधः। (૧૩. ૧. ૬. ૩), **अन्नं हि गौः।** (૪. ૩. ૧. ૨૫), **अग्निर्वा अश्वः।** (૬. ૩. ૨. ૫), **आज्यं मेधः। [मेधो वा आज्यम्।]** (૧૩. ૩. ૬. ૨)

રાજાએ ન્યાયથી અને ધર્મથી પ્રજાનું પાલન કરવું, અને વિદ્યા-પ્રદાતા યજમાને અગ્નિમાં ઘૃતાદિનો હોમ કરવો, એ અશ્વમેધ કહેવાય છે.

અન્ન, ઇન્દ્રિય, કિરણ અને પૃથ્વી આદિને પવિત્ર રાખવાં એ ગોમેધ કહેવાય છે.

અને મનુષ્યના મૃત્યુ બાદ તેને વિધિપૂર્વક દાહ આપવો, તે નરમેધ કહેવાય છે.

જો પશુઓનો યજ્ઞમાં હોમ કરવાથી તે સ્વર્ગે જતાં હોય, તો એ સિદ્ધાંતના પ્રવર્તકો પોતાનાં માતા-પિતા અને સ્ત્રી-પુત્રાદિને મારીને તેમને સ્વર્ગમાં શા માટે પહોંચાડતા નથી ? અથવા મૃતકને તરત જ વેદીમાં સજીવ કેમ કરતા નથી ?

નરમેધ એટલે મૃત શરીરને વિધિવત્ અગ્નિદાહ આપવો. તેના બદલે મૂર્ખ લોકો મનુષ્યોને મારી મારીને તેમને યજ્ઞમાં હોમવા લાગ્યા. જ્યાં સત્ય વાતો વિકૃત થઈને તેના આવા આવા અનર્થો થતા હોય, ત્યાં સુખ શાંતિનો સંભવ ક્યાંથી હોય ? મૂર્ખ લોકોએ યજ્ઞ જેવા પવિત્ર કર્મને પણ કલંકિત કરી દીધું.

બૌદ્ધ અને જૈન મત

જ્યારે મનુષ્યોએ આવાં આવાં કર્મો જોયાં ત્યારે તેમની વેદો પરથી શ્રદ્ધા હઠી ગઈ, અને તેથી કરીને તે અરસામાં બૌદ્ધ અને જૈન મત પ્રચલિત થયા. લોકોએ વેદાભ્યાસનો ત્યાગ કર્યો. અનેક પ્રકારની

શંકાઓ ઉઠવા લાગી, અને તેનું સમાધાન કરનાર કોઈ ન રહેવાથી લોકો બૌદ્ધ અને જૈન મતનો સ્વીકાર કરવા લાગ્યા. વેદોનું પઠન-પાઠન તેમ જ યજ્ઞોપવીત અને બ્રહ્મચર્યનો લોપ થઈ ગયો. જેટલાં મળી શક્યાં તેટલાં વેદોનાં પુસ્તકોને બાળવામાં આવ્યાં. વૈદિક ધર્મીઓને શિક્ષા થવા લાગી. જૈન લોકો ઋષભદેવથી માંડીને મહાવીર પર્યંત પોતાના ચોવીસ તીર્થંકરોની મોટી મોટી મૂર્તિઓ બનાવીને તેનું પૂજન કરવા લાગ્યા. મૂર્તિપૂજા આજ લગભગ અઢી હજાર વર્ષો થયાં આ જૈન લોકો થકી ચાલી છે.

શંકરાચાર્ય

આજથી બાવીસસો વર્ષ ઉપર દ્રાવિડ દેશોત્પન્ન એક બ્રાહ્મણને વિચાર થવા લાગ્યો કે, સત્ય વૈદિક ધર્મનો લોપ થઈને નાસ્તિક ધર્મનો પ્રચાર શી રીતે વધી ગયો ? અને તે નાસ્તિકતાનો નાશ કરીને સત્ય વૈદિક ધર્મની પુનઃ સ્થાપના શી રીતે થઈ શકે ? દ્રાવિડી બ્રાહ્મણ તે અન્ય કોઈ નહિ, પરંતુ શંકરાચાર્યજી પોતે જ હતા. તેમણે પોતાનાં તથા જૈનોનાં ધર્મશાસ્ત્રોનો મનનપૂર્વક અભ્યાસ કરવા માંડ્યો. બહુ બહુ વિચારોના પરિણામે તેમને નિશ્ચય થયો કે શાસ્ત્રાર્થથી નાસ્તિક મતનું ખંડન અને વૈદિક ધર્મનું મંડન પુનઃ થઈ શકે તેમ છે. આવો નિશ્ચય કરીને તેઓ ઉજ્જૈન નગરીમાં આવ્યા. ત્યાં તે સમયે સુધન્વા નામનો રાજા રાજ્ય કરતો હતો. એ રાજા જૈન ગ્રંથો ઉપરાંત થોડું સંસ્કૃત પણ જાણતો હતો. ત્યાં જઈને શંકરાચાર્યે વેદોપદેશ કરવા માંડ્યો. વિશેષમાં તેમણે રાજાને કહ્યું કે, હું જૈન લોકો સાથે શાસ્ત્રાર્થ કરવા માગું છું. જો હું જીતું તો જૈનોએ વૈદિક ધર્મ સ્વીકારવો, અને હારી જાઉં તો હું જૈન મતનો સ્વીકાર કરું. રાજાએ શંકરાચાર્યજીની આ વાત સાંભળીને અત્યંત પ્રસન્નતાપૂર્વક કહ્યું કે, સત્યાસત્યનો નિર્ણય કરાવવાને હું તમારો શાસ્ત્રાર્થ અવશ્ય કરાવીશ. આ કારણથી તેણે શાસ્ત્રાર્થ માટે દૂરદૂરથી જૈન પંડિતોને તેડાવી લીધા. શંકરાચાર્યજીએ જૈન પંડિતો સાથે શાસ્ત્રાર્થ ચલાવવા માંડ્યો. શાસ્ત્રાર્થમાં શંકરાચાર્યજીનો વિજય થયો અને જૈન મતવાદીઓનો પરાજય થયો.

થોડા સમય પછી એક જૈને વૈદિકધર્મી હોવાનો ડોળ કરીને છળકપટથી સ્વામી શંકરાચાર્યજીને વિષ આપ્યું અને તેથી તેમનો દેહાંત થયો.

શૈવ મત

સ્વામી શંકરાચાર્યજીથી થોડા વર્ષ પૂર્વ શૈવ મત પ્રચલિત થયો હતો. જૈનોની દેખાદેખી કરીને શૈવમતાનુયાયીઓ પણ જૈનોનાં જેવાં મંદિર બનાવવા લાગ્યા અને મૂર્તિઓ બનાવી તેમનું પૂજન કરવા લાગ્યા. જૈનોમાં ચોવીસ તીર્થંકરોની સામે તેમણે ચોવીસ અવતારો અને જુદાં જુદાં અઢાર પુરાણ બનાવ્યાં.

વૈષ્ણવ મત

રાજા ભોજથી દોઢસો વર્ષ પછી વૈષ્ણવ મતનો આરંભ થયો. શૈવ લોકોએ જેમ શિવપુરાણ બનાવ્યું, તેમ વૈષ્ણવોએ વિષ્ણુ પુરાણ બનાવ્યું. કંજર જાતિમાં શઠકોપ નામનો એક માણસ ઉત્પન્ન થયો, તેણે આ ધર્મ થોડો ઘણો ચલાવ્યો. ત્યાર પછી એક તથાકથિત અસ્પૃશ્ય અને નિમ્ન મનાતા કુળમાં મુનિવાહન થયો. ત્યાર બાદ યાવનાચાર્ય યવન કુળમાં ઉત્પન્ન થયો અને તે પછી ચોથો રામાનુજ બ્રાહ્મણ કુળમાં પેદા થયો. તેણે પોતાનો મત ફેલાવ્યો. શૈવોએ શિવપુરાણ, શાક્તોએ દેવી-ભાગવતાદિ અને વૈષ્ણવોએ વિષ્ણુ પુરાણ આદિ બનાવ્યાં. વાસ્તવમાં તેમણે નવું જ નામ રાખવું જોઈતું હતું, પણ જો કોઈ દરિદ્રી પોતાના પુત્રનું નામ મહારાજાધિરાજ રાખે અને આધુનિકનું નામ સનાતન રાખે, તો તેમાં આશ્ચર્ય શું ? જેવા એ લોકોના પરચૂરણ ઝગડા છે તેવા ઝઘડા તેમણે પુરાણોમાં પણ રાખ્યા છે.

મૂર્તિપૂજા વિચાર

શિષ્ય : ગુરુજી ! મૂર્તિપૂજા ક્યાંથી ચાલી ?

ગુરુ : જૈનોના સમયથી.

શિષ્ય : જૈનોએ કેમ ચલાવી ?

ગુરુ : પોતાની મૂર્ખતાથી.

શિષ્ય : જૈન લોકો તો કહે છે કે, ધ્યાનમગ્ન મૂર્તિઓ જોતાં આપણું મન શાંત બને છે.

ગુરુ : જીવ ચેતન છે અને મૂર્તિ તો જડ છે. શું જડ મૂર્તિની માફક જીવ પણ જડ બની જશે ?

શિષ્ય : જો મૂર્તિપૂજા જૈનોથી જ ચાલી હોય, તો અન્ય પૌરાણિક લોકની મૂર્તિઓ જૈનોની મૂર્તિઓ જેવી કેમ નથી ?

ગુરુ : જો તેમ જ કરત, તો તેઓ જૈનો સાથે મળી જવાનો સંભવ રહેત. આ કારણથી તેમણે જુદા પ્રકારની મૂર્તિઓ બનાવી.

શિષ્ય : ઈશ્વર નિરાકાર હોવાથી તેનું ધ્યાન થઈ શકે નહિ. માટે મૂર્તિ તો બનાવવી જ જોઈએ.

ગુરુ : જો ઈશ્વર નિરાકાર જ હોય, તો તેની મૂર્તિ બની શકતી જ નથી. જો પથ્થરની મૂર્તિને જોવાથી ઈશ્વરનું ધ્યાન થાય, તો ઈશ્વરકૃત પૃથ્વી, સૂર્ય આદિ જોવાથી તેનું ધ્યાન કેમ ન થાય ?

શિષ્ય : ઈશ્વર નિરાકાર છે એ વાત તો ઠીક છે, પરંતુ તેણે શિવ, વિષ્ણુ, રામ, કૃષ્ણ આદિ અવતારો ધારણ કરેલા હોવાથી, તેમની મૂર્તિઓ બનાવીને પૂજવામાં હરકત શી ?

ગુરુ : પરમાત્માને આપણે 'અકાય' કહીએ છીએ તો તે અવતાર કેમ ધારણ કરે ? સર્વવ્યાપી બ્રહ્મ એકદેશીય બનીને ગમન-આગમન શી રીતે કરે ? આવવું-જવું તો એકદેશીય માટે છે, સર્વવ્યાપી માટે નહિ.

શિષ્ય : બરાબર. હવે જો પરમાત્મા સર્વવ્યાપી જ છે, તો મૂર્તિમાં કાં નહિ ? એ રીતે તો મૂર્તિપૂજામાં કશો દોષ ન હોઈ શકે !

ગુરુ : ઈશ્વર તો સર્વવ્યાપક છે, પરંતુ તેની કોઈ એક જ વસ્તુમાં ભાવના કરવી અને અન્યત્ર ન કરવી એ કેટલી વિચિત્ર વાત છે ? એક ચક્રવર્તી રાજાને આખા દેશમાંથી હટાવીને એક ઝૂંપડીનો સ્વામી બનાવવો તે શું તેનું અપમાન કરવા બરાબર નથી કે ? ઈશ્વર

સર્વવ્યાપક છે તો શું તે પુષ્પ, ચંદન, પાણી, અક્ષત આદિમાં નથી કે ? જો છે, તો શું તેથી ઈશ્વરને ઈશ્વર પર ચઢાવવા જેવું થતું નથી કે ?

શિષ્ય : મહારાજ ! અમે સાંભળ્યું છે કે, પૂજારી લોકો મૂર્તિમાં મંત્રોથી આવાહન કરે છે.

ગુરુ : જો આવાહન કરવાથી ઈશ્વર અથવા દેવતા આવતા હોય, તો મૂર્તિ ચેતન કેમ નથી થઈ જતી ?

શિષ્ય : શું ત્યારે વેદોમાં મૂર્તિપૂજાનું ખંડન છે ખરું ?

ગુરુ : અવશ્ય છે, જુઓ, યજુર્વેદમાં લખ્યું છે કે : **न तस्य प्रतिमा अस्ति।** (૩૨.૨) અર્થાત્ તેની એટલે પરમાત્માની પ્રતિમા મૂર્તિ નથી. આમ વેદોમાં મૂર્તિપૂજાનો ખુલ્લો નિષેધ કર્યો છે. તો પછી મૂર્તિપૂજા કરીને વેદ વિરુદ્ધ કાર્ય કરવું યોગ્ય નથી. આમ કરવાથી વેદની નિંદા થાય છે, અને વેદનો નિંદક નાસ્તિક કહેવાય છે. જુઓ, મનુ મહારાજ કહે છે કે - **नास्तिको वेद निन्दकः।** (મનુસ્મૃતિ ૨.૧૧)

શિષ્ય : લોકો કહે છે કે નિરાકારમાં જીવ ન લાગતો હોવાથી મન સ્થિર કરવાને સામે મૂર્તિ રાખવાની જરૂર છે.

ગુરુ : સાકારમાં મનની સ્થિરતા કદાપિ સંભવી શકતી નથી. જો સાકારનું ધ્યાન ધરવા બેસશો તો સાકારના પ્રત્યેક અંગમાં મન દોડતું ફરશે. તે કદી પણ શાંત નહિ રહી શકે. જો એથી શાંતિ પ્રાપ્ત થતી હોત, તો સાંસારિક પુરુષોનાં મન સદેવ દ્રવ્યાદિમાં લાગેલાં રહે છે તે શાંત થઈ જાત; પરંતુ તેમણે હજુ શાંતિ પ્રાપ્ત કરી હોય એવું જણાતું નથી.

શિષ્ય : ખરેખર ! હવે હું બરાબર સમજ્યો કે મૂર્તિપૂજા કરવી તે યોગ્ય નથી. હવે મૂર્તિપૂજામાં શા શા દોષ છે તે પણ મને સંક્ષેપમાં જણાવવાની કૃપા કરો એવું ઇચ્છું છું.

ગુરુ : સાંભળો -

૧. મૂર્તિપૂજાથી પરમાત્માનું ધ્યાન નથી થતું. શાસ્ત્રો કહે છે કે **ऋते ज्ञानान्न मुक्तिः** અર્થાત્ પરમાત્માના જ્ઞાન વિના મુક્તિ પ્રાપ્ત

થતી નથી.

૨. કરોડો રૂપિયા મંદિરો આદિ બનાવવામાં વ્યર્થ જાય છે.

૩. સ્ત્રી-પુરુષોના મંદિરમાં આવવા-જવાથી અને ઠઠ્ઠા-મશ્કરી ચાલવાથી વ્યભિચાર વધે છે.

૪. પાષાણપૂજાને જ સર્વ સુખનું સાધન માનીને આપણે પુરુષાર્થ હીન થઈ જઈએ છીએ.

૫. જુદી જુદી મૂર્તિઓના પૂજારીઓમાં વૈમનસ્ય ઉત્પન્ન થાય છે.

૬. પરમાત્માને નામે એક પથ્થરની મૂર્તિની સ્થાપના કરવી એ ઈશ્વરનું અપમાન કરવા બરાબર છે.

૭. પરમાત્માને સર્વવ્યાપી ન સમજતાં તેને દેશદેશાવરમાં પોતાની સાથે ભટકાવવો પડે છે.

૮. પૂજારીઓને દ્રવ્ય મળવાથી તેઓ તેનો દુરુપયોગ કરતા થાય છે, અને તેથી દેશને હાનિ પહોંચે છે.

૯. માતા-પિતારૂપી ખરેખર ચેતન મૂર્તિઓનો સત્કાર થતો નથી.

૧૦. મૂર્તિ તૂટવાથી દેવતાને હાનિ થાય છે - એવી ખોટી ભાવના મનમાં ઘર કરી બેસે છે, અને તેથી અજ્ઞાનમાં વૃદ્ધિ થાય છે.

૧૧. જડના સંગથી બુદ્ધિ પણ જડ બની જાય છે.

૧૨. સુગંધિત પદાર્થોનો યથાયોગ્ય ઉપયોગ ન થતાં તેને જ્યાં ત્યાં ફેંકી દેવાય છે, અને તેથી દુર્ગંધ ફેલાય છે. પરમાત્માએ ફૂલો આદિને પથ્થર પર ચઢાવવા માટે નથી સરજ્યાં.

આ સ્થળે મૂર્તિપૂજાના માત્ર થોડાક જ દોષો બતાવ્યા છે. એવા તો બીજા અનેક છે. માટે બુદ્ધિનો ઉપયોગ કરી મૂર્તિપૂજાનો સદા ત્યાગ કરવો.

પંચાયતન પૂજા

પાંચ ચેતન મૂર્તિઓની પૂજા આપણે નિત્ય પ્રતિ કરવી જોઈએ અને એ પાંચ નીચે મુજબ છે -

૧. સૌથી પહેલાં માતા એ મૂર્તિ અતિ પૂજનીય છે. સંતાનોએ માતાની તન-મન ધનથી પૂજા કરીને તેને સદા પ્રસન્ન રાખવી જોઈએ તથા તેને લેશ પણ દુઃખ આપવું ન જોઈએ.

૨. જેમ માતા, તેમ પિતા પણ સત્કાર યોગ્ય છે. તેની એ જ પ્રમાણે સદા સેવા કરવી જોઈએ.

૩. આચાર્ય - જેણે તમોને વિદ્યા આદિનું શિક્ષણ આપીને યોગ્ય કર્યા તેની પણ સેવા કરવી જોઈએ.

૪. જેના આવવાની કોઈ તિથિ નિશ્ચિત ન હોય, પરંતુ અચાનક આવી ચડે, એવા ધર્માત્મા, પરોપકારી અને વિદ્વાન મહાત્માની યથાયોગ્ય સેવા કરવી.

૫. પતિ માટે પત્ની, અને પત્ની માટે પતિ, એ બંને એકબીજાનો સત્કાર કરવા યોગ્ય છે.

પાંચમૂર્તિમાન દેવ આ છે, અને એમની સેવા કરવાથી જ મનુષ્ય આ લોક અને પરલોકમાં કલ્યાણ પ્રાપ્ત કરીને પરમાત્માને પામે છે.

તીર્થ શબ્દનો અર્થ

મનુષ્ય જે થકી દુઃખથી તરી જાય, તેનું નામ તીર્થ. પાણી એ તીર્થ કદી પણ ન કહેવાય. કારણ કે તે તો ડુબાવવાવાળું છે. હા, નૌકા કે પૂલનું નામ કદાચ તીર્થ કહી શકાય ખરૂં, કે જેથી મનુષ્ય નદી કે સમુદ્રથી પાર ઉતરી શકે. આજકાલના કહેવાતાં તીર્થસ્થાનોમાં કેટલો દંભ, કેટલી હત્યાઓ અને કેટલું પાપ પોષાય છે, એ જાણીએ તો આપણને તીર્થસ્થાનનું નામ સાંભળતાં જ ચીતરી ચઢે. માટે મનુષ્યનું ખરેખરૂં તીર્થ માતા-પિતા અને ગુરુની સેવા કરવી એ જ છે. બીજું બધું માત્ર જુઠાણું જ છે.

પુરાણ પ્રકરણ

પુરાણ (જુના) હોવાથી પુરાણ કહેવાતાં હશે એમ આપણને પુરાણનું

નામ સાંભળતાં જ ભાવના થાય છે. પુરાણ પર અટલ વિશ્વાસ રાખનાર તેને 'પાંચમો વેદ' ગણે છે. પુરાણ અઢાર છે. ભાગવત બે છે. એક દેવી ભાગવત, જે દેવી ભક્તોની છે તે, અને બીજી શ્રીમદ્ ભાગવત જે વૈષ્ણવોની છે તે. બંને પક્ષો પોતપોતાની ભાગવતને વ્યાસકૃત માને છે. કારણ કે એ લોકોની માન્યતા છે કે, સર્વે પુરાણો પણ વ્યાસજીએ જ બનાવ્યાં છે. પરંતુ વિચાર કરતાં જણાય છે કે, એક પણ પુરાણ વ્યાસજીનું બનાવેલું નથી. કારણ કે વ્યાસજીનો સમય મહાભારતના કાળ સમીપ છે, અને પુરાણોમાં તો બુદ્ધદેવનું વર્ણન છે. બુદ્ધદેવ વ્યાસજી પછી બે અઢી હજાર વર્ષ થયા છે. વાસ્તવમાં પુરાણ બ્રાહ્મણ ગ્રંથોને કહે છે કે જેની અંદર જગતની ઉત્પત્તિનું વર્ણન આવેલું છે. આ 'પુરાણ' શબ્દ વેદવ્યાસની પૂર્વે પણ પ્રચલિત હતો. અશ્વમેધના અંતમાં પુરાણોની કથા સાંભળવામાં આવતી હતી. જો શિવપુરાણાદિ જ પ્રાચીન પુરાણ હોય, તો વેદવ્યાસથી પહેલાં પુરાણોની કઈ કથા સાંભળવામાં આવતી હતી ? પુરાણોના કથન અનુસાર તો વ્યાસજી પછી કળિયુગમાં અશ્વમેધ યજ્ઞ કરવાનું વર્જિત થઈ ગયું. આ બધાં કારણોને ધ્યાનમાં લેતાં પુરાણો વેદ વ્યાસનાં બનાવેલાં નથી એવું સિદ્ધ થાય છે.

ભોજ રાજાના વખતમાં કોઈએ શિવપુરાણ અને માર્કણ્ડેય પુરાણ વ્યાસજીના નામથી બનાવ્યું હતું. જેના સમાચાર રાજા ભોજને થતાં તેણે તે પંડિતોને હસ્તછેદન આદિ દંડ પણ આપ્યા હતા, અને સર્વને જણાવ્યું હતું કે, જે કોઈ કાવ્યાદિ ગ્રંથો બનાવે તેણે તે પોતાના નામથી બનાવવા; પરંતુ ઋષિમુનિઓના નામથી કોઈએ પણ બનાવવા નહિ. આ વાત રાજા ભોજે પોતાના 'સંજીવની' નામના ગ્રંથમાં લખી છે. એ ગ્રંથ ગ્વાલિયરના રાજ્યમાં ભિંડ નગરમાં તિવાડી બ્રાહ્મણોના ઘરમાં છે. લખના [જિ. ઇટાવા, ઉત્તરપ્રદેશ]ના રાવસાહેબ તથા તેના ગુમાસ્તા [કારકુન રામદયાલ ચોબેજી]એ એ ગ્રંથ જોયો છે. એમાં સ્પષ્ટ લખ્યું છે કે - "વ્યાસજીએ ૪૪૦૦ તથા તેમના શિષ્યોએ ૫૬૦૦ એટલે એકંદર દશ હજાર શ્લોકોવાળું મહાભારત બનાવ્યું હતું. એ મહાભારત મહારાજા વિક્રમાદિત્યના સમયમાં વીસ હજાર શ્લોકવાળું થઈ ગયું. મહારાજ ભોજ

કહે છે કે, મારા પિતાશ્રીના વખતમાં પચ્ચીસ હજાર શ્લોકવાળું અને મારી ઉમ્મરમાં ત્રીસ હજાર શ્લોકોવાળું મહાભારત મળે છે. જો આવી રીતે ઉત્તરોત્તર વધતું જશે તો મહાભારત ઊંટના બોજા જેટલું બની જશે. જો આ પ્રમાણે ઋષિમુનિઓના નામથી પુરાણાદિ બનાવનાર હશે, તો આર્યાવર્તના લોકો ભ્રમજાળમાં પડીને વૈદિક ધર્મવિહીન બની ભ્રષ્ટ થઈ જશે.”

ભાગવતનો બનાવનાર તે બોપદેવ હતો, કે જેના ભાઈ જયદેવે ‘ગીત ગોવિંદ’ લખ્યું છે. બોપદેવ પ્રણીત હિમાદ્રિના ગ્રંથમાં બોપદેવ પોતે જ લખે છે કે, શ્રીમદ્ ભાગવત મેં બનાવ્યું છે. આ વસ્તુની જેને ખાતરી કરવી હોય તેણે હિમાદ્રિ ગ્રંથમાં જોઈ લેવું.

શ્રીકૃષ્ણનું ચરિત્ર પણ મહાભારતમાં અત્યુત્તમ વર્ણવ્યું છે. તેમનાં ગુણ-કર્મ-સ્વભાવ અને ચરિત્ર આપ્ત પુરુષનાં જેવાં હતાં. શ્રીકૃષ્ણના જન્મથી લઈને મરણ પર્યંત તેમનું કોઈપણ આચરણ ખરાબ હોય, એવું મહાભારતમાં કોઈ પણ સ્થળે દેખાતું નથી. પરંતુ ભાગવતકારે તો શ્રીકૃષ્ણ પર અનુચિત, મનમાન્યા અનેક દોષો લગાવી દીધા છે.

આ રીતે ભાગવત આદિ પુરાણો કૃત્રિમ છે અને તેમાં અનેક બુદ્ધિ વિરુદ્ધની વાતો ભરેલી છે.

ગ્રહ પ્રકરણ

ગ્રહો આપણા પર પ્રસન્ન થાય છે, ક્રોધિત થાય છે, આદિ મિથ્યા વાતો અજ્ઞાની અને પાખંડી લોકોએ ફેલાવી છે. દરેક ગ્રહ માટે સ્વાર્થી લોકો એક એક વેદમંત્ર બતાવે છે; પરંતુ તેમ નથી. એ લોકો પોતાના સ્વાર્થની ખાતર મંત્રનો અર્થ મારી મચડીને કરે છે. ગ્રહો જડ છે, ચેતન નથી. તે કદી પ્રસન્ન પણ નથી થતા અને ક્રોધિત પણ નથી થતા. માટે ગ્રહદશા, પનોતી આદિ સઘળી વાતો મિથ્યા છે. તેમાં લેશ પણ વિશ્વાસ મૂકવાની આવશ્યકતા નથી.

સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ

ગ્રહણની બાબતમાં પણ એક પ્રકારનો ભ્રમ ફેલાયેલો છે. ગ્રહણનું

જ્ઞાન, એ જ્યોતિષ વિદ્યાનું ફળ છે. જ્યોતિષ બે પ્રકારનું - ગણિત અને ફલિત. ગણિત જ્યોતિષ એટલે તારાની ચાલ, ગ્રહણનું જ્ઞાન આદિ જે વડે જાણી શકાય છે. ફલિત જ્યોતિષ અસત્ય છે. એમાં ગ્રહોની અનુકૂળતા, પ્રતિકૂળતા, દશા, પનોતી આદિ આવે છે. આ બધી એક જાતની ભ્રમજાળ છે. ખરૂં જ્યોતિષ તો ગણિતનું છે.

જ્યારે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્રમા આવે છે, ત્યારે સૂર્યગ્રહણ થાય છે, અને જ્યારે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વી આવે છે, ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. અર્થાત્ ચંદ્રની છાયા ભૂમિ ઉપર અને ભૂમિની છાયા ચંદ્ર ઉપર પડે છે. સૂર્ય તો પ્રકાશરૂપ હોવાથી તેના ઉપર કોઈની છાયા પડતી નથી. આ સિવાય ગ્રહણ થવાનું અન્ય કારણ એક પણ નથી.

વળી સૂર્યગ્રહણ અમાવાસ્યાના દિવસે અને ચંદ્રગ્રહણ પૂર્ણિમાના દિવસે જ થાય છે. તેમાં કદી પણ ફેરફાર થઈ શકતો નથી; કારણ કે એ દિવસો સિવાય ગ્રહણના ઉપરોક્ત સંજોગો ઉત્પન્ન થતા નથી. સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી સમાંતર લીટીમાં આવતાં નથી.

ગરુડ પુરાણ

કેટલાક કહે છે કે વિષ્ણુ ભગવાનની સવારીમાં એક ગરુડ પક્ષી રહે છે. માટે તેના નામથી વ્યાસજીએ એક પુરાણ બનાવીને તેનું નામ ગરુડ પુરાણ રાખ્યું છે. એની અંદર યમરાજાનું આવવું અને વૈતરણી નદી આદિની વાતો છે, પરંતુ તે પણ બધું વેદ વિરુદ્ધ અને મિથ્યા છે.

વ્રત પ્રકરણ

એકાદશી આદિ વ્રતો, ઉપવાસ આદિ સઘળી બાબતો પણ કેવળ ભ્રમ છે. હા, વૈદ્યક દૃષ્ટિએ જોઈએ તો તેમાં કંઈ ખોટું નથી, પરંતુ ધર્મની દષ્ટિએ તેમાં કશું જ નથી. ખરેખરા વ્રત તો પંચ મહાયજ્ઞ કરવા, સત્ય ભાષણ કરવું ઇત્યાદિને જ કહે છે. એકાદશી આદિ અમુકનું આ ફળ અને તમુકનું તે ફળ, આવી બાબતો પર કદીપણ વિશ્વાસ લાવવો નહિ. એ બધા પેટ ભરવાના જ ધંધા છે, અને સ્વાર્થની જ વાતો છે. માટે એવી

મિથ્યા વાતો અને પાખંડોથી સદા ચેતતા રહેવું.

કેટલાક સ્વાર્થી લોકો મારણ (બીજાને મારી નાંખવું), મોહન (કોઈને વશ કરવું) અને ઉચ્ચાટન (ઉચાટમાં નાખી દેવું)ની જાળ ફેલાવે છે. આ સઘળી વાતો પણ નિરર્થક છે. સ્વાર્થી લોકોએ એને માટે પણ મંત્રો રાખેલા છે, પરંતુ તેમાં લેશમાત્ર પણ વિશ્વાસ મૂકવો નહિ. મંત્ર-જંત્ર-તંત્ર એ સર્વે ખોટા વહેમ છે. માટે આવી આવી વાતોથી પણ ચેતીને ચાલવું.

સાધુ પ્રકરણ

જે પોતાની ઇન્દ્રિયોને દુષ્ટ કર્મોથી દૂર કરીને પોતાના વશ રાખે તે જ સાધુ. સાધુ એટલે છળ-કપટ રહિત સીધા અને સરળ સ્વભાવવાળો પુરુષ; પરંતુ કમનસીબે આજકાલ આવા સાધુ જવલ્લે જ દેખાય છે. આજના સાધુઓમાં વિદ્યાનો તો સર્વથા અભાવ હોય છે. કોઈ એવા સાધુને પૂછશો કે, બાવાજી ! કંઈ ભણ્યા છો ? તો તે તરત જ ઉત્તર આપશે કે, સાધુઓને વળી ભણવાની શી જરૂર અને સાધુઓને ક્યાં નોકરી કરવી છે ? કેમ જાણે વિદ્યાભ્યાસ એ નોકરી માટે જ હોય ને !

આજે સાઠ લાખ[14] ભીખમંગા સાધુ ભારતભૂમિને ભારરૂપ થઈને ફરે છે. એ લોકો લુચ્ચાઈ, જોર-જબરી અને પાખંડ આદિથી પૈસા પડાવે છે અને ભાંગ-ગાંજાની ધૂનમાં જ મસ્ત રહે છે.

એ લોકોની વૃદ્ધિ કરનાર આપણે પોતે જ છીએ. દાન આપીને પુણ્ય કમાવાની લાલચે આપણે એ કુપાત્રોને પોષીએ છીએ. એમની આળસને ઉત્તેજન આપીએ છીએ. દાનના અધિકારી માત્ર ત્રણ જ પ્રકારનાં માણસો છે - એક અશક્ત અર્થાત્ લૂલા, લંગડા, પાંગળા, રોગી ઇત્યાદિ. બીજા પરોપકારી અને ત્રીજા વિદ્વાન. ઘણાખરા સાધુઓ આ ત્રણમાંથી એક પણ બાબતના અધિકારી હોતા નથી. તેઓ તો હૃષ્ટપુષ્ટ અને માતેલા સાંઢ

[14] આ સંખ્યા આ પુસ્તક લખાયું ત્યારની એટલે કે ૧૯૩૫ની છે. આજે તો આ સંખ્યામાં ખાસ્સો વધારો થયો હશે એવું અનુમાન છે. - સંપાદક

જેવા હોય છે. આવા કુસાધુઓથી સદા દૂર રહેવું, અને જે વિદ્વાન તથા પરોપકારી હોય એવા સાચા સાધુઓની સેવા કરવી.

વિવિધ પંથો

આ રીતે અજ્ઞાનતા, સ્વાર્થ, પાખંડ ઇત્યાદિને લઈને અનેક પંથી ઉત્પન્ન થયા. જેવા કે કબીરપંથ, નાનકપંથ, દાદુપંથ, રામસ્નેહી, ગોકુળીયા ગુંસાઈ, સ્વામિનારાયણ મત વગેરે. આવા આવા પંથો અને ભેદોથી ન તો આપણી ઉન્નતિ થાય છે, અને ન તો ઈશ્વર-પ્રાપ્તિ. માત્ર અનેકાનેક પંથો અને વાડાઓને લઈને આપણી શક્તિ દિનપ્રતિદિન કૃષ્ણ પક્ષના ચંદ્રની માફક ક્ષીણ થતી જાય છે.[15]

000

---

[15] સત્યાર્થપ્રકાશના અગિયારમા સમુલાસમાં મહર્ષિ દયાનંદે આર્યાવર્તમાં ફેલાયેલ વામમાર્ગથી લઈ બ્રહ્મોસમાજ અને પ્રાર્થનાસમાજ સુધીના અનેક મતમતાંતરોનું ખંડનમંડન કર્યું છે. સત્યાર્થપ્રકાશનો આ સૌથી મોટો સમુલ્લાસ છે, જે આ કુમાર સત્યાર્થ પ્રકાશના આકારનાં લગભગ ૧૦૬ પાનાંમાં પૂરો થાય છે. - સંપાદક

બારમો સમુલ્લાસ

ચાર્વાક, બૌદ્ધ અને જૈન મત

ચાર્વાક મત

ચાર્વાક મત એક બૃહસ્પતિ નામક પુરુષે ચલાવ્યો છે. એ માણસ વેદ, ઈશ્વર કે કર્મોમાં પણ માનતો ન હતો. તેનો સિદ્ધાંત હતો –

"એક દિવસ મરવું તો છે જ, માટે જીવવું ત્યાં લગી સુખમાં જીવવું. મરવા પછી પુનર્જન્મ નથી. શરીરથી આત્મા ભિન્ન નથી. પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ એ ચાર ભૂતોના સંયોગથી શરીરમાં ચૈતન્ય ઉત્પન્ન થાય છે, અને શરીરના વિનાશની સાથે તે પણ નષ્ટ થઈ જાય છે. આ કારણથી મરવા પછી પણ કોઈ જાતનું સુખ-દુઃખ નથી."

આવી આવી તેની માન્યતાઓ હતી. તે પ્રત્યક્ષ પ્રમાણ સિવાય, અનુમાન આદિને માનતો નહિ.

ચાર્વાકના આ સિદ્ધાંતનો એ ઉત્તર આપી શકાય કે, પૃથ્વી આદિ ભૂતો જડ છે. તે કારણથી તેનાથી ચેતનની ઉત્પત્તિ થઈ શકતી નથી.

મદની માફક ચેતનની ઉત્પત્તિ અને તેનો વિનાશ થઈ શકતો નથી; કારણ કે મદ ચેતનને થાય છે, જડને નહિ. પદાર્થો નષ્ટ થાય છે, પરંતુ તેનો અભાવ થતો નથી. કોઈ પણ વસ્તુનું અદર્શન એ તેનો અભાવ નથી.

જડ શરીર અને ચેતન આત્માના સંયોગને જન્મ અને તેમના વિયોગને મરણ કહે છે. પ્રત્યક્ષ સિવાય અનુમાન આદિ બીજાં પ્રમાણ પણ પુનર્જન્મ માટે છે. કર્મોનાં ફળ ભોગવનાર જીવ છે અને તે ફળ ભોગવાવનાર ઈશ્વર છે. ચાર્વાક આદિ લોકોએ વેદાર્થનો વિચાર કર્યો હોત, તો તે ખોટી ભ્રમજાળમાં સપડાત નહિ.

બૌદ્ધ મત

બુદ્ધદેવને માનનારા બૌદ્ધ કહેવાય છે. ચાર્વાક મતવાળા દેહની ઉત્પત્તિ સાથે જીવની પણ ઉત્પત્તિ, અને દેહના અંત સાથે જીવનો પણ અંત માને છે. એ લોકો પુનર્જન્મ નથી માનતા.

બૌદ્ધ મતવાળા જીવાત્માને અનાદિ, પુનર્જન્મ, જીવની મુક્તિ, પરલોક અને પ્રત્યક્ષાદિ પ્રમાણ માને છે, પરંતુ તેઓની માન્યતા એવી પણ છે કે, જગતનો કર્તા કોઈ નથી.

બૌદ્ધો ચાર પ્રકારના છે. ૧. માધ્યમિક બૌદ્ધ ૨. યોગાચાર બૌદ્ધ ૩. સૌત્રાન્તિક બૌદ્ધ ૪. વૈભાષિક બૌદ્ધ.

૧. માધ્યમિક બૌદ્ધ : સર્વ શૂન્યવાદી છે. તેઓ શૂન્યને માને છે. અર્થાત્ જગત આદિ જેટલા પદાર્થો છે તે બધા શૂન્ય છે. એટલે પહેલાં પણ ન હતા, અને પછી પણ રહેશે નહિ. મધ્યકાળમાં જે પ્રતીત થાય છે, તે પણ પ્રતીત સમયમાં જ રહે છે, અને પછી શૂન્ય થઈ જાય છે. જેમ ઘડો તેની ઉત્પત્તિ પહેલાં પણ ન હતો, અને તેના નાશ પછી પણ નથી રહેતો, તેમ સૌનું માનવું. માત્ર શૂન્ય જ એક તત્ત્વ છે.

૨. યોગાચાર બૌદ્ધ : બાહ્ય વસ્તુ સમૂહને શૂન્ય માને છે. અર્થાત્ પદાર્થ આંતરજ્ઞાનમાં જ ભાસે છે, બહાર નહિ. જેમ કે, ઘડાનું જ્ઞાન આત્મામાં જ્યારે હોય છે, ત્યારે જ મનુષ્ય કહી શકે છે, કે આ ઘડો છે; પણ જો અંદર ઘડાનું જ્ઞાન ન હોય, તો તે કદી પણ તેમ કહી શકતો નથી.

૩. સૌત્રાન્તિક બૌદ્ધ : બહારના સર્વે પદાર્થોને અનુમાનથી માને છે; કારણ કે બહારનો કોઈ પણ પદાર્થ સાંગોપાંગ દેખાતો નથી, પરંતુ તેનો એક ભાગ પ્રત્યક્ષ થાય છે, અને બીજાનું અનુમાન કરવું પડે છે.

૪. વૈભાષિક બૌદ્ધ : બહારના સર્વે પદાર્થને પ્રત્યક્ષ માને છે, પણ

અંતરના પદાર્થને પ્રત્યક્ષ માનતા નથી. જેમ કે, કાળો ઘડો. એને જાણવાને તેની બહારની આકૃતિના જ્ઞાનની જરૂર પડે છે.

બૌદ્ધોના આચાર્ય એક થયા, પરંતુ તેની શાખાઓ આમ ચાર થઈ છે.

બૌદ્ધોની પૂજા

બૌદ્ધ લોકો બુદ્ધ ભગવાનની પૂજા કરે છે. તેમની બીજી પૂજા દ્વાદશાયતન પૂજા કહેવાય છે. દ્વાદશાયતન પૂજા નીચે પ્રમાણે છે -

સંસારને તેઓ દુઃખરૂપ અને ક્ષણિક માને છે, અર્થાત્ સંસારમાં કોઈ વસ્તુ સુખ આપવાવાળી નથી, અને પ્રત્યેક વસ્તુ પ્રતિક્ષણ પરિવર્તિત થતી જાય છે. જે તીર્થંકરોને જૈનો માને છે, તેને જ બૌદ્ધો પણ માને છે.

સમીક્ષા

જો બધું શૂન્ય છે, એમ કહેવામાં આવે, તો તે બરાબર નથી; કારણ કે શૂન્યને જાણનારો શૂન્ય ન હોય. જો સઘળું શૂન્ય જ માનવામાં આવે, તો શૂન્ય, શૂન્યને કદાપિ જાણી શકે નહિ. આ કારણથી સંસારમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એ ત્રણે વસ્તુ વિદ્યમાન છે. પ્રત્યેક વસ્તુનું જ્ઞાન આત્માની અંદર રહે છે, અને વસ્તુ બહાર રહે છે. જો બહાર કશું ન રહે અને સઘળું અંદર જ રહે, તો શું પર્વત કોઈના આત્મામાં આવી શકે ખરો ? આ કારણથી પર્વત બહાર અને પર્વતનું જ્ઞાન અંદર હોય છે. જો આખો ઘડો ન દેખાય તો આપણે એમ ન કહી શકીએ કે, આ ઘડો છે, પરંતુ ઘડાનો એક ભાગ છે એમ જ કહીએ છીએ. વળી એ લોકોનો ક્ષણિકવાદ પણ બરાબર નથી. આખું જગત દુઃખી છે, એમ કહેવું પણ બરાબર નથી; કારણ કે સુખ વિના દુઃખ થતું જ નથી. જેમ દિવસ વિના રાત્રિ નથી, અને રાત્રિ વિના દિવસ નથી, તેમ સુખ-દુઃખ પણ સંસારમાં એ જ પ્રમાણે છે.

માત્ર એક પરમાત્મા વિના કોઈ પણ દેવ કે તીર્થંકર પૂજનીય નથી.

જૈન મત

જિન દેવને માનનારા જૈન કહેવાય છે. એ જૈનોમાં પણ અનેક ભેદ છે. જૈનો વેદને નથી માનતા. ઈશ્વરને સૃષ્ટિનો કર્તા પણ નથી માનતા. તેમ જ યજ્ઞાદિ કર્મને પણ તેઓ વ્યર્થ માને છે. એ લોકો છ દ્રવ્યને માને છે - ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ, જીવ અને કાળ.

જૈન લોકો કહે છે કે આ જીવ જ ઈશ્વર થઈ જાય છે. એ લોકોની માન્યતા છે કે, જેટલા તીર્થંકરો થયા, તે સર્વે મુક્ત થઈને ઈશ્વર રૂપ બની ગયા છે. તેમના છ પ્રકાર છે - સર્વજ્ઞ, વીતરાગ, અર્હન, કેવલી, તીર્થંકર અને જિન. જૈનો ઈશ્વરને આ કારણથી નથી માનતા કે તેનું કોઈ પ્રત્યક્ષ પ્રમાણ નથી. પ્રત્યક્ષ સિવાય અનુમાન થઈ શકતું નથી, એવી તેમની માન્યતા છે. ઈશ્વરને દેખી, સાંભળી, સૂંઘી, સ્પર્શી કે ચાખી શકાતો નથી, માટે ઈશ્વર નથી એમ તેઓ માને છે. પ્રત્યક્ષ અને અનુમાનને અભાવે તેઓ શબ્દ પ્રમાણને પણ માનતા નથી; અર્થાત્ વેદાદિ દ્વારા પણ તેઓ ઈશ્વરનું અસ્તિત્વ માની શકતા નથી. આ લોકો ઋષભદેવથી માંડીને મહાવીર સ્વામી પર્યંત ચોવીસ તીર્થંકરોને ઈશ્વર માને છે.

જૈન ગ્રંથોની કેટલીક વિચિત્ર વાતો

જૈનોના ગ્રંથ 'રત્નસાર ભાગ-૧'ના પૃષ્ઠ ૧૪૯ પર લખેલું છે કે, પ્રત્યેક વનસ્પતિના જીવ શરીરની લંબાઈ એક હજાર યોજન (જૈનોનું યોજન દશ હજાર કોસનું થાય છે) છે. શંખ, કોડી અને જૂ આદિનું શરીર ૪૮ કોસનું હોય છે અને આયુષ્ય ૧૨ વર્ષનું હોય છે.

એ જ પુસ્તકના પૃષ્ઠ ૧૬૬-૧૬૭ પર તીર્થંકરોના શારીરિક પ્રમાણ વિશે લખ્યું છે કે, ઋષભદેવનું શરીર ૫૦૦ ધનુષ્ય (એક ધનુષ્ય સાડા-ત્રણ હાથ લાંબો ગણાય છે) લાંબું છે, અને ૮૪ લાખ પૂર્વ વર્ષની આયુ છે. અજીતનાથનું શરીર ૪૫૦ ધનુષ્ય લાંબુ અને ૭૨ લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય છે. સલ્ભવનાથનું શરીર ૪૦૦ ધનુષ્ય લાંબુ અને ૬૦ લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય છે. આ પ્રમાણે અન્ય તીર્થંકરોનાં શરીર પણ એવાં જ છે.

એમના ગ્રંથોમાં ત્રણ કોસનું શરીર તો માણસનું લખ્યું છે. એક કુરુક્ષેત્રમાં ૮૪ સહસ્ત્ર નદીઓ લખી છે.

આ રીતે જૈન મતમાં ભૂગોળના વિસ્તાર વિશે, કાળની લંબાઈ વિશે અને પ્રાણી-શરીરની લંબાઈ તથા આયુષ્યને વિશે એટલી તો બુદ્ધિ વિરુદ્ધની વાતો લખી છે, કે જેનો પાર જ નહિ. વેદ ધર્મ આ સઘળી વાતોને મિથ્યા જણાવે છે. જૈન મતમાં ડગલે ને પગલે અસંભવ દોષ દષ્ટિગોચર થાય છે.

જૈનો માટે છ કર્મો વર્જિત છે

જૈનોના ધર્મગ્રંથ અનુસાર તેમને છ કર્મો કરવાં વર્જિત છે, અને તે નીચે મુજબ છે -

(૧) બીજા ધર્મની મોટાઈ (૨) અન્ય મતવાળાને નમસ્કાર (૩) અન્ય ધર્મીઓ સાથે વાતચીત (૪) તેમની સાથેનો વ્યવહાર (૫) તેમને વસ્ત્રાદિ આપવાં (૬) તેમની પ્રતિમાઓના પૂજન માટે પુષ્પાદિ આપવાં. (વિવેકસાર પૃ. ૨૨૧)

જૈન ધર્મ એમ કહે છે કે, હરિ, હર, બ્રહ્મા, શ્રીકૃષ્ણાદિ જેટલા દેવો છે, તે સઘળા કુદેવ હોવાથી નરકમાં ગયા છે. કોઈ જૈન એમ કહે કે 'અમારા સાધુમાં પણ ધર્મ છે અને અન્ય મતાવલંબી સાધુઓમાં પણ ધર્મ છે', તો તે નરકનો અધિકારી થાય છે. જૈન સાધુ અધર્મી હોય છતાં તે અન્ય ધર્મના એક ધર્માત્મા સાધુ કરતાં સારો છે, એમ જૈન ધર્મ ચોખ્ખું કહે છે.

જૈનોની મુક્તિનું વર્ણન

'રત્નસાર ભાગ-૧'ના પૃષ્ઠ ૨૩ પર લખેલ છે કે ઉર્દ્ધ લોકમાં એક સિદ્ધ શિલા છે, તે સ્વર્ગપુરીથી પણ ઉપર ૪૫ લાખ યોજન લાંબી, એટલી જ પહોળી તથા આઠ યોજન મોટી છે અને મોતીથી પણ અધિક ઉજ્જવળ છે. એ શિલા ચૌદમા લોકની શિખા ઉપર છે અને તેના ઉપર શિવપુર ધામ છે. તેમાં મુક્ત જીવ આનંદ કરે છે. મુક્ત જીવ એ સિદ્ધ શિલા પર જ પોતાનો વાસ કરે છે.

'શ્રાદ્ધ દિન કૃત્ય' પુસ્તકના ૩૧મા પૃષ્ઠ ઉપર લખ્યું છે કે, વાવ, કૂવા, તળાવ આદિ ન બનાવવાં જોઈએ. 'રત્નસાર ભાગ-૧' પુસ્તકના ૧૦૪મા પાને લખેલું છે કે, બગીચો કરવાથી માળીને એક લાખ પાપ લાગે છે.

આ મતના કેટલાક સાધુઓ 'ઢુંઢીઆ' કહેવાય છે. ભોજનના સમય સિવાય એ લોકો મોં પર એક લૂગડાની પટ્ટી (મોમતી) બાંધે છે; કારણ કે તેમ ન કરે તો શ્વાસોશ્વાસથી હવામાંના જીવોની હિંસા થાય છે.

સમીક્ષા

એ જ પુસ્તક 'રત્નસાર ભાગ-૧'માં કહેલું છે કે, ન તો શરીર પરથી કંઈ મેલ ઉતારવો કે ન તો તેને ખંજવાળવું. આવી તો અનેક બુદ્ધિવાદથી વિરુદ્ધની વાતો જૈન ગ્રંથોમાં જોવામાં આવે છે. એ સઘળી વાતોનો બુદ્ધિપૂર્વક વિચાર કરતાં શું તે મિથ્યા નથી લાગતી ?

જીવ એ ઈશ્વર નથી બની શકતો, અને ઈશ્વર જીવ નથી બની શકતો. જૈનોની પૃથ્વીનો વિસ્તાર પણ ભૂગોળ વિરુદ્ધ છે, અને તેવી જ વાત પ્રાણીઓના તથા તીર્થંકરોના શરીરની છે. કૂવા, વાવ, તળાવ તથા બગીચા આદિ બનાવવામાં અવરોધ કરવો, એ પણ ઈશ્વરી સૃષ્ટિને દુ:ખ દેવા બરાબર છે. સ્નાન ન કરવું, એ અપવિત્રતા છે. મોઢા પર મોમતી બાંધવી એ પણ કંઈ ઓછું અજ્ઞાન નથી. મનુષ્યનું શરીર ત્રણ કોસ લાંબુ હોવું અને કુરુક્ષેત્રમાં ૮૪ હજાર નદીઓનું હોવું એ વાત અનુમાન પ્રમાણથી પણ તદ્દન વિરુદ્ધ છે. પોતાના ધર્મવાળા પાપીઓને પણ સારા ગણવા અને અન્ય ધર્મી ધર્માત્માઓને દુષ્ટ કહેવા, એ પણ ચોક્ખો પક્ષપાત જ છે. સિદ્ધ શિલા એ માત્ર એક પ્રલોભન જ છે. આ વાતો સઘળી બુદ્ધિ વિરુદ્ધ, વેદ વિરુદ્ધ અને મિથ્યા છે, અને લેશ પણ વિશ્વાસ મૂકવા લાયક નથી.

આસ્તિક-નાસ્તિક સંવાદ

હવે 'પ્રકરણ રત્નાકર'ના બીજા ભાગમાંથી આસ્તિક-નાસ્તિક સંવાદના પ્રશ્નોત્તર આપવામાં આવે છે. ઉક્ત 'પ્રકરણ રત્નાકર' ગ્રંથ

વિદ્વાન જૈન સદ્દગૃહસ્થોએ પ્રમાણિક સમજીને મુંબઈમાં છપાવ્યો છે.[16]

નાસ્તિક : ઈશ્વરની ઇચ્છાથી કશું જ થતું નથી; જે કંઈ થાય છે, તે કર્મથી જ થાય છે.

આસ્તિક : જો બધું કર્મથી જ થાય છે, તો કર્મ કોનાથી થાય છે ? જો કહો કે જીવ આદિથી થાય છે, તો જે શ્રોત્રાદિ સાધનોથી જીવ કર્મ કરે છે, તે (સાધનો) કોનાથી થાય છે ? જો કહો કે અનાદિ કાળથી અને સ્વભાવથી થાય છે, તો અનાદિનું છૂટવું અસંભવ છે. (અનાદિ ઇન્દ્રિયો અને શરીરનો નાશ ન થવો જોઈએ) એથી તો તમારા મતમાં મુક્તિનો અભાવ થશે. જો કહો, કે પ્રાગભાવવત્[17] અનાદિ સાન્ત [એટલે કે જેનો અંત આવે કે લાવી શકાય તેવું] છે, તો [પ્રાગભાવની નિવૃત્તિ જેમ અયત્ન સિદ્ધ છે તેમ] યત્ન કર્યા સિવાય જ સૌનાં કર્મો નિવૃત્ત થવાં જોઈએ. જો ઈશ્વર કર્મનું ફળ આપનાર ન હોય, તો પાપનું દુઃખરૂપ ફળ જીવાત્મા પોતાની ઇચ્છાથી કદી પણ ભોગવે નહિ. ચોર ચોરીનું દુઃખ રૂપ ફળ પોતાની ઇચ્છાથી નથી ભોગવતો, પણ રાજ્ય-વ્યવસ્થાને આધીન થઈને ભોગવે છે. અર્થાત્ પાપ-પુણ્યનું ફળ જીવાત્માને ઈશ્વર આપે છે.

---

[16] ૧૮૭૬માં નિર્ણય સાગર પ્રેસ મુંબઈથી મુદ્રિત પ્રકરણ-રત્નાકરના બીજા ભાગમાં પાન ૧૭૭-૨૧૧ પર આસ્તિક અને નાસ્તિકનો એક સંવાદ વર્ણિત છે. સ્વામી દયાનંદે એ સંવાદના આધારે આ સંવાદ લખ્યો છે. પ્રકરણ-રત્નાકરમાં જૈનોનો જે પક્ષ 'આસ્તિક' તરીકે આપવામાં આવ્યો છે, તેને સ્વામીજીએ અહીં 'નાસ્તિક' તરીકે મૂક્યો છે; અને 'નાસ્તિક'ના પક્ષને 'આસ્તિક' તરીકે મૂક્યો છે. અહીં 'આસ્તિક'નો પક્ષ અથવા ઉત્તર સ્વામીજીએ સ્વયં પ્રસ્તુત કર્યો છે. - સંપાદક

[17] સત્યાર્થ પ્રકાશના ત્રીજા સમુલ્લાસમાં સ્વામી દયાનંદે લખ્યું છે : "क्रियागुणव्यपदेशाभावात्प्रागसत्। (વૈશેષિક દર્શન ૯.૧.૧) ક્રિયા અને ગુણના વિશેષ નિમિત્તના અભાવથી 'પ્રાક્' એટલે કે પહેલાં (અસત્) ન હતું. જેમ કે, ઘડો, વસ્ત્ર વગેરે ઉત્પત્તિ પહેલાં ન હતાં, આનું નામ 'પ્રાગભાવ' છે." - સંપાદક

જો તેમ ન હોય, તો કર્મ સંકર થઈ જાય અને એકનાં કર્મો બીજાને ભોગવવાં પડે.

નાસ્તિક : ઈશ્વર અક્રિય (ક્રિયા વગરનો) છે. કારણ કે જો ઈશ્વર કર્મ કરતો હોય, તો કર્મનાં ફળ પણ તેને ભોગવવાં પડે. માટે જેમ અમે કેવલીને (મુક્તિ પામેલા જીવોને) અક્રિય માનીએ છીએ, તેમ તમે પણ માનો.

આસ્તિક : ઈશ્વર અક્રિય નથી, પરંતુ સક્રિય છે. જ્યારે ઈશ્વર ચેતન છે તો પછી તે કર્તા કેમ ન હોય ? અને જે કર્તા છે, તે ક્રિયા શૂન્ય હોઈ શકતો નથી. જેમ તમે કૃત્રિમ ઈશ્વર તીર્થંકરને જીવમાંથી બનેલ માનો છો, તેવી રીતે કોઈ પણ બુદ્ધિશાળી પુરુષ માની શકે નહિ. કારણ કે તેના ઈશ્વર બનવાથી જીવ પોતે અનિત્ય અને પરાધીન બની જાય છે. કેમ કે ઈશ્વર બનવાથી પહેલાં તો તે પણ એક જીવ જ હતો. પાછળથી કોઈ કારણે તે જેમ ઈશ્વર બન્યો, તેમ તે પાછો જીવ પણ બની જવાનો. તે પોતાના જીવત્વ સ્વભાવને કદી પણ છોડી શકશે નહિ. કારણ કે જીવનું અસ્તિત્વ અનંત કાળથી છે, અને અનંત કાળ સુધી રહેવાનું છે. માટે અનાદિ અને સ્વતઃસિદ્ધ ઈશ્વરને માનવો એ જ યોગ્ય છે. વર્તમાનમાં જેમ જીવ પોતાનાં પાપ-પુણ્ય અનુસાર સુખ દુઃખ ભોગવે છે, તેમ ઈશ્વર કદી ભોગવતો નથી. જો ઈશ્વર ક્રિયાત્મક (સક્રિય) ન હોત, તો તે આ જગતને શી રીતે બનાવી શકત ? જો કર્મોને પ્રાગભાવવત્ અનાદિ સાન્ત સમજતા હો તો કર્મ સમવાય - નિત્ય સંબંધથી રહેશે નહિ. અને જે સમવાય સંબંધથી નથી, તે સંયોગજ - સંયોગથી ઉત્પન્ન થયેલાં હોવાથી અનિત્ય હોય છે. જો તમે મુક્તિમાં ક્રિયાશૂન્યતા માનતા હો, તો તે મુક્ત જીવોને તમે જ્ઞાનવાન માનો છો કે નહિ ? જો હા કહેતા હો, તો તેઓ પણ અંતઃક્રિયા કરનાર જ થયા; અને ના કહેતા હો તો એ મુક્તિમાં રહેલા જીવો પાષાણવત્ જડરૂપ થયા. કંઈ પણ ક્રિયા ન કરતાં જે એક જ ઠેકાણે પડ્યો રહે તેના માટે મુક્તિ એ કંઈ પણ વસ્તુ નથી. એ રીતે તો મુક્તિનો અર્થ માત્ર અંધકાર અને બંધન એવો જ ઠરે છે.

નાસ્તિક : ઈશ્વર સર્વવ્યાપક નથી. જો તે સર્વવ્યાપક હોય, તો સઘળી વસ્તુઓ ચેતનરૂપ કેમ હોય નહિ ? વળી સર્વવ્યાપક હોય, તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આદિની ઉત્તમ, મધ્યમ અને નિકૃષ્ટ અવસ્થા કેમ હોય ? કારણ કે ઈશ્વર જો એકસરખો જ વ્યાપી રહ્યો હોય, તો નાન-મોટાઈ પણ ન જ હોવી જોઈએ.

આસ્તિક : વ્યાપ્ય અને વ્યાપક એ એક નથી. વ્યાપ્ય એકદેશીય, અને વ્યાપક સર્વદેશીય હોય છે. જેવી રીતે આકાશ સર્વમાં વ્યાપક - સર્વદેશીય, અને પૃથ્વી, ઘડો એ વ્યાપ્ય એકદેશીય હોવાથી પૃથ્વી અને ઘડો એ આકાશ નથી, તેવી જ રીતે ઈશ્વર અને જગત પણ એક નથી. આ રીતે પરમેશ્વર એ સઘળી ચેતન વસ્તુઓમાં છે, છતાં તે ચેતન વસ્તુઓ પરમેશ્વર નથી. જેમ વિદ્વાન-અવિદ્વાન, અને ધર્માત્મા-અધર્માત્મા એક સરખા નથી હોતા, તેમ વિદ્યાદિ સદ્‌ગુણ, સત્ય ભાષણાદિ કર્મ અને સુશીલતાદિ સ્વભાવથી ન્યૂનાધિકતાના કારણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આદિને તે તે પ્રમાણમાં નાના-મોટા માનવામાં આવે છે.

નાસ્તિક : જો ઈશ્વરની રચનાથી જ સૃષ્ટિ થતી હોય, તો પછી માતા-પિતાનું પ્રયોજન શું છે ?

આસ્તિક : ઐશ્વરીય સૃષ્ટિનો કર્તા ઈશ્વર છે, પરંતુ જીવ-સૃષ્ટિનો કર્તા ઈશ્વર નથી. જીવોનાં કર્તવ્ય-કર્મનો કર્તા ઈશ્વર નથી, પરંતુ જીવ પોતે જ છે. જેમ વૃક્ષ, ફળ, ઔષધિ, અન્ન ઇત્યાદિ પદાર્થો ઈશ્વરે ઉત્પન્ન કરેલા છે, પરંતુ મનુષ્ય તેના પર યોગ્ય ક્રિયા કરીને જો તેને ઉપયોગમાં ન લે, તો તે કાર્ય શું ઈશ્વર પોતે કરવાને આવશે ? જીવો જો એ કાર્યો ન કરે, તો તેમનું જીવન જ નષ્ટ થઈ જશે. માટે આદિ સૃષ્ટિમાં જીવનાં શરીર અને તેમના શરીરના સંચા બનાવવાનું કાર્ય ઈશ્વરનું હતું, પરંતુ તે પછી પુત્રાદિની ઉત્પત્તિનું કાર્ય તો જીવનું જ છે, અને ઈશ્વરી નિયમો અનુસાર તે ચાલ્યા જ કરે છે.

નાસ્તિક : જો પરમાત્મા શાશ્વત (ત્રણ કાળમાં વર્તમાન), અનાદિ, ચિદાનંદ અને જ્ઞાન સ્વરૂપ છે, તો તેને જગતના પ્રપંચમાં પડવાની શી

જરૂર હતી ? આનંદને છોડી દઈને દુઃખમાં પડવાનું કામ કોઈ સાધારણ મનુષ્ય પણ કરતો નથી, તો ઈશ્વરે તે શા માટે કર્યું ?

આસ્તિક : પરમાત્મા કદી પણ પ્રપંચ અને દુઃખમાં પડતો નથી અને આનંદનો ત્યાગ પણ કરતો નથી. કારણ કે પ્રપંચ અને દુઃખમાં પડવું એ એકદેશીયનું કામ છે, સર્વદેશીયનું નહિ. અનાદિ, ચિદાનંદ અને જ્ઞાન-સ્વરૂપ એવો પરમાત્મા જો જગત ન બનાવે તો બીજું કોણ બનાવી શકે ? જગતને બનાવવાનું સામર્થ્ય જેમ જીવમાં નથી, તેમ જડમાં પણ સ્વયં બનવાની શકિત નથી. આથી સિદ્ધ થાય છે કે પરમાત્મા જ જગતને બનાવે છે, અને સદા આનંદમાં રહે છે. જેમ પરમાત્મા પરમાણુઓથી સૃષ્ટિ પેદા કરે છે, તેમ નિમિત્ત કારણભૂત માતા-પિતા બાળકને જન્મ આપે છે, અને એ નિયમોનો ઘડનાર પણ પરમાત્મા જ છે.

નાસ્તિક : મુક્તિરૂપ સુખનો ત્યાગ કરીને ઈશ્વર આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના બખેડામાં શા માટે પડ્યો ?

આસ્તિક : ઈશ્વર સદા મુક્ત છે. તે તમારા સાધનો દ્વારા સિદ્ધ થયેલા તીર્થંકર જેવો એકદેશીય અને બંધનપૂર્વક મુક્ત એવો નથી. જે અનંત સ્વરૂપ ગુણ-કર્મ-સ્વભાવ યુક્ત પરમાત્મા છે, તે આ કિંચિત્માત્ર જગતને ઉત્પન્ન કરતાં, ધારણ કરતાં અને તેનો પ્રલય કરતાં છતાં બંધનમાં પડતો નથી. કારણ કે બંધન-મોક્ષ સાપેક્ષતાથી થાય છે. મુક્તિથી બંધનનું અને બંધનથી મુક્તિનું સૂચન થાય છે. તો પછી જે કદી પણ બદ્ધ નથી તેને મુક્ત શી રીતે કહી શકાય ? જે એકદેશીય જીવ છે તે સદા બદ્ધ-મુક્ત થયા કરે છે. અનંત, સર્વવ્યાપી અને સર્વદેશીય ઈશ્વર તમારા તીર્થંકરોની માફક બંધન અથવા નૈમિત્તિક મુક્તિના ચક્કરમાં કદી નથી પડતો. ઈશ્વર તો સદા-સર્વદા મુક્ત છે.

નાસ્તિક : જીવ પોતાનાં કર્મોનાં ફળ પોતાની મેળે જ ભોગવી લે છે. જેમ ભાંગ પીનારો ભાંગના નશાને સ્વયંમેવ ભોગવે છે, તેમ જીવ પણ પોતાનાં કર્મોનાં ફળ સ્વયં ભોગવે છે. આ ફળ આપવાને કોઈ પ્રેરક ચેતનની આવશ્યક્તા નથી. માટે ઈશ્વરને માનવાની પણ આવશ્યકતા નથી.

આસ્તિક : જેવી રીતે રાજાની આજ્ઞા સિવાય ચોર, લુટારા તથા લંપટ માણસો પોતાની મેળે ફાંસીએ જતા નથી, તેમ જવા ઇચ્છતા પણ નથી, તો પણ રાજ્યની ન્યાય-વ્યવસ્થા અનુસાર તેમની ઇચ્છા ન હોવા છતાં તેમને દંડ ભોગવવો પડે છે. તેવી જ રીતે જીવને ઈશ્વરની ન્યાય-વ્યવસ્થા મુજબ પોતાનાં કર્મ અનુસાર દંડ ભોગવવો પડે છે. કોઈ પણ જીવ પોતાનાં દુષ્ટ કર્મોનાં ફળ ભોગવવા ઇચ્છતો નથી. માટે ન્યાયદાતા પરમાત્મા અવશ્ય હોવો જોઈએ.

નાસ્તિક : જગતમાં ઈશ્વર એક નહિ, પરંતુ જેટલા મુક્ત જીવો છે તે બધા ઈશ્વર જ છે.

આસ્તિક : તમારું કથન સર્વથા અસંભવિત છે; કારણ કે જે પ્રથમ બદ્ધ હોય છે, અને પાછળથી મુક્ત થાય છે, તે પાછો અવશ્ય બદ્ધ થાય છે; કારણ કે તે સ્વભાવથી મુક્ત નથી. તમારા ચોવીસ તીર્થંકરો પ્રથમ બદ્ધ હતા, અને પછીથી મુક્ત થયા, તો પછી તે પુનઃ બદ્ધ અવશ્ય થશે. ઈશ્વર જો ઘણા હોય, તો જેમ જીવો એક બીજા સાથે લડ્યા કરે છે, તેમ ઈશ્વરો પણ માંહોમાંહે લડ્યા કરવાના.

નાસ્તિક : તમારી વાત બરાબર નથી. જગતનો કર્તા કોઈ જ નથી, જગત તો સ્વયંસિદ્ધ છે.

આસ્તિક : અહીં જ જૈનોની મોટી ભૂલ છે. કર્તા સિવાય કર્મ, અને કર્મ સિવાય કોઈ પણ કાર્ય જગતમાં બનતું દેખાય છે ખરું ? જેમ કોઈ કહે છે કે ઘઉંના ખેતરમાંથી સ્વયં-સિદ્ધ દળેલા લોટની રોટલી બનીને પેટમાં ચાલી ગઈ, એવી જ વાત આ પણ થઈ. કપાસ, સૂતર, કપડાં, અંગરખાં, ધોતીયાં એ બધાં પણ શું આપોઆપ બની જાય છે ? જો કહો કે નહિ, તો તે જ પ્રમાણે જગતની વિવિધ રચના ઈશ્વર સિવાય શી રીતે બની શકે ? જો કેવળ હઠ-ધર્મનો જ આશ્રય લઈને જગતને સ્વયંસિદ્ધ માનતા હો તો ઉપરોક્ત વસ્ત્રાદિ પણ કોઈ ચેતન કર્તા વગર બનતી પ્રત્યક્ષ બતાવો, પરંતુ જો તેમ કરવાને તમે અશક્ત હો, તો તમારું પ્રમાણ-શૂન્ય વચન ક્યો બુદ્ધિમાન પુરુષ માન્ય કરશે ?

નાસ્તિક : ઈશ્વર વિરક્ત છે કે મોહિત ? વિરક્ત હોય તો જગત રચવાના પ્રપંચમાં શા માટે પડે છે ? અને જો મોહિત હોય તો તે કદી પણ જગત બનવાને સમર્થ બની શકે નહિ.

આસ્તિક : પરમાત્મામાં વૈરાગ્ય તેમ જ મોહનો સંભવ કદી પણ હોઈ શકતો નથી. કારણ કે જે સર્વવ્યાપક છે, તે કોને છોડે ? અને કોને ગ્રહણ કરે ? ઈશ્વરથી કોઈ ઉત્તમ પદાર્થ નથી, તથા તેને કોઈ અપ્રાપ્ત પદાર્થ પણ નથી. એ વસ્તુઓ તો જીવમાં જ ઘટી શકે.

નાસ્તિક : જો ઈશ્વર જગતનો કર્તા, કર્મફળ આપનાર હોય તો તે પ્રપંચી અને દુઃખી થઈ જાય.

આસ્તિક : લોકોને તેમનાં કર્મોનાં ફળ દેનાર એક ધાર્મિક અને વિદ્વાન ન્યાયાધીશ પણ જ્યારે કર્મોમાં નથી ફસાતો અને પ્રપંચી પણ નથી બનતો, તો પછી અનંત સામર્થ્યવાન પરમાત્મા પ્રપંચી થઈને દુઃખી કેમ બને ? તમે ઈશ્વરને તમારા પોતાના જેવો કે તમારા તીર્થંકરો જેવો કલ્પો છે, એ તમારી અવિદ્યાનું જ કારણ છે. જો તમે એ અવિદ્યાદિ દોષોથી મુક્ત થવા માગતા હો, તો વેદાદિ સત્ય શાસ્ત્રોનો આશ્રય લો; શા માટે ભ્રમમાં પડીને ઠોકરો ખાઓ છો ?[18]

000

[18] સત્યાર્થપ્રકાશના બારમા સમુલાસમાં મહર્ષિ દયાનંદે ચાર્વાક, બૌદ્ધ અને જૈન મતોનું ખંડનમંડન કર્યું છે. તેમાં પ્રશ્નોત્તર રૂપે તથા 'સમીક્ષક' તરીકે તેમણે આ મતોની સમાલોચના કરી છે. સત્યાર્થપ્રકાશનો બારમો સમુલ્લાસ આ કુમાર સત્યાર્થ પ્રકાશના આકારનાં લગભગ ૬૦ પાનાંમાં પૂરો થાય છે. - સંપાદક

તેરમો સમુલ્લાસ

ઈસાઈ (ખ્રિસ્તી) મત

ખ્રિસ્તીઓના બે વિભાગ

હજરત ઈસા (ઈસુ ખ્રિસ્ત)ને માનવાવાળા ઈસાઈ કહેવાય છે. તેમના મુખ્ય બે વિભાગ છે - એક રોમન કેથોલિક અને બીજા પ્રોટેસ્ટંટ. રોમન કેથોલિક મૂર્તિપૂજક છે. એ લોકો હજરત મસીહ (ઈસુ) અને મરીયમ (મેરી)ની મૂર્તિને ભોગ ધરાવે છે અને આરતી કરે છે. બીજો પ્રોટેસ્ટંટ પક્ષ. એ મૂર્તિપૂજાનો નિષેધ કરે છે. અગાઉ લગભગ બધા ઈસાઈ રોમન કેથોલિક હતા અને મૂર્તિપૂજા કરતા હતા. તદુપરાંત તે લોકો પોપ નામના તેમના ધર્મગુરુઓના અંધવિશ્વાસુ ભક્ત હતા. પરંતુ જર્મન દેશનિવાસી માર્ટિન લ્યુથર નામના એક મહાન વિદ્વાને એ પોપલીલાનું ખંડન કર્યું, અને પ્રોટેસ્ટંટ પક્ષ ઊભો કર્યો.

ઈશ્વરીય પુસ્તક

ઈસાઈ લોકોના બાઇબલને ઈશ્વરીય પુસ્તક માને છે, જેના ત્રણ ભાગ છે - (૧) તૌરેત (૨) જબૂર અને (૩) ઇંજલ. આ ત્રણેને એ લોકો બાઇબલ કહે છે. તૌરેતમાં સૃષ્ટિની ઉત્પત્તિ, આદમની ઉત્પત્તિ, નૂહનો જળ વિપ્લવ (તોફાન), લૂકની કથા, સમસ્ત પૃથ્વી પર એક ભાષાનું હોવું, ઈબ્રાહીમ અને તેની સ્ત્રી સારાનું વર્ણન, મિશ્ર દેશથી એક દાસી હાજરાની પ્રાપ્તિ, મુસાનું વર્ણન, જેરુસલેમના નાશની કથા ઇત્યાદિ છે. જબૂરમાં ઈશ્વર અને શયતાનનો સંવાદ અને અનેક પ્રકારની કથાઓ આદિ છે. ઇંજલમાં મસીહ (ઈસુ)ની ઉત્પત્તિ, તેનો ઉપદેશ અને અન્ય રાજાની કથાઓ આદિ છે.

ઈસાઈઓની માન્યતા

આ લોકોની માન્યતા છે કે નિરાકાર પરમેશ્વર જ્યાં સુધી સાકાર ન હોય ત્યાં સુધી તે મનુષ્યોને માટે ઉપયોગી નથી. આ કારણથી તેણે ત્રણ રૂપ ધારણ કર્યાં છે. ઈસાઈઓ આ ત્રણ રૂપમાંથી એકને પિતા, બીજાને પુત્ર તથા ત્રીજાને પવિત્ર આત્મા કહે છે. પિતા, એ ઈશ્વર છે. જેણે મૂસા આદિને દર્શન આપ્યાં તે પુત્ર, તે હજરત ઈસા (ઈસુ) છે, જે સંસારને પાપમાંથી છોડાવવા આવ્યો તે. અને પવિત્ર આત્મા તે જીબ્રાઈલ, જે ખુદાના આત્માને મરીયમ સુધી લઈ ગયો તે. જ્યારે ઈસુ મરીયમથી ઉત્પન્ન થયો ત્યારે મરીયમ શું કુમારી હતી ? એ પિતા, પુત્ર અને પવિત્ર આત્મા ત્રણે એક પણ છે અને જુદા પણ છે. ઈસુનાં વાક્યો ખુદાનાં વાક્યો પ્રમાણે પ્રમાણભૂત ગણાય છે. માર્ક, લૂક આદિનાં વાક્યોને પણ પ્રમાણ માનવામાં આવે છે. મસીહ, મેથ્યુ, માર્ક, લૂક આદિ જે કંઈ કહે છે એ સર્વે ખુદા જ કહે છે - એવી ઈસાઈઓની માન્યતા છે. આથી આખી બાઇબલને એ લોકો ધર્મ-પુસ્તક કહે છે. એમની માન્યતા છે કે મનુષ્ય મસીહ પર વિશ્વાસ લાવે તો તે પાપોમાંથી છૂટી જાય છે. એ મસીહ સંસારનાં પાપ દૂર કરવા માટે ફાંસીએ ચડ્યો એમ તેઓ માને છે. તેઓ પણ મુસલમાનોની માફક સૃષ્ટિની ઉત્પત્તિ છ હજાર વર્ષો પૂર્વે થએલી માને છે. જીવ અને પ્રકૃતિને પણ મુસલમાની મત પ્રમાણે જ માને છે. એમનાં સ્વર્ગ-નરક પણ મુસલમાનોનાં સ્વર્ગ-નરકને મળતાં આવે છે. તેમની અને મુસલમાનોની લગભગ બધી વાતો મળતી આવે છે. ભેદ માત્ર એટલો જ છે, કે ઈસાઈઓ મસીહને પોતાનો નબી, અને બાઇબલને ધર્મ-પુસ્તક માને છે; જ્યારે મુસલમાનો મહમદ સાહેબને નબી અને કુરાનને ધર્મ-પુસ્તક માને છે.

આ લોકો મસીહને કુમારીથી ઉત્પન્ન થયેલો માને છે અને મુસલમાનોની માન્યતા પણ એવી જ છે. તફાવત માત્ર એટલો જ છે કે આ લોકો તેને ઈશ્વરનો પુત્ર કહે છે, જ્યારે મુસલમાનો કહે છે કે ખુદાનાં સ્ત્રી-પુત્રાદિ કે માતા-પિતા નથી, તે અસંગ (લાશરીક) છે.

પરંતુ આ સઘળી વાતો વેદોથી વિરુદ્ધ છે. વેદોના ન જાણનારાઓએ જ તે ચલાવી છે. એમાં પણ જે વાતો વેદાનુકૂળ છે તે સત્ય છે, અન્ય નહિ. અસંભવિત વાત કદી પણ માનવી નહિ. દરેક વિષયમાં ખૂબ ખૂબ વિચારીને પછી જ નિશ્ચય બાંધવો. જગતમાં કેટલાક મનુષ્યો એવા બહેકાવનારા છે કે જે ધર્મરૂપી પારકું ધન છળ-બળથી હરી લેવું તેને જ પોતાનો મુખ્ય ઉદ્દેશ માની રહ્યા છે. એવા લોકોથી સદા-સર્વદા ચેતીને ચાલવું.[19]

000

[19] સત્યાર્થપ્રકાશના તેરમા સમુલ્લાસમાં મહર્ષિ દયાનંદે બાઇબલના કુલ ૧૩૩ આયત-ખંડો ટાંકીને તેની પર 'સમીક્ષક' રૂપે પોતાની સમીક્ષાઓ ક્રમશઃ લખી છે. સત્યાર્થ પ્રકાશનો તેરમો સમુલ્લાસ આ કુમાર સત્યાર્થ પ્રકાશના આકારના લગભગ ૫૦ પાનાંમાં પૂરો થાય છે. - સંપાદક

ચૌદમો સમુલ્લાસ

ઇસ્લામ મત

મહમદ સાહેબને ખુદાના રસૂલ તરીકે અને કુરાનને ઈશ્વરીય પુસ્તક તરીકે માનનારા મુસલમાન કહેવાય છે. એમની અને ઈસાઈ લોકોની વાતો ઘણી સરખી છે. મહમદ સાહેબનો જન્મ ઈ.સ. ૫૬૯ના એપ્રિલમાં થયો હતો. એમના પિતાનું નામ અબ્દુલ્લા, અને માતાનું નામ અમીના હતું. એમના પિતા મક્કાના મંદિર કાબાના પૂજારી હતા. એ સમયે અરબ લોકો મૂર્તિપૂજક હતા, પરંતુ મહમદ સાહેબને કોઈ કારણવશાત્ મૂર્તિપૂજા પ્રત્યે ધૃણા થઈ આવી. થોડા સમય લગી તો તેમણે મૂર્તિપૂજાનું મૌખિક ખંડન કર્યું, પરંતુ તેથી કાર્ય પાર પડ્યું નહિ. આગળ જતાં તેમણે એમ કહેવાનો આરંભ કરી દીધો કે, મારી પાસે ખુદા તરફથી જીબ્રાઈલ દ્વારા આયતો (ઈશ્વરી વચનો) ઉતરે છે. એ આયતના સંગ્રહને કુરાન કહેવામાં આવે છે. મુસલમાન લોકો સાત આસમાન માને છે. સૌથી ઉપર ચાર ફિરસ્તાઓએ (ઈશ્વરના દૂતોએ) ઉઠાવેલા તખ્ત પર ખુદાને બેઠેલો તેઓ માને છે. ફિરસ્તાના ગુરુ શયતાનને, ઈશ્વર અને તેના ભક્તોના દુશ્મન માને છે. કાબા તરફ મોઢું કરીને નિમાજ પઢવી, તેને તેઓ ધર્મ માને છે. હજ, રોજા, નિમાજ અને જકાત એ ચારે વાતો મુસલમાને કરવી જોઈએ. હજ એટલે મક્કાની યાત્રા કરવી, રોજા એટલે રમઝાન મહીનામાં વ્રત રાખવા, નિમાજ એટલે પાંચ વખત ઈશ્વરની વંદના કરવી, અને જકાત એટલે પોતાની કમાણીમાંથી કંઈક દાન કરવું.

મુસલમાનોની માન્યતા છે કે કયામત (પ્રલય)ના દિવસે ઈશ્વર ૮૭ ફિરસ્તાના ખભા ઉપર ચઢીને આવશે, અને જેટલા સંસારના મનુષ્યો છે, તેનો ન્યાય કરશે. તે દિવસે કબરોમાંથી બધા મૃતક-દેહ ઊઠશે અને તેમનો ઇન્સાફ થશે.

મુસલમાનોનું સ્વર્ગ પણ વિચિત્ર છે. ત્યાં દૂધ, મદિરા, મદ્ય આદિની નહેરો વહે છે. સુવર્ણના મકાન છે, અને તેની અંદર જુદાં જુદાં રત્નો જડેલાં છે; એ સિવાય બીજાં પણ અનેક જાતનાં પ્રલોભનો મહમદ સાહેબે મુસલમાનોને બતાવ્યાં છે.

ખુદા પર પૂરો વિશ્વાસ હોવા છતાં મહમદ સાહેબ પર જો વિશ્વાસ ન હોય તો તે મુસલમાન ન કહેવાય. તેને મુક્તિ નથી મળતી એમ મુસલમાનો માને છે. મુસલમાનોના કલમામાં પણ મહમદ સાહેબનું નામ છે - આ છે ઇસ્લામનો એકેશ્વરવાદ. મુસલમાનો કહે છે કે, અમે એક ઈશ્વર સિવાય કોઈને માનતા નથી, પરંતુ જરા વિચાર કરતાં જણાય છે કે તેમનો આ દાવો વ્યર્થ છે.

ઈસાઈ લોકો અને મુસલમાનો બંને માને છે કે મુક્તિમાં પયગંબરની જરૂર છે. જ્યારે વૈદિક ધર્મ વદે છે કે શુભ-અશુભ કર્મોનું ફળ તેના કરનારને કોઈની પણ સિફારસ વિના અચૂક મળે છે. મુસલમાનો તેમ જ ઈસાઈઓ પુનર્જન્મમાં પણ માનતા નથી. સંસારમાં સુખ-દુઃખનું અસ્તિત્વ શા માટે છે તથા વર્તમાન સૃષ્ટિની પૂર્વે શું હતું, તેનો ઉત્તર ન તો ઈસાઈ મત આપી શકે છે અને ન તો ઇસ્લામ.

પરંતુ એ સઘળી બાબતો મિથ્યા છે, બુદ્ધિ-વિરુદ્ધ તેમ જ વેદ-વિરુદ્ધ છે. સત્ય ભાષણ, અહિંસા, દયા એ જ ઉત્તમ છે. બંધુઓ ! જગતમાં એક વૈદિક ધર્મ જ સર્વોત્કૃષ્ટ ધર્મ છે. માટે એ સત્યમાર્ગી વૈદિક ધર્મની છાયા તળે તમે પણ આવો અને અન્ય સૌને પણ લાવો.[20]

000

---

[20] સત્યાર્થપ્રકાશના ચૌદમા સમુલ્લાસમાં મહર્ષિ દયાનંદે કુરાનના કુલ ૧૬૧ આયત-ખંડો ટાંકીને તેની પર 'સમીક્ષક' રૂપે પોતાની સમીક્ષાઓ ક્રમશઃ લખી છે. સત્યાર્થપ્રકાશનો ચૌદમો સમુલ્લાસ આ કુમાર સત્યાર્થ પ્રકાશના આકારનાં લગભગ ૫૩ પાનાંમાં પૂરો થાય છે. - સંપાદક

સ્વમંતવ્યામંતવ્યપ્રકાશ

મહર્ષિ દયાનંદજી સત્યાર્થ પ્રકાશના અંતમાં સ્વમંતવ્યામંતવ્યપ્રકાશ ઉપર લખે છે :

સર્વતંત્ર સિદ્ધાંત અર્થાત્ સામ્રાજ્ય સાર્વજનિક ધર્મ કે જેને સદાથી સર્વ માનતા આવ્યા છે, માને છે, અને માનશે પણ - તેટલા માટે તેને સનાતન નિત્ય ધર્મ કહે છે, કે જેના વિરોધી કોઈ પણ હોઈ શકે નહિ. જો અવિદ્યાયુક્ત જન અથવા કોઈ મતવાળાનો ભમાયેલો મનુષ્ય જેને અન્યથા જાણે કે માને, જેનો સ્વીકાર કોઈપણ બુદ્ધિમાન નથી કરતા, પરંતુ જેને આપ્ત અર્થાત્ સત્યમાની, સત્યવાદી, સત્યકારી, પરોપકારી, પક્ષપાત રહિત વિદ્વાન માને છે, તે જ સર્વને મંતવ્ય અને જેને નથી માનતા તે અમંતવ્ય હોવાથી પ્રમાણ યોગ્ય નથી હોતું.

હવે જે વેદાદિ સત્ય શાસ્ત્ર અને બ્રહ્માથી લઈ જૈમિનિ મુનિ પર્યંતોએ માનેલા ઈશ્વરાદિ પદાર્થ છે - જેને હું પણ માનું છું - તે સર્વ સજ્જન મહાશયોની સમક્ષ પ્રકાશિત કરું છું. હું પોતાનું મંતવ્ય તેને જ જાણું છું કે જે ત્રણે કાળમાં સર્વને એક સરખું માનવા યોગ્ય છે. મારો કોઈ નવીન કલ્પના કે મતમતાંતર ચલાવવાનો લેશમાત્ર પણ અભિપ્રાય નથી. પરંતુ જે સત્ય છે તેને માનવું-મનાવવું, અને જે અસત્ય છે તેને છોડવું-છોડાવવું એ જ મને અભીષ્ટ છે. જો હું પક્ષપાત કરત તો આર્યાવર્તના પ્રચલિત મતોમાંથી કોઈ એક મતનો આગ્રહી હોત. પરંતુ જે જે આર્યાવર્ત કે અન્ય દેશોમાં અધર્મયુક્ત ચાલચલણ છે તેનો સ્વીકાર, અને જે ધર્મયુક્ત વાતો છે તેનો ત્યાગ નથી કરતો, અને નથી કરવા ચાહતો; કેમ કે તેમ કરવું મનુષ્ય ધર્મની વિરુદ્ધ છે. મનુષ્ય તેને જ કહેવો કે જે મનનશીલ થઈ સ્વાત્મવત્ અન્યોનાં સુખ-દુઃખ અને હાનિ-લાભને સમજે; અન્યાયકારી બળવાનથી પણ ન ડરે, અને ધર્માત્મા નિર્બળથી પણ ડરતો રહે. એટલું જ નહિ, બલ્કે પોતાના સર્વ સામર્થ્યથી ધર્માત્માઓની -

ચાહે તે મહા અનાથ, નિર્બળ અને ગુણ રહિત કેમ ન હોય તો પણ તેની - રક્ષા, ઉન્નતિ, પ્રિયાચરણ અને અધર્મી ચાહે ચક્રવર્તી, સનાથ, મહાબળવાન અને ગુણવાન પણ કેમ ન હોય, તથાપિ તેનો નાશ, અવનતિ અને અપ્રિયાચરણ સદા કર્યા કરે અર્થાત્ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી અન્યાયકારીઓના બળની હાનિ અને ન્યાયકારીઓના બળની ઉન્નતિ સર્વથા કર્યા કરે. એ કામમાં ચાહે તેને ગમે એટલું દારુણ દુઃખ પ્રાપ્ત થાય, ચાહે પ્રાણ પણ ભલે જાય, પરંતુ આ મનુષ્યરૂપ ધર્મથી પૃથક્ કદી ન થાય. એ વિશે મહારાજા ભર્તૃહરિજી કહે છે કે -

निन्दन्तु नीति निपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समा विशतु गच्छतु वा यथेष्टम्।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः।।

ઉપરોક્ત શ્લોકના અભિપ્રાય અનુકૂળ સર્વેએ નિશ્ચય રાખવો યોગ્ય છે. હવે હું જે જે પદાર્થોને જેવા જેવા માનું છું, તેનું તેનું વર્ણન સંક્ષેપથી અહીં કરું છું કે જેનું વિશેષ વ્યાખ્યાન સત્યાર્થ પ્રકાશના તે તે પ્રકરણમાં કરી દીધું છે. તેમાંથી :

૧. પ્રથમ ઈશ્વર : કે જેનાં બ્રહ્મ, પરમાત્માદિ નામ છે, જે સચ્ચિદાનંદાદિ લક્ષણયુક્ત છે, જેનાં ગુણ-કર્મ-સ્વભાવ પવિત્ર છે; જે સર્વજ્ઞ, નિરાકાર, સર્વવ્યાપક, અજન્મા, અનંત, સર્વશક્તિમાન, દયાળુ, ન્યાયકારી, સર્વ સૃષ્ટિનો કર્તા-ધર્તા-હર્તા અને જીવોને કર્માનુસાર સત્ય ન્યાયથી ફળદાતા આદિ લક્ષણયુક્ત છે, તેને જ પરમેશ્વર માનું છું.

૨. ચારે વેદ (વિદ્યા ધર્મયુક્ત ઈશ્વર પ્રણીત સંહિતા મંત્ર ભાગ)ને નિર્ભ્રાંત સ્વતઃ પ્રમાણ માનું છું. એ સ્વયં પ્રમાણ રૂપ છે, કે જેના પ્રમાણ હોવામાં કોઈ અન્ય ગ્રંથની અપેક્ષા નથી, જેમ સૂર્ય કે પ્રદીપ પોતાના સ્વરૂપના સ્વતઃ પ્રકાશક હોય છે, તેમ જ ચારે વેદ છે; અને ચારે વેદોના બ્રાહ્મણ, છ અંગ, છ ઉપાંગ, ચાર ઉપવેદ, અને ૧૧૨૭ વેદોની શાખાઓ કે જે વેદોનાં વ્યાખ્યાન રૂપ બ્રહ્માદિ મહર્ષિઓએ બનાવેલ ગ્રંથ છે, તેને પરતઃ પ્રમાણ અર્થાત્ વેદાનુકૂલ હોવાથી

પ્રમાણ અને વેદવિરુદ્ધ વચન છે તેને અપ્રમાણ કરું છું.

૩. ધર્મ-અધર્મ : જે પક્ષપાત રહિત, ન્યાયાચરણ, સત્યભાષણાદિ યુક્ત ઈશ્વરાજ્ઞા વેદોથી અવિરુદ્ધ છે, તેને ધર્મ; અને જે પક્ષપાત સહિત, અન્યાયાચરણ, મિથ્યાભાષણાદિ ઈશ્વરાજ્ઞાભંગ, વેદવિરુદ્ધ છે, તેને અધર્મ માનું છું.

૪. જીવ : જે ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ અને જ્ઞાનાદિ ગુણ યુક્ત અલ્પજ્ઞ નિત્ય છે, તેને જીવ માનું છું.

૫. જીવ અને ઈશ્વર : જીવ અને ઈશ્વર સ્વરૂપ અને વૈધર્મ્યથી ભિન્ન અને વ્યાપ્ય-વ્યાપક અને સાધર્મ્યથી અભિન્ન છે. અર્થાત્ જેવી રીતે આકાશથી મૂર્તિમાન દ્રવ્યો કદી ભિન્ન ન હતાં, ન છે, ન થશે, અને ન કદી એક હતાં, ન છે, અને ન થશે - એ જ પ્રકારે પરમેશ્વર અને જીવને વ્યાપ્ય-વ્યાપક, ઉપાસ્ય-ઉપાસક અને પિતા-પુત્ર આદિ સંબંધયુક્ત માનું છું.

૬. અનાદિ પદાર્થ : ત્રણ પદાર્થ અનાદિ છે - એક ઈશ્વર, બીજો જીવ અને ત્રીજી પ્રકૃતિ અર્થાત્ જગતનું [ઉપાદાન] કારણ. એમને નિત્ય પણ કહે છે. જે નિત્ય પદાર્થ છે, તેમનાં ગુણ-કર્મ-સ્વભાવ પણ નિત્ય છે.

૭. પ્રવાહથી અનાદિ : જે સંયોગથી દ્રવ્ય, ગુણ, કર્મ ઉત્પન્ન થાય છે તે વિયોગ પશ્ચાત્ નથી રહેતાં. પરંતુ જેનાથી પ્રથમ સંયોગ થાય છે, તે સામર્થ્ય તેનામાં અનાદિ છે, અને તેનાથી પુનરપિ સંયોગ થશે તથા વિયોગ પણ. એ ત્રણે [દ્રવ્ય, ગુણ અને કર્મ]ને પ્રવાહથી અનાદિ માનું છું.

૮. સૃષ્ટિ : સૃષ્ટિ તેને કહે છે, જે પૃથક્ દ્રવ્યોનું, જ્ઞાન-યુક્તિપૂર્વક મેળ થઈ નાના (વિવિધ) રૂપ બનવું.

૯. સૃષ્ટિનું પ્રયોજન : એ જ છે કે જેમાં ઈશ્વરનાં સૃષ્ટિનિમિત્ત ગુણ-કર્મ-સ્વભાવનું સાફલ્ય થવું. જેમ કોઈએ કોઈને પૂછ્યું કે નેત્ર શા માટે છે ? તેણે કહ્યું કે જોવા માટે. આ જ રીતે સૃષ્ટિ કરવાના ઈશ્વરના સામર્થ્યની સફલતા સૃષ્ટિ કરવામાં છે, અને જીવોનાં

કર્મોનો યથાવત્ ભોગ કરવો આદિ પણ.

૧૦. સૃષ્ટિ સકર્તૃક : સૃષ્ટિ સકર્તૃક છે; તેનો કર્તા પૂર્વોક્ત ઈશ્વર છે. કેમ કે સૃષ્ટિની રચના જોવાથી અને જડ પદાર્થોમાં આપોઆપ બીજાદિ સ્વરૂપ બનવાનું સામર્થ્ય ન હોવાથી સૃષ્ટિકર્તા અવશ્ય છે.

૧૧. બંધ : બંધ સનિમિત્તિક અર્થાત્ અવિદ્યા નિમિત્તથી છે. જે જે પાપકર્મ ઈશ્વરભિન્ન-ઉપાસના, અજ્ઞાનાદિ સર્વ દુઃખ ફળ કરવાવાળાં છે, એટલા માટે આ બંધ છે, કે જેની ઇચ્છા નહિ અને ભોગવવાં પડે છે.

૧૨. મુક્તિ : અર્થાત્ સર્વ દુઃખથી છૂટી બંધરહિત સર્વવ્યાપક ઈશ્વર અને તેની સૃષ્ટિમાં સ્વેચ્છાથી વિચરવું, નિયત સમય પર્યંત મુક્તિના આનંદને ભોગવી પુનઃ સંસારમાં આવવું.

૧૩. મુક્તિનાં સાધન : ઈશ્વરોપાસના અર્થાત્ યોગાભ્યાસ, ધર્માનુષ્ઠાન, બ્રહ્મચર્યથી વિદ્યાપ્રાપ્તિ, આપ્ત વિદ્વાનોનો સંગ, સત્ય વિદ્યા, સુવિચાર અને પુરુષાર્થ આદિ છે.

૧૪. અર્થ-અનર્થ : અર્થ તે છે કે જે ધર્મથી જ પ્રાપ્ત કરવામાં આવે છે; અને જે અધર્મથી સિદ્ધ થાય છે તેને અનર્થ કહે છે.

૧૫. કામ : તે છે કે જે ધર્મ અને અર્થથી પ્રાપ્ત કરવામાં આવે છે.

૧૬. વર્ણાશ્રમ : ગુણ-કર્મોની યોગ્યતાથી માનું છું.

૧૭. રાજા : રાજા તેને કહે છે કે જે શુભ ગુણ-કર્મ-સ્વભાવથી પ્રકાશમાન, પક્ષપાત રહિત, ન્યાય ધર્મને સેવી પ્રજાઓમાં પિતૃવત્ વર્તે અને તેમને પુત્રવત્ માની તેમની ઉન્નતિ અને સુખ વધારવામાં સદા યત્ન કર્યા કરે.

૧૮. પ્રજા : પ્રજા તેને કહે છે કે જે પવિત્ર ગુણ-કર્મ-સ્વભાવ ધારણ કરી પક્ષપાત રહિત ન્યાયધર્મના સેવનથી રાજા અને પ્રજાની ઉન્નતિ ચાહી રાજવિદ્રોહ રહિત રાજા સાથે પુત્રવત્ વર્તે.

૧૯. ન્યાયકારી : જે સદા વિચાર કરી, અસત્ય છોડી, સત્ય ગ્રહણ કરે,

અન્યાયકારીઓને હઠાવે, અને ન્યાયકારીઓને વધારે, સ્વઆત્મા સમાન સર્વનું સુખ ઇચ્છે, તે ન્યાયકારી છે; તેને હું પણ ઠીક માનું છું.

૨૦. દેવ-અસુર-રાક્ષસ-પિશાચ : વિદ્વાનોને દેવ, અવિદ્વાનોને અસુર, પાપીઓને રાક્ષસ અને અનાચારીઓને પિશાચ માનું છું.

૨૧. દેવપૂજા-અદેવપૂજા : તેમ જ વિદ્વાનો, માતા, પિતા, આચાર્ય, અતિથિ, ન્યાયકારી રાજા અને ધર્માત્મા જન, પતિવ્રતા સ્ત્રી અને સ્ત્રીવ્રત પતિનો સત્કાર કરવો એ દેવપૂજા કહેવાય છે. એનાથી વિપરીત અદેવપૂજા. પાષાણાદિ જડ મૂર્તિઓને સર્વથા અપૂજ્ય માનું છું.

૨૨. શિક્ષા : જેથી વિદ્યા, સભ્યતા, ધર્માત્મા, જિતેન્દ્રિયતાદિની વૃદ્ધિ થાય અને અવિદ્યાદિ દોષ છૂટે, તેને શિક્ષા કહે છે.

૨૩. પુરાણ : જે બ્રહ્માદિના બનાવેલાં ઐતરેયાદિ બ્રાહ્મણ પુસ્તક છે, તેમને જ પુરાણ, ઇતિહાસ, કલ્પ, ગાથા અને નારાશંસી નામથી માનું છું - અન્ય ભાગવતાદિને નહિ.

૨૪. તીર્થ : જેનાથી દુઃખસાગરથી પાર ઉતરાય, કે જે સત્ય ભાષણ, વિદ્યા, સત્સંગ, યમાદિ યોગાભ્યાસ, પુરુષાર્થ, વિદ્યાદાનાદિ શુભ કર્મ છે, તેને તીર્થ સમજું છું; ઈતર જલ-સ્થલાદિને નહિ.

૨૫. પુરુષાર્થ પ્રારબ્ધથી શ્રેષ્ઠ : એટલા માટે છે કે જેથી સંચિત પ્રારબ્ધ બને છે અને જેના સુધરવાથી સર્વ સુધરે છે, અને જેના બગડવાથી સર્વ બગડે છે, એથી પ્રારબ્ધની અપેક્ષા પુરુષાર્થ શ્રેષ્ઠ છે.

૨૬. શ્રેષ્ઠ-અધમ : મનુષ્યે સર્વ સાથે યથાયોગ્ય સ્વાત્મવત્ સુખ-દુઃખ, હાનિ-લાભમાં વર્તવું શ્રેષ્ઠ અને અન્યથા વર્તવું બૂરૂં - અધમ સમજું છું.

૨૭. સંસ્કાર : સંસ્કાર તેને કહે છે કે જેનાથી શરીર, મન અને આત્મા ઉત્તમ બને છે. નિષેક (ગર્ભાધાન)થી લઈ શ્મશાન (અંત્યેષ્ટિ) સુધીના સોળ સંસ્કાર છે. એને કર્તવ્ય સમજું છું, અને દહન પશ્ચાત્ મૃતક માટે કંઈ પણ ન કરવું જોઈએ.

૨૮. યજ્ઞ : યજ્ઞ તેને કહે છે કે જેમાં વિદ્વાનોનો સત્કાર, યથાયોગ્ય શિલ્પ અર્થાત્ રસાયણ જેમ કે પદાર્થવિદ્યા, તેનો ઉપયોગ અને વિદ્યાદિ

શુભ ગુણોના દાન, અગ્નિહોત્રાદિ કે જેનાથી વાયુ, વૃષ્ટિ, જલ, ઔષધિની પવિત્રતા કરી, સર્વ જીવોને સુખ પહોંચાડવાનું છે, તેને ઉત્તમ સમજું છું.

૨૯. આર્ય-દસ્યુ : જેવી રીતે આર્ય શ્રેષ્ઠ અને દસ્યુ દુષ્ટ મનુષ્યને કહે છે, તેમ જ હું પણ માનું છું.

૩૦. આર્યાવર્ત દેશ : આ ભૂમિનું નામ આર્યાવર્ત એટલા માટે છે કે એમાં આદિ સૃષ્ટિથી આર્ય લોક નિવાસ કરે છે; પરંતુ એની અવધિ ઉત્તરમાં હિમાલય, દક્ષિણમાં વિધ્યાચળ, પશ્ચિમમાં અટક અને પૂર્વમાં બ્રહ્મપુત્રા નદી છે. એ ચારેના મધ્યે જેટલો દેશ છે, તેને આર્યાવર્ત કહે છે, અને જે એમાં સદા રહે છે તેને આર્ય કહે છે.

૩૧. આચાર્ય : જે સાંગોપાંગ વેદ વિદ્યાઓના અધ્યાપક, સત્યાચારનું ગ્રહણ અને મિથ્યાચારનો ત્યાગ કરાવે તે આચાર્ય કહેવાય છે.

૩૨. શિષ્ય : શિષ્ય તેને કહે છે કે જે સત્ય, શિક્ષા અને વિદ્યા ગ્રહણ કરવા યોગ્ય ધર્માત્મા, વિદ્યા ગ્રહણની ઇચ્છાવાળા અને આચાર્યનું પ્રિય કરવાવાળા છે.

૩૩. ગુરુ : માતા-પિતા, અને જે સત્યનું ગ્રહણ કરાવે અને અસત્યને છોડાવે તે પણ ગુરુ કહેવાય છે.

૩૪. પુરોહિત : જે યજમાનનો હિતકારી, સત્યોપદેષ્ટા હોય, તેને પુરોહિત કહે છે.

૩૫. ઉપાધ્યાય : ઉપાધ્યાય તેને કહે છે, કે જે વેદોનો એક દેશ અથવા અંગોને ભણાવતો હોય.

૩૬. શિષ્ટાચાર : ધર્માચરણપૂર્વક બ્રહ્મચર્યથી વિદ્યા ગ્રહણ કરી પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સત્યાસત્યનો નિર્ણય કરી, સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ કરવો એ જ શિષ્ટાચાર, અને જે એ કરે છે તે શિષ્ટ કહેવાય છે.

૩૭. પ્રમાણ : પ્રત્યક્ષાદિ આઠ પ્રમાણને પણ માનું છું.

૩૮. આપ્ત : જે યથાર્થ વક્તા, ધર્માત્મા અને સુખાર્થ પ્રયત્નકર્તા છે, તેને જ આપ્ત કહું છું.

૩૯. પરીક્ષા : પરીક્ષા પાંચ પ્રકારની છે (૧) જે ઈશ્વરનાં ગુણ, કર્મ, સ્વભાવ અને વેદવિદ્યા (૨) પ્રત્યક્ષાદિ આઠ પ્રમાણ (૩) સૃષ્ટિક્રમ (૪) આપ્તોનો વ્યવહાર અને (૫) સ્વ આત્માની પવિત્રતા - વિદ્યા. આ પાંચ પરીક્ષાઓથી સત્યાસત્યનો નિર્ણય કરી સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ કરવો જોઈએ.

૪૦. પરોપકાર : જેથી સર્વ મનુષ્યોનાં દુરાચાર, દુઃખ, છુટી, શ્રેષ્ઠાચાર અને સુખ વધે, તે કરવાને પરોપકાર કહું છું.

૪૧. સ્વતંત્ર-પરતંત્ર : જીવ પોતાનાં કર્મોમાં સ્વતંત્ર અને કર્મફળ ભોગવવાને ઈશ્વરની વ્યવસ્થાથી પરતંત્ર છે. તેમ જ ઈશ્વર પોતાનાં સત્યાચાર આદિ કામ કરવામાં સ્વતંત્ર છે.

૪૨. સ્વર્ગ : સુખ વિશેષ ભોગ અને તેની સામગ્રીની પ્રાપ્તિનું નામ સ્વર્ગ છે.

૪૩. નરક : જે દુઃખ વિશેષ ભોગ અને તેની સામગ્રીને પ્રાપ્ત થવું છે, તેને નરક કહે છે.

૪૪. જન્મ : જે શરીર ધારણ કરી પ્રકટ થવું તે પૂર્વ, પર અને મધ્ય ભેદથી ત્રણ પ્રકારના માનું છું.

૪૫. શરીરના સંયોગનું નામ જન્મ અને વિયોગ માત્રને મૃત્યુ કહે છે.

૪૬. વિવાહ : જે નિયમપૂર્વક પ્રસિદ્ધિથી પોતાની ઇચ્છાથી પાણીગ્રહણ કરવું છે, તે વિવાહ કહેવાય છે.

૪૭. નિયોગ : વિવાહ પશ્ચાત્ પતિના મૃત્યે પામવા આદિ વિયોગમાં અથવા નપુંસકતાદિ સ્થિર રોગોમાં સ્ત્રી અથવા પુરુષે આપત્કાલમાં સ્વવર્ણ કે પોતાનાથી ઉત્તમ વર્ણસ્થ સ્ત્રી કે પુરુષ સાથે સંતાનોત્પતિ કરવી.

૪૮. સ્તુતિ : ગુણ, કીર્તન, શ્રવણ અને જ્ઞાન થવું, એ સ્તુતિ કહેવાય છે; એનું ફળ પ્રીતિ આદિ થાય છે.

૪૯. પ્રાર્થના : સ્વ સામર્થ્ય ઉપરાંત ઈશ્વરના સંબંધથી જે વિજ્ઞાનાદિ પ્રાપ્ત થાય છે, તેને માટે ઈશ્વર પાસે યાચના કરવી, એ પ્રાર્થના કહેવાય છે; અને એનું ફળ નિરભિમાન આદિ થાય છે.

૫૦. ઉપાસના : જેવા ઈશ્વરનાં ગુણ-કર્મ-સ્વભાવ પવિત્ર છે, તેવાં પોતાનાં કરવાં. ઈશ્વરને સર્વવ્યાપક અને પોતાને વ્યાપ્ય જાણી, ઈશ્વર સમીપ હું અને મારા સમીપ ઈશ્વર છે, એવો નિશ્ચય યોગાભ્યાસથી સાક્ષાત્ કરવો, એ ઉપાસના કહેવાય છે. એનું ફળ જ્ઞાનની ઉન્નતિ આદિ છે.

૫૧. સગુણ-નિર્ગુણ સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના : જે જે ગુણ પરમેશ્વરમાં છે તેનાથી યુક્ત અને જે જે ગુણ નથી તેનાથી પૃથક્ માની પ્રશંસા કરવી સગુણ-નિર્ગુણ સ્તુતિ કહેવાય છે. શુભ ગુણોના ગ્રહણની ઇચ્છા અને દોષ છોડાવવા માટે પરમાત્માની સહાય ચાહવી એ સગુણ-નિર્ગુણ પ્રાર્થના કહેવાય છે. અને સર્વ ગુણો સહિત અને દોષોથી રહિત પરમેશ્વરને માની સ્વ આત્માને તેને અને તેની આજ્ઞાને અર્પણ કરી દેવો, એ સગુણ-નિર્ગુણ ઉપાસના કહેવાય છે.

આ સંક્ષેપમાં સ્વસિદ્ધાંત દર્શાવી દીધા છે. એની વિશેષ વ્યાખ્યા સત્યાર્થ પ્રકાશના દરેક પ્રકરણમાં છે, તથા ઋગ્વેદાદિભાષ્યભૂમિકા ગ્રંથમાં પણ દર્શાવી છે. અર્થાત્ જે જે વાત સર્વના સામે માનનીય છે, તેને માનું છું. અર્થાત્ જેમ સત્ય બોલવું સર્વની સામે સારું અને મિથ્યા બોલવું નઠારું છે, એવા સિદ્ધાંતોનો સ્વીકાર કરું છું અને જે મતમતાંતરના પરસ્પર ઝગડા છે તેને હું પસંદ નથી કરતો. કેમ કે એ જ મતવાળાઓએ સ્વમતનો પ્રચાર કરી, મનુષ્યોને ફસાવી, પરસ્પર શત્રુ બનાવી દીધા છે. એ વાત કહાડી, સર્વ સત્યનો પ્રચાર કરી, સર્વને એક મતના કરી, દ્વેષ છોડાવી, પરસ્પરમાં દઢ પ્રીતિયુક્ત કરાવી, સર્વથી સર્વને સુખ લાભ પહોંચાડવા માટે મારો પ્રયત્ન અને અભિપ્રાય છે. સર્વશક્તિમાન પરમાત્માની કૃપા સહાય અને આપ્તજનોની સહાનુભૂતિથી આ સિદ્ધાંત સર્વત્ર ભૂગોળમાં શીઘ્ર પ્રવૃત્ત થઈ જાય. જેથી સર્વ લોક સહજતાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ કરી સદા ઉન્નત અને આનંદિત થતા રહે. એ જ મારું મુખ્ય પ્રયોજન છે.

000

વિશ્વ સાહિત્યનું અમર પુસ્તક - સત્યાર્થ પ્રકાશ

વિશ્વવંદ્ય મહર્ષિ દયાનંદ પ્રણીત સત્યાર્થ પ્રકાશ એટલે જ્ઞાન અને વિજ્ઞાનનો મહાસાગર. એ મહાસાગરની અંદર જેમ જેમ વધુ ઊંડા ઊતરાય તેમ તેમ વધુ ને વધુ મૂલ્યવાન મોતી પ્રાપ્ત કરી શકાય છે. અને એ જ કારણથી સત્યાર્થ પ્રકાશ આજે માત્ર હિંદુસ્તાનમાં જ નહિ, પરંતુ સમસ્ત જગતનાં પુસ્તકોમાં એક મહત્ત્વનું સ્થાન ભોગવી રહ્યું છે. જગતની લગભગ સઘળી મુખ્ય ભાષાઓમાં એનાં તેજસ્વી કિરણો ઊતરી ચૂક્યાં છે.[21]

સત્યસુધા-સ્રોત સત્યાર્થ પ્રકાશે રાષ્ટ્રીય અને સામાજિક પ્રગતિના અવરોધક પહાડોનો નાશ કર્યો છે, અંધશ્રદ્ધા અને દંભ-પૂજનના કલંકની કાલિમાને દૂર કરી સત્ય રૂપી સૂર્યના ઝળહળતા પ્રકાશ વડે પૃથ્વીને પ્રકાશિત કરી છે.

આજનો યુગ જ્યારે નવસર્જનમાં પગ માંડી રહ્યો છે, એવા ક્રાંતિવાદને પોષનારા સમયમાં સત્યાર્થ પ્રકાશની શબ્દ-બાંધણી

---

[21] સત્યાર્થપ્રકાશ કુલ ૨૨ દેશી-વિદેશી ભાષાઓમાં અનૂદિત થઈ ચૂક્યો છે. સત્યાર્થપ્રકાશના અલગ અલગ સમુલ્લાસો સ્વતંત્ર પુસ્તક રૂપે પ્રકાશિત થયા છે. સત્યાર્થપ્રકાશનાં બાળકો, કુમારો તથા મહિલાઓ માટેનાં ખાસ સંપાદિત સંસ્કરણો પ્રકાશિત થયાં છે. સત્યાર્થપ્રકાશના કાવ્ય અનુવાદો થયા છે. સત્યાર્થપ્રકાશની વ્યાખ્યા, ટીકા કે ભાષ્ય રૂપે પણ સંખ્યાબંધ પુસ્તકો પ્રકાશિત થયાં છે. સત્યાર્થપ્રકાશને ચિરસ્થાયી બનાવવાના ઉદ્દેશ્યથી હરિયાણા સાહિત્ય સંસ્થાને તેનું એક તામ્રપત્ર સંસ્કરણ તૈયાર કર્યું છે, જેમાં સંપૂર્ણ સત્યાર્થપ્રકાશને તામ્રપત્ર પર કોતરવામાં આવ્યો છે. પ્રજ્ઞાચક્ષુ પાઠકો માટે સત્યાર્થપ્રકાશ બ્રેઇલ લિપિમાં પણ ઉપલબ્ધ છે. - સંપાદક

થઈ નથી, પરંતુ જ્યારે આર્યત્વનું પુણ્ય શરીર ચારે તરફથી વહેમ, દંભ, અને અસત્યના અંધકારથી ઘેરાઈ રહ્યું હતું, જ્યારે વિશાળ અને ઉદાર વૈદિક ધર્મ વિનાશની અણી પર આવી ચડ્યો હતો, અને જ્યારે નવજીવન તથા નવસર્જનનું એક પણ કિરણ ઝીલવાને જનતા તૈયાર ન હતી, એવા ઘોર અંધકારભર્યા સમયમાં એ અનુપમ પુસ્તકની ઉત્પત્તિ થઈ છે, એ તેની જેવી તેવી મહત્તા નથી.

મહર્ષિ દયાનંદજીએ સત્યાર્થ પ્રકાશની રચના કરીને આર્યત્વનું નામ ઉજ્જવળ કર્યું છે. આર્ય-સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો જગત સમક્ષ રજૂ કર્યા છે. સત્યાર્થ પ્રકાશ એ મહર્ષિજીના હૃદયનો નિચોડ છે. આર્યત્વના નવસર્જન રૂપ મહાવૃક્ષનું મૂળ છે. એનો વિસ્તાર ઉત્તરોત્તર અધિક ને અધિક થતો જતો હોવાથી એ વૃક્ષ એક દિવસ સમસ્ત જગતને પોતાની વિશાળ અને શીતળ છાયામાં સમાવી દે તોપણ કંઈ આશ્ચર્ય નહિ.

એકેશ્વરવાદ એ સત્યાર્થ પ્રકાશનો મુદ્રાલેખ છે. સમસ્ત જગતના માનવીઓ એક જ મહાપ્રભુનાં સંતાન છે એ તેનું શિક્ષણ છે. બુદ્ધિવાદ, તર્કશાસ્ત્ર અને અનેક સત્ય અનુભવોનો ભંડાર તેનું નામ સત્યાર્થ પ્રકાશ. માનવજીવનનો ભાગ્યે જ કોઈ એવો પ્રશ્ન હશે કે જેને સત્યાર્થ પ્રકાશમાં સ્થાન ન મળ્યું હોય.

સત્યાર્થ પ્રકાશ એક એવી મહાન જ્યોતિ છે કે જેના એક જ ચમકાર વડે અજ્ઞાનનાં ગાઢ તિમિર જ્ઞાનના પ્રકાશમાં પરિવર્તિત થઈ જાય છે. દંભ, ઢોંગ અને પાખંડના પિશાચ એને દેખતાં જ અલોપ થઈ જાય છે. ધૂર્તો કે અન્ય મતાવલંબીઓ પણ પોતાના ધર્મ પુસ્તકોના અર્થ સત્યાર્થ પ્રકાશ અનુસાર પરિવર્તિત કરવા લાગ્યા છે.

ઈસાઈ (ખ્રિસ્તી)ઓનું બાઇબલ જુઓ. તેમાં અન્ય મતાવલંબીઓને છેક જ ઉતારી પાડવામાં આવ્યા છે. પરંતુ

તેમનામાં શા શા દોષ છે, તે બતાવવામાં આવ્યા નથી. વળી મુસલમાનોનું ધર્મ પુસ્તક કુરાન જુઓ. તેમાં તો કાફરો અર્થાત્ અન્ય મતાવલંબીઓની કતલ કરી નાખવાની ભીષણ આજ્ઞા ફરમાવવામાં આવેલી છે, પરંતુ તેમાં એમ જણાવેલું નથી કે તે બિચારાઓનો શો દોષ છે. તેમના ધર્મમાં શી શી ત્રુટિઓ છે, અને તેમના ધાર્મિક સિદ્ધાંતોની તુલનામાં ઇસ્લામ કેટલે દરજ્જે શ્રેષ્ઠ છે, તેનો ખુલાસો કુરાન પણ ફરમાવતું નથી.

આજે સત્યાર્થ પ્રકાશના સત્યાવલંબી સિદ્ધાંતોએ કુરાન અને બાઇબલના ભાષ્યો પરિવર્તિત કરી નાખવાની સ્થિતિ ઊભી કરી દીધી છે. જગતના મહાન વિદ્વાનોના અંતરમાં આજે મહર્ષિજીનો આત્મા ગુંજી રહ્યો છે. ઉદાહરણ તરીકે ક્રિશ્ચિયાનિટી અને આર્યત્વના સંબંધમાં યુરોપના એક મહાન વિદ્વાન વિલિયમ જેમ્સ કહે છે કે, ‘સંસારથી બહાર રહેવાવાળા બાઇબલના ખુદા ઉપનિષદના પરમાત્મા આગળ એક બાળક સમાન છે.’

વળી કુમારી મરીયમ (મેરી) દ્વારા ઈસુની ઉત્પતિના સંબંધમાં મહર્ષિની સમાલોચનાનું સમર્થન આજે લૉર્ડ શાપ્રસ ઑફ ન્યૂયોર્ક અને લૉર્ડ બિશપ ઑફ લંડન વચ્ચે ચાલેલા શાસ્ત્રાર્થે કરી દીધું છે. તે કહે છે કે, ઓલ્ડ ટેસ્ટામેંટની ભવિષ્યવાણીમાં ઈસા (ઈસુ)ની ઉત્પત્તિ એક યુવતિથી થઈ છે, નહિ કે કુમારીથી. આમ આજે બાઇબલના ભાષાંતર પર પણ સત્યાર્થ પ્રકાશનાં સત્યનાં કિરણોએ જાણે જાદુઈ અસર કરી દીધી છે.

વળી જ્યારે આપણે કુરાનના ભાષ્યકારોના આજના નવા નવા અર્થો નિહાળીએ છીએ, ત્યારે આપણને પ્રતીત થાય છે કે કુરાનના જાણકારની મધ્યમાં પણ મહર્ષિ દયાનંદની સત્ય શોધક મૂર્તિ ખડી થઈ ગઈ છે. દાખલા તરીકે કુરાનમાં લખ્યું છે કે, ‘કયામતના દિવસે સૂર્ય અને ચંદ્રને જોડીને સમુદ્રમાં નાખવામાં આવશે.’ આ કુરાનના વાક્ય પર મૌલવી મહમદઅલી વૈજ્ઞાનિક ભાષ્ય કરે છે

કે, સૂરજ નિશાનવાળું ફારસ (ઈરાન) અને ચંદ્ર નિશાનવાળું મક્કા એ બંને કયામતના દિવસે નષ્ટ થઈ જશે. કુરાનના વચનનું આવા પ્રકારનું ભાષાંતર થવું એ શું મહર્ષિ દયાનંદનો વિજય નથી ?

વળી કુરાનમાં વર્ણવેલા બહિશ્તના વર્ણનમાં પણ એ જ મૌલવી સાહેબ આજના યુગને અનુસરતું પરિવર્તન કરી નાખે છે. આજથી ચાર વર્ષ પૂર્વે લંડનની ધાર્મિક કૉન્ગ્રેસમાં ઇસ્લામના પ્રતિનિધિ ખ્વાજા કમાલુદ્દીને કહ્યું હતું કે, કુરાનમાં આપેલું બહિશ્ત (સ્વર્ગ)નું વર્ણન વાસ્તવિક નથી, પરંતુ આલંકારિક છે, ત્યાં વિશેષ સુખ બતાવવાને એ અલંકાર રાખવામાં આવ્યા છે.

ઉપરાંત ખ્વાજા સાહેબ તથા મૌલાના સાહેબ બહિશ્તમાંની હૂરો અને ગિલમાઓ (નવજવાન છોકરાઓ)નું સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે, હૂરો તો કુળની દેવીઓ છે અને ગિલમાઓ તેમના પુત્ર છે.

કુરાન જેવા એક ધર્મપુસ્તકના ભાષાંતરમાં આટલું પરિવર્તન થાય એ કોને આભારી છે ?

સત્યાર્થ પ્રકાશમાં સર્વ ધર્મોની નિષ્પક્ષ સમાલોચના હોવાથી નિષ્પક્ષપાતી વાચકને તેમાંથી ઘણું ઘણું શીખવાનું મળી શકે તેમ છે. માત્ર જેમની આંખે પક્ષપાતના પાટા બાંધેલા છે, તે જ તેનું ખરું તત્ત્વ જાણવાને શકિતમાન નહિ બને.

સત્યાર્થ પ્રકાશમાં ઊંચ-નીચના ભેદભાવ નથી. સમસ્ત જગતની વેરવિખેર થઈ ગયેલી જાતિઓને આર્યત્વના એક જ ઝંડા નીચે સમાન હકથી એકત્ર કરવાનો એમાં મહામંત્ર છે. એક જ પ્રભુત્વનું મહાન તત્ત્વ એ સત્યાર્થ પ્રકાશનું ધ્યેય છે.

હિંદુસ્તાનમાં હૂણ, શક વગેરે અનેક જાતિઓ આવી, અને આર્યોએ તેમને દરેક વ્યવહારમાં સાથ આપીને એવી રીતે પોતામાં સમાવી દીધી, કે આજે તેમનું નામ નિશાન પણ રહ્યું નથી. પરંતુ જ્યારથી અવદશા બેઠી, અને જન્મની જાતે જ મહત્ત્વનું સ્થાન લીધું ત્યારથી જ ગુલામી દશા શરૂ થઈ. મનુષ્યમાં

ઈશ્વરપ્રદત્ત બળ અને સ્વાભાવિક ગુણોની વૃદ્ધિનો અવરોધ થયો. આપણી જાતિઓના પ્રત્યેક અંગમાં ઈર્ષા, દ્વેષ અને જન્માભિમાનની ભયંકર ડાકિનીએ વાસ કર્યો.

સ્વાર્થી અને સંકુચિત વૃત્તિના લોકોએ આવી રીતે હિંદુ જનતામાં ફાટફૂટ કરાવીને તેને નાના નાના અસંખ્ય સમૂહોમાં વહેંચી નાખી. એક સમૂહે બીજા સમૂહથી ખાનપાન અને લગ્ન વ્યવહાર બંધ કર્યો. અને એક બીજાથી છિન્ન ભિન્ન બની જઈને પોતાના જ પગ ઉપર કુહાડો માર્યો. આમ હિંદુ જનતાએ પોતાને બેસવાની ડાળી પોતાને હાથે જ કાપી નાખી.

આમ આર્યત્વનું ભયંકર ભવિષ્ય મહર્ષિ દયાનંદજીએ જોઈ લીધું, અને તેમણે આર્યત્વનો આવી રીતે વિનાશ થતો અટકાવવાને સંયોજિત પ્રયત્નો શરૂ કર્યા. મહર્ષિના એ મહાન પ્રયત્નો અને અનુભવનું એકીકરણ તેનું નામ સત્યાર્થ પ્રકાશ.

સત્યાર્થ પ્રકાશ એ ક્રાંતિનો ડંકો છે. આજ સારાએ વિશ્વમાં એનો ધ્વનિ પહોંચી ગયો છે. એ ડંકો ભીરૂ હૃદયને ભયભીત બનાવી દે છે, અને પાખંડ-ધર્મનો પાયો મૂળમાંથી હચમચાવી નાખે છે. જ્યાં જ્યાં સત્યાર્થ પ્રકાશ છે, ત્યાં ત્યાં સત્ય છે, ધર્મ છે, જ્ઞાન છે. સૂર્યના ઉદયથી જેમ અંધકારે રાચનારા ઘુવડની સત્તા સમાપ્ત થાય છે, તેમ સત્યાર્થ પ્રકારનાં સત્યનાં કિરણોથી દંભ-ધર્મનો સદાને માટે નાશ થાય છે. સત્યાર્થ પ્રકાશ એ જ્ઞાનનો સૂર્ય છે. એનો વિશ્વવ્યાપી પ્રકાશ એકલા ભારતવર્ષ માટે જ નહિ, પરંતુ સમસ્ત જગત માટે સરજાયો છે. જગત એનું પઠન-પાઠન કરે અને એના સર્વ વિજયી સિદ્ધાંતની તટસ્થ દૃષ્ટિએ તુલના કરીને, સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ કરે એ જ હૃદયેચ્છા. ઓમ્ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

- વલ્લભદાસ રત્નસિંહ મહેતા

આર્યસમાજના નિયમો

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે, તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

૨. ઈશ્વર સચ્ચિદાનંદ-સ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદ ભણવા-ભણાવવા અને સાંભળવા-સંભળાવવા એ સૌ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્યને ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં હંમેશાં તત્પર રહેવું જોઈએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવાં જોઈએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય છે. અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી.

૭. સૌની સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર, યથાયોગ્ય વર્તવું જોઈએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

૯. પ્રત્યેક મનુષ્યે પોતાની જ ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઈએ, પરંતુ સૌની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

૧૦. સૌ મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમોમાં પરતંત્ર રહેવું જોઈએ, અને પ્રત્યેક હિતકારી નિયમમાં સૌ સ્વતંત્ર રહે.

000

સ્વામી દયાનંદને સરદાર વલ્લભભાઈ પટેલની શ્રદ્ધાંજલિ

(સરદારશ્રીના જીવનનું અંતિમ સાર્વજનિક ભાષણ)

"ભારતમાં જ્યારે જ્યારે તેના પુરાતન ધર્મ પર કોઈ સંકટ આવ્યું છે, ત્યારે ત્યારે કોઈ ને કોઈ મહાન વિભૂતિએ આવીને તેને સંરક્ષણ આપ્યું છે. હિંદુ ધર્મનું જીવન જ્યારે વિકટ કાળનો સામનો કરી રહ્યું હતું ત્યારે સ્વામી દયાનંદજીનો આવિર્ભાવ થયો કે જેમણે વિશ્વના કલ્યાણ અને સંવૃદ્ધિ અર્થે પોતાની જ્ઞાનસરિતા વહેવડાવી. સ્વામી દયાનંદનું સૌથી મોટું યોગદાન એ હતું કે તેમણે દેશને અસહાયતાના કીચડમાં નીચે ખૂંપતો ઉગારી લીધો. ભારતની સ્વાધીનતાનો પાયો નાખનાર હકીકતમાં સ્વામી દયાનંદ જ હતા. અસ્પૃશ્યતા વિરુદ્ધનું આંદોલન કે જેનું પાછળથી મહાત્મા ગાંધીજીએ સમર્થન કર્યું તેની શરૂઆત કરનાર પણ સ્વામીજી જ હતા. સ્વામીજીના પ્રયત્નોથી લાખો લોકોનું અન્ય મતોમાં ધર્માંતર થતું અટક્યું. જે લોકોનું ક્યારેક બળજબરીપૂર્વક ધર્માંતર કરાવવામાં આવ્યું હતું એ લોકોને પુનઃ હિંદુ ધર્મમાં દીક્ષિત કરવા માટે પણ તેમણે મહાન પુરુષાર્થ કર્યો. બળજબરીથી કરાવવામાં આવતાં ધર્માંતર હિંદુ ધર્મના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. સ્વામીજીનું આ કાર્ય ભારત માટે વરદાનરૂપ સિદ્ધ થયું. ધર્મના નામે અધર્મનો ઉપદેશ આપવાની તત્કાલીન પ્રવૃત્તિ કે જેના લીધે હિંદુ ધર્મ સંસાર સમક્ષ ઉપહાસની વસ્તુ બનીને રહી ગયો હતો તેના પર સ્વામીજીએ સંપૂર્ણ રોક લગાવી. સ્વામી દયાનંદે હિંદુ ધર્મ પર જમા થયેલી તમામ ગંદકી અને મેલના થર દૂર કરી દીધાં. હિંદુ ધર્મ પર છવાયેલાં અંધવિશ્વાસો તથા શંકાનાં વાદળ વિખેરી નાખ્યાં અને તેને સૂરજની સમાન ઝળહળતો બનાવ્યો. તેમણે આપણને બોધ આપ્યો કે આપણે ભયની ગ્રંથિમાંથી મુક્ત થઈને એકતામાં આબદ્ધ થવાનું છે કે જેથી આપણે સ્વયંનું રક્ષણ કરી શકીએ. સ્વામી દયાનંદ જ પ્રથમ વ્યક્તિ હતા કે જેમણે પ્રતિપાદિત કર્યું કે હિંદીને રાષ્ટ્રભાષાના સ્થાને પ્રતિષ્ઠિત કરવામાં આવે. જનતાએ એ પણ યાદ રાખવું જોઈએ કે સ્વામીજીએ વિદેશી શિક્ષણ પ્રાપ્ત કર્યું નહોતું. તેઓ ભારતીય સંસ્કૃતિની ઊપજ હતા. છતાંય સ્વામીજી અન્ય દેશો પાસે જો કંઈ ઉત્કૃષ્ટ અને ઉપયોગી હોય તો તેનું ગ્રહણ કરવાના પણ પક્ષધર હતા. એ ઠીક જ હતું કે ભારતીય સંસ્કૃતિને તેનું સમુચિત સ્થાન પ્રાપ્ત થવું જ જોઈએ."

- સરદાર વલ્લભભાઈ પટેલ

(નોંધ : સ્વામી દયાનંદના ૬૭મા બલિદાન દિને તા. ૯ નવેમ્બર ૧૯૫૦ના રોજ 'આર્ય કેન્દ્રીય સભા' દિલ્હીના ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં સરદારશ્રીના જીવનના અંતિમ સાર્વજનિક ભાષણનો અંશ. સંદર્ભ : ૧. 'માય રેમિનિસન્સીઝ ઑફ સરદાર પટેલ', ભાગ-૨, પાન ૧૪૧-૨, લે. શંકર વી., ૨. 'પરોપકારી' હિંદી પત્રિકાનો ફેબ્રુઆરી ૨૦૧૪નો પ્રથમ અંક અને ૩. 'ધ હિંદુસ્તાન ટાઈમ્સ', ૧૧ નવેમ્બર ૧૯૫૦. સંકલન તથા અનુવાદ : ભાવેશ મેરજા)

000

● 'કુમાર સત્યાર્થ પ્રકાશ'ના અગ્રિમ ગ્રાહકોની યાદી ●

૨૦૦ પ્રત : ૧. ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ, ફોન : ૦૨૬૯૨-૨૪૪૧૯૧. ૨. વેદ પ્રચાર સમિતિ, આર્યસમાજ, હાથીખાના, રાજકોટ.

૧૨૫ પ્રત : *૧. વૈદિક સંસ્થાન, ઓઢવ, અમદાવાદ.*

૧૦૦ પ્રત : ૧. શ્રી અમિતભાઈ પી. દવે, અમદાવાદ. ૨. જૂનાગઢ આર્યસમાજ, ૩. શ્રી દિલીપભાઈ વેલાણી, આર્યસમાજ, ઘાટકોપર, મુંબઈ. ૪. શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોની, અડાજણ આર્યસમાજ, સુરત. ૫. આર્યસમાજ, નવાડેરા, ભરૂચ. ૬. આર્યસમાજ, કાંકરિયા રોડ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ-૨૨. ૭. આર્યસમાજ, રાજકોટ (પશ્ચિમ). ૮. વાનપ્રસ્થા જયાબેન પોરિયા, (યુ.કે.) *૯. શ્રી હેમંતભાઈ અડવાણી (હસ્તક : શ્રી કિશોરભાઈ રાવલ, અમદાવાદ) ૧૦. શ્રી પ્રકાશભાઈ ઠક્કર, (સ્મૃતિશેષ દલુબેન હરજીવનદાસના સ્મરણાર્થે), અમદાવાદ.*

***૭૫ પ્રત :** ૧. શ્રી સુખીલાલ ગોપાલભાઈ માકાણી, અમદાવાદ. ૨. શ્રી ગોવિંદભાઈ પટેલ, ઘાટલોડિયા, અમદાવાદ.*

૫૦ પ્રત : ૧. શ્રી અરવિંદભાઈ રાણા, ગાંધીનગર. ૨. ટંકારા આર્યસમાજ. ૩. શ્રી આચાર્ય ઓમ્પ્રકાશ, આબુ આર્ષ ગુરુકુળ. ૪. શ્રી ધનજીભાઈ આર્ય, પોરબંદર આર્યસમાજ. ૫. શ્રી ભગવતીપ્રસાદ પંચાલ અને શ્રી હસમુખભાઈ પંચાલ, ભરૂચ. ૬. શ્રી નરેન્દ્રભાઈ ત્રિવેદી, આર્યસમાજ, મોરબી. ૭. આર્યસમાજ, વિશ્રામબાગ, વડોદરા. ૮. શ્રીમતી ધર્મિષ્ટાબેન અનિલભાઈ રાવલ, રાજકોટ. ૯. શ્રી હસમુખભાઈ દુબરિયા, ટંકારા. ૧૦. શ્રી હસમુખભાઈ પ્રવીણભાઈ ગોયાણી, સુરત. ૧૧. પ્રો. (ડૉ.) કૃપાલ કનુભાઈ પટેલ, સુરત. ૧૨. શ્રી દેવશીભાઈ વેલજીભાઈ આર્ય, ભૂજ તથા શ્રી ચંદુભાઈ હરજીવનભાઈ આર્ય, બેંગલુરુ. ૧૩. ડૉ. મનીષભાઈ પરમાર, નડિયાદ. *૧૪. શ્રી લાલચંદભાઈ આર્ય, અમદાવાદ. ૧૫. શ્રી જીતેન્દ્રકુમાર ડાહ્યાલાલ ઠક્કર, અમદાવાદ. ૧૬. શ્રી અજમલભાઈ આર્ય, ગાંધીનગર*

૨૫ પ્રત : ૧. શ્રી મગનલાલ દિવાણી, મુંબઈ. ૨. શ્રી દિનેશભાઈ આર્ય, આર્યસમાજ, નડિયાદ. *૩. શ્રી કેતનભાઈ ભાસ્કરરાવ દવે, સુરેન્દ્રનગર.૪. શ્રી ચિંતનભાઈ રામી, અમદાવાદ. ૫. શ્રી ગોહિલ નરેન્દ્રસિંહ બાલુભા, સુરેન્દ્રનગર.*

પ્રકાશક સંસ્થા ઉપરોક્ત તમામ સહયોગીઓ પ્રત્યે હાર્દિક આભાર પ્રગટ કરે છે.

- આર્યસમાજ, ભરૂચ.

●●●

લેખક-પરિચય



શ્રી વલ્લભદાસ રત્નસિંહ મહેતાનો જન્મ ૧૯ ઑગસ્ટ, ૧૯૦૮ (શ્રાવણ વદ ૮, સંવત ૧૯૬૪)ના રોજ કચ્છ જિલ્લાના મુંદ્રા શહેરમાં થયો હતો. તેમણે દસ વરસની ઉંમરે ખાદી પહેરવાનું વ્રત ધારણ કર્યું હતું અને દલિતોદ્ધારનાં કાર્યક્રમોમાં રુચિ પ્રદર્શિત કરી હતી. તેમણે ૧૯૨૫માં ભૂજની આલ્ફ્રેડ હાઈસ્કૂલથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી. ૧૯૩૧માં બી.એ. અને ૧૯૩૪માં એલ.એલ.બી.ની પરીક્ષાઓ પાસ કરી. ત્યાર બાદ તેમણે મુંબઈમાં વકીલાત શરૂ કરી. અહીંથી તેમણે 'આર્યજ્યોતિ' નામની એક સાપ્તાહિક પત્રિકાનું પ્રકાશન પણ કર્યું. એપ્રિલ ૧૯૩૭માં તેઓ બેરિસ્ટરીનો અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ ગયા, પરંતુ કમનસીબે તેમને ક્ષયનો રોગ લાગ્યો. આથી ૨૮ ઑક્ટોબર, ૧૯૩૮ના રોજ માત્ર ૩૦ વર્ષની વયે જ તેમનું અવસાન થઈ ગયું. શ્રી વલ્લભદાસ મહેતાએ મહર્ષિ દયાનંદ સરસ્વતીના પ્રસિદ્ધ ગ્રંથ સત્યાર્થ પ્રકાશના આધારે બાળકોને ઉપયોગી થાય એવું એક વિશિષ્ટ સંસ્કરણ 'કુમાર સત્યાર્થ પ્રકાશ' ગુજરાતીમાં તૈયાર કર્યું હતું, જેનું પ્રથમ સંસ્કરણ ૧૯૩૫માં મુંબઈ આર્યસમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. (ડૉ. ભવાનીલાલ ભારતીય કૃત 'આર્ય લેખક કોશ', પાન ૨૫૫-૬)

•••

● કુમાર સત્યાર્થ પ્રકાશ ●

"સ્વામી દયાનંદ સરસ્વતીનો રચેલો 'સત્યાર્થ પ્રકાશ'નો ગ્રંથ એટલી ઉચ્ચ કોટીનો છે કે તે બાળકોને સમજતાં, તેમાં રહેલાં સત્ય ગ્રહણ કરતાં, મુશ્કેલ પડે; તેથી તેમાં રહેલાં સત્ય, તેમાંથી મળી આવતાં રહસ્ય, કુમારોના મન પર નાનપણથી જ સહેલી અને સરળ રીતે ઠસાવવામાં આવે, તો ભવિષ્યમાં તેની અસર તેમને અને તેમના વડે આખા દેશને બહુ ઉપયોગી થઈ પડે, કારણ કે નાનપણમાં મન પર પડેલી છાપ એકાએક ભૂંસાતી નથી; ઠેઠ સુધી રહે છે. 'કુમાર સત્યાર્થ પ્રકાશ' એ નેમથી લખાયું છે."

- દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

(આ જ પુસ્તકના 'ઉપોદ્ઘાત'માંથી)